# બાળસાહિત્યની શિષ્ટવાર્તાઓ

શૈલેષ કે. રાયચુરા

: પ્રકાશક :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**Balsahityani Sistvartao**

a Story

by **Shailesh K. Raichura**

Pub. by **M. M. Sahitya Prakashan,** Mahavir Marg, Anand.

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

**ટાઈપ સેટીંગ** :– *Mayur's*

**સજાવટ** :– ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

**મુદ્રક** :– ચરોતર સાહિત્યાલય, નડિયાદ

**વિક્રેતા** :– **એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

**મુદ્રક** :– **અર્પણ પ્રિન્ટરી, આણંદ**

## લેખકનાં પ્રસિધ્ધ પુસ્તકો

૧. સોનેરી બાળવાર્તાઓ
(ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી)
૨. બોધકથાઓ
૩. રંગ-બે-રંગી બાળવાર્તાઓ
૪. પોપટ આંબા કેરી ડાળે
૫. બાળકોની પક્ષીકથાઓ
૬. સુમધુર બાળવાર્તાઓ
(ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી)
૭. સત્યનો જય
૮. સુબોધ કથાઓ
૯. બુદ્ધિપ્રેરક બાળવાર્તાઓ
૧૦. બિરબલની પાઠશાળા
૧૧. સપ્તરંગી બાળવાર્તાઓ
૧૨. રુમઝુમ બાળવાર્તાઓ
૧૩. સુંદરવનની શ્રેષ્ઠવાર્તાઓ
૧૪. પ્રેરક બાળવાર્તાઓ
૧૫. બાલસાહિત્યની શિષ્ટવાર્તાઓ

## લેખકનાં બે બોલ....

બાલ સાહિત્યની વાત તો કંઈક અનેરી હોય છે. કેમ, બાલમિત્રો...! દરેક બાળકનાં મનોજગતમાં બાળપણથી જ બાળવાર્તાઓ, કાવ્યો, ગીતો, જોડકણાંઓનું અનેરું કૂતુહલ, ઇંતેજાર હોય છે. જે બાળ સાહિત્યનાં લેખકો સારી રીતે જાણતાં, સમજતાં જ હોય છે.

આ બાળ સાહિત્યનાં સંપુટમાં ગુજરાતનાં ખ્યાતનામ બાળ સામાયિકો, તેમજ દૈનિક પેપરોનાં બાળ વિભાગમાં વાર્તાઓને સારો એવો આવકાર અને પ્રતિભાવ પણ મળેલ છે. જે એક આનંદની વાત છે. દરેક માતા-પિતા એ તેમનાં બાળકોને નાનપણથી જ બાળ સાહિત્યનાં સંગાથે વિહરતાં કરવાં જોઈએ. જેથી બાળકોમાં જ્ઞાનપિપાસા, તેજસ્વીતા અને બુધ્ધિશક્તિની યોગ્ય ખીલવણી થઈ શકે. અને ભવિષ્યમાં તે બાળક અતિ તેજસ્વી, બુધ્ધિશાળી બનીને સમાજ, દેશને વધુ ને વધું આગળ લઈ જાય.

વિશેષમાં મારા ઉપલાં અધિકારીશ્રીઓમાં મે. શ્રી ગ્રંથાલય નિયામક સાહેબ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તેમજ દરેક વિભાગીય અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓનો આ તકે અંતરથી આભાર પણ માનું છું કે જેમનાં થકી આ બાળ સાહિત્યની વાર્તાઓ સતત લખાતી

રહે. તેઓનું પ્રોત્સાહન પણ અતિ જરૂરી છે. હોં.

અંતમાં, એમ. એમ. સાહિત્યનાં સંચાલક અનુભવી એવાં શ્રી યાકુબભાઈનો પણ અંતરથી આભાર માનું છું કે જેમને મને સામેથી આ બાળ સાહિત્યનાં સંપુટ પ્રકાશીત કરવાની માંગણી કરેલ છે. અને સુંદર છપાઈ સાથે સવેળા આ બાળ સાહિત્યનું સંપુટ-પુસ્તક કરવાં બદલ તેમનો પણ આભારી થયો છું. અસ્તુ.

**તા. ૬-૧૦-૨૦૧૨** **- શૈલેષ કે રાયચુરા**

**સ્થળ : રાજકોટ**

# પૂ. શ્રી મોરારીબાપુ તથા મહાન સંતોનાં ચરણોમાં અર્પણ

# અનુક્રમણિકા


| ક્રમ | વાર્તાનું નામ | પેજ નં. |
|---|---|---|
| ૧ | હેરી અને સોનપરી | ૧ |
| ૨ | હેરીનો હીંચકો | ૪ |
| ૩ | હાથી અને ચકલી | ૭ |
| ૪ | રંગ-બે-રંગી કમળ અને પોપટ | ૧૦ |
| ૫ | સિંહ અને બળદ | ૧૩ |
| ૬ | પપૈયાની વાડીમાં | ૧૫ |
| ૭ | વીજળી આપતાં વૃક્ષો | ૧૮ |
| ૮ | રાજુની વાંસળી | ૨૧ |
| ૯ | સંત અને સુગરી | ૨૪ |
| ૧૦ | હાથી અને હંસ | ૨૬ |
| ૧૧ | હંસની ડોકમાં સુવર્ણમાલા | ૨૮ |
| ૧૨ | ચિંતનશીલ પોપટ | ૩૧ |
| ૧૩ | કમળ અને કાચબો | ૩૪ |
| ૧૪ | હાથી અને કાચબો | ૩૬ |
| ૧૫ | હાથી અને વાંદરો | ૩૯ |
| ૧૬ | ઈર્ષાળુ કાગડો | ૪૧ |
| ૧૭ | પોપટ અને ગરુડ | ૪૪ |
| ૧૮ | કમળ-કાગડો અને પોપટ | ૪૬ |
| ૧૯. | સુગરી અને વાંદરો | ૪૯ |
| ૨૦. | હસતું કમળ | ૫૨ |
| ૨૧. | પરિશ્રમી હાથી | ૫૫ |
| ૨૨. | કમળ અને બુલબુલ | ૫૮ |
| ૨૩. | હાથી અને બગલો | ૬૦ |
| ૨૪. | પોપટ ઝુલે આંબાડાળે | ૬૨ |
| ૨૫. | બાગમાં બુલબુલ | ૬૫ |
| ૨૬. | હોંશિયાર હંસ | ૬૮ |
| ૨૭. | યોગી પોપટ | ૭૧ |
| ૨૮. | ચતુર ખિસકોલી | ૭૪ |
| ૨૯. | રાજા બ્રધ્ધદત્તનો ન્યાય | ૭૭ |
| ૩૦. | મોજીલો હાથી | ૭૯ |
| ૩૧. | કમળ અને પોપટ | ૮૨ |
| ૩૨. | હાથીનું અભિમાન | ૮૫ |
| ૩૩. | આંબા ડાળે ઝુલતો મોર | ૮૮ |
| ૩૪. | કાચબાએ કરાવી મઝા | ૯૨ |
| ૩૫. | કાચબો અને ખિસકોલી | ૯૫ |
| ૩૬. | ડોલતું શિયાળ - હસતું બતક | ૯૮ |
| ૩૭. | ચ્યવન ઋષિ | ૧૦૦ |
| ૩૮. | કાલીદાસની વાંસળી | ૧૦૩ |
| ૩૯. | સોન ચકલી | ૧૦૫ |
| ૪૦. | બીરજુ પોપટ | ૧૦૮ |
| ૪૧. | કમળ અને વાંસળી | ૧૧૦ |
| ૪૨. | શિવલીંગની પૂજા | ૧૧૩ |
| ૪૩. | ડોલી અને પોપટ | ૧૧૬ |
| ૪૪. | હાથી અને બુલબુલ | ૧૧૯ |
| ૪૫. | સરોવર કાંઠે હાથી રમે | ૧૨૨ |
| ૪૬. | રમત રમાડે હાથી | ૧૨૫ |
| ૪૭. | પચરંગી માછલી અને કમળ | ૧૨૯ |
| ૪૮. | પોપટ ખીજાણો વાંદરો રીસાણો | ૧૩૧ |
| ૪૯. | ઝરુખે પોપટ | ૧૩૩ |

| | | |
|---|---|---|
| ૫૦. | પીંછા વગરનો મોર | ૧૩૬ |
| ૫૧. | પારધીનો પસ્તાવો | ૧૩૯ |
| ૫૨. | કમળ અને પોપટ | ૧૪૧ |
| ૫૩. | અદ્‌ભૂત બુલબુલ | ૧૪૪ |
| ૫૪. | મોર અને શિયાળ | ૧૪૭ |
| ૫૫. | હાથી અને પોપટ | ૧૫૦ |
| ૫૬. | ઝૂલતું કમળ | ૧૫૩ |
| ૫૭. | બાગમાં બુલબુલ | ૧૫૬ |
| ૫૮. | સુવર્ણ સરોવરની માછલીઓ | ૧૬૦ |
| ૫૯. | કમળ અને શિયાળ | ૧૬૨ |
| ૬૦. | શિયાળ અને બગલો | ૧૬૪ |
| ૬૧. | ભોળો સિંહ - કપટી શિયાળ | ૧૬૬ |
| ૬૨. | પોપટ અને બિરબલ | ૧૬૯ |
| ૬૩. | બિરબલ અને કોયલ | ૧૭૧ |
| ૬૪. | શાણી સુગરી | ૧૭૩ |
| ૬૫. | બિરબલે કરાવી કળા | ૧૭૬ |
| ૬૬. | માછલી અને મગર | ૧૭૯ |
| ૬૭. | પારસ અને કમળ | ૧૮૧ |
| ૬૮. | વાંદરો અને મોર | ૧૮૩ |
| ૬૯. | કોયલ અને હાથી | ૧૮૬ |
| ૭૦. | બિરબલ અને કમળ | ૧૮૮ |
| ૭૧. | સુગંધ વેરતો અનોખો પોપટ | ૧૯૦ |
| ૭૨. | મોર અને સુગરી | ૧૯૪ |
| ૭૩. | કલાની કદર | ૧૯૮ |
| ૭૪. | પોપટ અને ખિસકોલી | ૨૦૦ |
| ૭૫. | સજ્જન સુગરી | ૨૦૩ |
| ૭૬. | કમળ અને વાંદરો | ૨૦૫ |
| ૭૭. | ગુલમહોરની ડાળે અનોખું પંખી | ૨૦૭ |
| ૭૮. | હંસ અને ગીધ | ૨૧૦ |
| ૭૯. | કમળની કોમળતા | ૨૧૩ |
| ૮૦. | કમળ અને બગલો | ૨૧૬ |
| ૮૧. | પરિશ્રમી વાંદરો | ૨૧૯ |
| ૮૨. | કમળની ડાળીએ સુવર્ણ મોર | ૨૨૨ |
| ૮૩. | ચતુર વાંદરો | ૨૨૫ |
| ૮૪. | સુંદરવનની પ્રાથમીક શાળા | ૨૨૮ |
| ૮૫. | સ્વર્ણિમ સુંદરવન - ૨૦૧૦ | ૨૩૧ |
| ૮૬. | સુંદરબાગમાં સુવર્ણ બુલબુલ | ૨૩૩ |
| ૮૭. | સુવર્ણપરીની શોધમાં | ૨૩૬ |
| ૮૮. | જ્ઞાની હાથીની વિનમ્રતા | ૨૩૯ |
| ૮૯. | કોયલનાં ટહુકામાં વેદજ્ઞાન | ૨૪૨ |
| ૯૦. | બિરબલનો પુસ્તકપ્રેમ | ૨૪૪ |
| ૯૧. | ચતુર પોપટ | ૨૪૮ |
| ૯૨. | મગરને ભાવતાં જાંબુ | ૨૫૧ |
| ૯૩. | સુવર્ણ હરણનો શિકાર | ૨૫૪ |
| ૯૪. | મખમલી કમળ | ૨૫૭ |
| ૯૫. | પરાક્રમી હાથી | ૨૬૦ |
| ૯૬. | રાજાને ગમતો પોપટ | ૨૬૩ |
| ૯૭. | હાથીની ધમાલ કરે કમાલ | ૨૬૬ |
| ૯૮. | હાથી અને કૂકડો | ૨૬૮ |
| ૯૯. | ખારા પાણીનો મગર | ૨૭૦ |
| ૧૦૦. | નટખટ હાથી અને આનંદીત કમળ | ૨૭૩ |
| ૧૦૧. | લાલ કમળ - સફેદ કાગડો | ૨૭૬ |

## ૧. હેરી અને સોનપરી

સૂર્યનારાયણ આથમવાની તૈયારીઓ કરી રહ્યાં હતાં. સમુદ્ર કિનારા ઉપરથી ઠંડી હવા ચારેતરફ લહેરાઈ રહી હતી. હેરી નામનો એક નાનો છોકરો સમુદ્રનાં કાંઠા ઉપર આવેલ નાની બેંચ ઉપર બેઠો બેઠો સમુદ્રમાંથી ઉઠતાં વિશાળ, અફાટ મોજાંઓને નીરખી રહ્યો હતો. હેરીને સમુદ્ર જોવાની ખૂબ જ મઝા પડતી હતી. હેરીનાં નાનાં ઝુલ્ફા ઠંડી હવાનાં કારણે તેનાં મુખ ઉપર છવાઈ જતાં હતાં.

ધીરે ધીરે પૃથ્વી ઉપર અંધકારનાં ઓળાં ઉતરી આવ્યાં હતાં. આકાશમાં તારલાંઓ ચમકી ઉઠ્યાં. તો પણ હેરી સમુદ્રનાં કાંઠા ઉપરથી ઉભો થતો નહોતો હોં. ગાઢ અંધકાર થતાં જ આકાશ માર્ગેથી એક સોનપરી ઉડતી ઉડતી આવીને હેરીની સામે જઈને



ઉભી રહી ગઈ. અચાનક એક સુંદર, શ્વેત વસ્ત્રોધારી નાની સોનપરીને હાથમાં જાદુઈ છળી સાથે સામે ઉભેલ જોઈ હેરી તો નવાઈ જ પામી ઉઠ્યો. સહસા સોનપરી બોલી ઉઠી. અરે ઓ છોકરાં, શું તને અંધકારનો કે સમુદ્રનાં ઉછળતાં લોઢ લોઢ સમાન મોજાઓનો ડર નથી લાગતો હેં?

હેરી તંદ્રામાંથી જાગ્રત થતાં જ મધુર સ્વરે બોલ્યો. ઓ સોનપરીજી, મને આ સમુદ્ર તો અતિ પ્રિય છે હોં. ફરી સોનપરી બોલી ઊઠી. હે છોકરા, તારું નામ શું છે? હેરી બોલ્યો મારું નામ હેરી છે. અને હું નજદીક આવેલ નાનાં ગામમાં રહું છું. સોનપરી પુનઃ બોલી. શું તારે આકાશની સહેલ કરવી છે? તો ચાલ, મારી એક પાંખ ઉપર બેસી જા? તે સાથે જ હેરી તો હરખભેર સોનપરીની પાંખ ઉપર ગોઠવાઈ ગયો. બાદમાં સોનપરી તો આકાશમાર્ગે ઉડવાં લાગી. સમુદ્ર ઉપરથી પસાર થતાં હેરી તો રોમાંચિત થઈ ઉઠ્યો. મોટાં મોટાં જહાજો ઉંચેથી તો નાનાં નાનાં બતકા જેવાં લાગતાં હતાં. સોનપરી જેમ જેમ ઉંચે ને ઉંચે ચડવાં લાગી તેમ તેમ નીચેની દરેક વસ્તું કીડી-મકોડા સમાન હેરીને લાગવાં માંડી.

સોનપરી તો હેરીને લઈ એક ભવ્ય, કલાત્મક બાગમાં આવી. જ્યાં આગળ સોનાનાં સફરજન, કેળા, પપૈયા તેમજ કાજુ, બદામ, અખરોટ, તેમજ અનેક મધમીઠી વેરાયટી આવેલ હતી. જે સોનપરીએ હેરીને ખાવા માટે આપી. તેમજ અલક મલકનાં અન્ય પ્રદેશો જોવાં માટે લઈ ગઈ. હેરીને તો ભઈ ભારે મજા પડી હોં. સવારનું અજવાળું થતાં જ પુનઃ સોનપરી હેરીને

સમુદ્રકાંઠા પાસે મૂકીને પુનઃ તે આકાશ માર્ગે તેમનાં પ્રદેશમાં ચાલી ગઈ. હેરી હરખાતો હરખાતો પોતાનાં ઘર તરફ ચાલતો થયો. તેને આજે જીંદગીનો સૌથી યાદગાર પ્રસંગ મળ્યો હતો હોં.

❒



## ૨. હેરીનો હીંચકો

સુંદરપુર નામે એક અતિ સુંદર મઝાનું ગામ હતું. તે ગામમાં હેરી નામનો એક નાનકડો પરોપકારી છોકરો રહેતો હતો. તે સુંદરપુર ગામમાં આવેલ સુંદર બાગની ખાસ દેખભાળ, માવઝત પણ તે હેરી કરતો હતો. રોજ વહેલી સવારે ઉઠી, બાગમાં જઈ સાફ-સફાઈ, ફળ-ફૂલોનાં વૃક્ષો, છોડને પાણી પાવાનું, નાની નાની ક્યારીઓમાંથી નાનાં નાનાં ધોરીયાં બનાવવાં, સૂકા પર્ણોને દૂર કરવાં વગેરે રોજ હેરી કરતો હતો.

હેરીએ તે સુંદરબાગમાં એક ફૂલોનો હીંચકો પણ બાંધ્યો હતો. રંગ-બે-રંગી ફૂલોથી ભર્યો હીંચકો ફૂલોની સુગંધથી તરબતર બની રહ્યો હતો. નાનાં મોટાં સૌ કોઈને તે હેરીનો હીંચકો ખૂબ જ ગમતો હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. ખૂશ્નુમાં વાતાવરણ હતું. હેરી હજું સાંજનાં સમયે સુંદરબાગમાં પહોંચી નહોતો શક્યો. પરંતુ તેની બાલમંડળી કે જેમાં મોહિત, અમન, લંકેશ, ડોલી, ડારા વગેરે હતાં. તે બાલમંડળી સુંદર બાગમાં પહોંચી ગઈ હતી. પરંતુ તે બાલમંડળી સુંદરબાગમાં આવીને તેઓએ ત્યાં આગળ શું જોયું ખબર છે મિત્રો? હા, તો સાંભળો, તે સુંદર બાગમાં ક્યાંકથી એક સુવર્ણ વાંદરો આવી, હેરીનાં હીંચકા ઉપર બેસીને તે મોજપૂર્વક હીંચકા ખાવાનો આનંદ લઈ રહ્યો હતો. આ જોઈ બાલ મંડળી તો અચંબીત જ રહી ગઈ હતી અને તેઓ પણ ટગર ટગર બની ને તે સુવર્ણ વાંદરાને હીંચકા ખાતાં જોઈ રહી હતી. તેઓને પણ તે સુવર્ણ વાંદરો ખૂબ જ ગમતો હતો.

થોડીવાર થઈ હશે કે હેરી પણ સુંદર બાગમાં પહોંચી ગયો. અને તેણે પણ જોયું કે તેનાં ફૂલો ભર્યા હીંચકા ઉપર એક સુવર્ણ વાંદરો બેસીને મોજપૂર્વક હીંચકા ખાઈ રહ્યો છે. આથી તેને પણ પ્રથમ તો નવાઈ લાગી હતી. બાદમાં તેણે બાગમાં આવેલ કેળાનાં વૃક્ષ પરથી મધમીઠાં કેળાંઓ તોડી તોડીને સુવર્ણ વાંદરાને ખાવા માટે આપ્યાં. આથી તો તે સુવર્ણ વાંદરો અતિ આનંદમાં આવીને હેરીને તેમજ બાળ મંડળીને પેટ પકડીને હસાવતાં ગુલાંટીયાં ખાવાં લાગ્યો.

આમ, હેરી, બાળ મંડળીનો તે સુવર્ણ વાંદરો પાકો ભાઈબંધ બની ગયો. અને તે પણ સુંદર બાગમાં રોજ હીંચકા



ખાવાં તેમજ મધમીઠાં કેળાં ખાવા આવવાં લાગ્યો. આવી અનોખી સ્નેહસંપવાળી ભાઈબંધી જોઈ ગામ લોકો પણ આશ્ચર્યચકિત રહી ગયાં. હા, પ્રાણીઓમાં પણ અનોખો પ્રેમ હોય છે હોં.

❐

## ૩. હાથી અને ચકલી

એક વિશાળ વડનાં વૃક્ષ ઉપર કેટલીક રંગ-બે-રંગી ચકલીઓ આરામથી રહેતી હતી. રંગ-બે-રંગી ચકલીઓ દાણા-પાણી કરી આનંદપૂર્વક ઉડાઉડ કરી રહી હતી. એક સુવર્ણ ચકલી તો મીઠાં ગીતો પણ ગાઈ રહી હતી.

*"ચીં ચીં ચીં ચીં કરીએ છીએ, આનંદ પૂર્વક રહીએ છીએ,*
*બાળકોની પ્યારી છીએ, ચીં ચીં ચીં ચીં કરીએ છીએ."*

બરોબર આવા સમયે ક્યાંકથી એક ભીમકાય હાથી ફરતો ફરતો તે વિશાળ વડનાં વૃક્ષ નીચે આવી ચડ્યો. અને પછી તે વડનાં વૃક્ષ નીચે બેસીને આંખો મીંચી ઉંઘવાનો પ્રયાસ તે કરવાં લાગ્યો. હા, મૂળ તો તે ભીમકાય હાથી ખૂબ જ આળસુ, એદીવૃત્તિ ધરાવતો હતો. તેનાં જીવનનો મંત્ર હતો. ખાવ, પીઓ અને



એયને મસ્ત બની આરામ કરો. આથી તે ભીમકાય હાથી આળસું બની વડનાં વૃક્ષ નીચે પગ ફેલાવીને ઉંઘવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

પરંતુ વડનાં વૃક્ષ ઉપરની રંગ-બે-રંગી ચકલીઓનાં કલશોરથી ઉંઘ આવતી નહીં. આથી તે હાથી રંગ-બે-રંગી ચકલીઓને ઉદ્દેશીને બોલ્યો. અરે ઓ ચીબાવલી ચકલીઓ, ચાલો ભાગો આ વડનાં વૃક્ષ ઉપરથી શું? બીજું મારો ઉંઘવાનો સમય થઈ ગયો છે શું?

હાથીની આવી વાણી સાંભળી સુવર્ણ ચકલી મીઠાં સ્વરે બોલી. અરે ઓ હાથીભાઈ, અત્યારે તે કંઈ સુવાતું હશે હેં? જુઓને હજુ તો સૂર્યનારાયણ બરોબર માથા ઉપર પણ આવ્યાં નથી હેં? અને તમો અત્યારે આળસુ બનીને પોઢી ગયાં છો હેં? સુવર્ણ ચકલીની ઉપદેશાત્મક વાણી સાંભળી હાથી મહાશય તો ગુસ્સે થઈ ઉઠ્યાં. અને પછી ઉભા થઈ વડનાં વૃક્ષ ઉપર બેઠેલ રંગ-બે-રંગી ચકલીઓની ડાળીઓ પોતાની સૂંઢમાં પકડીને હચમચાવવાં લાગ્યો. આથી રંગ-બે-રંગી ચકલીઓ તો ગભરાઈ ને ઉડી ગઈ. આ જોઈ હાથી તો ગર્વથી ફૂલાતો ફરી તે વડનાં વૃક્ષ નીચે ઉંઘવાનો પ્રયત્ન કરવાં લાગ્યો.

પરંતુ, તે રંગ-બે-રંગી ચકલીઓ તુરંત નાનાં નાનાં પથ્થરો ચાંચોમાં ભરીને તે અહંકારી હાથી ઉપર તેનો પ્રહાર કરવાં લાગી. આથી તે હાથી તો ચોંકી જ ઉઠ્યો. પછી તેને ખ્યાલ આવી ગયો કે તે આ રંગ-બે-રંગી ચકલીઓને પહોંચી શકશે નહીં શું? બાદમાં

તે અહંકારી હાથી તેનું અહંકારપણું છોડી, તે વડનાં વૃક્ષ નીચેથી ઉભો થઈને દૂર દૂર ચાલ્યો ગયો. બાદમાં તે હાથી પણ સુધરી ગયો અને તે પણ જીવનમાં મહેનત, પરિશ્રમને મહત્ત્વ આપવાં લાગ્યો. પુનઃ રંગ-બે-રંગી ચકલીઓ વડનાં વૃક્ષ ઉપર રહેવાં આવી ગઈ. અને ગીતો ગાવાં લાગી.

❒



## ૪. રંગ-બે-રંગી કમળ અને પોપટ

એક સુંદર મઝાનું સરોવર હતું. તે સરોવરમાં અસંખ્ય સંખ્યામાં રંગ-બે-રંગી કમળો આનંદપૂર્વક તરી રહ્યાં હતાં. સાથમાં તેઓ સમૂહમાં મીઠાં ગીતો પણ ગાઈ રહ્યાં હતાં.

સંધ્યાનો સમય હતો. સરોવરમાં રંગ-બે-રંગી કમળો સમૂહમાં મીઠાં ગીતો ગાવામાં મશગુલ હતાં. બરોબર આવા સમયે ક્યાંકથી ઉડતો ઉડતો એક કાંણો પોપટ તે સરોવર ઉપર પાણી પીવા માટે આવી ચડ્યો. મૂળ તે કાણાં પોપટનો સ્વભાવ ખૂબ જ તીખો અને ઈર્ષાળું પ્રકૃતિનો હતો. તે કાણાં પોપટની નજર પાણી પીતાં પીતાં તે નિર્દોષ, પ્રકૃતિનો આનંદ લઈ રહેલ રંગ-બે-રંગી કમળો ઉપર પડી. બાદમાં તે કમળોનાં મીઠાં ગીતો સાંભળી તે કાંણીયાં પોપટની આંખોમાં ઈર્ષાનાં ભાવો ઉભરાવાં

લાગ્યાં. ત્યારબાદ તે કશુંક વિચારતો પાણી પીવાનું છોડી તે ઉડ્યો. અને પછી એક પછી એક રંગ-બે-રંગી કમળોની કોમળ પાંખડીઓ તે તોડવાં લાગ્યો.

અચાનક શરીર ઉપરથી રંગ-બે-રંગી પાંખડીઓને ખેંચાતા, ટૂટતાં જોઈ રંગ-બે-રંગી કમળો તો ચોંકી જ ઊઠ્યાં. બાદમાં લાલ કમળ વિનમ્રભાવે બોલી ઊઠ્યું. અરે ઓ પોપટજી, શા માટે તમો અમારી કોમળ પાંખડીઓને તોડી રહ્યાં છો હેં? જુઓને અમોને કેટલી બધી વેદનાં થઈ રહી છે?

પરંતુ આ તો ઈર્ષાળું, કાંણીયો પોપટ હતો હોં. તે તો પોતાની હીન પ્રવૃત્તિમાં જ રત હતો. તેણે તે લાલ કમળની એક પણ વાત કાને ધરી નહીં. આ જોઈ લાલ કમળ સાથે રંગ-બે-રંગી કમળોને અત્યંત દુઃખ થયું. સહસા લાલ કમળે કશુંક વિચારી કોઈ ગુઢ, રહસ્યમય મંત્ર ઉચ્ચાર્યો. તે સાથે જ તેનું શરીર ફૂલીને વિશાળ કદનું બની ગયું. અને જેવો તે કાંણીયો, ઈર્ષાળું પોપટ નજદીક આવ્યો તે સાથે જ લાલ કમળે પોતાની વિશાળ કદની પાંખડીઓને ખોલી તે કાંણીયાં પોપટને અંદર જ કેદ કરી દીધો. અને... અને... તે કાંણીયો પોપટ તો ચીલ્લાઈ જ ઉઠ્યો. પાંખડીઓની અંદર તો હવા પણ મળે નહીં શું?

આમ, તે કાંણીયા પોપટની આંખોમાંથી પસ્તાવાનાં આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. આ જોઈ લાલ કમળને તેની દયા આવતાં જ તેણે તે પોપટને પોતાની પાંખડીઓમાંથી મુક્ત કર્યો. બહારની તાજી હવા મળતાં તે કાંણીયાં પોપટનાં જીવમાં જીવ



આવ્યો. બાદમાં તે બે હાથ જોડી તમામ રંગ-બે-રંગી કમળોની માફી માંગતો પસ્તાવાં સાથે ત્યાંથી ઉડીને દૂર દૂર ચાલ્યો ગયો.

પુનઃ તે સરોવરમાં રંગ-બે-રંગી કમળો આનંદપૂર્વક મીઠાં ગીતો ગાતાં રહેવાં લાગ્યાં.

''અત્યાચાર ન કરીએ ભઈ અત્યાચાર ન કરીએ, નબળાને ન નડીએ ભઈ નબળાને ન નળીએ. પ્રેમપૂર્વક રહીએ ભઈ પ્રેમ પૂર્વક રહીએ. જીવીએ અને જીવવાં દઈએ ભઈ જીવીએ અને જીવવાં દઈએ.''

❒

## ૫. સિંહ અને બળદ

એક સુંદરપુર નામે ગામ હતું. તે ગામમાં એક કદાવર કદનો બળદ રહેતો હતો. તેને પોતાની શક્તિનું ખૂબ જ ગુમાન હતું. તેને થતું કે મારા જેવો કોઈ બળીયો આ પૃથ્વી ઉપર કોઈ નથી હોં. તે બળદને ગામ ખૂબ જ ટૂંકું પડતું હતું. આથી તેણે એક દિવસ વિચાર કર્યો કે મારે હવે મારું સામ્રાજ્ય વધારવાં માટે જંગલમાં જવું પડશે. અને તો જ મારે મારી શક્તિની છુપી ઓળખ થશે. આમ વિચારતો તે મહા બળવાન બળદ જંગલ તરફ ચાલતો થયો. જંગલમાં પહોંચી તે બળદ ખૂબ જ જોરશોરથી ચીંઘાવાં લાગ્યો. આથી જંગલનાં પશુ-પંખીઓ તો ડરનાં માર્યા થર થર કાંપવાં લાગ્યાં. તેઓએ આજદીન સુધી આવી ચીંઘાળ ક્યારેય સાંભળી નહોતી હોં.



બળદની ચીંઘાળ સાંભળી જંગલનો સિંહ ઘડીભર તો ધ્રુજી ઉઠ્યો. બાદમાં તે દોડતો જ બળદની દીશામાં ગયો. અને... અને... સામે જ મહાબળવાન બળદને જોઈ સિંહ તો ડરી જ ઉઠ્યો. બાદમાં તેણે તે બળદની જંગલમાં આગતા સ્વાગતા કરી. જે જોઈ બળદ તો વધું ફૂલાઈ ગયો. અને પછી તેણે હુકમ કર્યો. આજથી હું આ જંગલનો રાજા છું શું? તે સાથે જ સિંહ અન્ય પશુ-પંખીઓએ તે બળદની જયઘોષ કરી. આમ, જંગલનો રાજા બળદ બન્યો હોવાથી બળદની ખુશીનો તો કોઈ પાર જ ન રહ્યો હતો.

ધીરે ધીરે તે બળદનું શરીર કે જે પહેલાં ગંઠીલું, સ્ફૂર્તિલું અને જોમવંતુ હતું. તે હવે કોઠી જેવું બેડોળ બની ગયું હતું. તેનામાં ઉભા થવાની પણ હવે શક્તિ રહી નહોતી. જંગલનાં પશુ-પંખીઓ પણ તે બળદનાં જો હુકમથી હવે કંટાળી ગયાં હતાં. સિંહરાજા પણ હવે તે બળદની ઉજાણી કરવાં માટે થનગની રહ્યાં હતાં. તેને પોતાનું રાજાનું પદ જતું રહેલ હોવાથી તે બળદ ઉપર અતિ ગુસ્સો પણ ચડ્યો હતો. અને... અને... એક દિવસ તેણે મોકો જોઈને તે બળદનો કોળીયો જ કરી નાંખ્યો હોં.

આમ, તે બળદ ખોટા ગુમાન, શક્તિનાં તોરમાં આવી પોતાની જીંદગી પણ તેણે ગુમાવી હોં.

બોધ : મિત્રો, જીવનમાં અભિમાન, ગુમાન તો ક્યારેય રાખવું નહીં હોં. કેમ, બરોબરને...?

❒

## ૬. પપૈયાની વાડીમાં

એક વન હતું. તે વનમાં આવેલ સોનું સસલાંને એક વાડી હતી. અને તેણે તે વાડીમાં મબલખ પ્રમાણમાં પપૈયાનું વાવેતર કર્યું હતું. અને... અને... થોડાં સમયમાં તો તે સોનું સસલાની વાડીમાં મધમીઠાં પપૈયાનો ફાલ લહેરાવા લાગ્યો. આ જોઈ વનનાં તમામ પશુ-પંખીઓ તો દંગ જ રહી ગયાં.

તે વનમાં એક લુચ્ચું, કપટી શિયાળ પણ રહેતું હતું. તેણે જોયું કે સોનું સસલાંની વાડીમાં મધમીઠાં પપૈયાઓ લહેરાઈ રહ્યાં છે. આથી તેણે તે બધાં પપૈયાઓ રાત્રીનાં સમયે તોડી જવાની યોજનાં તે ઘડવાં લાગ્યો.

ગાઢ રાત્રીનો અંધકાર સમગ્ર પૃથ્વી ઉપર પથરાઈ ચૂક્યો હતો. ઠંડી હવાં ચારે તરફ લહેરાઈ રહી હતી. આકાશમાં



તારલાંઓ સંતાકૂકડી રમવાં ઉપર ઉતરી આવ્યાં હતાં. બરોબર આવા સમયે લુચ્ચું, કપટી, શિયાળ તેનાં ભાઈબંધ એવાં એક વરું સાથે દબાતાં પગલે સોનું સસલાંની વાડી તરફ જઈ રહ્યાં હતાં. તે બંન્નેનાં એક એક હાથમાં બેટરી ઝગારા મારી રહી હતી.તો બીજા હાથમાં ખાલી કોથળાંઓ લટકી રહ્યાં હતાં. તે બંન્નેનાં શરીર ઉપરથી પરસેવાનાં રેલાંઓ ઉતરી રહ્યાં હતાં. હા, તેઓ ગુનાહીત પ્રવૃત્તિ કરવાં માટે જઈ રહ્યાં હતાં ને?

સોનું સસલાંની વાડીમાં આવી તે બંન્ને પપૈયાનાં ઝાડ ઉપર ચડી, પપૈયાંઓ તોડી તોડીને જમીન ઉપર નાખવાં લાગ્યાં. બાદમાં તેઓ બંન્નેએ કોથળાં ભરીને વાડીની બહાર નીકળવાં ગયાં. પરંતુ સામે જ તે વનનાં ભીમકાય હાથીને તેમની તરફ ગુસ્સાભરી આંખે જોઈ રહેલ જોઈ તે બંન્નેનાં તો મોતીયાં જ મરી ગયાં. તે બંન્નેએ આવી કશી જ કલ્પનાં કરેલ નહીં કે આમ એકાએક એક ભીમકાય હાથી આવી કાળી રાત્રીએ તેમની સામે આવી ચડશે. બાદમાં તે બંન્ને લુચ્ચાંઓની આંખોમાં ભય, ધ્રુજારીઓ ડોકાવાં લાગી. અને પછી તેઓ બંન્ને કોથળાઓનો ઘા કરી, વાડીમાંથી ભાગવાં ગયાં. પરંતુ ભીમકાય હાથીએ તે બંન્નેને પોતાની સૂંઢ વડે પકડી હવામાં જોરદારપણે ઘુમાવ્યાં. તે સાથે જ તે બંન્નેની આંખોમાંથી ગંગા-જમના વહેવાં લાગી. તેઓ બંન્ને કરગરવાં લાગ્યાં. હે હાથી મહારાજ, અમોને ક્ષમા કરશો? આજ પછી અમો આવી હીન હરકત ક્યારેય કરીશું નહીં હોં.

ભીમકાય હાથીને તે બંન્નેની દયા આવતાં તે બંન્નેને મુક્ત

કર્યા. ત્યારબાદ શિયાળ અને વરુએ સોનું સસલાંની પણ માફી માંગી. અને ચોરેલ પપૈયાઓ પાછા આપ્યાં. બાદમાં તે બંન્ને તદ્દન સુધરી ગયાં. જ્યારે સોનું સસલું તો પોતાની પ્રવૃત્તિમાં જ રત રહેવાં લાગ્યું. તેણે વનનાં તમામ પશુ-પંખીઓને મધમીઠાં પપૈયાં ખાવા માટે આપ્યાં. આથી તે સોનું સસલાંની વનમાં વાહ વાહ બોલાવા લાગી.

બોધ : મિત્રો, મહેનતનું ફળ તો અવશ્ય મળે જ હોં.

❒



## ૭. વીજળી આપતાં વૃક્ષો

ઘણાં સમય પહેલાંની વાત છે. હજુ વીજળીઓ ગામડાઓ સુધી પહોંચી નહોતી. આથી દક્ષિણ ભારતનાં નાનાં નાનાં ગામોમાં તો વીજળીઓ જોવાં શુદ્ધાં મળતી નહોતી હોં. સાંજનાં સાત વાગે કે અંધકારનાં ઓછાયામાં લોકો મીણબત્તીઓ, ફાનસો વગેરે સળગાવવાં લાગી જતાં હતાં. તેઓ માટે લાઈટ તો કલ્પનાં સમાન હતી.

દક્ષિણ ભારતનાં સુંદરપુર ગામમાં વીજળી નહોતી. પરંતુ લોકો તો આનંદપૂર્વક ફાનસનાં અજવાળે તેઓ જીવન પસાર કરતાં હતાં. તે સુંદરપુર ગામમાં એક નાનો પરંતુ પ્રખર બુધ્ધિશાળી એવો અબ્દુલ નામનો એક છોકરો રહેતો હતો. તે અબ્દુલને વિજ્ઞાનમાં ખૂબ જ રસ હતો. તે બેઠાં બેઠાં પોતાના દિમાગમાં

બસ વિજ્ઞાનની રમતો, અવનવી શોધોની કલ્પનાંઓ જ કર્યા કરતો હતો. એક વખત તે દૂરનાં શહેરોમાં પણ જઈ આવ્યો હતો. ત્યાં આગળ તેણે જોયું કે શહેરીજનો કેવી સરસ રીતે વીજળીનાં પ્રકાશમાં પોતાનું કામ કરે છે. ઉદ્યોગોમાં વપરાતો વીજળીનો પ્રવાહ કેટલો બધો ઉપયોગી થાય છે. રેલ્વે કેવી ફટાફટ વીજળી ઉપર દોડે છે. અને કારખાનાઓ, વાહનો વીજળી થકી ચાલે છે. તે બધું અબ્દુલે નોંધ કરી લીધું  અને કયા તારમાંથી કેટલો વિદ્યુત પુરવઠો પસાર થઈ શકે છે. ન્યુટલ, ફેસ વગેરેની નોંધ તેણે કરી લીધી. કેવી સ્વીચો, વાયરો તેમજ અન્ય ઈલેક્ટ્રીક સાધનો કેવાં કેવાં પ્રકારનાં હોય છે. તેની પણ તેણે નોંધ કરી લીધી. બાદમાં તે પોતાનાં ગામમાં આવ્યો.

એક દિવસની વાત છે. તે અબ્દુલ નામનો છોકરો ફરતો ફરતો એક ગાઢ જંગલમાં પહોંચી ગયો. અને... અને... તેનાં અતિ આશ્ચર્યવચ્ચે એક વિશાળ વૃક્ષમાંથી પ્રકાશનો ધોધ વહેતો તેણે જોયો. આથી અબ્દુલ ખૂબ જ રોમાંચિત થઈ ઉઠ્યો. તેને થયું કે વૈદે કહ્યું અને ભાવતું મળ્યું. જેવો ઘાટ થયો હતો. બાદમાં તેણે તે પ્રકાશ આપતાં વૃક્ષનું બરોબર નિરીક્ષણ કર્યું અને પછી તે તેની નોંધ પણ ટપકાવવાં લાગ્યો. બીજા દિવસે તેણે ગામનાં આગેવાનોને એકઠાં કરી તે વીજળી આપતાં વૃક્ષો વિશે વાત કહી. જે સાંભળી ઘડીભર તો તે ગામનાં આગેવાનો અબ્દુલ ઉપર હસવાં લાગ્યાં. બાદમાં તેઓ પણ એક દિવસ અબ્દુલ સાથે જંગલમાં પહોંચી ગયાં. અને તેઓએ પણ તેમની નજરે જોયું કે



ખરેખર અબ્દુલ જે કંઈ કહેતો હતો તે સાચું જ કહેતો હતો હોં. ત્યારબાદ અબ્દુલની આગેવાની હેઠળ એક મંડળીની રચનાં કરવામાં આવી. અને તે વૃક્ષમાંથી વહેતી વીજળીને ગામ સુધી કઈ રીતે પહોંચાડવી તેની યોજનાંઓ ઘડાવાં લાગી. હા, વગર પૈસે ગામ સુધી વીજળી પહોંચાડવાની યોજનાં અબ્દુલે ઘડી કાઢી.

બસ, ખલાસ? પેલી ઉક્તિ મુજબ, 'મન હોય તો માળવે જવાય' જે મુજબ થોડાં પરિશ્રમ અને દિવસોમાં અબ્દુલનાં ગામમાં વીજળીનાં ગોળાઓ ચમકવાં લાગ્યાં હોં. ગામ આખું અબ્દુલને શાબાશી આપવાં લાગ્યું.

❐

# ૮. રાજુની વાંસળી

નંદનવન નામે એક સુંદર ગામ હતું. તે ગામમાં રાજુ નામનો એક છોકરો રહેતો હતો. રાજુને વાંસળી વગાડવાનો ભારે શોખ હતો. તેની વાંસળીમાં જાદુઈ શૂરોનો મબલખ ખજાનો હતો હોં. રાજુ ધારે તેને ડોલાવી શકતો હતો કે હસાવી પણ શકતો હતો.

એક દિવસની વાત છે. નંદનવન ગામમાં એક વખત ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો. લોકો ટપોટપ કરતાં તે રોગચાળામાં સપડાવાં લાગ્યાં. ડોક્ટરો ક્યાંય મળે નહીં. દવા પણ ક્યાંય પણ ઉપલબ્ધ થાય નહીં. આથી ગામલોકોની માઠી બેસી ગઈ. આ જોઈ રાજુને ખૂબ જ લાગી આવ્યું. અને પછી તેણે મનોમન નિર્ણય કર્યો કે તે આ બધાં દર્દીઓને પોતાની



જાદુઈ વાંસળીનાં શૂરોથી સાજા કરી દેશે. બાદમાં પ્રથમ તેણે ગામમાં જાહેરાત કરી કે તે લોકોને આ ભયંકર રોગથી જરૂરથી સારવાર કરી સાજા-સારાં કરી દેશે. આ સાંભળી પ્રથમ તો ગામલોકો રાજુ ઉપર કટાક્ષભર્યા હસવાં લાગ્યાં. તેને લાગ્યું કે રાજુ પાસે એવી તે કઈ લાયકાત છે કે તે આ ભયંકર રોગમાંથી તેઓને મુક્ત કરે હેં?

સાંજ પડવાં આવી. રાજુ પોતાની વાંસળી લઈને ગામ વચ્ચે પહોંચી ગયો. જ્યાં આગળ ફક્ત બે જ દર્દીઓ આવેલ હતાં. અને તેઓ પણ રાજુ સામે ઉપહાસભરી રીતે જોઈ રહ્યાં હતાં. પરંતુ રાજુ હિંમત હાર્યો નહીં. તેણે તે બે દર્દીઓને જમીન ઉપર બેસાડ્યાં અને તેઓને આંખો બંધ કરી એક ધ્યાન ધરવાં કહ્યું. તે સાથે જ તે બે દર્દીઓ આંખો બંધ કરી ધ્યાન કરતાં જમીન ઉપર બેસી ગયાં. પછી રાજુએ તે દર્દીઓને પોતાની જાદુઈ વાંસળીમાંથી કોઈ અલૌકિક આનંદસભર શૂરો સંભળાવવાં લાગ્યો. ત્યારે તે બે દર્દીઓનાં મનોજગતમાં કોઈ જાદુઈ અસરો ઉત્પન્ન થવાં લાગી. જાણે તેઓ આકાશમાં ન ઉડી રહ્યાં હોય તેમ હોં. અને... અને... થોડીવારમાં તો તે બંન્નેનાં શરીરમાંથી રોગ ગાયબ જ થઈ ગયો. અને તેઓ બંન્ને ઉભાં થઈ ડોલવાં જ લાગ્યાં. જાણે તેઓને લાખની લોટરી ન લાગી હોય તેમ હોં.

અને... અને... પછી નંદનવન ગામમાં રાજુ પાસે દર્દીઓની લાઈનો લાગવાં માંડી. ધીરે ધીરે તે નંદનવન ગામનાં તમામ દર્દીઓ રાજુની જાદુઈ વાંસળીનાં શૂરોથી સાજાં-માજાં

થવાં લાગ્યાં. આવો અદ્‌ભૂત ચમત્કાર નિહાળી ગામનાં સરપંચશ્રીએ તેનું બહુમાન કર્યુ. અને પછી તો તે ગામમાં એક પણ દર્દી રહ્યો નહીં. આ ઉપરાંત તે ગામ પ્રગતિનાં શિખરો સર કરવા લાગ્યું. આ જોઈ રાજુની આંખોમાં હર્ષનાં આંસુઓ ઉભરાવાં લાગ્યાં. અને મનોમન તે જાદુઈ સંગીતની દેવી એવાં ‘મા સરસ્વતી દેવી’ ને તે મનોમન વંદી રહ્યો.

❒



## ૯. સંત અને સુગરી

વારાણસીનાં ગાઢ જંગલમાં એક સંત રહેતાં હતાં. તે સંત ખુલ્લાં આકાશમાં નીચે યોગ મુદ્રામાં તેઓ પ્રભુ સ્મરણ કરી રહ્યાં હતાં.

સંધ્યાનો સમય હતો. હવા જોર-શોરથી ચારે તરફ ફૂંકાતી હતી. બરોબર આવા સમયે એક ભલી સુગરી આકાશમાર્ગે ઉડતી ઉડતી તે સંત ઉપરથી પસાર થઈ. સહસા તેની નજર તે સંત ઉપર પડી. આ જોઈ તે ભલી સુગરીને લાગી આવ્યું. તેને મનોમન થયું કે આવી ભયંકર ઋતુમાં તે સંત બીમાર પડી જશે હોં. માટે તેને એક કુટીર બનાવી આપવી જોઈએ. બસ, આટલું વીચારીને તે સંત પાસે ઉતરી પછી આજુબાજું જોઈ તે ઘાસ, તણખલાં, સૂકાં પાંદડાઓ વગેરે વીણવાં લાગી. અને પછી જોતજોતામાં તેણે તે સંત જ્યાં આગળ બેઠાં હતાં. તેની ફરતે તેણે ખૂબ જ પરિશ્રમપૂર્વક

એક સુંદર મઝાની કુટીર બનાવી નાંખી. હા, તે કુટીર પણ અતિ સુંદર, કલાત્મક અને ખૂબ જ મજબૂત હતી. તે સંતને ક્યાંયથી પણ કોઈ પણ જાતની તકલીફ ન પડે તેનું તે સુગરીએ ધ્યાન રાખ્યું હતું. બાદમાં તે સુગરી નજદીકનાં એક વૃક્ષ ઉપર જઈને માળો બનાવી તે તેમાં રહેવાં લાગી.

એક દિવસની વાત છે. તે સુગરી પોતાનાં માળામાં આનંદપૂર્વક રહેતી હતી. બરોબર આ સમયે એક લુચ્ચો પારધી તે સુગરીને પકડવાં માટે તે સુગરીનાં વૃક્ષ ઉપર ચડવાં લાગ્યો. સુગરીએ કલ્પનાંએ કરેલ નહીં કે કોઈ એક પારધી તેને પકડવાં માટે વૃક્ષ ઉપર ચડતો હશે પરંતુ કુટીરમાં રહેતાં તે સંતનાં ત્રીજા નેત્રમાં આવી ગયું કે તે ભલી, નિર્દોષ સુગરીને પકડવાં માટે એક લુચ્ચો પારધી વૃક્ષ ઉપર ચડી રહ્યો છે. અને... અને... તે સાથે જ તે સંતનાં ત્રીજા નેત્રમાંથી એક દિવ્ય તેજ લીસોટો નીકળ્યો. અને તે સીધો જ પારધીનાં પીઠમાં ધડામ સાથે અથડાયો. તે સાથે જ તે પારધી વૃક્ષ ઉપરથી એક મોટા ધબાકા સાથે નીચે પછડાયો. તેનાં અંગે અંગમાં કાળી બળતરાં થવાં લાગી. અને તે ભયથી ધ્રુજતો ધ્રુજતો તે ત્યાંથી ઝપાટાભેર ચાલ્યો ગયો.

પુનઃ તે સંત પ્રભુભક્તિમાં 'લીન' બની ગયાં. જ્યારે તે સુગરી પોતાનાં માળામાં રહી આનંદ કિલ્લોલ કરવાં લાગી. જાણે ત્યાં આગળ કશું જ બન્યું ન હોય તેમ હોં. તો આ છે ઈશ્વરની અદ્ભૂત, અલૌકિક લીલા હોં.

❒



## ૧૦. હાથી અને હંસ

એક તળાવ હતું તે તળાવમાં કેટલાંક સુંદર મઝાનાં રંગ-બે-રંગી હંસો આનંદપૂર્વક પોતપોતાની પાંખોને પહોળી કરીને તરવાનો અનેરો આનંદ ઉઠાવી રહ્યાં હતાં.

સંધ્યાનો સમય હતો. ચારે તરફ મધુર-મીઠી હવા લહેરાઈ રહી હતી. તળાવમાં હંસો મોજપૂર્વક તરી રહ્યાં હતાં. બરોબર આવા સમયે એક ભીમકાય હાથી ફરતો ફરતો તે તળાવ પાસે આવી ચડ્યો. અને પછી તે તળાવનું મધમીઠું પાણી પીતાં પીતાં તેની નજર તળાવ વચ્ચે તરી રહેલ રંગ-બે-રંગી હંસો ઉપર પડી. આથી ઘડીભર તેનાં મનોજગતમાં ઈર્ષાનાં વમળો ઉભરાઈ આવ્યાં. બાદમાં તેણે પોતાની લાંબી સૂંઢમાં તળાવમાંથી પાણી ભરી ભરીને તે ફૂવારાની જેમ તળાવ વચ્ચે તરી રહેલ હંસો ઉપર

તે પાણીનો ફૂવારો ઉડાડવાં લાગ્યો.

ઘડીભર તો તે તળાવનાં હંસો કશું સમજ્યાં નહીં કે આમ એક ભીમકાય હાથી આ રીતે તેઓ ઉપર શા માટે પાણી સૂંઢમાં ભરીભરીને ઉડાડતો હશે? પરંતુ સહનશક્તિની પણ એક હદ હોય છે હોં. અંતે તે બધાં હંસોને લાગ્યું કે હવે વધું વખત જો સહન કરીશું ને તો તો પછી તે ભીમકાય હાથી તેઓને વધુ હેરાન-પરેશાન કરશે હોં. બાદમાં બધાંએ મનોમન એક યોજનાં બનાવી અને પછી તેઓ એક સાથે તે તળાવ ઉપરથી ઉડ્યાં. અને પછી કાંઠે આવી તેઓ બધાં પોતપોતાની ચાંચોમાં પથ્થરો ભરીને તે ભીમકાય હાથી ઉપર વરસાદની જેમ વરસાવવાં લાગ્યાં.

અચાનક માથા-પીઠ ઉપર પથ્થરોનો વરસાદ વરસતાં તે હાથી ચોંકી ઉઠ્યો. તેણે આવી કશી જ કલ્પનાં કરેલ નહીં કે આમ એકાએક તે બધાં હંસો પોતાની ઉપર પથ્થરોનો વરસાદ વરસાવશે. બાદમાં તે હાથી હાર્યો, થાક્યો, કંટાળ્યો. અને પછી તેને સત્યનું ભાન થઈ ચૂક્યું કે કોઈ નિર્દોષને ખોટી રીતે હેરાન પરેશાન કરાય નહીં હોં. ત્યારબાદ તે બધાં હંસોની મનોમન માફી માંગતો પસ્તાવાં સાથે ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો. આ જોઈને તે બધાં હંસોને સંતોષ થયો. ચાલો એક ‘ઘાત’ ટળી હોં.

પુનઃ તે બધાં હંસો તળાવમાં આવીને આનંદ-કિલ્લોલ કરતાં હસતાં, રમતાં તરવાં લાગ્યાં. આ જોઈ તે તળાવ પણ રંગમાં આવી ડોલવાં લાગ્યું હોં.

❐



## ૧૧. હંસની ડોકમાં સુવર્ણ માલા

એક સુંદર મઝાનું સરોવર હતું. તે સરોવરમાં એક અતિ સુંદર મઝાનો હંસ પોતાની શ્વેત પાંખોને પહોળી કરતો સરોવરમાં સહેલ કરવાનો અનેરો આનંદ ઉઠાવી રહ્યો હતો. તે હંસની ડોકમાં એક અતિ કિંમતી સુવર્ણમાળા હતી.

સંધ્યાનો સમય હતો. ચારે તરફ ખૂશ્નુમાં વાતાવરણ હતું. સરોવરમાં શ્વેત હંસ આનંદપૂર્વક સહેલ કરી રહ્યો હતો. બરોબર આવા સમયે ક્યાંકથી એક ઉડતો ઉડતો કાળો કાગડો તે સરોવર ઉપર પાણી પીવાનાં ઉદ્દેશ્ય સાથે આવી ચડ્યો. પાણી પીતાં પીતાં તેની ચૂંચી નજર તે સરોવર વચ્ચે તરી રહેલ એવાં હંસ ઉપર પડી. અને... અને... તે હંસની ડોકમાં રહેલ કિંમતી સુવર્ણ માળા ઉપર પડી. આ જોઈ તેનો મૂળ ઈર્ષાળુ સ્વભાવ

ઉછળી આવ્યો. તેને તે માળા હાંસલ કરવાની અતિ ઈચ્છા થઈ આવી. બાદમાં તે કાળો કાગડો ઝડપભેર ઉડ્યો અને તે શ્વેત હંસ સાવધ થવાં જાય તે પહેલાં તો કાગડાએ તેની ડોક ઉપર ઝપટમારીને તેની કિંમતી સુવર્ણમાળા લઈને તે આકાશમાર્ગે ઉડી ગયો. જ્યારે તે શ્વેત હંસ દુઃખી થતો એક તરફ બેસી પડ્યો.

જ્યારે આ તરફ તે કાળો કાગડો તે સુવર્ણ માળાને પોતાની ડોકમાં ધારણ કરતો વટભેર પોતાનાં સાથી પંખી મિત્રોને બતાડવાં લાગ્યો. અને ખોટો પ્રભાવ પાડવાં લાગ્યો. બરોબર આવા સમયે રાજા વિક્રમસિંહનાં સિપાહીઓ કાગડાનાં વૃક્ષ નીચેથી પસાર થયાં અને તેઓની નજર તે કાગડા ઉપર તેમજ તેની ડોકમાં રહેલ કિંમતી સુવર્ણ માળા ઉપર પડી. આથી તેઓ સમજ્યાં કે આ સુવર્ણ માળા રાણીસાહેબાની હોય આ લુચ્ચો કાગડો મહેલમાંથી ઉઠાવી લાવ્યો હશે? બસ, ખલાસ? આવો વિચાર આવતાં જ તે સિપાહીઓ દબાતાં પગલે વૃક્ષ ઉપર ચડવાં લાગ્યાં. તે કાગડો આનંદમાં આવીને પોતાનાં ભાઈબંધો ઉપર પ્રભાવ પાડી રહ્યો હતો કે અચાનક સિપાહીઓનાં લોખંડી પંજા લંબાતાં તે કાગડો તેમાં આવી ગયો. અને પછી તે સિપાહીઓએ તે સુવર્ણ માળા કાગડાની ડોકમાંથી કાઢી. તેને બરોબરનો મેથીપાક આપ્યો. આથી તે કાગડો અંતરથી પસ્તાવો કરવાં લાગ્યો. બાદમાં તે સિપાહીઓ વૃક્ષ ઉપરથી નીચે ઉતરીને ચાલવાં લાગ્યાં. તે સરોવર આવતાં સિપાહીઓ પાણી પીવાં ત્યાં ઉભા રહ્યાં સુવર્ણ માળાને સરોવરનાં પાણીનો સ્પર્શ થતાં જ તેનામાં 'જીવ' આવ્યો. અને.. અને..



સિપાહીઓ વધુ કશું સમજે તે પહેલાં તો તે સુવર્ણમાળા મૂળ માલિક એટલે કે શ્વેત હંસનાં ગળામાં જઈને ગોઠવાઈ ગઈ. આ જોઈ તે સિપાહીઓ ડઘાઈ ગયાં. અને તેઓ તે સરોવર ઉપરથી ચાલ્યાં ગયાં. આમ તે સુવર્ણમાળા હંસની ડોકમાં પુનઃ આવી ગઈ.

❐

## ૧૨. ચિંતનશીલ પોપટ

આસોપાલવનાં વૃક્ષ ઉપર કેટલાંક નયનાકર્ષક એવાં પંખીઓ રહેતાં હતાં. તે પંખીઓ મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, સુગરી, બપૈયા વગેરેનો સમાવેશ થતો હતો.

તે આસોપાલવનાં વૃક્ષ ઉપર એક અતિ બુધ્ધિશાળી તેમજ 'ચિંતનશીલ પોપટ' પણ રહેતો હતો. તે દિન-રાત ઉચ્ચ, ઉમદા અને શ્રેષ્ઠ ચિંતનનાં જ વિચારો કરતો હતો. હા, આ પ્રકૃતિ, સૌંદર્ય, ફળ-ફૂલો, પશુ-પંખીઓ, મનુષ્ય, દિન-રાત, હવા-પાણી ઋતુચક્ર, વૃક્ષો વિગેરે વિશે તે સતત વિચારતો રહેતો હતો. આ જોઈ અન્ય પંખીઓ તેને ક્યારેક મજાકમાં 'બુધ્ધિવગર'નાં માં ખપાવતાં હતાં. પરંતુ તે ચિંતનશીલ પોપટને તેની કશી પડી



નહોતી હોં.

એક દિવસની વાત છે. તે આસોપાલવનાં વૃક્ષ ઉપરનાં પંખીઓ આનંદ-કિલ્લોલ કરી રહ્યાં હતાં. તેઓએ કશી જ કલ્પના કરેલ નહીં કે થોડીવાર પછી અહીં શું સ્થિતિ થવાની છે. જ્યારે તે ચિંતનશીલ પોપટ કોઈ ઉંડા, ગહન વિચારોમાં ખોવાઈ ગયો હતો. સહસા તેનું શરીર ફફડવાં લાગ્યું. જાણે સામે કોઈ યમદૂત ન ઉભો હોય તેમ હોં? સહસા તેનાં મુખમાંથી ચીસ નીકળી ગઈ. મિત્રો, ભાગો, ભાગો આ સ્થળ છોડીને દૂર ભાગો.

અચાનક 'ચિંતનશીલ પોપટ'ની ચીસ સાંભળી અન્ય પંખીઓ ઘડીભર તો કશું જ સમજ્યાં નહીં. પરંતુ જે કોઈ પંખીઓ સમજ્યાં તે બધાં મુઠ્ઠીઓ વાળીને ભાગવાં લાગ્યાં. હા તેઓને તે 'ચિંતનશીલ પોપટ'માં અપાર શ્રધ્ધા હતી. ચિંતનશીલ પોપટ પણ ભાગવાં લાગ્યો અને ભાગતાં ભાગતાં તે જોરશોરથી અન્ય પંખી મિત્રોને કહેવાં લાગ્યો. મિત્રો થોડીવારમાં અહીં ભયંકર ભૂકંપ આવવાનો છે.

અને.. અને.. ખરેખર તે 'ચિંતનશીલ પોપટ' ની વાણી સાચી પડી હોં. જે પંખીઓ ત્યાંથી ભાગી ગયાં હતાં. તે બધાં જ પંખીઓ બચી ગયાં હતાં. અને જે પંખીઓ થોડાં બેદરકાર રહ્યાં તે આસોપાલવનાં વૃક્ષ સાથે ધરાસાઈ થઈ ગયાં. આ જોઈ તે ચિંતનશીલ પોપટને ઘણું જ દુઃખ થયું હોં. હા, ગમે તેમ તો તેઓ તેમનાં જાતભાઈઓ હતાં ને. જે પંખીઓ બચી ગયાં હતાં. તેઓએ તે 'ચિંતનશીલ પોપટ' નો અંતરથી આભાર માન્યો. આ સાંભળી

તે 'ચિંતનશીલ પોપટ' બોલી ઉઠ્યો. મિત્રો, આમાં આભાર માનવાનો ન હોય હોં. આ તો મારી 'ફરજ' હતી હોં. બાદમાં તે બધાં પંખીઓ 'ચિંતનશીલ પોપટ' ની આગેવાની હેઠળ આનંદપૂર્વક આંબાના વૃક્ષ ઉપર રહેવાં લાગ્યાં.

❒



## ૧૩. કમળ અને કાચબો

એક સરોવર હતું. તે સરોવરમાં એક અતિ સુંદર મઝાનું સુવર્ણ કમળ મીઠા ગીતો ગાઈ રહ્યું હતું.

સંધ્યાનો સુમધુર, આહ્લાદક સમય હતો. સરોવરમાં સુવર્ણ કમળ પોતાની મસ્તીમાં ગીતો ગાઈ રહ્યું હતું. બરોબર આવા સમયે એક કાળો, લુચ્ચો, કાચબો ક્યાંકથી તે સરોવરમાં આવી ચડ્યો. સહસા તેની ચૂંચી નજર ગીતો ગાઈ રહેલ એવાં સુવર્ણ કમળ ઉપર પડી. આથી તેની આંખોમાં ઈર્ષાનું ઝેર ઉભરાઈ આવ્યું. બાદમાં તે દબાતાં પગલે સુવર્ણ કમળની નજદીક પહોંચીને તેની કોમળ પાંખડીઓ ને કોતરવાં લાગ્યો.

અચાનક પોતાની કોમળ, નાજુક પાંખડીઓને કોતરાતાં જોઈ સુવર્ણ કમળે પાછળ નજર કરી તો એક વિશાળ કદનાં કાચબાને

આવી હરકત કરતાં જોઈ તે ગીતો ગાતું બંધ પડી ગયું અને પછી તે બોલ્યું. અરે મિત્ર કાચબાજી, તમો શા માટે મારી કોમળ પાંખડીઓને આ રીતે કાતરી રહ્યાં છો હે? વળી મે તમારું તે શું બગાડ્યું છે હેં?

પરંતુ આ તો ઈર્ષાળુ કાચબો હતો. તે તો પોતાની હીન પ્રવૃત્તિમાં જ રત હતો. અંતે તે સુવર્ણ કમળને લાગ્યું કે હવે આ લુચ્ચાં કાચબાને કશો 'ચમત્કાર' દેખાડવો જ પડશે હોં. બાદમાં તેણે કશો ગુઢ મંત્ર ઉચ્ચાર્યો. અને.. અને.. તે સાથે જ તેનાં કોમળ શરીરમાં અચાનક વીજળીનો પ્રવાહ વહેવાં લાગ્યો. અને જેવો તે કાચબો પુનઃ સુવર્ણ કમળની પાંખડીઓને તોડવાં જતાં જ તે એક મોટા આંચકા સાથે સરોવરમાં એક તરફ ઉથલી પડ્યો. તેનાં આખા શરીરમાં ધ્રુજારીઓ વહેવાં લાગી. તેણે આવી કશી જ કલ્પનાં કરેલ નહીં કે એક સામાન્ય કમળમાં આવી ભયંકર વિદ્યુતશક્તિ ભરી પડી હશે!

ત્યારબાદ તે કાચબો અંતરથી બેહદ પસ્તાવો કરવાં લાગ્યો. અને પછી તે સુવર્ણ કમળની અંતરથી માફી માંગતો ત્યાંથી ચાલ્યો ગયો.

પુનઃ તે સુવર્ણ કમળ પોતાનાં મીઠાં ગીતો ગાવામાં ખોવાઈ ગયું. ત્યારે તે સરોવર પણ સુવર્ણ કમળનાં મીઠાં ગીતોથી આનંદીત થઈ ઉછળવાં લાગ્યું.

❒



## ૧૪. હાથી અને કાચબો

એક વિશાળ વન હતું. તે વનમાં એક ભીમકાય હાથી પોતાની તાકાતનું તે સતત પ્રદર્શન કર્યા કરતો હતો. આથી તે વનનાં પશુ-પંખીઓ તેનાંથી બેહદ કંટાળી ગયાં હતાં.

એક દિવસની વાત છે. તે વનનો ભીમકાય હાથી પોતાની તાકાતનું પ્રદર્શન કરતો કરતો આગળ વધી રહ્યો હતો. સહસા સામેથી એ કાળો કાચબો આવતો તેણે જોયો. આથી તેને તે કાચબાની મશ્કરી કરવાનું મન થઈ આવ્યું. બાદમાં કાચબો જેવો પાસે આવ્યો તે સાથ જ તે અભિમાની હાથી બોલી ઉઠ્યો. અરે ઓ કાળીયા કાચબા, ચાલ મારી સામેથી તું એક તરફ ખસી જા જોઉં? અન્યથાં હું તને એક લાત મારીશને તો તું કોશો દૂર જઈ પડીશ શું?

અચાનક એક હાથીનું આટલું બધું ગુમાન જોઈ તે કાચબાને થયું કે આજે આ ભીમકાય હાથીનું અભિમાન ઉતારવું તો પડશે જ હોં. બાદમાં તે કાચબો કશો ગુઢ મંત્ર ઉચ્ચારીને તે જ્યાં આગળ હતો ત્યાં આગળ જ તે જમીન સાથે ચોંટી ગયો. જાણે તે જમીનનો એક ભાગ ન હોય તેમ હોં.

કાચબાને જમીન સાથે જડાઈ ગયેલ જોઈ હાથીનાં ગુસ્સાનો કોઈ પાર ન રહ્યો. તેને લાગ્યું કે કાચબો પોતાનું અપમાન કરી રહ્યો છે. આથી તે હાથી ભયંકર ગુસ્સાથી ગર્જના કરતો કાચબા પાસે ધસી જઈ તેને એક જોસભેર લાત ઠોકી દીધી. અને પછી તે કાચબાની નવી સ્થિતી નિહાળવાં લાગ્યો. પરંતુ આ શું? તે કાચબો તો હતો ત્યાંને ત્યાં જ એકદમ સ્થિતપ્રજ્ઞની જેમજ પડ્યો હતો. આ જોઈ હાથીને નવાઈ લાગી. અન્ય પશુ-પંખીઓ પણ આ રસપ્રદ ઘટનાં નિહાળવાં લાગ્યાં. તેઓને લાગ્યું કે આજે આ હાથીનું અભિમાન તો ઉતારવું જ જોઈએ હોં. અને બન્યું પણ તેમજ હોં.

હાથી તે કાચબાને લાત મારી મારીને બેહદ થાકી ગયો હતો. તેની સમજમાં કંઈ આવતું નહોતું કે પોતાનાં જેવાં બળવાનનાં પગની ઠોકર ખાવાં છતાં તે કાચબો હલતો શુધ્ધાં નહોતો હોં. અને આમ તે હાથીનું અભિમાન ઉતરી ગયું. બાદમાં તે પસ્તાવાં લાગ્યો. આ જોઈ કાચબો પુનઃ અસલ સ્થિતિમાં આવી ગયો. અને પછી તેણે તે હાથીને પોતાની ખોટી શક્તિને બરબાદ કે ખોટા અહમમાં ન વેડફતાં કોઈ સારા કામમાં શક્તિનો ઉપયોગ



કરવો જોઈએ તેવો બોધપ્રદ ઉપદેશ આપ્યો. જે સાંભળી હાથી પસ્તાવાં સાથે ત્યાંથી કોઈ સારા કાર્યો કરવાં માટે ચાલ્યો ગયો. આ જોઈ તે કાચબાને સંતોષ થયો. ચાલો આજથી તે હાથી કોઈ સારા, ઉચ્ચ અને ઉમદા જ કાર્યો કરશે હોં. બાદમાં તે કાચબો પણ ચાલ્યો ગયો.

❒

## ૧૫. હાથી અને વાંદરો

એક લીલોતરીઓથી ઉભરાતાં એવાં જંગલમાં જાંબુનાં ઝાડ ઉપર એક નટખટ વાંદરો રહેતો હતો. તે વાંદરો જાંબુનાં ઝાડ ઉપર રહેલ મીઠાં મધ જેવાં જાંબુ ખાઈ ખાઈને તેનાં ઠળીયાં તે ઝાડ નીચેથી પસાર થતાં નિર્દોષ પ્રાણીઓ ઉપર તે ઘા કરતો. અને આમ તે માનસિકપણે આનંદ ઉઠાવતો.

એક દિવસની વાત છે. જાંબુનાં ઝાડ ઉપર બેઠો બેઠો તે નટખટ વાંદરો કંટાળ્યો હતો. તેને બરાબરનો માનસિકપણે આનંદ ઉઠાવવો હતો. સહસા આવા સમયે એક ભીમકાય હાથી જાંબુનાં ઝાડ નીચેથી પસાર થયો. આ જોઈ તે નટખટ વાંદરાની આંખો હર્ષથી તગતગવાં લાગી. બાદમાં તે ઝડપભેર કાચા જાંબુઓ તોડીને એકઠાં કરવાં લાગ્યો. જેવો તે ભીમકાય હાથી ઝાડ નીચેથી



પસાર થયો કે તેનાં ઉપર નટખટ વાંદરાએ કાચા જાંબુઓનો વરસાદ વરસાવ્યો. પ્રથમ તો તે હાથી કશું સમજ્યો નહીં કે આમ એકાએક કાચા જાંબુઓનો વરસાદ શા માટે થઈ રહ્યો છે? પરંતુ ઝાડ ઉપર બેઠેલાં અને ખીખીખી કરી રહેલ એવાં નટખટ વાંદરાને જોઈ તે હાથી સમજી ગયો કે નક્કી આ કાચા જાંબુઓનો વરસાદ લુચ્ચાં વાંદરાએ જ પોતાની ઉપર વરસાવ્યો છે હોં.

બાદમાં તે હાથીએ જોયું કે નટખટ વાંદરાની પૂંછડી જમીન તરફ લટકી રહી છે. આથી તે નટખટ વાંદરો વધુ સાવચેત થવાં જાય તે પહેલાં તો હાથીએ ઝડપભેર દોડીને તે વાંદરાની લટકતી પૂંછડી પોતાની સૂંઢમાં પકડીને જોસભેર નીચે તરફ ખેંચી. અને.. અને.. તે સાથે જ તે વાંદરો ધબાકા સાથે જમીન ઉપર ઉંધા માથે પછડાયો. તેણે આવી કશી જ કલ્પના કરેલ નહીં કે પોતાની યોજનાં આમ ઉંધી વળી જશે? ત્યારબાદ તે હાથીએ પુનઃ વાંદરાની પૂંછડી પકડીને તેને હવામાં બરોબરનો ઘુમાવ્યો કે તે વાંદરાની આંખોમાંથી પસ્તાવાનાં આંસુઓ ચાલ્યો જવાં લાગ્યાં. તેને હવે પોતાની ભૂલ ઉપર બેહદ પસ્તાવો થવાં લાગ્યો. આ જોઈ હાથીએ તેને નીચે ઉતાર્યો. થોડો પ્રેરક ઉપદેશ આપ્યો. જે સાંભળી વાંદરો પોતાનું નટખટપણું છોડીને દૂર દૂર ચાલ્યો ગયો.

જ્યારે તે હાથી પુનઃ પોતાની મંઝીલ તરફ ચાલતો થયો.

❒

## ૧૬. ઈર્ષાળુ કાગડો

એક આંબાનું વૃક્ષ હતું. તે વૃક્ષ ઉપર એક ઈર્ષાળુ કાગડો રહેતો હતો. તેને જો કે માળો બનાવતાં આવડતું નહોતું. જેમ તેમ સાઠીકા, પાંદડાં વગેરે એકઠાં કરી સામાન્ય એવો માળો બનાવ્યો હતો. તે આંબાનાં પાછળની સાઈડમાં એક સુગરીએ પોતાનો ભવ્ય, કલાત્મક માળો બનાવ્યો હતો. આ જોઈ તે કાળા, કાગડાને ઈર્ષા થઈ આવી. અને તે લાગ જોઈને નિર્દોષ સુગરીનો માળો પચાવી પાડવાનાં પેંતરા કરતો હતો.

એક દિવસની વાત છે. તે સુગરી પોતાનાં નાનાં નાનાં બચ્ચાંઓ માટે દાણો-પાણી લેવા થોડે દૂર ગઈ હતી. લાગ જોઈ ઈર્ષાળું કાગડો સુગરીનાં માળામાં પહોંચી ગયો અને પછી તેનાં બચ્ચાંઓને માળામાંથી નીચે પાડીને તેણે તે સુગરીનો માળા પચાવી



પાડ્યો.

સાંજ પડતાં જ તે સુગરી દાણો-પાણી લઈને પોતાનાં માળા પાસે આવી. અને.. અને... ત્યાં આગળ આવીને તેણે શું જોયું? હા, તેનો કિંમતી, અમૂલ્ય માળો લુચ્ચાં કાગડાંએ પચાવી પાડ્યો હતો. અને તેનાં બચ્ચાંઓ જમીન ઉપર દુઃખ, દર્દથી કણસી રહ્યાં હતાં. આથી તે સુગરીને ખૂબ જ લાગી આવ્યું. તેણે તે કાગડાને વિનંતી કરી કે તે આજની રાત તો પોતાનાં માળામાં રહેવાં ધ્યે? પરંતુ તે ઈર્ષાળું કાગડો એક નો બે ન થયો હોં. બાદમાં તે સુગરી પોતાનાં બચ્ચાંઓને પાંખમાં લઈ થોડે દૂર ઉપર આવેલ એક લીમડાનાં વૃક્ષ ઉપર જતી રહી અને પછી જેમ તેમ તેણે બચ્ચાંઓ સાથે રાત ગુજારી.

સવાર પડતાં જ સુગરી બીજો માળો બનાવવાનાં કાર્યમાં ગુંથાઈ ગઈ. જ્યારે આ તરફ તે લુચ્ચો, ઈર્ષાળુ કાગડો સુગરીનાં માળામાં મોજ કરવાં લાગ્યો. સહસા આવા સમયે ક્યાંકથી એક વાંદરો ત્યાં આગળ આવી ચડ્યો અને કાગડાને માળામાં પગ ફેલાવીને ખોટાં ગીતો લલકારતાં સાંભળી વાંદરાએ ઝપટમારીને કાગડાનાં બંન્ને પગ પકડીને તેને બહાર ખેંચી કાઢીને હવામાં એવો તે ઘૂમાવ્યો કે તે કાગડાની આંખોમાંથી ગંગા-જમનાં વહેવા લાગી. તેને હવે કરેલ ખરાબ કર્મો ઉપર પસ્તાવો થવાં લાગ્યો. આ જોઈ વાંદરાએ પછી તેને મુક્ત કર્યો અને તે ત્યાંથી ચાલ્યો ગયો.

બાદમાં તે કાગડો પસ્તાવાં સાથે સુગરીનો માળો છોડી

ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો. આ જોઈ સુગરી તેનાં બચ્ચાંઓ સાથે પુનઃ તેનાં અસલ માળામાં રહેવાં ચાલી ગઈ. આ જોઈ આંબાનું વૃક્ષ આનંદિત થઈ ડોલવા લાગ્યું.

❐



## ૧૭. પોપટ અને ગરુડ

એક વિશાળ આંબાનાં વૃક્ષ ઉપર એક પચરંગી પોપટ રહેતો હતો. જેનો સ્વભાવ ખૂબ જ પરોપકારી, સ્નેહાળ અને લાગણીશીલ હતો. આંબાનાં વૃક્ષ નીચેથી જે કોઈ રાહદારી પસાર થાય તેને તે આંબાનાં વૃક્ષ ઉપરની મધમીઠી કેરીઓ ખાવા માટે આપતો હતો. તેમજ તેમને જીવન ઉપયોગી, પ્રેરક ઉપદેશ પણ તે આપતો હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. આંબાનાં વૃક્ષ ઉપર રહેતો પચરંગી પોપટ પ્રભુભક્તિમાં 'લીન' હતો. હા, તે મનોમન રાધેશ્યામ સીતારામ, રાધેશ્યામ સીતારામ નો અમુલ્ય મંત્ર જાપ તે જપી રહ્યો હતો. બરોબર આવા સમયે ક્યાંકથી ઉડતો ઉડતો એક વિશાળ કદનો ગરુડ તે આંબાનાં વૃક્ષ ઉપર આવીને બેઠો. સહસા તેની તીક્ષ્ણ, ચૂંચી નજર તે પ્રભુભક્તિમાં 'લીન' એવાં પચરંગી પોપટ ઉપર પડી. આથી તેને તે પોપટની મશ્કરી, ગમ્મત કરવાનું મન થઈ આવ્યું. બાદમાં તે થોડાં ગુસ્સાપૂર્વક

પોતાનું વિશાળ મોઢું પહોળું કરીને જોસભેર તે પચરંગી પોપટ ઉપર હવા વીંઝવાં લાગ્યો. પરંતુ તે પ્રભુભક્તિમાં 'લીન' એવા પચરંગી પોપટ ઉપર તેની કશી જ અસર થઈ નહીં. આથી તે અભિમાની ગરુડ ગુસ્સે થઈ ઉઠ્યો અને પછી તે આંબાનાં વૃક્ષની ડાળીઓ તે જોસભેર હલાવવાં લાગ્યો. પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. આ જોઈ ગરુડને નવાઈ લાગી. અને મનોમન તે બોલી ઉઠ્યો. મારા આટલાં બધાં પ્રયત્ન છતાં પણ તે પોપટની તંદ્રા તૂટતી નથી હેં?

બાદમાં તે ગરુડનું અભિમાન ઉતરી ગયું. તેને લાગ્યું કે પોતે ખોટા અભિમાનનાં તોરમાં આવી તે પ્રભુભક્તિમાં 'લીન' એવાં પોપટનું ધ્યાનભંગ કરીને તેમને તે દુઃખ પહોંચાડી રહ્યો હતો હોં. મારા જેવાં પાપીએ આવું અધમ કૃત્ય કદાપી કરવું જોઈતું નહોતું હોં. આમ, તે ગરૂડને હવે અંતરથી પસ્તાવો થવાં લાગ્યો. બાદમાં તે મનોમન ભક્તિમાં 'લીન' એવાં પચરંગી પોપટની માફી માંગતો તે આંબાનું વૃક્ષ છોડીને દૂર દૂર જતો રહ્યો.

પરંતુ તે પચંરગી પોપટની ત્રીજી આંખોએ જોઈ લીધું હતું કે તે ગરુડનું અભિમાન ઉતરી ચૂક્યું છે અને તે પસ્તાવાથી ચાલ્યો ગયો છે. આથી તે પચરંગી પોપટનાં ચહેરાં ઉપર કરુણાસભર સ્મિત રેલાઈ ઉઠ્યું. પુનઃ તે પચંરગી પોપટ પ્રભુભક્તિમાં વધુ ગાઢ પણે 'રત' રહેવાં લાગ્યો.

❐



## ૧૮. કમળ-કાગડો અને પોપટ

એક સરોવર હતું. તે સરોવરમાં એક અતિ સુંદર મઝાનું પચરંગી કમળ આનંદભક્તિમાં 'લીન' હતું.

સંધ્યાનો ખૂશનુમાં સમય હતો. ઠંડી-મીઠી હવા ચારે તરફ લહેરાઈ રહી હતી. સરોવરમાં પચરંગી કમળ ભક્તિમાં 'લીન' હતું. બરોબર આવા સમયે એક લુચ્ચો, ઈર્ષાળુ કાગડો તે સરોવર ઉપર પાણી પીવાનાં ઉદ્દેશ્ય સાથે આવ્યો. પાણી પીતાં પીતાં તેની ચૂંચી નજર સરોવર વચ્ચે ભક્તિમાં 'રત' એવાં પચરંગી કમળ ઉપર પડી. આથી તેનાં ઈર્ષાળુ દિમાગમાં તે પચરંગી કમળને હેરાન-પરેશાન કરવાનાં વિચારોની હારમાળાઓ સર્જાવાં લાગી. બાદમાં તે ઉડીને સીધો જ પચરંગી કમળ ઉપર બેઠો. અને પછી તે તેની કોમળ રંગ-બે-રંગી પાંખડીઓને તે તોડવાં લાગ્યો.

સહસા આવા સમયે એક પોપટ પણ પાણી પીવાનાં આશયે તે સરોવર ઉપર આવી ચડ્યો. બાદમાં તેની નજર સરોવર વચ્ચે પડી. અને... અને... કાળા કાગડાને આ રીતે તે નિર્દોષ એવાં ભક્તિમાં 'રત' રહેલ પચરંગી કમળને હેરાન-પરેશાન કરતાં જોઈ તેને તે પચરંગી કમળની દયા આવી. બાદમાં તે કાગડાને ઉદ્દેશીને બોલ્યો, અરે ઓ કાગડાભાઈ, શા માટે તમો તે નિર્દોષ ભક્તિમય એવાં પચરંગી કમળને હેરાન-પરેશાન કરો છો હેં?

એક પોપટની સત્યમયવાણી સાંભળી કાળો કાગડો ઘડીભર તો ચોંકી ઉઠ્યો. બાદમાં તે બોલ્યો, અરે ઓ પોપટડાં, તને વચ્ચે પડવાનું કોણે કહ્યું છે હેં? તું તારું સંભાળ શું? આમ બોલી તે કાગડો પુનઃ પચરંગી કમળની કોમળ પાંખડીઓને તોડવાં લાગ્યો. તે પોપટે કાગડાને સમજાવવાનાં અનેક પ્રયત્નો કર્યા. પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. ત્યારબાદ તે પોપટને લાગ્યું કે હવે ઘી સીધી આંગળીએ નીકળશે નહીં. માટે આંગળી ટેડી કરવી પડશે. થોડું કડક થવું પડશે. આમ વિચારી તેણે કાંઠા ઉપરથી એક તીક્ષ્ણ પથ્થર ઉપાડી તે કાગડાનું નિશાન સાધીને પથ્થરને તેણે જોસપૂર્વક તે કાળા કાગાડા ઉપર તેનો પ્રહાર કર્યો.

તે પથ્થર સ..ન...ન... કરતો સીધો જ કાળા કાગડાનાં માથા ઉપર વાગતાં જ તે કાગડો તમ્મર ખાઈને સીધો જ સરોવરનાં ધસમસતાં નીરમાં ગબડી પડ્યો. અને તે તણાવાં લાગ્યો. આ જોઈ તે પોપટને ઘડીભર તો અત્યંત દુઃખ થયું. મનોમન તેણે ઈશ્વરની માફી પણ માંગી. હે ઈશ્વર, મેં એક પાપ કર્યું છે. માટે



મને 'ક્ષમા' કરશો? જ્યારે પચરંગી કમળે જોયું કે એક પોપટ પોતાની મદદે આવ્યો છે. આથી તેણે તે પોપટને અંતરથી આશિર્વાદ પણ આપ્યાં. બાદમાં તે પોપટ 'થોડું દુઃખ અને થોડી ખુશી' સાથે ત્યાંથી ઉડીને ચાલ્યો ગયો.

પુનઃ તે સરોવરમાં પચરંગી પોપટ ભક્તિમાં 'લીન' બની ગયો. આ જોઈ તે સરોવર પણ આનંદથી રણઝણવાં લાગ્યું.

❒

## ૧૯. સુગરી અને વાંદરો

એક વિશાળ વડનાં વૃક્ષ ઉપર એક સુગરીએ પોતાનો કલાત્મક મજબૂત માળો બાંધી તે તેમાં આનંદપૂર્વક રહેતી હતી. તે સુગરીએ દરેક પશુ-પંખીઓને પડકાર ફેંક્યો હતો કે જે કોઈ પશુ-પંખી મારો આ કલાત્મક, મજબૂત માળો તોડી-ફોડી નાંખશે તેને હું મોં માંગ્યું ઈનામ આપીશ.

બસ, ખલાસ? ઘણાં પશુ-પંખીઓએ તે સુગરીની ચેલેન્જને ઉપાડી લીધી હતી. પરંતુ કોઈનાંથી પણ સુગરીનો કલાત્મક માળો તૂટતો નહોતો હોં.

એક દિવસની વાત છે. વનમાં રહેતાં એક વાંદરાને તે સુગરીનો માળો તોડવાની અને તેની ચેલેન્જ ઉપાડી લેવાની ધૂન ચડી આવી. આથી તેણે વનનાં દરેક પશુ-પંખીઓને ભેગા કર્યા.



અને બાદમાં તે સુગરીનાં માળા પાસે જઈ તેને પડકાર ફેંક્યો. અરે ઓ ચીબાવલી સુગરી, ચાલ બહાર નીકળ હું તારી ચેલેન્જનો બરોબરનો જવાબ આપી શકું? વાંદરાની અભિમાની ગર્જના સાંભળી સુગરી તો તુરંત બહાર ધસી આવી. અને પછી દરેક પશુ-પંખીઓ તરફ ગર્વભેર તે જોવાં લાગી. બાદમાં તેણે તે વાંદરાને રસ્તો કરી આપ્યો.

તે વાંદરો અભિમાનપૂર્વક ખોંખારો ખાઈને સુગરીનાં માળા પાસે ગયો અને પછી તેણે પોતાનાં તીક્ષ્ણ દાંતો વડે તે સુગરીનો માળો તોડવાં લાગ્યો. બધાં પશુ-પંખીઓ તે વાંદરાને આશ્ચર્યપૂર્વક જોવાં લાગ્યાં. મનોમન હસવાં પણ લાગ્યાં હતાં કે તે બંદરીયો હમણાં જ હારી-થાકીને પીછે હટ કરી જશે? અને ખરેખર બન્યું પણ તેમ હોં. તે અભિમાની વાંદરો પોતાનાં તીક્ષ્ણ દાંતો માળા ઉપર બેસાડતો જ ગયો. બેસાડતો જ ગયો. તેમ તે માળો વધુને વધુ મજબૂત થતો ગયો. ધીરે ધીરે તે વાંદરાની સહનશક્તિની હદ આવતી ગઈ. તેને લાગ્યું કે પોતે ખોટા અભિમાનનાં તોરમાં આવી તે સુગરીની ચેલેન્જ ઉપાડીને મોટા ઉપાડે પશુ-પંખીઓને ભેગા કર્યા હતાં ને?

અને આમ તે વાંદરો હાર્યો, થાક્યો. બાદમાં તેનું અભિમાન ઉતરી ગયું. પરંતુ સુગરીનાં માળાને કશું જ થયું નહીં હોં. થોડીવાર રહી સુગરી બોલી. મિત્રો, મેં ચેલેન્જ તો એટલાં માટે મારી હતી કે તમો પણ આવો સુરક્ષિત, કલાત્મક તેમજ સંકટ સમયે આપણને તે માળો જ ઉપયોગી થાય છે હોં. હા

ચોમાસાની ઋતુમાં, ઉનાળાનાં તાપમાં કે ઠંડીની ઋતુમાં જો આવો માળો બનાવી રાખ્યો હોય ને તો આપણને તેમજ આપણાં નાનાં નાનાં બચ્ચાંઓને સલામતી પુરી પાડી શકે હોં. આ સાંભળી બધાં જ પશુ-પંખીઓ તે સુગરી ઉપર વારી જ ગયાં હોં. હા, તે સુગરીની વાત તો સો ટચનાં સોના જેવી સાચી હતી હોં.

❒



## ૨૦. હસતું કમળ

એક સરોવર હતું. તે સરોવરમાં રંગ-બે-રંગી કમળો આનંદપૂર્વક રહેતાં હતાં. તે કમળોમાં એક ‘હસતું કમળ’ પણ રહેતું હતું. જે સતત હસ્યાં જ કરતું હતું. આથી અન્ય રંગ-બે-રંગી કમળો તેને મનોમન ‘પાગલ’ સમજતાં હતાં.

એક દિવસ તે સરોવરમાં રહેલ રંગ-બે-રંગી કમળોમાં ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો. આથી રંગ-બે-રંગી કમળો ટપોટપ મૃતઃપ્રાય બનતાં જતાં હતાં. જ્યારે તે ‘હસતું કમળ’ મસ્ત મનોહર અદામાં હસતું જ રહેતું હતું. આ જોઈ અન્ય રંગ-બે-રંગી કમળો ચોંકી ઊઠ્યાં. અને તેઓ વિચારવા લાગ્યાં કે આ ‘પાગલ’ કમળ ને કશું થતું નહીં હોય હેં? બાદમાં તેઓ બધાં તે ‘હસતાં કમળ’ પાસે પહોંચી ગયાં. અને પછી તેને ઉદ્દેશીને તેઓ

બોલ્યાં. હસતાં કમળજી, અમો ઘણાં સમયથી જોઈએ છીએ કે આ આખા સરોવરનાં રંગ-બે-રંગી કમળો રોગચાળાનો ભયંકર શિકાર થતાં જાય છે. ટપોટપ મરતાં જાય છે. જ્યારે તમો જ એક એવાં છો કે જે સતત હસતાં જ રહો છો. વધુમાં તમારું શરીર પણ ગલગોટા જેવું તંદુરસ્ત, હૃષ્ટપુષ્ટ છે? તો તેનું રહસ્ય શું છે તે કહેશો?

અચાનક એક સામટા બધાં રંગ-બે-રંગી કમળોને આવેલ જોઈ તેમજ તેની હૃદયદ્રાવક વાણી સાંભળી હસતા કમળને થોડું દુઃખ થયું. બાદમાં તે બોલ્યું. મિત્રો, આ રોગચાળો ખૂબ જ ભયંકર છે. આપણાં શરીરમાં રોગપ્રતિકારશક્તિ જો આપણે જ ઉત્પન્ન નહીં કરી શકીશું ને તો આપણે તેનો શિકાર થતાં જઈશું શું? અને આપણાં શરીરમાં રોગપ્રતિકારશક્તિ ઉત્પન્ન કરવાં માટે આપણે સતત હસતાં રહીશું ને તો આપોઆપ આપણાં શરીરમાં શક્તિનો પ્રચંડ પ્રવાહ સતત વહેતો રહેશે જે ભયંકર રોગ સામે આપણે તેનો પ્રતિકાર કરી શકીશું. હસતાં કમળની સત્યમયવાણી સાંભળી રંગ-બે-રંગી કમળો દંગ રહી ગયા. તેઓને હવે ભાન થઈ ચૂક્યું હતું કે આ હસતું કમળ શા માટે સતત હસ્યાં કરે છે. આપણે તેને 'પાગલ' સમજતાં હતાં. જ્યારે તે તો મહાન વિચારક હતું હોં.

બાદમાં તે સરોવરનાં રંગ-બે-રંગી કમળો હસતાં કમળે સૂચવેલ અતિ ઉપયોગી નિર્દોષ હાસ્ય દવાનો તુરંત ઉપયોગ કરતાં તેઓ બધાં બસ સતત હસ્યાં જ કરવાં લાગ્યાં. અને..



અને.. ખરેખર ચમત્કાર થયો હોં. ધીરે ધીરે તે સરોવરનાં રંગ-બે-રંગી કમળોનો મૃત્યુદર ઘટવાં લાગ્યો. અને તેઓ બધાં જ સારા, તંદુરસ્ત બની ગયાં. અને હસતાં કમળનો આભાર માનવાં લાગ્યાં.

❐

## ૨૧. પરિશ્રમી હાથી

એક વિશાળ જંગલ હતું. તે જંગલમાં વિવિધ પ્રકારનાં પ્રાણીઓ, પંખીઓ રહેતાં હતાં. જેમાં ખાસ કરીને હાથી, હરણાં, સસલાં, શિયાળ, સિંહ, જિરાફ, મોર, બગલાં, બતકા વગેરે હતાં.

તે જંગલમાં એક હાથી હતો. જે ખૂબ જ પરિશ્રમી, મહેનતું અને પરોપકારી સ્વભાવ ધરાવો હતો. અને તે હાથી ને એક વાડી પણ હતી. અને તે વાડીમાં હાથી અલગ અલગ પાક ઉગાડતો હતો. આ વખતે તેણે શેરડીનો પાક ઉગાડ્યો હતો. શેરડી પણ કેવી હેં? મધમીઠી શેરડીઓનો મબલખ ફાલ તેની વાડીમાં લહેરાઈ રહ્યો હતો. તે હાથી પાકની પણ ખૂબ જ માવજત કરતો હતો. પાક તૈયાર થઈ ગયાં બાદ તે હાથી વાડીમાં જ રસમાંથી ગોળ



બનાવતો હતો. અને પછી તે બજારમાં જઈને વેચી આવતો હતો. આથી હાથી આર્થિક રીતે અન્ય પ્રાણીઓ, પંખીઓ કરતાં વિશેષ પ્રમાણમાં સુખી હતો. ઈશ્વર પણ નેક, ઈમાનદાર અને મહેનતું લોકોની હંમેશાં મદદ કરતો જ હોય છે હોં. અને તેમને સુખ, શાંતિ અને સમૃધ્ધિ પણ આપતો હોય છે. કેમ, બરોબરને..?

એક દિવસની વાત છે. તે 'પરિશ્રમી હાથી' પોતાની વાડીમાં પરિશ્રમ દ્વારા શેરડીઓ કાપી. રસનાં ચીચૂડામાં શેરડીઓ ગોઠવી. રસ કાઢીને એક મોટાં તવામાં રસને બરોબર ઉકાળતો હતો. અને પછી એક મોટી ચોકીમાં ગોળની પાયને પાથરતો હતો. જે ઘડીક વારમાં સુકાઈને ગોળ બની જતો. અને પછી તે ગોળનાં ડબ્બાઓ તૈયાર કરવાની કામગીરીમાં ગુંથાઈ ગયો હતો.

બરોબર આવા સમયે તે જંગલમાં રખડતી એક રખડું રીંછની ટોળી કે જેમાં એક લુચ્ચું શિયાળ, રખડું રીંછ અને વરું તે હાથીની વાડીએ આવી પહોંચ્યાં. અને પછી તેઓ તે હાથીની દરેક હિલચાલ જોવાં લાગ્યાં. સાથમાં તેઓને રસ પીવાની તેમજ તાજોમાજો ગોળ ખાવાની પણ ઈચ્છા થઈ આવી. આથી તેઓએ હાથીને પૂછ્યાં વગર જ તેઓ રસ પીવાં લાગ્યાં. અને ગોળ પણ ખાવાં લાગ્યાં. થોડીવાર તો હાથી કંઈ બોલ્યો નહીં. તેને મનોમન થયું. ભલે ને તે ત્રણેય બીચારા ખાતાં-પીતાં, ઈશ્વરે આપ્યું છે તો થોડું દાન-પુણ્ય કરવામાં જાય છે શું હેં?

પરંતુ તે ત્રણેય રખડું રીંછની ટોળી રસ પીતાં પીતાં અને ગોળ ખાતાં ખાતાં તેનો બગાડ પણ કરવાં લાગ્યાં. આ જોઈ

હાથી ગુસ્સે થઈ ઉઠ્યો. અને પછી બોલ્યો. મિત્રો, તમો ખાવ, પીઓ તેનો મને વાંધો નથી. પરંતુ જો તમો આ રીતે બગાડ કરશો ને તો તો તે સારું નહીં શું? પરંતુ આ તો ઈર્ષાળું ટોળી હતી હોં. તે તો બગાડ કર્યે જ જતી હતી. આથી તે હાથી ઉભો થયો. અને પછી તે ત્રણેયને ન છૂટકે એક એક સૂંઢનો લાભ આપતાં તેઓને વાડીમાંથી ફંગોળ્યાં જ કર્યા. આથી તે ત્રણેય લુચ્ચી ટોળકી ઘવાતી, અંતરથી પસ્તાવો કરતી ત્યાંથી રફૂચક્કર થઈ ગઈ.

પુનઃ તે 'પરિશ્રમી હાથી' પોતાની કામગીરીમાં ગુંથાઈ ગયો. આ જોઈ તે વાડી પણ હાથીની મહેનત ઉપર ખુશ થઈ ઉઠી હોં. અને તે વાડી પણ મનોમન ગીત ગાવાં લાગી.

''મહેનત કરો ભઈ, મહેનત, મહેનત લાવે અનોખો રંગ, પરિશ્રમ નો નથી કોઈ વિકલ્પ.''

❐



## ૨૨. કમળ અને બુલબુલ

ગુલમહોરનાં વૃક્ષ ઉપર એક સુંદર મઝાનું બુલબુલ રહેતું હતું. તે બુલબુલનાં કંઠમાં અપાર મીઠાશ હતી હોં. તે બુલબુલનાં મીઠાં ગીતો સાંભળી વૃક્ષો, હવા પશુ-પંખીઓ ડોલવાં લાગી જતાં હતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. તે સુંદર બુલબુલ મીઠાં ગીતો ગાઈ પાણી પીવાનાં ઉદ્દેશ્ય સાથે તળાવ ઉપર પાણી પીવાં ગયું. પાણી પીતાં પીતાં તેની નજર તળાવ વચ્ચે સુંદર અદામાં નૃત્ય કરી રહેલ એવાં સુવર્ણ કમળ ઉપર પડી. આ જોઈ તેનાં કંઠમાંથી આપોઆપ મીઠાશભર્યા ગીતો સરવાં લાગ્યાં. જે સાંભળી સુવર્ણ કમળમાં રોમાંચ વ્યાપી ગયો. અને તે વધુ શક્તિભર્યા, કલાત્મક નૃત્યમાં મશગુલ થઈ ઉઠ્યું.

બરોબર આવા સમયે ક્યાંકથી એક લુચ્ચો પારધી ફૂટી નીકળ્યો. અને..અને.. તળાવ વચ્ચે રહેલ તેમજ અતિ મધુર નૃત્ય કરી રહેલ એવાં સુવર્ણ કમળ ઉપર તેની નજર પડતાં જ તે ચોંકી ઉઠ્યો. બાદમાં તે દબાતાં પગલે સુવર્ણ કમળને હાથ કરવાં માટે તે તળાવમાં ઉતર્યો. સહસા તે ગાતાં બુલબુલની નજર તળાવમાં ઉતરી રહેલ એવાં લુચ્ચાં પારધી ઉપર પડતાં જ ચોંકી ઉઠ્યું. તેને થયું કે જો આજે આ સુવર્ણ કમળને ચેતવવામાં નહીં આવે ને તો તો પછી તે લુચ્ચો પારધી નિર્દોષ, પ્રકૃતિ-પ્રેમી એવા સુવર્ણ કમળને તોડીને લઈ જ જશે હોં.

ત્યારબાદ તે બુલબુલે ગીતો બંધ કરી વિચિત્રભાષામાં સુવર્ણ કમળને ચેતવવાં લાગ્યું. સહસા સુવર્ણ કમળનાં કાન ઉપર બુલબુલની ચેતવણીનાં પડઘાં પડતાં જ તે સુવર્ણ કમળ નૃત્ય તેમજ પોતાની કોમળ સુવર્ણ પાંખડીઓને બંધ કરીને તે તળાવનાં તળીયે જ ચાલ્યું ગયું. અચાનક સામેથી સુવર્ણ કમળને તળીયે ચાલ્યું ગયેલ જોઈ લુચ્ચાં પારધીનાં ક્રોધની કોઈ સીમા ન રહી. પરંતુ વધુ થાય પણ શું હેં? બાદમાં તે સુવર્ણ કમળ અને બુલબુલ પાકા મિત્રો બની ગયાં. અને પછી તો રોજ ત્યાં આગળ ગીત-નૃત્યની રમઝટ બોલવાં લાગી હોં. આ જોઈ 'મા સરસ્વતી દેવી' તે બંન્નેને આશિર્વચન આપવાં લાગ્યાં.

❒



## ૨૩. હાથી અને બગલો

એક તળાવ હતું. તે તળાવનાં કાંઠા ઉપર બેસી એક સફેદ દૂધ જેવો તેમજ લાંબી દાઢી ધરાવતો બગલો એક હાથમાં લાંબી એકસો આઠ પારાની માળા ફેરવતો પ્રભુ-ભક્તિ કરી રહ્યો હતો. દૂરથી તે બગલો ઋષિમુની જેવો લાગી રહ્યો હતો. તે ઋષિ બગલાં પાસેથી અસંખ્ય એવી તળાવની રંગ-બે-રંગી માછલીઓ સંધ્યા ટાણે ભજન-કિર્તન તથાં જ્ઞાન ગ્રહણ કરવાં આવતી હતી.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. તળાવ પાસે તે ઋષિ બગલો હાથમાં માળા પકડી રંગ-બે-રંગી માછલીઓને જ્ઞાન આપી રહ્યો હતો. તળાવની રંગ-બે-રંગી માછલીઓને તે ઋષિ બગલાં ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. આથી તેઓ તેની પાસે નજદીક આરામથી જઈ શકતી હતી. અત્યારે તે

ઋષિ બગલો રંગ-બે-રંગી માછલીઓને જ્ઞાન આપી રહ્યો હતો. બધી માછલીઓ આંખો બંધ કરીને ઋષિ બગલાં પાસેથી જ્ઞાન સંપાદન કરી રહી હતી. વચ્ચે વચ્ચે તે બગલો નાની નાની રંગ-બે-રંગી માછલીઓને પોતાની લાંબી ચાંચમાં પકડીને મોઢામાં મુકી જતો હતો.

પરંતુ ''પાપનો ઘડો એક દિવસ ફૂટ્યાં વગર રહે જ હોં!'' જે મુજબ એક ઝબકતી સુવર્ણ માછલીનાં ધ્યાન ઉપર આવી ગયું કે તે ઋષિ બગલો ખરેખર ઋષિ જેવો સંત પરોપકારી નહોતો હોં! બાદમાં તે ઝબકતી સુવર્ણ માછલી ચિલ્લાઈ ઉઠી. અરે ઓ મિત્ર માછલીઓ આ ઢોંગી બગલાને પકડી તેને તળાવનાં તળિયે જ ખેંચી લ્યો?

બસ, ખલાસ! તે બધી માછલીઓએ એક સાથે આંખો ખોલી. અને પછી શું જોયું? હા, તે ઋષિ નહીં, ઢોંગી બગલાની લાંબી ચાંચમાં ચાર-પાંચ નાની માછલીઓને જોઈ. બધી માછલીઓ ચોંકી ઉઠી. અને પછી ગુસ્સામાં આવી તે બગલો વધુ કશું સમજે તે પહેલાં તેનાં બે પગ પકડી તેઓ તેને તળાવનાં તળિયે જ ખેંચી ગયાં હોં!

આમ, અનિતિ, અન્યાય અને પાપનો નાશ થયો. ત્યારબાદ તે બધી તળાવની માછલીઓ એક સંપ, સાથ સહકારની ભાવનાથી રહેવાં લાગી.

❒



## ૨૪. પોપટ ઝુલે આંબાડાળે

એક વિશાળ આંબાનું વૃક્ષ હતું. તે આંબાનાં વૃક્ષની ડાળે એક સુંદર મઝાનો પચરંગી પોપટ ઝુલે ઝુલી રહ્યો હતો.

સંધ્યાનો સુમધુર, આહ્લાદક સમય હતો. આંબાડાળે ઝુલતો પચરંગી પોપટ મીઠાં ગીતો ગાઈ રહ્યો હતો. બરોબર આવા સમયે ક્યાંકથી એક લુચ્ચો કાગડો ઉડતો ઉડતો તે આંબાનાં વૃક્ષ ઉપર આવી ચડ્યો. અને..અને.. પછી તે ઝુલે ઝુલતાં પચરંગી પોપટને મીઠાં ગીતો ગાતાં સાંભળી, જોઈને ઘડીભર તે દંગ રહી ગયો. બાદમાં તેનાં દિમાગમાં તે પચરંગી પોપટને ઝુલે ઝુલતાં હિંચકામાંથી નીચે પાડવાની યોજનાં આકાર લેવાં લાગી. હા, જો આ પચરંગી પોપટને પાઠ ભણાવવો હોય ને તો  તો થોડાંક ભાઈબંધોને બોલાવી લાવવાં પડશે? આમ વિચારતો તે ઈર્ષાળુ

કાગડો તેનાં ભાઈબંધોને તુરંત બોલાવી લાવ્યો અને પછી તે નિર્દોષ મીઠાં ગીતો ગાઈ રહેલ પચરંગી પોપટને તે બધાં ઈર્ષાળુ કાગડાઓએ ઘેરી લીધો.

જ્યારે આ તરફ તે નિર્દોષ, ગીત-સંગીત પ્રેમી એવો પચરંગી પોપટ પોતાની ધૂનમાં રત હતો કે અચાનક કેટલાંક ઈર્ષાળું કાગડાઓએ તેને ઘેરી, પકડીને ઝૂલા ઉપરથી નીચે પટકી પાડ્યો. અને બાદમાં તેઓ બધાં કટાક્ષમાં હસવાં લાગ્યાં. અચાનક આ રીતે કાળા કાગડાઓની આવી હિન-હરકતથી તે પચરંગી પોપટ ડઘાઈ જ ગયો. પરંતુ તે આંબાની ડાળીઓને કાળા કાગડાઓની આવી હિન-હરકત જરાય રુચી નહીં હોં. તે આંબાની ડાળીઓએ પોતાનું વિશાળ રુપ ધારણ કર્યું. અને તેઓ બધી જોરશોરથી તે કાળા કાગડાની પીઠ ઉપર ચાબૂકની જેમ વીંજાવાં લાગી.

અચાનક આ રીતે આંબાની ડાળીઓ શરીર ઉપર ચાબૂકની જેમ વીંજાવાં લાગતાં તે કાળા કાગડાઓ ચોંકી ઉઠ્યાં. તેઓએ આવી કશી જ કલ્પનાં કરેલ નહીં કે આમ એકાએક આંબાની ડાળીઓનાં તીક્ષ્ણ ફટકાંઓ શરીર ઉપર સહન કરવાં પડશે? અને... અને... સ..ટા..ક.. સ..ટા..ક.. કરતી આંબાની ડાળીઓ કાળા કાગડાઓ ઉપર તૂટી પડતાં તે કાગડાઓ અધમૂવાં થતાં તેમજ અંતરથી પસ્તાવો કરતાં ત્યાંથી ચાલ્યાં ગયાં. આ જોઈ તે આંબાની ડાળીઓ શાંત પડી ગઈ. તે સાથે જ પચરંગી પોપટ પુનઃ આંબાનાં વૃક્ષ ઉપર આવીને તે આંબાની ડાળીઓનો



અંતરથી આભાર માનવાં લાગ્યો. અને પુનઃ તે આંબાની ડાળીઓ ઉપર ઝુલે ઝુલવાં લાગ્યો. આ જોઈ તે આંબાનું વૃક્ષ પચરંગી પોપટ ઉપર આશિર્વાદ વરસાવવાં લાગ્યું.

❒

## ૨૫. બાગમાં બુલબુલ

એક સુંદર મઝાનો બાગ હતો. તે બાગમાં રંગ-બે-રંગી ફૂલો ઉભરાઈ અને મહેંકી રહ્યાં હતાં. જેમાં ખાસ કરીને રંગ-બે-રંગી ગુલાબ, મોગરો, જૂઈ, કરેણ, રાતરાણી, બોગનવેલ, સૂર્યમૂખી વગેરેનો સમાવેશ થતો હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી અને આહ્લાદક સમય હતો. બાગનાં ફૂલો આનંદ-ઉત્સાહપૂર્વક મધુર ગીતો ગાઈ રહ્યાં હતાં. બરોબર આવા સમયે એક લુચ્ચો માળી તે બાગમાં આવી ચડ્યો. અને.. અને.. પછી એક સામટાં આટલાં બધાં અને તે પણ વૈવિધ્યસભર રંગ-બે-રંગી ફૂલોને જોઈ તેની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. બાદમાં તેણે પોતાની પાસે રહેલ ટોપલાંને ખંભેથી નીચે ઉતારી તે બાગનાં ફૂલોને તોડવાં લાગ્યો.



અને મનોમન તે રંગીન કલ્પનાં કરવાં લાગ્યો કે વાહ..? આજે તો આ બધાં જ રંગ-બે-રંગી ફૂલોને તોડીને લઈ જઈશ અને બજારમાં વહેંચીને તેનાં મબલખ નાણાં ઉપજાવીશ હોં.

જ્યારે આ તરફ તે બાગનાં નિર્દોષ, પ્રકૃત્તિપ્રેમી એવાં રંગ-બે-રંગી ફૂલોમાં સન્નાટો વ્યાપી ગયો હતો. ઘડી પહેલાંની હસી-ખુશી હવામાં ઉડી ગઈ હતી. તેઓએ આવી કશી જ કલ્પનાંએ કરેલ નહીં કે આમ એકાએક કોઈ એક માળી આવીને તેઓની હસી-ખુશીને છીન્નભિન્ન કરી નાંખશે? તે બધાં જ રંગ-બે-રંગી ફૂલો થરથર કાંપી રહ્યાં હતાં. અને મનોમન ઈશ્વરને પ્રાર્થના કરવાં લાગ્યાં. હે ઈશ્વર, શું આજે અમારી આ હસી-ખુશી, આઝાદીનો અંત આવી જશે? શું અમારા જીવનનું મૂલ્ય એક સામાન્ય માળીનાં હાથમાં છે? આમ, તે બધાં જ રંગ-બે-રંગી ફૂલો ઈશ્વરને પ્રાર્થી રહ્યાં હતાં.

બરોબર આવા સમયે એક બુલબુલ ક્યાંકથી ઉડતું ઉડતું આવીને તે બાગમાં આવેલ આંબાનાં વૃક્ષે જઈને બેઠું. અને.. અને.. પછી તેની નજર ફરતી ફરતી તે માળી તરફ ગઈ. હા, તે માળી આનંદમાં આવીને નિર્દોષ ફૂલોને જોસપૂર્વક ચુંટી રહ્યો હતો. જ્યારે તે ફૂલો વેદનાં સહન કરતાં હતાં. આ જોઈ તે બુલબુલને ફૂલો તરફ સહાનુભૂતિ થઈ આવી. તેને લાગ્યું કે આ માળી ખોટી રીતે ફૂલોને તોડીને લઈ જઈ રહ્યો છે. બાદમાં તે બુલબુલ થોડીવાર ધ્યાનસ્થ મુદ્રામાં સરી ગયું. અને.. અને.. તે સાથે જ તે માળીનાં પગ એકાએક ધ્રુજવાં લાગ્યાં. અને.. અને..

થોડીવારમાં તો તે ફૂલો તોડતાં તોડતાં એકાએક ગબડી પડ્યો. જાણે ચારસો ચાલીસ વોલ્ટનો કરન્ટ તેને ન લાગ્યો હોય. આ જોઈ ફૂલો તો રાજીનાં રેડ થઈ ઉઠ્યાં. જ્યારે તે માળી ભયપૂર્વક ફૂલોને જોવાં લાગ્યો. અને તે વિચારવાં લાગ્યો કે આમ એકાએક તેને શું થઈ ગયું હતું હેં? શરીર પરસેવાથી રેબઝેબ થઈ ઉઠ્યું હતું. હાથ પગ કંપી રહ્યાં હતાં.

અને.. અને.. અંતે તે માળીનાં દિમાગમાં ઝબકારો થયો. હાં, નક્કી આ ફૂલોને તોડવાથી જ ઈશ્વરે તેને આવી શિક્ષા કરી હશે હોં. બાદમાં તે મહાપ્રયાસે ઉભો થઈ ફૂલોની મનોમન માફી માંગતો ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો આ જોઈ તે રંગ-બે-રંગી ફૂલો ઈશ્વરનો મનોમન આભાર માનવાં લાગ્યાં. થોડીવાર રહી તે બુલબુલ પણ પોતાની ફરજપૂર્ણ કર્યાનાં સંતોષ સાથે ત્યાંથી ઉડીને હિમાલય તરફ ચાલ્યું ગયું.

❒



## ૨૬. હોંશિયાર હંસ

એક વન હતું. તે વનમાં એક લુચ્ચો પારધી સવારનો શિકારની શોધમાં ઘૂમી રહ્યો હતો. તેને આજે એક પણ શિકાર હાથ નહોતો લાગ્યો. આથી તે ધૂંધવાતો તેમજ પગ પછાડતો આગળ ને આગળ ચાલી રહ્યો હતો.

સહસા તે પારધીનાં પગ એક સરોવર પાસે આવીને અટક્યાં. અને.. અને.. તેની નજર તે સરોવરમાં તરી રહેલ મખમલી એવાં હંસો ઉપર પડી. આથી તેની આંખો ચાર થઈ ઊઠી. તેને લાગ્યું કે હાશ...? છેલ્લે છેલ્લે આ હંસલાઓનો તો શિકાર થશે? આમ વિચારતો તેણે પોતાની પાસે રહેલ 'શિકાર' પકડવાની મજબૂત 'જાળ' ને તો ખોલવાં લાગ્યો અને દબાતાં પગલે સરોવર તરફ સરકવાં લાગ્યો.

જ્યારે આ તરફ સરોવરમાં તરી રહેલ મખમલી હંસોએ કશી જ કલ્પનાં કરેલ નહીં કે કોઈ એક લુચ્ચો પારધી તેમને પકડવાં માટે દબાતાં પગલે આગળ વધી રહ્યો હશે. અને... અને... લુચ્ચાં પારધીની 'જાળ' તે નિર્દોષ, પ્રકૃતિ-પ્રેમી એવાં હંસો ઉપર આળી પડતાં જ તેઓ બધાં ચોંકી ઉઠ્યાં. અને બાદમાં ગભરાઈ ઉઠ્યાં. પારધી પોતાની આવી સફળતાં બદલ ખડખડાટ હાસ્ય કરતાં હંસો સામે આવીને ઉભો રહ્યો. બિહામણાં પારધીને જોઈ હંસો વધું ફફડી ઉઠ્યાં. પરંતુ તે બધાં હંસોમાં એક 'હોંશિયાર હંસ' પણ હતો. તેણે તેમની મૂક ભાષામાં તેમનાં મિત્રોને સમજાવ્યાં કે આવેલ પરિસ્થિતિથી ગભરાઈ જવાની બિલકુલ જરૂર નથી. થોડી ધીરજ રાખો. અને હું કહું તેમ કરો. અન્ય હંસો તે હોંશિયાર હંસની મૂક ભાષા સમજી ગયાં. અને તે કહે તેમ કરવા માટે 'સંમત' થયાં.

લુચ્ચાં પારધીને તો હવે ગળાં સુધી ખાતરી થઈ ગઈ હતી કે હવે આ બધાં જ મખમલી હંસો આપણાં હાથમાં જ આવી ગયાં છે હોં. અને.. અને.. તે પારધી વધું કશું વિચારે તે પહેલાં તો હોંશિયાર હંસે હાકલ કરી. મિત્રો એક સાથે બધાં જ ઉડો? બસ, ખલાસ? હંસો તો જીવ બચાવવાં માટે 'જાળ' સાથે જ આકાશ તરફ ઉડ્યાં. અને... અને.. તે સાથે જ 'જાળ' નો એક છેડો જે પારધી એ મજબૂત પકડ્યો હતો તે છેડા સાથે પારધી પણ આકાશમાં અધ્ધર જવાં લાગ્યો. અને.. અને.. તે પારધીનાં હાથમાંથી 'જાળ' નો છેડો છૂટી ગયો. તે સાથે જ પારધી સરોવરમાં ખાબક્યો.



અને બાદમાં તે સરોવરમાં તેનાં પ્રવાહમાં તણાઈ ગયો. આ જોઈ હંસોને રાહત થઈ. ત્યારબાદ બધાં હંસો કાંઠા ઉપર આવીને ચાંચો વડે જાળને તોડી નાંખીને મુક્ત ગગનમાં વિહરવાં માટે ઉપડી ગયાં. મુક્તિનો-આઝાદીનો અનેરો શ્વાસ લેવા માટે હોં!

❐

## ૨૭. યોગી પોપટ

એક વિશાળ આંબાનું વૃક્ષ હતું. તે વૃક્ષ ઉપર એક પોપટ રહેતો હતો. તે પોપટ યોગક્ષેત્રમાં નિષ્ણાંત હતો. તેનું આધ્યાત્મિક જ્ઞાન ખૂબ જ ઉંચું હતું. તે દરેક પશુ-પંખીઓને કહેતો હતો કે મિત્રો, જો રોગોને દૂર રાખવાં હોય, તાજામાજા અને તંદુરસ્ત રહેવું હોયને તો દરરોજ યોગ, કસરત વગેરે કરતાં રહો.

શિયાળાની ફૂલ ગુલાબી ઋતું હતી. ઠંડીમાં વહેલાં ઉઠવું પ્રથમ તો ન જ ગમે હોં. પરંતુ એક વખત ટેવ પડી જાય ને પછી તો વહેલાં ઉઠવું ખૂબ જ ગમતું જાય છે. 'યોગી પોપટે' યોગવિદ્યા, આસનો, કસરતો માટે ક્લાસીસ ખોલ્યાં હતાં. હા, નિઃશુલ્ક હોં. તેનાં યોગ ક્લાસીસમાં ઘણાં બધાં પશુ-પંખીઓ આવતાં હતાં. જેમાં ખાસ કરીને હાથી, સિંહ, વાંદરા, સસલાં, મોર, હોલા-



હોલી વગેરેનો સમાવેશ થતો હતો.

એક દિવસની વાત છે. યોગી પોપટનાં ક્લાસીસમાં કેટલાંક પશુ-પંખી સાથે એક લુચ્ચું શિયાળ પણ આવી પહોંચ્યું. તેને યોગ વિદ્યામાં તો જરાય રસ નહોતો હોં. તેની ચૂંચી, ફાંગી નજર તો તે હષ્ટપૃષ્ટ એવાં યોગી પોપટ ઉપર જ હતી. હા, તે યોગી પોપટનો શિકાર કરવાં માંગતો હતો. યોગવિદ્યાની તાલિમ પૂર્ણ થયાં બાદ બધાં પશુ-પંખીઓ જોમજૂસ્સા સાથે સૌ પોતપોતાનાં રહેઠાણ તરફ ચાલતાં થયાં. પરંતુ તે લુચ્ચું શિયાળ ખોટી ચાપલુસી કરતાં યોગી પોપટને ઉદ્દેશીને બોલ્યું. ખરેખર યોગી પોપટજી, તમો તો સમાજની ખૂબ જ સારી સેવાં કરો છો હોં. આજનાં સમયમાં લોકોને વહેલાં ઉઠીને યોગની શિક્ષા આપવી અને તે પણ નિઃશુલ્ક. જે ખરેખર ધન્યવાદને પાત્ર છે. આમ તે લુચ્ચું શિયાળ શિકાર માટે મોકો શોધી રહ્યું હતું. પરંતુ આ તો યોગવિદ્યામાં નિપુણ એવો યોગી પોપટ હતો. તેનાં મનોજગતમાં તે લુચ્ચાં શિયાળની કપટભરી યોજનાંની માહિતી આવી ચુકી હતી. અને.. અને.. તે યોગી પોપટ સાવચેત બની ગયો.

લુચ્ચાં શિયાળે લાગ જોઈ યોગી પોપટ ઉપર છલાંગ લગાવી. પરંતુ આ શું...? હા, તે યોગી પોપટે જોયું કે લુચ્ચું શિયાળ તેની યોજનામાં આગળ વધે છે એટલે લુચ્ચું શિયાળ સાવધ થાય તે પહેલાં તો તે ફડાક કરતો ઉડીને આંબાનાં વૃક્ષ ઉપર જતો રહ્યો. અને તે લુચ્ચાં શિયાળે મારેલ છલાંગ નકામી બની ગઈ. આ જોઈ તે શિયાળ ભોંઠુ પડ્યું. અને.. અને.. પછી

તે અન્ય પશુ-પંખીઓનાં ડરથી તે વન છોડી ત્યાંથી દૂર દૂર ચાલ્યું ગયું.

પુનઃ તે 'યોગી પોપટ' નાં સેવાભાવી સ્વભાવ હેઠળ અન્ય પશુ-પંખીઓ યોગવિદ્યામાં આગળ ધપતાં ગયાં. આ જોઈ તે વન પણ આનંદથી ઝુમી ઉઠ્યું.

❐



## ૨૮. ચતુર ખિસકોલી

એક વન હતું. તે વનમાં આવેલ એક વિશાળ ગુલમહોરનાં વૃક્ષની બખોલમાં એક પરોપકારી, દયાળું ખિસકોલી રહેતી હતી.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. આવા સમયે બે લુચ્ચાં પારધીઓ તે વનમાં ફરતાં ફરતાં તે ગુલમહોરનાં વૃક્ષ પાસે આવી ચડ્યાં કે જ્યાં આગળ બખોલમાં પરોપકારી, ચતુર ખિસકોલી રહેતી હતી. બે લુચ્ચાં પારધીઓમાંનો એક પારધી બોલ્યો, મિત્ર, હવે આપણે બહુ દૂર નહીં જવું પડે હોં. કારણ કે અહીંથી થોડે દૂર ઉપર એક સરોવર આવેલ છે. અને તે સરોવરમાં અસંખ્ય સંખ્યામાં સફેદ દૂધ જેવાં હંસો રહે છે. આપણે તે બધાં જ હંસોને આપણી 'જાળ'માં 'કેદ' કરીને લઈ જઈશું. જેનાં બદલામાં આપણને મબલખ નાણાં મળશે હોં. આમ, તે બંન્ને લુચ્ચાં પારધીઓ

વાતો કરતાં કરતાં ત્યાંથી સરોવર તરફ ચાલતાં થયાં. આ વાત તે ગુલમહોરનાં વૃક્ષની બખોલમાં રહેલ ચતુર ખિસકોલીએ સાંભળી લીધી હતી. આથી તેને થયું કે જો આજે આ સરોવરનાં હંસોને લુચ્ચાં પારધીની જાણ કરવામાં નહીં આવે ને તો તો પછી આજે તે બધાં જ હંસોને લુચ્ચાં પારધીઓ તેમની 'જાળ'માં કેદ કરીને લઈ જશે? અને.. અને.. તે સાથે જ તે ચતુર, પરોપકારી ખિસકોલી બખોલમાંથી બહાર આવી ઝપાટાભેર સરોવર તરફ આડે રસ્તે થઈને દોડવાં લાગી.

જ્યારે આ તરફ તે સરોવરમાં હંસો પ્રકૃતિનો ભનભરીને આનંદ ઉઠાવતાં સરોવરમાં તરી રહ્યાં હતાં. તેઓએ સ્વપ્રેય કલ્પનાં કરેલ નહીં કે જો આજે એક પરોપકારી ખિસકોલી તેમની મદદે નહીં આવે તો તેઓ બધાં જ લુચ્ચાં પારધીની જાળમાં કેદ થઈને અહીંથી હંમેશને માટે ચાલ્યાં જવું પડશે. અને.. અને.. પરોપકારી ખિસકોલી આવી પહોંચી. બાદમાં તેણે તે હંસોનાં આગેવાનને નજદીક બોલાવી લુચ્ચાં પારધીઓ વચ્ચે થયેલ વાતચીત કહી સંભળાવી. તે સાથે જ હંસોનો આગેવાન પરોપકારી ખિસકોલીનો આભાર માની તેમનાં સાથી મિત્રોને લઈ તે સરોવર ઉપરથી ઉડી ગયો. બાદમાં ખિસકોલી પણ પોતાની ફરજ પુરી કર્યાનાં સંતોષ સાથે પોતાનાં રહેઠાણ ભણી ચાલી ગઈ.

આ તરફ જ્યારે લુચ્ચાં પારધીઓ સરોવર ઉપર આવ્યાં. અને.. અને.. ત્યાં આગળ આવીને તેઓએ જોયું કે સરોવરમાં તો એક પણ હંસ નથી. આથી તેઓ ક્રોધથી ફૂંફાડા મારવાં લાગ્યાં.



બાદમાં તેઓ બંન્ને પગ પછાડતાં ત્યાંથી ચાલ્યાં ગયાં.

આમ, તે પરોપકારી ચતુર ખિસકોલીનાં પ્રયાસથી નિર્દોષ, પ્રકૃતિ-પ્રેમી હંસો બધાં જ બચી ગયાં હોં.

❐

## ૨૯. રાજા બ્રધ્ધદત્તનો ન્યાય

વારાણસીનાં રાજા બ્રધ્ધદત્ત ખૂબ જ ન્યાયપ્રિય હતાં. તે દરેકને કહેતાં કે જીવમાત્રને સમાન દ્રષ્ટિએ જોવું જોઈએ.

એક વખત વારાણસીમાં ભયંકર દુષ્કાળ પડ્યો. પશુ-પંખી અરે મનુષ્ય શુધ્ધાં પાણી માટે વલખાં મારતાં થઈ ગયાં. આથી રાજા બ્રધ્ધદત્ત ખુબ જ દુઃખી દુઃખી થઈ ઉઠ્યાં. તેઓ દુષ્કાળને હઠાવવાં માટે તેમનાંથી બનતાં પ્રયત્ન કરતાં હતાં. જમીન ઉપર ચારે તરફ તેમણે કૂવા ખોદાવ્યાં. તો તેમાં થોડું ઘણું પાણી મળી આવતાં તેઓ પ્રથમ તો તે પાણીનો ઉપયોગ પોતાનાં માટે નહીં પરંતુ અબોલ પશુ-પંખીઓ માટે તેનો ઉપયોગ કરાવતાં હતાં. આથી વારાણસીની પ્રજા ક્યારેક રાજા બ્રધ્ધદત્ત ઉપર ગુસ્સે થઈ ઉઠતી. અને કહેતી કે મનુષ્યને પીવાં માટે પાણી મળતું



નથી. અને આ ઢોરો, પશુ-પંખીઓને પાણી પાવામાં આવે છે તો તે શું ઉચિત કહેવાય?

પરંતુ રાજા બ્રધ્ધદત્ત તો કોઈની પણ શેહ-શરમમાં આવ્યાં વગર દરેકને સમાનભાવે જોવાં માટે ટેવાયેલ હતાં. અને.. અને.. જતે દિવસે તેમને તેનું ઉચિત, ન્યાયિક ફળ મળ્યું પણ ખરું હોં. હા, કુદરતે જોયું કે વારાણસીના રાજા બ્રધ્ધદત્ત ખરેખર ખૂબ જ ન્યાયપ્રિય છે. એટલે તેમનાં રાજ્યમાં વરસાદ વગર તો ચાલે જ નહીં હોં. અને પછી તો મેઘરાજા વારાણસીમાં મન મૂકીને વરસવાં લાગ્યાં. ચારે તરફ નદી-નાળાં, સરોવરો, ખેતરો, કૂવાઓ મીઠાં પાણીથી ઉભરાવાં લાગ્યાં. આ જોઈ પશુ-પંખી સાથે મનુષ્ય પણ કુદરતનો તેમજ ખાસ કરીને રાજા બ્રધ્ધદત્તનો આભાર માનવાં લાગ્યાં.

વારાણસીનાં નદી-નાળાં, કૂવાઓ, ખેતરો, વગેરેમાં મબલખ પાણી જોઈ રાજા બ્રધ્ધદત્તની આંખો સ્નેહથી, હર્ષથી ઉભરાઈ આવી. અને તેઓ બે હાથ જોડીને કુદરતનો, ઈશ્વરનો આભાર માનવાં લાગ્યાં. હા, હજું ઈશ્વર મનુષ્યથી રુઠ્યો નથી હોં. તે દરેકનું ધ્યાન તો અવશ્ય રાખે છે. જેનો આજે પ્રત્યક્ષ અનુભવ રાજા બ્રધ્ધદત્તને થઈ ગયો હતો.

❐

## ૩૦. મોજીલો હાથી

એક વન હતું. તે વનમાં એક 'મોજીલો હાથી' રહેતો હતો. તે 'મોજીલો હાથી' દરેકને આનંદમાં રહેવાનું કહેતો. નવાં નવાં હાસ્યરસિક જોક્સ કહેતો. રમુજી વાર્તાઓ કહેતો.

તે વનમાં શકરો શિયાળ પણ રહેતો હતો. તેને આ 'મોજીલો હાથી' બિલકુલ ગમતો નહીં. એક વખત તેણે સિંહરાજાને ફરિયાદ કરી કે તે 'મોજીલો હાથી' વનમાં તમામ પશુ-પંખીઓને હેરાન-પરેશાન કરે છે. તે હસાવવાંનાં બદલે લોકોનાં પેટમાં દર્દ ઉત્પન્ન કરી દે છે. આથી કાચા કાનનો સિંહરાજા તે 'મોજીલા હાથી' ઉપર ગુસ્સે થઈને તેને દરબારમાં હાજર રહેવાનું ફરમાન મોકલ્યું.

સિંહરાજાનો દરબાર હકડે ઠઠ્ઠ ભરાણો હતો. શકરો શિયાળ



પણ એક ખૂણામાં લપાઈને 'મોજીલા હાથી'ની કેવી વલે થાય તે જોવાં માટે ઉત્સુકતાથી આમતેમ મોઢું ફેરવી રહ્યો હતો. સિંહરાજા ઉભા થયાં અને 'મોજીલા હાથી'ને આગળ આવવાનું કહ્યું. 'મોજીલો હાથી' તો મોજપૂર્વક ડોલતો ડોલતો આગળ આવ્યો. તે સાથે જ સિંહરાજા તાડૂકી ઉઠ્યાં. અરે ઓ હાથીડાં, તું લોકોનાં દુઃખ, દર્દ મટાડવાનાં બદલે તેમાં વધારો કરી રહ્યો છે કેમ? આ સાંભળી 'મોજીલો હાથી' વિનમ્રતાપૂર્વક બોલ્યો. મહારાજ, લાગે છે કે મારી વિરુધ્ધ આપને કોઈએ ખોટી રજૂઆત કરી છે હોં. તો શું હું એ વ્યક્તિનું નામ જાણી શકું કે?

અચાનક 'મોજીલા હાથી'ની વાત સાંભળી સહસા સિંહરાજાથી બોલી જવાયું. વળી બીજું કોણ હોય હેં? શકરા શિયાળ જ તો વળીશું? અને.. અને.. તે સાથે જ શકરો શિયાળ ચોંકી ઉઠ્યો. તેણે આવી કલ્પનાં કરેલ નહીં કે સિંહરાજા પોતાનાં નામની આ રીતે જાહેરાત કરશે? 'મોજીલા હાથી' એ શકરા શિયાળ તરફ દૃષ્ટિ કરી તે સાથે જ શકરા શિયાળનાં મોતિયાં મરી ગયાં. અને.. અને.. તે ત્યાંથી ભાગવાં લાગ્યો. પરંતુ અન્ય પશુ-પંખીઓએ તેને પકડી જ લીધો. તે સાથે જ શકરો શિયાળ દોડીને સિંહરાજાનાં પગમાં પડીને માફી માંગવાં લાગ્યો. અને બોલ્યો. હે સિંહરાજા, મારાથી ખોટું બોલી જવાયું છે. જે બદલ મને ક્ષમા કરશો? ખરેખર આ 'મોજીલા હાથી' જી તો લોકોનું દુઃખ, દર્દ ભગાડે છે. અને તંદુરસ્ત રહેવાની અદ્‌ભૂત કલા તે શીખવે છે હોં. આ સાંભળી ઘડીભર તો સિંહરાજા ઝનૂનપૂર્વક શકરા શિયાળને જોવાં લાગ્યાં.

બાદમાં સિંહરાજાએ શકરા શિયાળને માફી આપી. અને પછી હવે ક્યારેય ખોટું નહીં બોલવાની કડક સૂચના આપી. જ્યારે 'મોજીલા હાથી' ની ભરપૂર પ્રશંસા કરી અને આવું અદ્‌ભૂત કાર્ય કરવાં બદલ તેને ઈનામ પણ આપવામાં આવ્યું.

❒



## ૩૧. કમળ અને પોપટ

એક સરોવર હતું. તે સરોવરમાં એક અતિ સુંદર મઝાનું ગુલાબી રંગનું કમળ રહેતું હતું. તે ગુલાબી રંગનાં કમળમાં અપાર જ્ઞાન, બુધ્ધિ અને શૈક્ષણિક લાયકાતથી તે ભરપુર હતું.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર અને આહ્‌લાદક સમય હતો. ચારે તરફ ખૂશ્નુમાં વાતાવરણ હતું. સરોવરમાં રહેલ ગુલાબી રંગનું કમળ આધ્યાત્મિક જ્ઞાનમાં સરી ગયું હતું. બરોબર આવા સમયે એક લુચ્ચો પારધી તે સરોવર ઉપર આવ્યો. અને તેણે જોયું કે એક સુંદર મઝાનું ગુલાબી રંગનું કમળ ધ્યાનસ્થ સ્થિતિમાં સરી ગયું છે. આથી તે દબાતાં પગલે સરોવરમાં ઉતર્યો.

સહસા આવા સમયે એક પોપટ સરોવર ઉપર પાણી પીવાનાં ઉદ્દેશ્ય સાથે આવી ચડ્યો. અને.. અને.. પછી તેણે

સરોવર વચ્ચે શું જોયું? હા, એક લુચ્ચો પારધી નિર્દોષ, જ્ઞાની કમળને હાથ કરવાં માટે દબાતાં પગલે સરોવરમાં આગળ વધી રહેલ હતો. આ જોઈ તે પોપટને જ્ઞાની કમળની ખૂબ જ દયા આવી. તેને લાગ્યું કે જો આજે આ જ્ઞાની કમળને બચાવવામાં નહીં આવે ને તો તો પછી તે લુચ્ચો પારધી તેને તોડીને અહીંથી લઈ જ જશે હોં. અને.. અને.. આ સરોવરની જે શોભા સમાન ગુલાબી રંગનું કમળ વૃધ્ધિ કરી રહ્યું છે તે શોભા, જ્ઞાન લુપ્ત થઈ જશે. આમ વિચારી તેણે તે જ્ઞાની કમળને બચાવવાં માટે જમીન ઉપરથી પથ્થરો ઉપાડી ઉપાડીને તે લુચ્ચાં પારધી ઉપર તેનો પ્રહાર કરવાં લાગ્યો.

અચાનક ઉંચેથી પથ્થરોનો વરસાદ વરસતાં જ તે લુચ્ચો પારધી ચોંકી ઉઠ્યો. બાદમાં તેણે ઉંચે નજર કરી તો એક પોપટ પોતાની ચાંચોમાં પથ્થરો ભરી ભરીને તેની ઉપર તે વાર કરી રહ્યો હતો. પ્રથમ તો પારધીને લાગ્યું કે તે પોપટ અમથો જ પોતાની ઉપર પથ્થરો ફેંકી રહ્યો હશે. પરંતુ સતત પથ્થરોનો પ્રહાર થતાં તે લુચ્ચો પારધી પથ્થરોથી તે ઘવાવાં લાગ્યો. તેને લાગ્યું કે આ પોપટ સરોવરમાં રહેલ કમળની મદદે આવ્યો હોય તેમ લાગે છે હોં.

ધીરે ધીરે તે પારધીની સહનશક્તિની હદ આવવાં લાગી. તેનાં શરીર ઉપરથી લોહીની ધારાઓ વહેવાં લાગી. બાદમાં તે કમળને હાથ કરવાનાં સ્વપ્નાંઓ છોડતો સરોવરમાંથી બહાર નીકળીને તે દૂર દૂર ચાલ્યો ગયો. આ જોઈ તે પોપટને રાહત



થઈ.

બાદમાં તે પોપટ પોતાની ફરજ પૂર્ણ કર્યાનાં સંતોષ સાથે સરોવર ઉપરથી ચાલ્યો ગયો. જ્ઞાની કમળે મનની આંખો વડે આ જોયું કે તેને બચાવવાં માટે એક પોપટ તેની મદદે આવ્યો હતો. આથી તેને તે પોપટ પ્રત્યે અપાર સ્નેહ, લાગણી થઈ આવ્યાં. બાદમાં તે જ્ઞાની કમળ, મનોમન પોપટને આશિર્વાદ આપવાં લાગ્યું. આ જોઈ તે સરોવર પણ આનંદિત થઈ ડોલવાં લાગ્યું.

❒

## ૩૨. હાથીનું અભિમાન

એક સરોવર હતું. તે સરોવરમાં એક સુવર્ણ કમળ પોતાની સુંદર પાંખડીઓને ચારે તરફ ફેલાવીને વાતાવરણનો નૈસર્ગિક આનંદ ઉઠાવી રહ્યું હતું.

સંધ્યાનો સુમધુર અને આહ્લાદક સમય હતો. સુવર્ણ કમળ આનંદની અનુભૂતિ અનુભવી રહ્યું હતું. બરોબર આવા સમયે એક ભીમકાય, એવો ઘમંડી હાથી તે સરોવર ઉપર પાણી પીવાં માટે આવી ચડ્યો. પાણી પીતાં પીતાં તેની ઝીણી નજર સરોવર વચ્ચે રહેલ એવાં દિવ્ય સુવર્ણ કમળ ઉપર પડી. આથી તે થોડીવાર સુવર્ણ કમળની ઈર્ષા કરવાં લાગ્યો. બાદમાં તેનાં દિમાગમાં તે સુવર્ણ કમળને સરોવર ઉપરથી ઉંચકી જવાની યોજનાં



આકાર પામવાં લાગી. ત્યારબાદ તે સુવર્ણ કમળને હાથ કરવાં માટે સરોવરમાં ઉતર્યો.

જ્યારે આ તરફ તે સુવર્ણ કમળ મોજ-મસ્તીપૂર્વક પ્રાકૃતિક વાતાવરણનો મનભરીને આનંદ ઉઠાવી રહ્યું હતું. તેણે કશી કલ્પનાં કરેલ નહીં કે એક ભીમકાય હાથી તેને અહીંથી ઉંચકી જવાં માટે આવી રહ્યો હશે? આ તરફ તે હાથી જોસભેર સરોવરમાં આગળ વધી રહ્યો હતો. તેને એમ હતું કે તે સુવર્ણ કમળને હમણાં જ હાથ કરી લેવાશે. પરંતુ... આ શું? તે અભિમાની હાથી જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ તે સરોવરમાં ઉંડે ને ઉંડે ખૂંપવાં લાગ્યો. તેણે આવી કલ્પનાં કરેલ નહીં. અને આમેય તે સરોવરનું પાણી તો એકદમ સ્વચ્છ, ક્લિન હતું. તેમ છતાં તે સરોવરમાં ખૂંપવાં લાગતાં જ તેનાં તો મોતિયાં જ મરી ગયાં. હવે ન આગળ વધાય કે ન પાછળ જવાય? ધીરે ધીરે તેનું અભિમાન ઓગળવાં લાગ્યું. તેને લાગ્યું કે પોતે જો તે સુવર્ણ કમળની ઈર્ષા ન કરત અને તેને અહીંથી ઉંચકી જવાં માટે સરોવરમાં ઉતર્યો જ ન હોત તો? પરંતુ હવે કરવું શું? ત્યારબાદ તેણે ધ્યાનથી નજરે તે સુવર્ણ કમળ સામે જોયું. સુવર્ણ કમળની નજર પણ તે હાથી ઉપર પડી ચૂકી હતી. તેને લાગ્યું કે હવે તે હાથીને અંતરથી પસ્તાવો થઈ રહ્યો છે. આથી તેણે એક ગૂઢમંત્ર ભણ્યો તે સાથે જ સરોવરનાં પાણીએ હાથીને બહાર નીકળવાં માટેનો રસ્તો કરી આપ્યો. અને પછી તે હાથી અભિમાન ઉતારતો તેમજ અંતરથી પસ્તાવો કરતો ત્યાંથી ચાલ્યો ગયો.

પુનઃ તે સરોવરમાં સુવર્ણ કમળ પોતાની સુંદર પાંખડીઓને પ્રસરાવતું મુક્ત, આનંદની અનુભૂતિ કરવાં લાગ્યું. આ જોઈ તે સરોવર પણ ખળખળ કરતું મીઠું સંગીત વગાડવાં લાગ્યું.

❒



## ૩૩. આંબા ડાળે ઝુલતો મોર

એક વિશાળ આંબાવાડીમાં કેરીઓનો મબલખ ફાલ લહેરાઈ રહ્યો હતો. તે કેરીઓમાં કેસર, રાજાપુરી, તોતાપુરી, દાડમ, લંગડો, હાફૂસ વગેરે આવેલ હતી.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. ખૂશ્નુમાં વાતાવરણ હતું. તે આંબાવાડીની કેરીઓ આનંદપૂર્વક ઝુમી રહી હતી. બરોબર આવા સમયે મોહનમાળી કેરીઓને તોડવાં માટે આવી ચડ્યો. આ જોઈ કેરીઓનો આનંદ એકાએક ઉડી ગયો. તેઓ બધી સમજી ગઈ હતી કે હવે આજથી આ આઝાદ,મુક્ત અને હરીભરી આઝાદીનો કરુણ અંજામ આવી ગયો છે હોં. કેરીઓનાં મબલખ ફાલને જોઈ મોહનમાળી તો આનંદથી ડોલવાં લાગ્યો. બાદમાં તેણે પોતાની પાસે રહેલ એક મોટી લાકડીને

હવામાં ઉંચી કરીને તે કેરીઓ ઉપર તોડવાં માટે પ્રહાર કરવાં લાગ્યો.

આંબાનાં વૃક્ષો, ડાળીઓ અને કેરીઓ ઉપર પ્રહાર થતાં જ તેઓ તે બધાં જ રડવાં, કરગરવાં લાગ્યાં. આંબાનું વૃક્ષ બે હાથ જોડી બોલી ઉઠ્યું. અરે ઓ માળીભાઈ, તમો આમ એકાએક લાકડીઓનો અમારી પીઠ ઉપર પ્રહાર કરો છો તે શું ઉચિત છે? જો તમારે કેરીઓ જ જોઈતી હોય ને તો થોડી કેરીઓ પ્રેમપૂર્વક તોડી લો. પરંતુ આમ લાકડીઓનો પ્રહાર શા માટે કરો છો હેં?

આંબાનાં વૃક્ષની સત્યમયવાણી સાંભળી મોહનમાળી તો ભડકી જ ઉઠ્યો. અને તે તો પુરા જોસપૂર્વક આંબાનાં વૃક્ષ ઉપર, ડાળીઓ ઉપર તેમજ કેરીઓ ઉપર લાકડીઓનો પ્રહાર કરવાં લાગ્યો. આથી આંબાનું વૃક્ષ રડી જ પડ્યું હોં. અને ઈશ્વરને બે હાથ જોડી આ મોહન માળીનાં ત્રાસમાંથી મુક્તિ અપાવવાં માટે વિનંતીઓ કરવાં લાગ્યું. અને... અને.. તે આંબાનાં વૃક્ષની વિનંતીઓ જાણે ઈશ્વરે સાંભળી હોય તેમ બન્યું હોં. જે મુજબ તે આંબાવાડીમાં એક પચરંગી મોર ઉડતો ઉડતો આવીને એક આંબાની ડાળીએ જઈને બેઠો. સહસા તેની નજર મોહન માળીની આવી હીન હરકત તરફ ગઈ. આ જોઈ તે પચરંગી મોરને આંબાનાં વૃક્ષની ખૂબ જ દયા આવી. બાદમાં તે મોહન માળીને ઉદ્દેશીને બોલ્યો. અરે ઓ ભાઈ, તમો શા માટે આ નિર્દોષ આંબાનાં વૃક્ષ ઉપર લાકડીઓ ફટકારો છો હેં? જો કોઈ તમારા શરીર ઉપર આ રીતે લાકડીઓ ફટકારે તો શું તમોને વેદનાં નહીં



થાય હેં? અચાનક એક પચરંગી મોરની વિચિત્રવાણી સાંભળી મોહનમાળી  વધુ ગુસ્સે ભરાયો. અને તે વધુ જોરથી આંબાનાં વૃક્ષ ઉપર લાકડીઓનો પ્રહાર કરવાં લાગ્યો.

અને... અને... અંતે તે પચરંગી મોર ને લાગ્યું કે હવે આ કાળીયો ભાઈ કશું ય સમજશે નહીં. માટે તેને થોડો મેથીપાક આપવો જ પડશે? બાદમાં પચરંગી મોરે પોતાનાં પીંછામાંથી એક તીક્ષ્ણ પીંછું ખેંચી કાઢ્યું. અને પછી તેણે મોહનનું નિશાન સાધીને તે પીંછું તીરની જેમ મોહનની આંખ તરફ ફેંક્યું. બસ, ખલાસ? તે પીંછું સ..ન..ન... કરતું ગયું. અને ખ..ચા..ક.. કરતું યે પીંછું મોહનની આંખમાં ખૂંચી ગયું. અને.. અને.. તે સાથે જ મોહનમાળી એક કાળી વેદનાસભર ચીસ પાડતો નીચે જ બેસી પડ્યો. તેણે આવી કશી જ કલ્પનાં કરેલ નહીં કે આમ એકાએક પચરંગી મોર તરફથી પીંછું આવશે અને તે પણ સીધું આંખમાં જ લાગશે?

વેદનાથી મોહનમાળીની હાલત દયાજનક બની ગઈ. તેને હવે સત્યનું ભાન થઈ ચૂક્યું હતું કે કોઈ નિર્દોષ આત્માને હેરાન-પરેશાન કરાય નહીં હોં. બાદમાં મોહનમાળી બે હાથ જોડી આંબાનાં વૃક્ષની માફી માંગવાં લાગ્યો. હે આંબાનાં વૃક્ષજી, ખરેખર હું તમારો ગુનેગાર છું. મેં તમારા શરીર ઉપર અનેક લાકડીઓ ફટકારી હતી. જેનું મને અત્યારે 'ફળ' મળી ગયું છે. આમ, તે મોહનમાળી અંતરથી પસ્તાવો કરતો ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો.

બાદમાં પચરંગી મોરે આંબાનાં વૃક્ષોને સાંત્વન આપ્યું. તેઓનાં શરીર ઉપર પ્રેમપૂર્વક હાથ ફેરવ્યો. અને.. અને.. તે સાથે જ આંબાનાં વૃક્ષોની વેદનાં, દુઃખ ગાયબ થઈ ગયાં. ત્યારબાદ બધાં વૃક્ષોએ તે પચરંગી મોરનો અંતરથી આભાર માન્યો. જે સાંભળી પચરંગી મોર બોલી ઊઠ્યો. મિત્રો, આમાં આભાર માનવાનો ન હોય હોં. આ તો મને 'મા સરસ્વતી દેવી' એ તમારી સહાયતાં માટે જ મોકલ્યો હતો હોં. જે સાંભળી બધાં જ વૃક્ષો મનોમન 'મા સરસ્વતી દેવી' ને તેમજ પચરંગી મોરને વંદન કરવાં લાગ્યાં.

અને... આમ તે પચરંગી મોર કાયમને માટે તે આંબાવાડીમાં રહેવાં લાગ્યો. અને સાંજ પડે અને તે આંબાની ડાળીએ બેસીને બસ ઝુલ્યાં જ કરે હોં. અને તે આંબાવાડીની રક્ષા કર્યા કરે હોં. જ્યારે દૂર રહેલ 'મા સરસ્વતી દેવી' તે પચરંગી મોરને તેમજ આંબાવાડીનાં મધમીઠાં વૃક્ષોને અંતરથી આશિર્વાદ આપ્યાં જ કરે હોં.

❒



## ૩૪. કાચબાએ કરાવી મઝા

એક તળાવ હતું. તે તળાવમાં એક કાચબો રહેતો હતો. તે તળાવથી થોડે દૂર ઉપર એક જાંબુનું ઝાડ પણ આવેલ હતું. તે ઝાડની બખોલમાં એક ખિસકોલી રહેતી હતી.

એક દિવસ તે ખિસકોલી તળાવ ઉપર પાણી પીવાં ગઈ. તો તે તળાવમાં એક કાચબાને તળાવમાં સહેલ કરતાં જોઈ તેને પણ તે તળાવમાં સહેલ કરવાની ઈચ્છા થઈ આવી. બાદમાં તે કાચબાને ઉદ્દેશીને બોલી અરે ઓ કાચબાભાઈ, શું તમો મને તમારી પીઠ ઉપર બેસાડીને આ તળાવની સહેલ ન કરાવી શકો?

ખિસકોલીની વિનંતી સાંભળી કાચબાને થયું. અરે આ અવળી અમથી ખિસકોલીનો વજન કેટલો હોય હેં? ભલેને તે

મારી પીઠ ઉપર બેસીને આ તળાવની મોજ માણે? બાદમાં તે કાચબો નજીક આવ્યો. અને પછી તે બોલ્યો. તો ચાલો ખિસકોલી બહેન, મારી પીઠ ઉપર બેસી જાવ. હું તમોને આ આખા તળાવની મોજ કરાવું શું? અને.. અને.. તે સાથે જ ખિસકોલી કાચબાની પીઠ ઉપર ગોઠવાઈ ગઈ. અને તે સાથે જ કાચબો પાણીમાં સર..ર, સર..ર.. કરતો ચાલવાં બલકે દોડવાં લાગ્યો. આ જોઈ ખિસકોલીને તો ભઈ ભારે મઝા પડી ગઈ હોં. તળાવમાં રંગ-બે-રંગી કમળો, માછલીઓ, કાચબાઓ વગેરે જોઈને તે ખિસકોલીને તો ઔર આનંદ આવી ગયો. તે કાચબાએ ખિસકોલીને તળાવ આખાની સહેલ કરાવી. બાદમાં તેને કાંઠા ઉપર ઉતારી. ત્યારે તે ખિસકોલીએ તેનો આભાર માન્યો. અને કીધું. કાચબાભાઈ, ખરેખર આજે તમો એ મને આ તળાવની સહેલ કરાવીને અનોખી મોજ કરાવી છે હોં. જે બદલ તમારો આભાર. આ સાંભળી કાચબો બોલ્યો. ખિસકોલી બહેન, આમાં આભાર માનવાનો ન હોય હોં. તમારે ગમે ત્યારે આ તળાવની સહેલ કરવી હોય ને તો તો તમો આવી શકો છો શું? બાદમાં ખિસકોલી જાંબુનાં ઝાડની બખોલ તરફ ચાલી ગઈ. કાચબો પણ તળાવમાં જતો રહ્યો.

બીજા દિવસે ખિસકોલી જાંબુનો ટોપલો ભરીને તળાવનાં કાંઠે આવી તે તળાવમાં રહેલ કાચબો કાંઠે આવ્યો. પછી તે ખિસકોલી બોલી. કાચબાભાઈ, આ મીઠાં મધ જેવાં જાંબુઓ તમારા માટે લાવી છું. આ સાંભળી કાચબાને અતિ આનંદ થયો. બાદમાં તે કાચબો મીઠાં મધ જેવાં જાંબુઓ ખાવાં લાગ્યો. ખરેખર



તે જાંબુ ખૂબ જ મીઠા સાકર જેવાં હતાં હોં.

અને આમ, તે કાચબા અને ખિસકોલી વચ્ચે પાકી મિત્રતા થતી ચાલી. કાચબો ખિસકોલીને તળાવની સહેલ કરાવે જ્યારે ખિસકોલી તે કાચબાને મધ-મીઠાં જાંબુઓ લાવી આપે હોં.

❒

## ૩૫. કાચબો અને ખિસકોલી

એક સરોવર હતું. તે સરોવરમાં એક ભલો, પરોપકારી કાચબો રહેતો હતો. તે કાચબા પાસે દેશ-વિદેશનું અદ્‌ભૂત શૈક્ષણિક જ્ઞાન પણ હતું. આથી સરોવરની રંગ-બે-રંગી માછલીઓ તેની પાસેથી શૈક્ષણિક, મનોરંજક જ્ઞાન મેળવતી હતી.

તે સરોવર પાસે જાંબુનું એક ઝાડ પણ હતું. તે ઝાડ ઉપર એક ખિસકોલી પણ રહેતી હતી. તે ખિસકોલીને નવું નવું જાણવાની ખૂબ જ ઈચ્છા થતી હતી. આથી તે સરોવરમાં જ્ઞાની કાચબો જે શૈક્ષણિક જ્ઞાન આપતો હતો તે ખિસકોલી સતત ગ્રહણ કર્યા કરતી હતી.

એક દિવસ તે કાચબાને થયું. હવે મારે આ રંગ-બે-રંગી માછલીઓની પરિક્ષાઓ લેવી પડશે. અને જાણવું પડશે કે આ



બધી માછલીઓએ પોતાની પાસેથી મેળવેલ શૈક્ષણિક જ્ઞાન કેટલું ગ્રહણ કર્યું છે? બાદમાં તેણે બધી રંગ-બે-રંગી માછલીઓને બોલાવીને આદેશ કર્યો કે કાલ સવારે તમારી પરિક્ષા છે. દરેકને પેપર, બોલપેન, તથા અન્ય શૈક્ષણિક સાધનો આપવામાં આવશે. અને પેપરનો સમય ત્રણ કલાકનો હશે. જે કોઈ આ પરિક્ષામાં પ્રથમ ક્રમાંકે આવશે તેને મારા તરફથી પાંચસો એક રુપિયાનું ઈનામ આપવામાં આવશે. આ સાંભળી રંગ-બે-રંગી માછલીઓમાં ઉત્તેજનાં ફેલાઈ ગઈ. જાંબુનાં ઝાડ ઉપર રહેલ ખિસકોલીએ પણ જાણ્યું કે આવતીકાલે પેપર લેવામાં આવશે. આથી તેણે કાચબાસરને પણ વિનંતી કરી કે મને પણ આ પરિક્ષામાં બેસવાની વહિવટી મંજૂરી આપવામાં આવે. જેને તે કાચબાસરે માન્ય રાખી.

બાદમાં તે બધી જ રંગ-બે-રંગી માછલીઓ પેપરની તૈયારીમાં લાગી ગઈ. તે ખિસકોલી પણ રાત આખી ઉજાગરાં કરીને તેણે પણ ઘણું જ વાંચ્યું. અને.. અને.. બીજા જ દિવસે બધી જ રંગ-બે-રંગી માછલીઓ પરિક્ષાનાં સ્થળે સમયસર આવી ગઈ. ખિસકોલી પણ હાજર થઈ ગઈ. દરેકને પેપર, બોલપેન, તથાં અન્ય શૈક્ષણિક સાધનો, સુવિધાઓ પુરી પાડવામાં આવી અને પેપરનો સમય શરૂ થઈ ગયો. દરેક ખૂબ જ સારી રીતે પેપર લખ્યાં. ખિસકોલીએ પણ દરેક પ્રશ્નોનાં જવાબો ખૂબ જ સારી રીતે લખ્યાં હતાં. પરિક્ષાઓ પૂર્ણ થઈ. બધાં હળવાં ફૂલ બનીને પોત પોતાનાં રહેઠાણે જતાં રહ્યાં.

જ્યારે પરિક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવતાં તે ખિસકોલી સોમાંથી સો ગુણ મેળવી પ્રથમ ક્રમાંકે ઉત્તિર્ણ જાહેર કરવામાં આવી. અને તે સાથે જ ખિસકોલીને કાચબાસરનાં વરદહસ્તે પાંચસોને એક રૂપિયાનું  ઈનામ આપવામાં આવ્યું. તે સાથે જ તાળીઓનાં ગડગડાટથી ત્યાં આગળનું વાતાવરણ આનંદમય થઈ ઉઠ્યું. ખિસકોલીની ધગશ, મહેનત અને લગનથી તે પ્રથમ ક્રમાંકે ઉત્તિર્ણ થતાં તેનાં પેપરોમાં ફોટાઓ પણ આવ્યાં.

❒



## ૩૬. ડોલતું શિયાળ - હસતું બતક

એક વન હતું. તે વનમાં વિવિધ પ્રકારનાં પશુ-પંખીઓ રહેતાં હતાં. જેમાં સિંહ, વાઘ, વરુ, હાથી, સસલાં, વાંદરા, શિયાળ, મોર, બગલા, બતકા, વગેરેનો સમાવેશ થતો હતો.

એક વખત એક લુચ્ચું શિયાળ પેટ ઉપર હાથ ફેરવતું ફેરવતું તેમજ ડોલતું ડોલતું તે વન પાસે આવેલ સરોવર ઉપર પાણી પીવાં આવ્યું. પાણી પીતાં પીતાં તેની નજર સરોવર વચ્ચે હસી રહેલ એક બતકાં ઉપર પડી. આ જોઈ તેનાં ગુસ્સાનો કોઈ પાર ન રહ્યો. તેને લાગ્યું કે તે બતકું પોતાને જોઈને કટાક્ષમાં હસી રહ્યું છે. આથી તેનાં નાકનાં નશકોરાં ફૂલવાં લાગ્યાં. બાદમાં તેણે સરોવરનાં કાંઠા ઉપરથી નાનાં નાનાં પથ્થરો ઉપાડી ઉપાડીને તેની ઉપર તે પ્રહાર કરવાં લાગ્યું. પરંતુ... પરંતુ.. આ શું? હા,

તે શિયાળે ફેંકેલ બધાં જ પથ્થરો તે બતકા ઉપર રંગ-બે-રંગી ફૂલો બનીને વરસવાં લાગ્યાં. આવો અદ્‌ભૂત ચમત્કાર નિહાળી શિયાળ દંગ રહી ગયું. ઘડીભર તો તેનાં માઈનામાં આવ્યું નહીં કે શું ખરેખર પથ્થરો કંઈ ફૂલો બનતાં હશે? પરંતુ સત્ય તો સામે જ હતું હોં.

બાદમાં તે શિયાળ અંતરથી બેહદ પસ્તાવો કરતું તેમજ તે બતકાની અંતરથી માફી માંગતું ત્યાંથી દૂર દૂર ચાલ્યું ગયું. આ જોઈ તે સરોવર બતકા ઉપર આશિર્વાદ વરસાવવાં લાગ્યું.

❐



## ૩૭. ચ્યવન ઋષિ

વારાણસીની ગંગા નદીનાં કાંઠે 'ચ્યવન ઋષિ' પ્રખર તપમાં ડૂબી ગયાં હતાં. 'ચ્યવન ઋષિ'નાં ભવ્ય, દાઢીધારી ચહેરાં ઉપર તેજ વ્યાપી ગયું હતું. ગંગાનદીમાં રંગ-બે-રંગી હંસો આનંદપૂર્વક પ્રકૃતિનો આનંદ ઉઠાવતાં મલપતી ચાલે તરી રહ્યાં હતાં.

સંધ્યાનો સુમધુર, આહ્‌લાદક સમય હતો. ગંગાનદીમાં રંગ-બે-રંગી હંસો તરી રહ્યાં હતાં. બરોબર આવા સમયે એક લુચ્ચો પારધી અચાનક ક્યાંકથી ફૂટી નીકળ્યો. અને પછી તે દબાતાં પગલે નદીનાં કાંઠે આવી, તેમની પાસે રહેલ 'જાળ' ને ખોલી તેણે તે નદીનાં નિર્દોષ એવા રંગ-બે-રંગી હંસો ઉપર 'જાળ' નાંખી. અને.. અને.. તે સાથે જ તે બધાં નિર્દોષ હંસો

તેની 'જાળ'માં સપડાઈ ગયાં. અને પછી ફફડી ઉઠ્યાં.

એક સાથે આટલાં બધાં હંસોને 'જાળ'માં સપડાઈ ગયેલ જોઈ લુચ્ચો પારધી આનંદિત થતો અટ્ટહાસ્ય કરવાં લાગ્યો. આ જોઈ નિર્દોષ, ભલાં-ભોળાં હંસો ધ્રૂજી જ ઉઠ્યાં. બાદમાં તે પારધી 'જાળ' ને કાંઠા તરફ ખેંચવાં લાગ્યો. અને મનોમન તે આ બધાં હંસોનાં બદલામાં કેટલાં બધાં નાણાં ઉપજશે તેની કલ્પનાં તે કરવાં લાગ્યો.

બરોબર આવા સમયે 'ચ્યવન ઋષિ' ની આંખો ખુલી ગઈ. અને.. અને.. પછી તેની નજર નિર્દોષ, ભલાં-ભોળાં હંસોને 'જાળ'માં સપડાઈ ગયેલ જોઈ તે ચોંકી ઉઠ્યાં. બાદમાં લુચ્ચાં પારધીને ખડખડાટ હાસ્ય કરતાં જોઈ તેમની આંખોમાંથી અંગારા ઝરવાં લાગ્યાં. અને.. અને.. તે લુચ્ચો પારધી ત્યાંથી ભાગવાં જાય તે પહેલાં તો તે અંગારા પારધીને બરોબરનાં દઝાડવાં લાગ્યાં. આથી તે પારધી ત્રાહીમામ ત્રાહીમામ પોકારી ઉઠ્યો. અને પછી તે પસ્તાવાં સાથે સીધો જ 'ચ્યવન ઋષિ' નાં પગમાં પડીને માફી માંગવાં લાગ્યો.

'ચ્યવન ઋષિ' એ જોયું કે હવે તે પારધીને અંતરથી પસ્તાવો થઈ રહ્યો છે. આથી તેણે તે પારધીને ક્ષમા આપી. અને પછી થોડો જીવન ઉપયોગી પ્રેરક ઉપદેશ આપ્યો. જે સાંભળી પારધીની આંખો ભરાઈ આવી. બાદમાં તેણે 'જાળ' માંથી બધાં જ હંસોને બહાર કાઢી. તેમની માફી માંગતો ત્યાંથી નીકળી ગયો.


પુનઃ 'ચ્યવન ઋષિ' ધ્યાન, તપમાં લાગી ગયાં. જ્યારે રંગ-બે-રંગી હંસો 'ચ્યવન ઋષિ'નો આભાર માનતાં નદીમાં તરવાં લાગ્યાં.

❐

## ૩૮. કાલીદાસની વાંસળી

લખનૌ શહેરથી થોડે દૂર ઉપર એક નાનકડું સુંદર ગામ આવેલ હતું. તે ગામમાં કાલીદાસ નામનો એક ગરીબ ઘરનો છોકરો રહેતો હતો. કાલીદાસને વાંસળી વગાડવાનો ભારે શોખ હતો. તેમજ તે જ્ઞાનપ્રદ કવિતાઓ પણ ગાતો હતો.

ચોમાસાની ઋતુ હતી. આકાશમાં વાદળાઓ તો ઘણાં જ ઉમટી પડતાં હતાં. પરંતુ એકેય વાદળું મન મૂકીને લખનૌ શહેર કે તેની પાસે આવેલ નાનકડાં ગામ ઉપર વરસતાં નહીં. આથી ગામ, શહેરનાં લોકો ખૂબ જ મૂંઝવણ અનુભવતાં હતાં. પાણી વગર તો ભૈ કોઈને પણ ન ચાલે હોં. ધીરે ધીરે ગામ, શહેરનાં બોર, કૂવાઓ સૂકાવાં લાગ્યાં. લોકો પાણી માટે દર-દર ભટકવાં લાગ્યાં. પશુ-પંખીઓ ટપોટપ મરવાં લાગ્યાં. આ જોઈ



કાલીદાસને અત્યંત દુઃખ થયું.

ત્યારબાદ કાલીદાસે મનોમન કશુંક નક્કી કર્યું. અને ગામલોકોને, સરપંચને ગામ વચ્ચે એકઠાં કર્યાં. હોમ-હવન ચાલુ કરાવ્યાં. બાદમાં તે હવન પાસે બેસી ‘મા સરસ્વતી દેવી’ની આરાધના કરતો રાગ મેઘમલ્હાર ને વાંસળીનાં મીઠાં શૂરોમાં છેડવાં લાગ્યો. લોકો હોમ-હવન અને ઘડીક તે કાલીદાસને અને તેની વાંસળીમાંથી વહેતાં રાગ મલ્હારને જોઈ સાંભળી રહ્યાં.

ધીરે ધીરે આકાશમાં કાળા ડીબાંગ વાદળાંઓ ઉમટવાં લાગ્યાં. વીજળીઓનાં કડકા ભડાકા થવાં લાગ્યાં. અને.. અને.. જોત જોતામાં તો મેઘરાજા પૃથ્વી ઉપર તૂટી જ પડ્યાં હોં. જાણે તેઓ કાલીદાસની વાંસળી સાંભળવાં માટે જ ન ઉભા રહ્યાં હોય? અને.. અને.. થોડીવારમાં તો પૃથ્વી ઉપર ચારે તરફ બસ પાણી જ પાણી થઈ ઉઠ્યું. લોકો મન મૂકીને વરસાદમાં ન્હાવાં લાગ્યાં. તેઓ કાલીદાસને મનોમન ધન્યવાદ પણ આપવાં લાગ્યાં. જ્યારે કાલીદાસ તો ‘મા સરસ્વતી દેવી’ ને ધન્યવાદ આપવાં લાગ્યો.

આમ, કાલીદાસે પૃથ્વીવાસીઓની જે પાણીની તકલીફ હતી તે દૂર કરી દીધી. જ્યારે પૃથ્વીવાસીઓએ કાલીદાસની જે આર્થિક સમસ્યા હતી તે હલ કરી દીધી. આમ, બંન્ને પક્ષે સંતોષનો મીઠો ઓડકાર ચારે તરફ ગુંજવાં લાગ્યો.

❒

# ૩૯. સોન ચકલી

રંગ-બે-રંગી ફૂલોથી ઉભરાતાં એવાં ગુલમહોરનાં વૃક્ષ ઉપર કેટલાંક આકર્ષક પંખીઓ આનંદ-કિલ્લોલ કરી રહ્યાં હતાં. તે પંખીઓમાં ખાસ કરીને મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, બુલબુલ, ચક્રવાક વગેરેનો સમાવેશ થતો હતો.

સંધ્યાનો સુમધુર આહ્‌લાદક સમય હતો. ગુલમહોરનાં વૃક્ષ ઉપરનાં પંખીઓ કિલ્લોલ કરી રહ્યાં હતાં. બરોબર આવા સમયે ક્યાંકથી ઉડતી ઉડતી એક સુંદર મઝાની 'સોન ચકલી' આવીને ગુલમહોરની ડાળીએ જઈને બેઠી. પછી પોતાનાં કોકિલ કંઠમાંથી તે મીઠાં ગીતો ગાવા લાગી.

અચાનક એક 'સોન ચકલી' ને આ રીતે આવેલ જોઈ



તેમજ તેનાં મીઠાં ગીતો સાંભળી ગુલમહોરનાં વૃક્ષ ઉપરનાં પંખીઓ આશ્ચર્યચકિત રહી ગયાં. હા, તેઓએ તેમનાં જીવનમાં આમ 'સોન ચકલી' ને ક્યારેય જોઈ નહોતી. 'સોન ચકલી' નાં ગીતોમાં પણ અનેરી મીઠાશ હતી. 'સોન ચકલી' નાં ગીતો આ પ્રકારનાં હતાં.

*''જ્ઞાનનગરીનાં પંખીડાઓ, હું તો ગાઉં મઝાનાં ગીતો હોં.*
*ગીતોમાં તો અનેરી મીઠાશ, મનડા તું કાહે ઉદાસ હોં,*
*જ્ઞાનનગરીનાં પંખીડાઓ, હું તો ગાઉં મઝાનાં ગીતો હોં.''*

બરોબર આવા સમયે એક ફકીર તે ગુલમહોરનાં વૃક્ષ નીચે આવી ચડ્યો. અને પછી તેણે 'સોન ચકલી'નાં મીઠાં ગીતો સાંભળ્યાં. ગીતો સાંભળી તેની આંખો ભીની થઈ ઉઠી. ગીતોમાં પણ ઉંડાણ, જ્ઞાન સમાયેલ હતું. સહસા 'સોન ચકલી'ની નજર તે ફકીર ઉપર પડી. તેણે પોતાનાં ગીતો બંધ કર્યા. બાદમાં તે ફકીરને ઉદ્દેશીને બોલી. હે ફકીરબાબા, તમો ખરેખર મહાન આત્મા છો. બીજું તમારે સમાજમાં રહી અનેક શુભ કાર્યો કરવાનાં છે. જેનાં માટે મારા સુંદર પીંછાને ખંખેરીને સોના મહોર આપીશ. જેનાં બદલામાં તમોને ઘણાં નાણાં ઉપજશે જે દ્વારા તમો સમાજ-ઉપયોગી કાર્યો કરી શકશો. સોન ચકલીની વિચિત્રવાણી સાંભળી બાબા દંગ રહી ગયાં. અન્ય પંખીઓ પણ તે સોન ચકલીને આશ્ચર્યપૂર્વક જોઈ રહ્યાં. થોડીવાર 'સોન ચકલી' એ પોતાનાં સુંદર પીંછા ખંખેર્યાં. અને... અને.. તે સાથે જ વૃક્ષ નીચે સોનામહોરનો ઢગલો થઈ ગયો.

ફકીરબાબાએ તે 'સોન ચકલી'નો આદેશ શીરોમાન્ય રાખતાં તેમણે સોનામહોરને ખભે રાખેલ ફાળીયામાં ભરી લીધી. બાદમાં તે 'સોન ચકલી' સામે સ્નેહરભરી આંખે જોઈને તે શુભકાર્યો શરું કરવાં માટે આગળ ચાલતાં થયાં. સોન ચકલી ફકીરબાબાને અંતરથી આશિર્વાદ આપતી તે વધું તપ, લોકકલ્યાણમાં હિતાર્થે હિમાલય તરફ ઉડવાં લાગી. જ્યારે અન્ય પંખીઓ દિગમૂઢસા બની ગયાં.

જ્યારે આ તરફ તે ફકીરબાબાએ સોના મહોરને બજારમાં વેચી તેમાંથી ઉપજેલ નાણાંને તેણે જુદાં જુદાં ગ્રામ્ય વિસ્તારોમાં લોક કલ્યાણનાં કાર્યો શરુ કર્યા. જેમાં પ્રથમ જ્ઞાન આપતી શિક્ષણ સંસ્થાઓ, સાર્વજનિક પુસ્તકાલયો, બાગ-બગીચાઓ, ધર્મશાળાઓ, ચબૂતરાઓ, પાણીનાં પરબો વગેરે બંધાવ્યાં. આ જોઈ દૂર હિમાલયમાં તપ કરી રહેલ સોન ચકલી તે ફકીરબાબાને અંતરથી આશિર્વાદ આપવાં લાગી.

❒



## ૪૦. બીરજું પોપટ

એક વિશાળ આંબાનાં વૃક્ષ ઉપર બીરજું નામનો એક પોપટ રહેતો હતો. તે બીરજું પોપટ કેરીઓનો ભારે બગાડ કરતો હતો. આથી તે આંબાનું વૃક્ષ બીરજું પોપટ ઉપર ભારે રોષ કરતું હતું.

એક વખત એક પારધી તે આંબાનાં વૃક્ષની નીચે આવી ચડ્યો. સહસા બીરજું પોપટથી પારધી ઉપર એક કાચી કેરી જઈ પડી. બસ, ખલાસ? તે પારધી ગુસ્સે થઈ ઉઠ્યો. અને પછી ત્રાડ પાડી ઉઠ્યો. અરે ઓ પોપટડાં, તું તારા મનમાં શું સમજે છે હેં? આમ બોલી તેણે ખભેથી બાણ ઉતારી, ઝડપથી તેણે તે પોપટ ઉપર તીર છોડ્યું. તે સાથે જ બીરજું પોપટ ઘાયલ થઈ ઉઠ્યો. જ્યારે તે પારધી પોતાનો ગુસ્સો ખાલી કરીને જતો રહ્યો. બીરજું

પોપટની દયાનક સ્થિતિ નિહાળી તે આંબાનાં વૃક્ષને ખૂબ જ દુઃખ થયું. બાદમાં તેણે તે બીરજું પોપટને ઉપાડી તેની સારવાર કરી. આ જોઈ બીરજું પોપટની આંખો ભરાઈ આવી. હા, અપકાર ઉપર ઉપકાર તે આનું નામ કહેવાય હોં. મિત્રો, તમો પણ આંબાનાં વૃક્ષ જેવો જ સ્વભાવ કેળવશો. બરોબર ને...?

❐



## ૪૧. કમળ અને વાંસળી

એક સરોવર હતું. તે સરોવરમાં એક અતિ સુંદર મઝાનું કમળ રહેતું હતું. તે કમળ પાસે એક સુવર્ણ વાંસળી હતી. જેમાંથી તે કમળ મીઠાં મધ શૂરોમાં સંગીત રેલાવતું હતું. આથી સરોવર આસ પાસ વસતાં પશુ-પંખીઓ સંગીત સાંભળીને ડોલી જ ઉઠતાં હતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. તે કમળ પોતાની વાંસળીમાંથી મીઠાં શૂરો રેલાવી રહ્યુ હતું. બરોબર આવા સમયે એક પારધી ફરતો ફરતો તે સરોવર ઉપર આવી ચડ્યો. અને પછી તેનાં કાન ઉપર કમળની વાંસળીનાં મીઠાં શૂરો અથડાતાં જ તે ઘડીભર સંગીત સાંભળવાં લાગ્યો. બાદમાં તેનાં કપટી દિમાગમાં તે સુવર્ણ વાંસળીને ઉપાડી જવાનાં વિચારોનાં ઘોડાપુર

ઉમટવાં લાગ્યાં.

આ તરફ તે પ્રકૃતિ-પ્રેમી કમળ પોતાની સંગીતની મસ્તીમાં મીઠાં શૂરો રેલાવી રહ્યું હતું. પૃથ્વી ઉપર અંધકારનાં ઓળાં ઉતરી આવતાં જ તે કમળે પોતાની સુવર્ણ વાંસળીને પોતાની પાંખડીઓમાં મૂકીને તે ઉંઘી ગયું. જ્યારે દૂર અંધકારમાં આંખો મીંચીને કપટભર્યા વિચારો કરતો પારધી ધીરે રહી સરોવરમાં ઉતર્યો. હા, તેને આજે ને તે કમળ પાસેની સુવર્ણ વાંસળીને હાથ કરવી હતી હોં.

તે પારધી સરોવરમાં અવાજ ન થાય તેમ તે કમળની નજદીક ને નજદીક સરકતો હતો. અને વિચારતો હતો કે જો આજે આ સુવર્ણ વાંસળી હાથમાં આવી જાય ને તો તો પછી તે જાદુઈ સુવર્ણ વાંસળીનાં બદલામાં અઢળક નાણાં કમાઈ શકાશે હોં. આમ વિચારતો તે આગળને આગળ વધી રહ્યો હતો. સહસા તે સરોવરમાં રહેતી એક વિશાળ કદની વ્હેલ માછલીની નજર તે સરોવરમાં આગળ વધી રહેલ એવાં પારધી ઉપર પડી. બસ, ખલાસ? વ્હેલ માછલી પછી કંઈ જ રાહ જુએ તેમ હતી હેં? તે સડસડાટ કરતી પારધીની પાછળ સરકવાં લાગી. અને.. અને.. તે પારધી હર્ષાવેશમાં આવીને કમળની પાંખડીઓને ખોલવાં ગયો તે સાથે જ વ્હેલ માછલીએ પાછળથી આવીને તે પારધીનો એક પગ પોતાનાં જડબામાં લઈને તેને સરોવરમાં ખેંચવાં લાગી.

અચાનક પોતાનાં એક પગ ઉપર આ રીતે આક્રમણ



થતાં જ તે પારધી તો ચોંકી જ ઉઠ્યો. તેણે આવી કશી કલ્પનાં કરેલ નહીં કે આમ એકાએક પોતાની ઉપર આક્રમણ થશે. બાદમાં તે પોતાનો પગ બચાવવાં માટે પાણીમાં કૂદકાં મારવાં લાગ્યો. પરંતુ વિશાળ વ્હેલ માછલી પાસે તેનું કશું ચાલે ખરું કે? અને.. અને.. અંતે પારધીની આંખો પસ્તાવાંથી દ્રવી ઉઠી. તેને હવે પોતાની ભૂલ સમજાઈ ગઈ હતી કે કોઈની અમાનત લેવાય નહીં હોં. આ જોઈ વ્હેલ માછલીને તેની દયા આવી. અને તે પારધીને મુક્ત કર્યો. તે સાથે જ પારધી કમળની માફી માંગતો સરોવરમાંથી નીકળીને દૂર દૂર ચાલ્યો ગયો. આમ, સરોવરમાં કમળ સુવર્ણ વાંસળીમાંથી નિત્ય સંગીત રેલાવવાં લાગ્યું.

❐

## ૪૨. શિવલીંગની પૂજા

એક વન હતું. તે વનમાં અનેક પ્રકારનાં પશુ-પંખીઓ રહેતાં હતાં. જેમાં ખાસ કરીને સિંહ, વાઘ, વરુ, હાથી, સસલાં, વાંદરા, મોર, ઢેલ, હોલા-હોલી, બગલા, બતકા વગેરેનો સમાવેશ થતો હતો.

તે વનમાં એક સુવર્ણ મોર પણ રહેતો હતો. જેનો સ્વભાવ ખૂબ જ પરોપકારી, ભક્તિમય હતો. તે મોરનાં ધ્યાનમાં એક શિવલીંગ આવ્યું. આથી તેણે તે શિવલીંગને એક બિલીપત્રનાં વૃક્ષ નીચે સ્થાપનાં કરી તે મોર રોજ શિવલીંગની પૂજા-અર્ચના કરવાં લાગ્યો. હા, તે મોર વહેલી સવારે ઉઠી, શિવલીંગને સ્નાન કરાવી, ફળ-ફૂલો તોડી લાવી શિવલીંગને ધરતો અને પછી તે શિવલીંગનું ધ્યાન ધરવાં લાગી જતો હતો.



સુવર્ણ મોરની આવી ભક્તિ જોઈ વનનાં પશુ-પંખીઓ તેની ઉપર હસવાં લાગી જતાં. શિયાળ તો બોલી ઉઠતું. અરે મિત્રો, જુઓ જુઓ આ મોરલાંને ભક્તિ સાગરમાં ડૂબતો હોં કે? કેવો મારો બેટો તે સુવર્ણ મોરલો ભક્તિનું નાટક કરે છે હે? ખોટી પૂજા કરી ફળો લઈને તે ખાવા બેસી જશે શું? પરંતુ સુવર્ણ મોર કોઈનું કશું જ ખોટું લગાડતો નહીં. તે તો પોતાનાં કાર્યમાં જ મગ્ન રહેવાં લાગ્યો. એક વખત શિયાળ, વરું વગેરે રાત્રીનાં સમયે તે શિવલીંગને ઉઠાવી જવાં માટે આવી પહોંચ્યાં. ત્યારે તે સુવર્ણ મોર થોડે દૂર ઉપર ઉંચા વૃક્ષ ઉપરની એક ડાળીએ જઈને સૂતો હતો. જ્યારે લુચ્ચાં વરુ, શિયાળ વગેરે તે શિવલીંગને ઉઠાવવાં ગયાં. અને.. અને.. તે સાથે જ તે બધાં શિવલીંગને ચોંટી જ ગયાં. આ જોઈ તે બધાં લુચ્ચાં પ્રાણીઓ ચોંકી જ ઉઠ્યાં. તેઓને આવી કશી જ કલ્પનાં કરેલ નહીં કે આમ, એકાએક તેઓએ ચોંટી જશે. તેઓએ શિવલીંગથી દૂર ખસવાં માટે ઘણાં પ્રયત્ન કર્યા. પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. બાદમાં તેઓ નિસહાય દશામાં તે શિવલીંગને ચોંટી જ રહ્યાં.

સવાર પડતાં જ સુવર્ણ મોર તેમજ તે વનનાં અન્ય પ્રાણીઓ જાગ્યાં. અને પછી તેઓએ શિવલીંગ પાસે આવીને શું જોયું? હા, શિયાળ, વરું વગેરેને શિવલીંગ સાથે ચોંટી ગયેલ જોયાં. તેમજ તેઓનાં ઉજાગરા સભર, દયામણાં ચહેરાં જોઈ તેઓ બધાં પેટ પકડીને હસવાં લાગ્યાં. આ સાંભળી તે ચોંટેલાં શિયાળ, વરું વગેરેનાં ચહેરાં કાળાભઠ્ઠ થઈ ઉઠ્યાં. તેઓએ

જીવનમાં આવો કડવો ઘુંટડો તો ક્યારેય ભરવો પડ્યો નહોતો હોં. ત્યારબાદ તેઓ બધાંએ મનોમન નક્કી કર્યું કે આજ પછી કોઈની મશ્કરી કે ઈર્ષા ક્યારેય કરવી નહીં. અને.. અને.. તે સંકલ્પ સાથે જ તેઓ બધાં શિવલીંગથી છૂટા પડી ગયાં. આ જોઈ તેઓની આંખો પશ્ચાતાપથી ઉભરાઈ આવી. બાદમાં તેઓ સુવર્ણ મોરની અંતરથી માફી માંગતાં ત્યાંથી દૂર દૂર ચાલ્યાં ગયાં.

પુનઃ તે સુવર્ણ મોર શિવલીંગની પૂજા, અર્ચનાનાં કાર્યમાં ગુંથાઈ ગયો. આ જોઈ ભગવાન શિવ તે સુવર્ણ મોરને અંતરથી આશિર્વાદ આપવાં લાગ્યાં.

❒



## ૪૩. ડોલી અને પોપટ

એક બાગ હતો. તે બાગમાં આંબાનું એક વિશાળ વૃક્ષ હતું. પરંતુ તે આંબાનાં વૃક્ષ ઉપર એક પણ કેરી ઉગતી નહીં. આથી તે બાગમાં રહેલ અન્ય વૃક્ષો તે આંબાનાં વૃક્ષની ખૂબ જ મશ્કરી, કટાક્ષ પણ કરતાં અને કહેતાં. અરે ઓ આંબાનાં વૃક્ષ, તારા શરીર ઉપર તો ભરસીઝનમાં પણ એક પણ કેરી ઉગતી નથી. માટે તારું જીવન તો વ્યર્થ જ ગયું કહેવાય શું? આ સાંભળી આંબાનાં વૃક્ષની આંખોમાં દુઃખનાં અશ્રુઓ ઉભરાઈ આવતાં હતાં. અને તે મનોમન ઈશ્વરને પ્રાર્થનાં કરવાં લાગતું. હે ઈશ્વર, શા માટે મારી ઉત્પત્તિ તે કરી છે? શું મારે આમ ને આમ અન્ય વૃક્ષોનાં મહેણાં-ટોણાં જ જીંદગીભર સાંભળવાં પડશે.

પરંતુ ઈશ્વરનાં દરબારમાં દેર છે, પરંતુ અંધેર નથી હોં.

જે મુજબ એક દિવસ તે બાગમાં એક ફૂલ જેવી નાની છોકરી કે જેનું નામ હતું ડોલી. તે ડોલી ફરતી ફરતી તે બાગમાં આવી ચડી. અને પછી આંબાનાં વૃક્ષની પ્રદક્ષિણા કરવાં લાગી. આ જોઈ અન્ય વૃક્ષો ડોલીની ઉપેક્ષા કરતાં ખડખડાટ કરતાં હસવાં લાગ્યાં. કડવો લીમડો બોલી ઉઠ્યો. અરે ઓ બોઘી છોકરી, તું આ આંબાનાં વૃક્ષની પ્રદક્ષિણા શા માટે કરે છે? આંબાનાં વૃક્ષનાં શરીર ઉપર તો એક પણ કેરી નથી હોં. જ્યારે અમારા શરીર ઉપર તો નાળિયેર, ચીકુડી, સંતરા, પપૈયા, કેળાં વગેરેનો મબલખ ફાલ લહેરાઈ રહ્યો છે. માટે આ આંબાનાં વૃક્ષની પ્રદક્ષિણા મૂક પડતી અને અમારા તરફ આવીને અમને વિનંતી કરે એટલે અમે બધાં તને મબલખ ફળો આપીએ શું?

પણ ડોલી તો આંબાનાં વૃક્ષની પ્રદક્ષિણામાં જ રત રહી. અને.. અને.. જેમ જેમ તે ડોલી આંબાનાં વૃક્ષનાં ફરતે ફરતી રહી તેમ તેમ તે આંબાનાં વૃક્ષનાં શરીરમાંથી કોઈ નવસંચાર ચેતનાં જાગ્રત થઈ અને પછી થોડીવારમાં તો તે આંબાનાં વૃક્ષ ઉપર કેરીઓનો ફાલ ઉભરાવાં લાગ્યો. આ જોઈ અન્ય વૃક્ષોની આંખો ચાર થઈ ઉઠી. ઘડીભર તો તેઓને તેમની આંખો ઉપર વિશ્વાસ જ ન રહ્યો હોં. આમ, તે આંબાનું વૃક્ષ સંપૂર્ણપણે કેરીઓથી છલકાઈ જ ઉઠ્યું. હોં. આ જોઈ આંબાનાં વૃક્ષની આંખોમાં હર્ષ, સ્નેહનાં આંસુઓ છલકાવાં લાગ્યાં. અને.. અને.. થોડીવારમાં તો ક્યાંકથી ઉડતું ઉડતું એક પોપટનું ટોળું આવીને આંબાનાં વૃક્ષ ઉપર બેસીને મીઠાં ગીતો સાથે આનંદ કિલ્લોલ



કરવાં લાગ્યું. આથી તો અન્ય વૃક્ષોનાં પેટમાં તેલ રેડાવાં લાગ્યું. અને પછી તેઓને પણ અંતરથી તે આંબાનાં વૃક્ષની મશ્કરી, ઠેકડી ઉડાડવાં બદલ પસ્તાવો થવાં લાગ્યો. જ્યારે ડોલી અને આંબાનાં વૃક્ષ ઉપરનાં પોપટો ગેલ ગમ્મત સાથે અંતાક્ષરી રમવાં ઉપર ઉતરી આવ્યાં. આ જોઈ આંબાનું વૃક્ષ ડોલીને અંતરથી આશિર્વાદ આપવાં લાગ્યું.

બોધ :- મિત્રો, જીવનમાં ક્યારેય પણ કોઈની ઠેકડી, મશ્કરી કરવી જોઈએ નહીં. કેમ, બરોબરને...?

❐

# ૪૪. હાથી અને બુલબુલ

એક સુંદર મઝાનો ફળ-ફૂલોથી ઉભરાતો એવો બાગ હતો. તે બાગમાં એક અતિ સુંદર મઝાનું બુલ બુલ પોતાનાં માળામાં રહેતું હતું. તે બુલબુલને ગાવાનો ખૂબ જ શોખ હતો. સાંજ પડે અને તેનાં કોકિલ કંઠમાંથી મીઠાં ગીતો હવામાં ગુંજવાં લાગી જતાં હતાં. તે બુલબુલનાં મીઠાં ગીતો સાંભળી બાગનાં ફળ-ફૂલો પણ આનંદથી ઝૂમી ઉઠતાં હતાં. અને તેઓનો વિકાસ પણ ખૂબ જ થતો હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમુધુર, આહ્લાદક સમય હતો. બાગનાં ફળ-ફૂલો આનંદપૂર્વક ઝુમી રહ્યાં હતા. જ્યારે તે બુલબુલ આંબાની ડાળે બેઠું બેઠું કલાત્મક ગીત ગાઈ રહ્યું હતું. બરોબર આવા સયમે ક્યાંકથી ફરતો ફરતો એક વિશાળ



કદનો હાથી તે બાગમાં આવી ચડ્યો. અને પછી તે બાગનાં ફળ-ફૂલોને ઝુમતાં જોઈ તેનાં દિમાગમાં ગુસ્સો ઉભરાવાં લાગ્યો. બાદમાં તે બાગનાં ફળ-ફૂલોને પોતાની સૂંઢ વડે તે તોડવાં લાગ્યો. આથી તે બાગનાં ફળ-ફૂલો તો ધ્રુજી જ ઉઠ્યાં. અને પછી તેઓ આક્રંદ કરવાં લાગ્યાં.

એક વિશાળ કદનાં હાથીને આ રીતે હરકત કરતાં જોઈ બુલબુલને ખૂબ જ દુઃખ થયું. ત્યારબાદ તે બુલબુલ વિનમ્ર સ્વરે હાથીને ઉદ્દેશીને બોલ્યું. હે ગજરાજજી, શા માટે તમે આ નિર્દોષ એવાં ફળ-ફૂલોને હેરાન-પરેશાન કરો છો હેં? તેઓએ તમારું તે શું બગાડ્યું છે હેં? પરંતુ આ તો મદથી છલકાતો હાથી હતો. તેણે સામી ત્રાડ પાડી. અરે ઓ બુલબુલીયાં, તું તારે ગીતડાં ગાય કરને શું? અન્યથા તને તો હું ચપટીમાં જ ચોળી નાંખીશ શું? બસ, ખલાસ? બુલબુલને લાગ્યું કે આ હાથીને થોડો ‘સબક’ શિખવાડવો જ પડશે. બાદમાં તેણે પોતાનાં કંઠમાંથી વિચિત્ર અવાજ, ગીતો કાઢ્યાં. જે સાંભળી હાથીનાં પગ હતાં ત્યાંને ત્યાં જ ચોંટી ગયાં. આથી તે હાથી તો ભડકી જ ઉઠ્યો. તેણે આવી કશી જ કલ્પનાં કરેલ નહીં. ધીરે ધીરે હાથીનું ગુમાન, જુસ્સો ઓગળવાં લાગ્યાં. અને ત્યારબાદ તેની આંખોમાંથી પસ્તાવાનાં ઝરણાંઓ ઉભરાવાં લાગ્યાં. આ જોઈ તે બુલબુલને તેની દયા આવી. તે સાથે જ હાથીનાં પગ હરવાં ફરવાં લાગ્યાં. અને પછી તે ફળ-ફૂલોની માફી માંગતો ત્યાંથી પસ્તાવાં સાથે ચાલ્યો ગયો.

તે સાથે જ ફળ-ફૂલોએ તે બુલબુલની જય બોલાવી.

પુનઃ તે બુલ બુલ પોતાનાં કંઠમાંથી મીઠાં ગીતોને હવામાં મૂકવાં લાગ્યું.

*'ગીતો ગાઉં, ફળ-ફૂલો ખાઉં, મસ્ત ગગનમાં ઉડવાં જાઉ,*
*ઈશ્વરનાં દરબારમાં જાઉ, સ્નેહવર્ષા વરસાઉ, ગીતો ગાઉં'*

❒



## ૪૫. સરોવર કાંઠે હાથી રમે

સુંદર સરોવરનાં કાંઠે કેટલાંક નયનાકર્ષક એવાં હાથીઓનું એક ઝુંડ કબડ્ડી કબડ્ડીની રમતો રમી રહ્યું હતું. અન્ય પ્રેક્ષકોમાં જંગલનાં પ્રાણીઓ પણ આ રમતને રસપૂર્વક નિહાળી રહ્યાં હતાં. સિંહરાજા પણ આ અદ્‌ભૂત રમતને મન ભરીને માણી રહ્યાં હતાં. સામ સામે છ-છ હાથીઓ લંબચોરસ પટ્ટા પાડીને વચ્ચે લાઈન દોરીને એક બીજાની લાઈન ક્રોસ કરવાં મથી રહ્યાં હતાં. આવી સુંદર શારિરીક કસરત થાય તેવી રમત ખરેખર દરેક જગાએ રમાય તેવી ઈચ્છા સિંહરાજાની હતી. આવી રમતથી તો શરીર તંદુરસ્ત રહે. ભાઈચારા-મિત્રતામાં વધારો પણ થાય. આથી સિંહરાજાએ ખાસ આયોજન કરીને ફક્ત હાથીઓ વચ્ચે જ રમત રમાય કે જેથી અન્ય પ્રાણીઓને પણ મન થઈ આવે.

એક પછી એક હાથીઓ એક બીજાને હંફાવી રહ્યાં હતાં. શરીર ઉપરથી પરસેવાનાં રેલાંઓ ઉતરી રહ્યાં હતાં. દરેક પ્રાણીઓ પણ આવી સુંદર રમતને મનભરીને માણી રહ્યાં હતાં. બરોબર આવા સમયે કેટલાંક જંગલી, આદીવાસીઓ હાથીઓને પકડવાં માટે સરોવર કાંઠે ધસી આવ્યાં. અને પછી એક સામટાં આટલાં બધાં હાથીઓને જોઈ તેઓ આનંદથી ઉછળવાં લાગ્યાં. બાદમાં તેઓ તેમની પાસે રહેલ તીક્ષ્ણ ભાલાઓને લઈ હાથીઓ ઉપર તૂટી જ પડ્યાં. આ જોઈ સિંહરાજા તો ક્રોધથી ફૂંફાડાં જ મારવાં લાગ્યાં. અન્ય પ્રાણીઓ પણ તે લુચ્ચાં આદિવાસીઓ ઉપર ગુસ્સે ભરાઈ ઉઠ્યાં. બસ, પછી તો પૂછવું જ શું હેં? સિંહરાજાએ તો ક્રોધથી આદેશ કર્યો. પ્રાણી મિત્રો, આ લુચ્ચાં આદિવાસીઓ ઉપર તૂટી જ પડો. અને.. અને.. પછી ત્યાં આગળ થયું ભયંકર યુધ્ધ હોં. આદિવાસીઓ ભાલા લઈને તૂટી પડ્યાં. જ્યારે સિંહરાજા તેમજ અન્ય પ્રાણીઓ તેમનાં તીક્ષ્ણ નખો, દાંતોથી તે આદિવાસીઓ ઉપર હુમલો કરવાં લાગ્યાં.

અને.. અને.. અંતે આદિવાસીઓ એક પછી એક ઘવાવાં લાગ્યાં. એક સામટાં વિશાળ સંખ્યામાં પ્રાણીઓ આદિવાસીઓ ઉપર તૂટી પડતાં જ તેઓ બધાં ઘવાતાં પાછા હઠવાં લાગ્યાં. તેઓને હવે પોતાની ભૂલ સમજાઈ ચૂકી હતી કે આ બધાં પ્રાણીઓમાં એક સંપ હોવાથી તેઓ આ હાથીઓને ક્યારેય પકડી શકશે નહીં. આથી તેઓ ત્યાંથી દુમ દબાવીને ભાગી ગયાં. તે સાથે જ ત્યાં આગળ આનંદ છવાઈ ગયો. સિંહરાજાની જય



બોલાવાં લાગી.

આમ, તે બધાં પ્રાણીઓમાં એક સંપ, સાથ, સહકારથી જ તેઓ બધાંની જીત થઈ હતી હોં. તો મિત્રો, આપણાં બધામાં પણ ભાઈચારો, એક સંપ અને સહકાર તો હોવો જ જોઈએ હોં.

❐

## ૪૬. રમત રમાડે હાથી

એક વિશાળ જંગલ હતું. તે જંગલમાં એક ભીમકાય હાથી રહેતો હતો. તે હાથી કોઈ ગાઢ વિચારમાં અટવાઈ ગયો હતો. હા, તેનાં દિમાગમાં આ જંગલમાં રહેતાં પશુ-પંખીઓ પાસેથી પોતાનું ધાર્યુ કરાવવાની ઈચ્છા હતી. સહસા તે હાથી ઊભો થઈને થોડે દૂર ઉપર આવેલ એક મોટી ગુફા પાસે પહોંચી ગયો. તે ગુફા ખૂબ જ વિશાળ, લાંબી અને અંધકારથી ભરેલ હતી. અંદર તો કોઈનાં જવાની ઈચ્છા જ થાય તેમ નહોતી. પરંતુ આ ભીમકાય, ભડવીર હાથી હતો. તે અંધકાર ભરી ગુફામાં પહોંચી ગયો. પછી અંદર જઈ તે ચિત્ર-વિચિત્ર અવાજો કરવાં લાગ્યો. જેનાં પડઘા ચારે દિશામાં ઉઠવાં લાગ્યાં. આ જોઈ તે હાથી આનંદિત થઈ ઉઠ્યો. અને પછી તેણે પોતાની યોજનાં અમલમાં



મૂકી. જે મુજબ તે ગુફામાં છુપાઈને જોર-શોરથી ચિત્ર-વિચિત્ર અવાજો કાઢવાં લાગ્યો.

એકાએક જંગલની ગુફામાંથી ઉઠતાં ચિત્ર-વિચિત્ર અવાજોની ભયંકરતાં જોઈ જંગલમાં રહેતાં પશુ-પંખીઓ તો ડરનાં માર્યા ધ્રુજવાં જ લાગ્યાં. તેઓએ આવા ડરામણાં અવાજો ક્યારેય સાંભળ્યાં નહોતાં હોં. જંગલનાં સિંહરાજાએ એક દિવસ સભા ભરી. અને પછી આવાં ડરામણાં અવાજો વિશે વિગતે ચર્ચાઓ કરી. નાનાં નાનાં પશુ-પંખીઓ તો તો જંગલ છોડીને દૂર દૂર જતાં પણ રહ્યાં. પરંતુ અન્ય પશુ-પંખીઓ ક્યાં જાય હેં. સિંહ રાજા બોલ્યાં. મિત્રો, આવાં બિહામણાં અવાજો આપણે કોઈએ પણ ક્યારેય સાંભળ્યાં નહોતાં. અને આમ એકાએક આ અવાજો શા માટે આવતાં હશે. માટે આપણે બધાં ભેગાં મળીને તે ગુફા પાસે જરૂરથી જવું જ જોઈએ. જેથી આ ડરામણાં અવાજનો કોઈ ઉકેલ મળી શકે.

આમ, સિંહરાજાની આગેવાની હેઠળ અન્ય પશુ-પંખીઓ ડરતાં ડરતાં તે વિશાળ ગુફા પાસે આવી પહોંચ્યાં. ગુફામાં છુપાયેલ હાથી પશુ-પંખીઓનાં પગનાં અવાજો સાંભળીને તે વિચિત્રવાણીમાં બોલવાં લાગ્યો. અરે ઓ નાપાકો, તમો મારી ગુફા પાસે ખાલી હાથે કેમ આવ્યા છો હેં. આ સાંભળી સિંહરાજા સાથે અન્ય પશુ-પંખીઓ તો દંગ જ રહી ગયાં. પછી ધીરે રહી સિંહરાજા બોલ્યાં. હે ગુફાદેવ, તમો અમારાં ઉપર શા માટે ક્રોધીત થયાં છો? બીજું, તમારે જોઈએ છે શું? આ સાંભળી પુનઃ હાથી

વિચિત્ર અવાજે બોલ્યો. હે નાપાકો, મારે રોજ તાજા-માઝા ફળો જોઈએ છે. માટે તમો આ ગુફા પાસે રોજ ફળોનો ટોપલો ભરીને મૂકી જશો તો જ હું શાંત થઈશ અને તમો બધાંને શાંતિ મળશે. અન્યથાં હું ગર્જનાઓ કરતો જ રહીશ શું?

બસ, તે જ દિવસથી સિંહરાજાએ દરેક પશુ-પંખીઓને હુકમ કર્યો કે ગમે ત્યાંથી પણ ફળનો ટોપલો ભરીને બિનચૂક આ ગુફા પાસે મૂકી જ આવવાનો રહેશે.

પરંતુ કુદરતનાં દરબારમાં દેર છે અંધેર નથી હોં. અસત્યનો ભાંડો તો ક્યારેક ને ક્યારેક ફૂટતો જ હોય છે બરોબર ને? જે મુજબ એક દિવસ સિંહરાજાને વિચાર આવ્યો કે શું આ ગુફા કંઈ ફળો ખાતી હશે? નક્કી આ ગુફાની અંદર કોઈક તો હોવું જ જોઈએ. ત્યારબાદ સિંહરાજાએ એક દિવસ ફળનો ટોપલો મૂકાવીને તે એક દૂર ઘેઘુર વડનાં વૃક્ષ પાછળ છુપાઈને તે ગુફા તરફ આંખો ખેંચીને જોવાં લાગ્યો. અને.. અને.. થોડીવાર થઈ હશે કે તે ગુફામાંથી એક ભીમકાય હાથી બહાર દબાતાં પગલે નીકળ્યો. આ જોઈ સિંહ રાજા તો દંગ જ રહી ગયાં. અને મનોમન બોલી જ ઉઠ્યાં. ધત તારીની. તો આ ગુફામાંથી આ બેવળો હાથી તેમને બધાંને હુકમ કરતો હતો કેમ? તો બચ્ચાં કાલે સવારે તારી વાત છે. બાદમાં સિંહરાજા ત્યાંથી ચાલ્યાં ગયાં.

આ તરફ ગુફામાં રહેલ ભીમકાય હાથી ફળો ખાઈ ખાઈને અલમસ્ત બની ગયો હતો. તેને તો હવે આ ગુફા ખૂબ જ માફક આવી ગઈ હતી. તેને પોતાની તીક્ષ્ણબુધ્ધિ ઉપર ખૂબ જ માન



થયું. સવાર પડતાં જ સિંહરાજાએ બધાં પશુ-પંખીઓને ભેગાં કર્યાં. અને પછી ગઈ કાલ વાળી વાત બધાંને કરી. જે સાંભળી દરેકનાં ચહેરાં ક્રોધથી લાલઘૂમ થઈ ઉઠ્યાં. અને પછી તેઓ બધાં તે ગુફા તરફ ચાલવાં લાગ્યાં. સૌથી આગળ સિંહરાજા હતાં હોં. ગુફા પાસે આવી સિંહરાજાએ ત્રાડ પાડી. અરે ઓ કપટી હાથીડાં, ચાલ જોઉં, બહાર આવ તો? અચાનક બહારથી પોતાનાં નામની બૂમ સાંભળી હાથી તો ઘડીભર ધ્રુજી જ ઉઠ્યો. તેને લાગ્યું કે શું પોતાનો ભાંડો ફૂટી ગયો છે કે શું? ત્યારબાદ તે લપાતો છુપાતો સ્હેજ બહાર આવ્યો. અને.. અને... બહાર આવીને તેણે શું જોયું? હા, બહાર વિશાળ સંખ્યામાં પશુ-પંખીઓને ક્રોધથી થર થરતાં જોઈ તેનાં તો મોતિયાં જ મરી ગયાં. ત્યારબાદ તે પોતાની ભૂલ સ્વીકારતો પસ્તાવાં સાથે બહાર આવ્યો. અને સીધો જ તે સિંહરાજાનાં પગલાં પડી તે માફી માંગવાં લાગ્યો.

કેટલાંય પશુ-પંખીઓએ તે ભીમકાય હાથીને મેથીપાક પણ આપ્યો. ત્યારબાદ સિંહરાજાએ તે ભીમકાય હાથીને જીવનલક્ષી બોધપ્રદ ઉપદેશ આપ્યો. અને દરેક પશુ-પંખીઓની માફી માંગવાં પણ કહ્યું. તે હાથીએ દરેક પશુ-પંખીઓની ખરાં હૃદયે માફી પણ માંગી. અને પછી તે હાથી પસ્તાવા સાથે ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો. ત્યારબાદ તે જંગલમાં તદ્દન શાંતિ સ્થપાઈ ગઈ. અને સિંહરાજાની વાહ વાહ બોલાવાં લાગી. મિત્રો, અગાઉ કહ્યું તેમ કુદરતનાં દરબારમાં દેર છે, અંધેર નથી બરોબર ને...?

❒

## ૪૭. પચરંગી માછલી અને કમળ

એક સરોવર હતું. તે સરોવરમાં રંગ-બે-રંગી માછલીઓ ખૂબ જ સ્નેહ, સંપ તેમજ આનંદપૂર્વક રહેતી હતી.

તે સરોવરમાં એક કમળ પણ રહેતું હતું. જે ખૂબ જ પરોપકારી, માયાળું અને લાગણીશીલ પ્રકૃતિનું હતું. સરોવરમાં રહેતી રંગ-બે-રંગી માછલીઓ તે કમળ પાસેથી અદ્‌ભૂત જ્ઞાન મેળવતી હતી.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. સરોવરમાં જ્ઞાની કમળનાં સાનિધ્યમાં રહી રંગ-બે-રંગી માછલીઓ અદ્‌ભૂત જ્ઞાન મેળવી રહી હતી. સહસા તે જ્ઞાની કમળનાં મનોજગતમાં ખળભળાટ મચી ગયો. તેને લાગ્યું કે આ નિર્દોષ, પ્રકૃતિ-પ્રેમી એવી રંગ-બે-રંગી માછલીઓને જાળમાં સપડાવવાં માટે કોઈ એક માછીમાર આ તરફ આવી રહ્યો છે. આથી તે જ્ઞાની કમળ ચોંકી ઉઠ્યું. બાદમાં તે બૂમ પાડી ઉઠ્યું. મિત્રો, તમો તુરંત આ



સરોવરનાં તળીયે ચાલ્યાં જાવ. કારણ કે એક લુચ્ચો માછીમાર તમોને 'જાળ' માં પકડવાં માટે આ તરફ ધસમસતો આવી રહ્યો છે. હોં.

જ્ઞાની કમળની સાચી સલાહ અને પરોપકારની ભાવનાભરી વાણી સાંભળી ઘડીભર તો રંગ-બે-રંગી માછલીઓ ધ્રુજી જ ઉઠી હોં. બાદમાં તેઓ બધી પચરંગી માછલીની આગેવાની હેઠળ સરોવરનાં તળીયે ચાલી ગઈ.

જ્યારે આ તરફ તે માછીમાર હરખભેર, ઉત્સાહથી સરોવર ઉપર આવ્યો. તેને આજ આ સરોવર ઉપરથી અસંખ્ય એવી રંગ-બે-રંગી માછલીઓને પકડીને લઈ જવાની ઈચ્છા હતી. બાદમાં તેણે સરોવરમાં 'જાળ' નાંખી અને તેનો એક છેડો તેણે પકડી રાખ્યો. અને માછલીઓને જાળમાં ફસાવવાની તે રાહ જોવાં લાગ્યો. પરંતુ પૃથ્વી ઉપર અંધકારનાં ઓળાં ઉતરી આવ્યાં. ત્યાં સુધીમાં એક પણ માછલી તેની જાળમાં ફસાણી નહીં. આથી તે નિરાશ થતો તેમજ પગ પછાડતો ત્યાંથી જાળ લઈને ચાલ્યો ગયો. આ જોઈ તે કમળને નિરાંત થઈ બાદમાં તેણે બધી જ માછલીઓને સરોવર ઉપર આવી જવાનું કહ્યું. આ સાંભળી બધી જ રંગ-બે-રંગી માછલીઓ ઉપર આવીને તે જ્ઞાની કમળનો અંતરથી આભાર માન્યો. આ સાંભળી કમળ બોલી ઉઠ્યું. મિત્રો, આમાં આભાર માનવાનો ન હોય હોં. અને આમ તે જ્ઞાની કમળનાં સાનિધ્યમાં રહી રંગ-બે-રંગી માછલીઓ જ્ઞાન સંપાદન કરતી ગઈ. આ જોઈ તે સરોવર ડોલી ઉઠ્યું.

## ૪૮. પોપટ ખીજાણો વાંદરો રીસાણો

એક સરોવર હતું. તે સરોવરમાં રંગ-બે-રંગી માછલીઓ રહેતી હતી. તે સરોવર કાંઠે એક આંબાનું વૃક્ષ પણ હતું. તે વૃક્ષ ઉપર એક અટકચાળો વાંદરો રહેતો હતો. આંબાનાં વૃક્ષ ઉપરની કાચી કેરીઓ તોડી તોડીને તે રંગ-બે-રંગી માછલીઓ ઉપર તેનો પ્રહાર કરતો હતો. આથી તે સરોવરની માછલીઓ વાંદરા ઉપર ગુસ્સે થઈ ઉઠતી હતી. પરંતુ વધુ તો તેઓ કરી પણ શું શકે?

એક દિવસની વાત છે. સંધ્યાનો મધુર, આહ્લાદક સમય હતો. ચારે તરફ ખૂશનુમાં વાતાવરણ હતું. સરોવરની માછલીઓ આનંદભેર સરોવરમાં વાર્તાલાપો કરી રહી હતી. કે આંબાનાં વૃક્ષ ઉપર રહેતો વાંદરો કાચી કેરીઓ તોડી તોડીને તે માછલીઓ ઉપર તેનો પ્રહાર કરી તેમને હેરાન-પરેશાન કરવાં લાગ્યો. આથી સરોવરની માછલીઓ અતિ દુઃખી થઈ ઉઠી.



બરોબર આવા સમયે ક્યાંકથી ઉડતો ઉડતો એક સુંદર મઝાનો પોપટ આવીને તે આંબાનાં વૃક્ષની ડાળીને જોઈને બેઠો. હા, તે પોપટનું રુપ પણ દિવ્ય, ભવ્ય હતું હોં. બાદમાં તેની નજર માછલીઓને હેરાન-પરેશાન કરી રહેલ વાંદરા ઉપર પડી. આથી તેને થોડું દુઃખ થયું. બાદમાં તે બોલ્યો. મિત્ર વાંદરાજી, તમો શા માટે તે નિર્દોષ માછલીઓને હેરાન-પરેશાન કરો છો હેં? તેઓએ તમારું તે શું બગાડ્યું છે?

અચાનક એક પોપટની કડવી, સત્યમય વાણી સાંભળી વાંદરો ઘડીભર નારાજ થઈ ગયો. રીસાઈ ઉઠ્યો. બાદમાં તે ગુસ્સાથી ગર્જી ઉઠ્યો. અરે ઓ પોપટડાં, તું તારું કામ કરને? શું કામને અમારી વાતમાં ‘ટાંગ’ અડાડે છે? આ સાંભળી પોપટ વાંદરા ઉપર ગુસ્સે થઈ ઉઠ્યો. બાદમાં તે જોસપૂર્વક આંબાનાં વૃક્ષની ડાળીઓને હચમચાવવાં લાગ્યો. આથી તે વાંદરો ઘડીભર ધ્રુજી ઉઠ્યો. તેણે આવી કશી જ કલ્પનાં કરેલ નહીં. બાદમાં તે પોતાનું સમતોલપણું ગુમાવતાં ‘ભફાંગ’ કરતો સરોવરમાં જઈ પડ્યો. બસ, ખલાસ? સરોવરની માછલીઓ તો આવી અણમોલ ‘તક’ની રાહ જ જોઈ રહી હતી. જેવો વાંદરો સરોવરમાં ખાબક્યો તે સાથે જ રંગ-બે-રંગી માછલીઓ તેનાં ઉપર તૂટી પડી હોં.

અને આમ, તે સરોવરની માછલીઓએ વાંદરાને બરોબરનો ‘પાઠ’ ભણાવ્યો. બાદમાં તે વાંદરો તણાતો તણાતો સરોવરનાં પાણીમાં ખેંચાઈ ગયો. ત્યારબાદ તે પોપટ અને સરોવરની માછલીઓ વચ્ચે મિત્રતા બંધાઈ ગઈ.

## ૪૯. ઝરુખે પોપટ

ચોમાસાની ભવ્ય, આહ્‌લાદક ઋતું હતી. પરંતુ રાજા વિક્રમસિંહનાં રાજ્યમાં મેઘરાજા આવવાનું નામ જ નહોતાં લેતાં. આથી રાજા વિક્રમસિંહની ચિંતાઓનો કોઈ પાર નહોતો રહ્યો. લોકો, પશુ-પંખીઓ પાણી વગર દર-બ-દર ભટકી રહ્યાં હતાં. નદી-નાળાં, સરોવરો સુકાઈને સાંઠીકા જેવાં બની ગયાં હતાં. ખેતીવાડી સુકી ભઠ બની ગઈ હતી. રાજા વિક્રમસિંહે વરસાદ, મેઘરાજાને રીઝવવાનાં અનેક ઉપાયો કર્યા હતાં. અનેક હોમ-હવનો કર્યા. જ્યોતિષીઓની, પંડીતોની સલાહ સૂચનાંઓ લીધી હતી. પરંતુ કેમેય કરીને મેઘરાજા પૃથ્વી ઉપર વરસવાનું નામ નહોતાં લેતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર, આહ્‌લાદક



સમય હતો. આવા સમયે રાજા વિક્રમસિંહ મહેલમાં આવેલ ઝરુખામાં બેઠાં બેઠાં ચિંતાઓ કરી રહ્યાં હતાં. કે અચાનક ક્યાંકથી ઉડતો ઉડતો એક અતિ સુંદર મઝાનો એવો જ્ઞાની પોપટ ઝરુખે આવીને બેઠો. અને પછી તે રાજા વિક્રમસિંહનાં ચહેરાનું અવલોકન કરવાં લાગ્યો. થોડીવાર રહી તે પોપટ બોલ્યો. હે મહારાજ, તમો શેની ચિંતા કરો છો? તમો તો આ પ્રજાની ભલાઈ માટે દિન-રાત કામ કરી રહ્યાં છો? તો તમોને શેની ઉપાધી છે?

અચાનક એક પોપટની વિચિત્રવાણી સાંભળી ઘડીભર રાજા વિક્રમસિંહ ચોંકી ઉઠ્યાં. બાદમાં તેઓ બોલ્યાં. હે પોપટજી, જુઓને આ મેઘરાજા અમારા બધાંથી રીસાણાં છે તે પૃથ્વી ઉપર આવવાનું નામ જ લેતાં નથી ને? આથી અમો ખૂબ જ ચિંતિત છીએ? રાજા વિક્રમસિંહની દર્દભરી વાણીથી તે પોપટને પણ લાગી આવ્યું. બાદમાં તે કશુંક વિચારતો થોડીવાર ધ્યાનસ્થ સ્થિતિમાં સરી ગયો. ત્યારે તેનાં ચહેરાની આસપાસ એક વીજળીક વર્તુળ છવાઈ ગયું. અને તે વર્તુળનાં સૂક્ષ્મ કિરણો નીકળીને આકાશનાં વાદળાંઓ તરફ જેટ ગતિએ જવાં લાગ્યો. આ જોઈ રાજા વિક્રમસિંહ ઉભાં થઈ ગયાં. અને તે સૂક્ષ્મ વર્તુળોને જોવાં લાગ્યાં. બસ, ખલાસ? તે સૂક્ષ્મ વર્તુળ જેવાં આકાશનાં વાદળાંઓને અથડાયાં તે સાથે જ આકાશમાં એક ભયંકર વીજળી થઈ. અને.. અને.. જોતજોતામાં તો આકાશમાંથી અનરાધાર વર્ષા શરું થઈ અને.. અને.. જોત જોતામાં તો પૃથ્વી ઉપર પાણીની રેલમછેલ થઈ ઉઠી. નદી-નાળાં સરોવરો છલકાવાં લાગ્યાં. આવો અદ્‌ભૂત

ચમત્કાર નિહાળી રાજા વિક્રમસિંહની આંખો હર્ષથી છલકાઈ ઉઠી. અને તેઓ તે પોપટને મનોમન વંદી રહ્યો. બાદમાં તે પોપટ ચાલ્યો ગયો.

❒



## ૫૦. પીંછા વગરનો મોર

એક સુંદર મઝાનું વન હતું. તે વનમાં આવેલ એક વિશાળ રંગ-બે-રંગી ફૂલોથી ઉભરાતાં એવાં ગુલમહોરનાં વૃક્ષ ઉપર અસંખ્ય સંખ્યામાં પંખીઓ રહેતાં હતાં. તે પંખીઓમાં મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, સુગરી, બપૈયા વગેરેનો સમાવેશ થતો હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. ચારે તરફ ખૂશ્નુમાં વાતાવરણ હતું. ગુલમહોરોનાં વૃક્ષ ઉપર પંખીઓ આનંદ-કિલ્લોલ કરી રહ્યાં હતાં. બરોબર આવા સમયે ક્યાંકથી એક 'પીંછા વગરનો મોર' ત્યાં આવી ચડ્યો. અને પછી તે ધીરે રહીને ગુલમહોરનાં વૃક્ષે ચડવાં લાગ્યો. આ જોઈ ગુલમહોરનાં વૃક્ષ ઉપર રહેતાં પંખીઓ તેની મશ્કરી કરવાં લાગ્યાં. અરે જુઓ

જુઓ આ અદ્‌ભૂત મોર ને? મારા બેટાં કેવાં સરસ મઝાનાં પીંછાઓ તે ધરાવે છે હેં? આમ, તે બધાં પંખીઓ પીંછા વગરનાં મોરની મશ્કરી કરવાં લાગ્યાં. કાળો કાગડો તો તે પીંછા વગરનાં મોરની અતિ મશ્કરી કરવાં લાગ્યો. અહો, જુઓ જુઓ, આ સોનેરી મોર આપણાં બધાં માટે વિદેશથી કંઈ કેટલીયે આઈટમો લઈ આવ્યો છે હોં?

આમ, તે નિર્દોષ પીંછા વગરનો મોર મશ્કરીનો ભોગ બનવાં લાગ્યો. આથી ઘડીભર તો તે મોર દુઃખી દુઃખી થઈ ઉઠ્યો. બાદમાં તેણે પોતાનું અસલ, અલૌકિક રુપ ધારણ કર્યું. જે મુજબ તે થોડીવાર ધ્યાનસ્થ સ્થિતિમાં સરી ગયો. અન્ય પંખીઓ તે પીંછા વગરનાં મોરને આ રીતે ધ્યાનસ્થ સ્થિતિમાં બેઠેલો જોઈ રહ્યાં. અને.. અને.. ધીરે ધીરે તે પીંછા વગરનાં મોરમાં અલૌકિક શક્તિ, રુપ, તેજ આવતાં ગયાં. ધીરે ધીરે તે મોરનાં સુવર્ણ પીંછા આવવાં લાગ્યાં. રુપ, શક્તિ વધવાં લાગ્યાં. અને.. અને.. થોડીવારમાં તો મોરનું રુપ ચારે દિશામાં ઝાગારા મારવાં લાગ્યું. આ જોઈ પંખીઓ તો 'દંગ' રહી ગયાં. તેઓએ આવી કશી જ કલ્પનાંએ કરેલ નહીં કે આમ એકાએક પીંછા વગરનાં મોરમાં આવી અદ્‌ભૂત શક્તિભરી પડી હશે? બાદમાં તે બધાં પંખીઓ શરમનાં માર્યા દિવ્ય મોરને આંખો ફાડી ફાડીને જોઈ જ રહ્યાં. તેઓને હવે તે મોરની મશ્કરી કરવાં બદલ અંતરથી પસ્તાવો પણ થવાં લાગ્યો.

ત્યારબાદ તે બધાં પંખીઓ 'દિવ્ય મોર' ની માફી માંગવાં



લાગ્યાં. અને બોલી ઊઠ્યાં. હે મોરજી, ખરેખર અમે બધાંએ તમારી મશ્કરી કરીને તમારું જે અપમાન કરેલ તે બદલ અમો બધાં તમારાં ગુનેગાર છીએ હોં. કાળો કાગડો પણ હવે અંતરથી પસ્તાવો કરવાં લાગ્યો. દિવ્ય મોરે આંખો ખોલી. અને પછી બધાં પંખીઓનાં ચહેરાં ઉપર દૃષ્ટિ ફેરવી તો તેને લાગ્યું કે હવે આ બધાં પંખીઓને અંતરથી પસ્તાવો થઈ રહ્યો છે. આથી તેણે તે બધાં પંખીઓને માફી આપી. બાદમાં દિવ્ય મોરે પુનઃ જાદુઈ શક્તિ વડે ત્યાં આગળ ફળોનાં ઢગલાં કરી આપ્યાં. આ જોઈ પુનઃ તે બધાં પંખીઓ આશ્ચર્યચકિત રહી ગયાં. અને.. અને.. તે દિવ્ય મોરનાં પગમાં પડી ગયાં. ત્યારબાદ દિવ્ય મોરે તે બધાં પંખીઓને જીવન ઉપયોગી બોધપ્રદ ઉપદેશ પણ આપ્યો. જે સાંભળી બધાં પંખીઓ ગદ્‌ગદીત થઈ ઉઠ્યાં.

બાદમાં તે દિવ્ય મોર બધાં પંખીઓની રજા લઈ દૂર દૂર ચાલ્યો ગયો. આ જોઈ તે તે બધાં પંખીઓની આંખો ભીની થઈ ઉઠી.

❒

## ૫૧. પારધીનો પસ્તાવો

એક વન હતું. તે વનમાં આવેલ એક વિશાળ આંબાનાં વૃક્ષ ઉપર કેટલાંક રંગ-બે-રંગી પંખીઓ આનંદ કિલ્લોલ કરી રહ્યાં હતાં. તે પંખીઓમાં મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, સુગરી, ચક્રવાક વગેરેનો સમાવેશ થતો હતો.

સંધ્યાનો સુમધુર, આહ્‌લાદક સમય હતો. આંબાનાં વૃક્ષ ઉપર રહેલ પંખીઓ મીઠાં ગીતો ગાઈ રહ્યાં હતાં. બરોબર આવા સમયે એક લુચ્ચો પારધી શિકારની શોધમાં ફરતો ફરતો તે આંબાનાં વૃક્ષ પાસે આવી પહોંચ્યો. અને.. અને.. પછી તેની ચૂંચી નજર આંબાનાં વૃક્ષ ઉપર રહેલ પંખીઓ ઉપર પડી. આ જોઈ તેની આંખોમાં અનેરી ચમક આવી ગઈ. બાદમાં તે પોતાની પાસે રહેલ શિકાર પકડવાની 'જાળ' ને તે ખોલીને દબાતાં પગલે આંબાનાં વૃક્ષ ઉપર ચડવાં લાગ્યો.

જ્યારે આ તરફ તે નિર્દોષ, પ્રકૃતિ-પ્રેમી પંખીઓ આનંદ કિલ્લોલ કરી રહ્યાં હતાં. તેઓએ સ્વપ્નેય કલ્પનાં કરેલ નહીં કે



કોઈ એક લુચ્ચો પારધી તેમને 'જાળ' માં કેદ કરવાં માટે આંબાનાં વૃક્ષ ઉપર ચડતો હશે. પરંતુ તે આંબાનાં વૃક્ષની બખોલમાં એક પરોપકારી એવી ખિસકોલી રહેતી હતી. તેણે જોયું કે આંબાનાં વૃક્ષ ઉપર પંખીઓને પકડવાં માટે એક લુચ્ચો પારધી દબાતાં પગલે ઉપર ચડી રહ્યો છે. આથી તેને તે લુચ્ચાં પારધી ઉપર અતિ ગુસ્સો થઈ આવ્યો. બાદમાં તે દબાતાં પગલે લુચ્ચાં પારધીનાં પગ પાસે પહોંચીને તેણે તે પારધીનાં પગમાં એક જોસથી બચકું ભર્યું.

અચાનક પગ ઉપર તીક્ષ્ણ દાંતો બેસી જતાં જ તે પારધી ચોંકી ઉઠ્યો. અને.. અને.. તે વૃક્ષ ઉપર પોતાનું સમતોલપણું જાળવે તે પહેલાં તો તે વૃક્ષ ઉપરથી 'ભફાંગ' કરતો નીચે જમીન ઉપર પછડાયો. આથી તેનાં માથામાં ફૂટ પડી ગઈ. અને ત્યાંથી લોહીની ધારાઓ વહેવાં લાગી. આ જોઈ વૃક્ષ ઉપર રહેલ પંખીઓ તો આશ્ચર્યચકિત રહી ગયાં. તેઓએ જોયું કે લુચ્ચો પારધી તેમને પકડવાં માટે આવતો હતો. આથી દરમાં રહેલ પરોપકારી ખિસકોલીએ તે લુચ્ચાં પારધીનાં પગમાં જોસપૂર્વક બચકું ભર્યું હશે. અને આથી જ તે પારધી વૃક્ષ ઉપરથી હબાકા સાથે નીચે પટકાયો હશે.

બાદમાં તે બધાં પંખીઓએ પરોપકારી ખિસકોલીનો અંતરથી આભાર માન્યો. જ્યારે તે પારધી પસ્તાવો કરતો ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો.

❐

## પર. કમળ અને પોપટ

એક સરોવર હતું. તે સરોવરમાં અતિ સુંદર મઝાનું સુવર્ણ કમળ પોતાની નૈસર્ગિક અદામાં રહી તરી રહ્યું હતું.

સંધ્યાનો સુમધુર, ખૂશ્નુમાં સમય હતો. સરોવરમાં સુવર્ણ કમળ મસ્તીપૂર્વક તરી રહ્યું હતું. બરોબર આવા સમયે ક્યાંકથી એક પોપટ ઉડતો ઉડતો તે સરોવર ઉપર પાણી પીવાનાં ઉદ્દેશ્ય સાથે આવી ચડ્યો. અચાનક પાણી પીતાં પીતાં તેની નજર સરોવર વચ્ચે આલીશાન પૂર્વક તરી રહેલ એવાં સુવર્ણ કમળ ઉપર પડી. આથી તે પોપટ પાણી પીને તે સુવર્ણ કમળ પાસે જઈને બોલ્યો. હે સુવર્ણ કમળજી, ખરેખર તમારું આ રુપ, રંગ ખરેખર કાબીલેદાદ છે હોં. કુદરતે પણ તમને છુટા હાથે આવું રુપ, રંગ આપ્યાં છે હોં.



પોપટની પ્રશંસા સાંભળી ઘડીભર તે સુવર્ણ કમળ રાજી થઈ ઉઠ્યું. બાદમાં તે બોલ્યું. હે પોપટજી, કુદરતે મને રંગ, રુપ સાથે જ્ઞાન પણ આપ્યું છે હોં. મારી પાસે વિશ્વભરનું જ્ઞાન છે. મારાથી સામેથી તો તમને કહેવાય નહીં. આ તો મને અંતરથી થયું કે તમો કલાનાં કદરદાન છો એટલે કહું છું. આ સાંભળી પોપટને વધું આશ્ચર્ય થયું. બાદમાં તે સુવર્ણ કમળ અને પોપટ પાકા મિત્રો બની ગયાં.

એક વખત તે સરોવરમાં સુવર્ણ કમળ ધ્યાનસ્થ સ્થિતિમાં સરી ગયું હતું. આવા સમયે કાંઠા ઉપર એક લુચ્ચું શિયાળ પાણી પીવાં માટે આવ્યું. બાદમાં તેની ચૂંચી નજર સરોવર વચ્ચે રહેલ સુવર્ણ કમળ ઉપર પડી. આથી તે સુવર્ણ કમળને હાથ કરવાં માટે દબાતાં પગલે તે સરોવરમાં ઉતર્યું. અને તે આગળ વધવાં લાગ્યું. મનોમન તે વિચારી રહ્યું હતું કે આજે જો આ સુવર્ણ કમળ હાથમાં આવી જાય ને તો તો કામ થઈ જાય હોં.

બરોબર આવા સમયે સુવર્ણ કમળનો મિત્ર પોપટ સરોવર ઉપર પાણી પીવાં માટે આવ્યો અને.. અને.. ત્યાં આગળ આવીને તેણે શું જોયું. હા, એક લુચ્ચું શિયાળ સુવર્ણ કમળને હાથ કરવાં માટે આગળ વધતું હતું. આથી તે પોપટ તુરંત તેનાં મિત્ર સુવર્ણ કમળને બચાવવાં માટે કાંઠા ઉપરથી પથ્થરો ઉપાડી ઉપાડીને લુચ્ચાં શિયાળ ઉપર તેનો પ્રહાર કરવાં લાગ્યો. અચાનક માથા ઉપર, પીઠ ઉપર પથ્થરોનો વરસાદ થતાં જ તે લુચ્ચું શિયાળ સરોવરમાંથી નીકળી દાંત ભીંસતું જંગલ તરફ ચાલ્યું ગયું. સુવર્ણ કમળે જ્યારે

જાણ્યું કે તેનાં મિત્ર પોપટે તેનો જીવ બચાવ્યો છે. આથી તે પોપટનો આભાર માનવાં લાગ્યું. અને આમ તે બંન્ને વધુ ગાઢ મિત્રતાં કરતાં ગયાં.

❒



## ૫૩. અદ્‌ભૂત બુલબુલ

એક વિશાળ ગુલમહોરનું વૃક્ષ હતું. તે વૃક્ષ ઉપર રંગ-બેરંગી પંખીઓ રહેતાં હતાં. જેમાં ખાસ કરીને મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, સુગરી, બપૈયા વગેરે હતાં. પરંતુ તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર એક પણ ફૂલ ઉગતાં નહીં. આથી તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર રહેતાં પંખીઓમાં આથી નિરાશા વ્યાપી ગઈ હતી.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. ચારે તરફ ખૂશ્નુમાં વાતાવરણ હતું. ગુલમહોરનાં વૃક્ષ ઉપર રહેતાં પંખીઓ એકબીજાને પરાણે વાતો કરતાં હતાં. સહસા એક અતિ સુંદર મઝાનું સુવર્ણ બુલબુલ ક્યાંકથી ઉડતું ઉડતું આવીને તે ગુલમહોરનાં વૃક્ષે જઈને બેઠું. અને પછી તે મીઠાં મધ જેવાં સ્વરે ગીતો ગાવાં

લાગ્યું.

અચાનક એક સુંદર મઝાનાં બુલબુલને અને તે પણ સુવર્ણ બુલબુલને આ રીતે ગુલમહોરનાં વૃક્ષ ઉપર આવેલ જોઈ તેમજ તેનાં કંઠેથી મીઠાં ગીતો ગવાતાં સાંભળી પંખીઓ તો આશ્ચર્યચકિત રહી ગયાં. અને પછી તેઓ બધાં વિચારવાં લાગ્યાં કે આવું સુંદર મઝાનું સુવર્ણ બુલબુલ આ ફૂલ વગરનાં ગુલમહોરનાં વૃક્ષ ઉપર શા માટે આવ્યું હશે હેં?

પુનઃ તે પંખીઓને વળી એક બીજો આંચકો લાગ્યો. હા, તે બધાં પંખીઓ જ્યાં આગળ બેઠાં હતાં ત્યાં આગળ અને તે ડાળી ઉપર રંગ-બે-રંગી તેમજ અતિ સુગંધી ફૂલો ઉગવાં લાગ્યાં. આ જોઈ તે બધાં પંખીઓ તો 'દંગ' જ રહી ગયાં હોં. હા, આ બધો પ્રતાપ તે સુવર્ણ બુલ બુલનાં મીઠાં ગીતોનાં કારણે જ થયો હતો હોં. હા, તે સુવર્ણ બુલબુલ જેમ જેમ મીઠાં ગીતો ગાતું ગયું તેમ તેમ તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર રંગ-બે-રંગી, સુગંધી ફૂલોનો ફાલ લહેરાવાં માંડ્યો. આ જોઈ તે પંખીઓમાં હર્ષ ઉત્સાહ વ્યાપી ગયો. બાદમાં તેઓ બધાં તે સુવર્ણ બુલબુલનો અંતરથી આભાર માનવાં લાગ્યાં.

સુવર્ણ બુલબુલે જોયું કે ગુલમહોરનાં વૃક્ષ ઉપર મબલખ, સુગંધી ફૂલોનો ફાલ લહેરાઈ ઉઠ્યો છે. આથી તેણે ગીતો ગાવાનું બંધ કર્યું. બધાં જ પંખીઓ તેને ઘેરી વળ્યાં. અને તેમનો આભાર માનવાં લાગ્યાં. સુવર્ણ બુલબુલ બોલ્યું. મિત્રો, આજથી તમો આ ગુલમહોરનાં વૃક્ષનું જતન કરશો ને તો તો આ ગુલમહોરનું



વૃક્ષ તમોને દુનિયાભરનાં સુગંધી ફૂલો આપ્યાં જ કરશે હોં. આટલું બોલી તે સુવર્ણ બુલ બુલ હિમાલય તરફ 'તપ' કરવાં માટે ચાલ્યું ગયું. આ જોઈ તે બધાં પંખીઓ તેમને સ્નેહભરી આંખોએ જોઈ જ રહ્યાં હોં.

ત્યારબાદ તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર રહેતાં પંખીઓ ગુલમહોરની બરોબરની માવજત, દેખભાળ રાખવાં લાગ્યાં. જેનાં બદલામાં ગુલમહોરનાં વૃક્ષે અઢળક ફૂલો આપ્યાં હોં.

❐

## ૫૪. મોર અને શિયાળ

એક વન હતું. તે વનમાં આવેલ એક વિશાળ ગુલમહોરનાં વૃક્ષ નીચે એક અતિ સુંદર મઝાનો મોર પોતાનાં સપ્તરંગી પીંછાને ફેલાવીને શાસ્ત્રીય નૃત્ય કરી રહ્યો હતો.

બરોબર આવા સમયે ત્યાં આગળથી એક લુચ્ચું શિયાળ પસાર થયું. અને.. અને.. તેની ચૂંચી, ફાંગી નજર નૃત્ય કરી રહેલ એવાં મોર ઉપર પડી. બસ, ખલાસ? મોરનાં સપ્તરંગી પીંછાને જોઈ તેનાં મનોજગતમાં તે પીંછાને લઈ લેવાનાં વિચારો ઉદ્દ્ભવવાં લાગ્યાં. બાદમાં તે દબાતાં પગલે મોરની પાછળ પહોંચી ગયો. અને.. અને.. તે મોર જાગ્રત થાય કે ત્યાંથી ભાગવાં જાય તે પહેલાં તો લુચ્ચાં શિયાળે ઝપટ મારી તેનાં બધાં જ પીંછા ખેંચી કાઢ્યાં અને પછી તે પીંછાને લઈ ત્યાંથી ભાગી ગયો. જ્યારે તે



મોર દુ:ખ, દર્દ સાથે ત્યાં આગળ ફસડાઈ પડ્યો.

લુચ્ચું શિયાળ પીંછાને લઈ દૂર ચાલ્યો ગયો. બાદમાં તેણે તે પીંછાને પોતાની પીઠ ઉપર લગાડી એક પગે નૃત્ય કરવાં લાગ્યો. આસપાસનાં વૃક્ષ ઉપર રહેલ પંખીઓ ઉપર તે પોતાનો પ્રભાવ પાડવાં લાગ્યો. પરંતુ તે બધાં જ પંખીઓ તેની ઉપર કટાક્ષતાથી હસવાં લાગ્યાં. આ જોઈ લુચ્ચું શિયાળ છંછેડાઈ ગયું. અને વધું ને વધું તે ઠેકડાનૃત્ય કરવાં લાગ્યું.

જ્યારે આ તરફ તે મોર દુ:ખ સાથે એક તરફ બેઠો હતો કે ત્યાં આગળથી એક ભીમકાય હાથી પસાર થયો. તેણે જોયું તો એક નિર્દોષ મોર અસહાય દશામાં દુ:ખી થતો બેઠો હતો. આથી તે હાથીને તેની તરફ લાગણી થઈ આવી. બાદમાં તે મોર પાસે ગયો. અને પછી તેનાં દુ:ખનું કારણ જાણ્યું. આથી તે હાથી પણ લુચ્ચાં શિયાળ ઉપર ગુસ્સે થઈ ઉઠ્યો. અને સીધો જ તે લુચ્ચાં શિયાળને શોધવાં માટે ચાલી નીકળ્યો.

આ બાજું તે શિયાળ મોરનાં પીંછાને પોતાની પીઠ ઉપર લગાવીને 'ઠેકડા નૃત્ય' કરી રહ્યો હતો કે અચાનક તેના ગળા ફરતે કોઈની સૂંઢે ભરડો લીધો. અને.. અને.. તે સાથે જ તે શિયાળનું 'ઠેકડા નૃત્ય' અટકી ગયું. અને પછી પાછળ ફરીને જોયું તો તો એક ભીમકાય હાથીને જોઈ તેનાં તો મોતીયાં જ મરી ગયાં. તેની તો 'હવા' જ નીકળી ગઈ હોં. અને.. અને.. તે બે હાથ જોડી માફી માંગવાં લાગ્યો. આથી હાથીને તેની દયા આવી. અને બાદમાં તેની પાસેથી મોરનાં પીંછાને લઈ લીધાં. સાથમાં

તેણે શિયાળને ધમકી પણ આપી કે જો આજ પછી કોઈ પણ મોરનાં પીંછાં ખેંચ્યાં છે ને તો તો પછી તારી ખેર નથી હોં. આમ તે શિયાળ બાદમાં સુધરી ગયું. જ્યારે હાથીએ તે પીંછાને પુનઃ મોરને પરત આપ્યાં. આથી તે મોર હાથીનો અંતરથી આભાર માનવાં લાગ્યો.

અને આમ, તે 'મોર અને હાથી' પાકા મિત્રો બની ગયાં. આ જોઈ તે ગુલમહોરનું વૃક્ષ તેમનાં ઉપર રંગ-બે-રંગી પુષ્પો વેરવાં લાગ્યું.

❒



## ૫૫. હાથી અને પોપટ

એક સુંદર મઝાનું વન હતું. તે વનમાં અનેક પ્રકારનાં પશુ-પંખીઓ રહેતાં હતાં. જેમાં સિંહ, વાઘ, વરુ, હાથી, હરણાં, સસલાં, વાંદરા, મોર, બગલાં, બતકા, વગેરેનો સમાવેશ થતો હતો.

તે વનમાં રહેતાં એક હાથીને સખત અને ભયંકર 'ભૂખ' લાગી હતી. આથી તે ચારે તરફ ખોરાકની શોધમાં નીકળ્યો હતો. સહસા એક આંબાનાં વૃક્ષ ઉપર રહેલ પોપટ તેની નજરે ચડ્યો. આથી તે આંબાનાં વૃક્ષ પાસે જઈ પોપટને વિનંતી ભર્યા સ્વરે કહ્યું. હે પોપટજી, મને સખત ભૂખ લાગી છે. તો મને આંબાનાં વૃક્ષ ઉપર રહેલ થોડીક મધ-મીઠી કેરીઓ ખાવા માટે આપશો કે?

અચાનક એક ભીમકાય હાથીને આ રીતે કરગરતાં જોઈ પોપટને તેની દયા આવી. બાદમાં તેણે આંબાનાં વૃક્ષ ઉપરથી પાકી પાકી કેરીઓ તોડી તોડીને હાથીને ખાવાં માટે આપી. જે હાથીને ખૂબ જ મીઠી તેમજ સંતોષપ્રદ લાગી. હાથી કેરીઓ ખાઈને પોપટનો આભાર માની તે ચાલતો થયો.

થોડાં દિવસો બાદ એક વખત આંબાનાં વૃક્ષ ઉપર રહેલ તે દયાળું પોપટ ઉંઘી રહ્યો હતો. બરોબર આવા સમયે એક લુચ્ચો શિકારી પંખીઓને પકડવાં માટે ફરતો ફરતો તે આંબાનાં વૃક્ષ પાસે આવી ચડ્યો. અને.. અને.. તે દયાળું તેમજ ઉંઘી રહેલ એવાં પોપટ ઉપર તેની ચૂંચી નજર પડી. આ જોઈ તેની આંખોમાં અનેરી ચમક આવી ગઈ. બાદમાં તે દબાતાં પગલે આંબાનાં વૃક્ષ ઉપર ચડી તેણે તે પોપટને પોતાનાં મજબૂત પંજામાં પકડી લીધો.

અચાનક આ રીતે શિકારીનાં પંજામાં ફસાઈ જવાથી તે નિર્દોષ પોપટ ફફડવાં લાગ્યો. તેણે આવી કશી જ કલ્પનાં કરેલ નહીં કે પોતે આ રીતે શિકારીનાં પંજામાં ફસાઈ જશે. બાદમાં તે શિકારીને વિનંતીઓ કરવાં લાગ્યો. હે શિકારીભાઈ, શા માટે મને કેદ કરીને લઈ જાવ છો હેં? મેં તમારું તે શું બગાડ્યું છે હેં? પરંતુ આ તો ધંધાદારી શિકારી હતો. તેણે પોપટની એક પણ વાત કાને ધરી નહીં. તે તો પોપટને પકડીને ચાલતો થયો. અને.. અને.. તે શિકારી હજું થોડે જ ગયો હશે કે સામે જ એક ભીમકાય હાથીને ઉભેલ જોઈ તેનાં તો મોતીયાં જ મરી ગયાં. તેણે પણ



આવી કશી જ કલ્પનાંએ કરેલ નહીં કે આમ એકાએક એક ભીમકાય હાથી સામે આવીને ઉભો રહી જશે? બાદમાં તે ભયંકર રીતે ધ્રુજવાં લાગ્યો. અને પછી તેણે તે પોપટને મૂકીને જીવ બચાવવાં ત્યાંથી ભાગ્યો હોં.

અને આમ, તે પોપટ મુક્ત થયો. અને પછી તેણે તે હાથીનો અંતરથી 'જીવ' બચાવવાં બદલ આભાર પણ માન્યો. ત્યારબાદ તે 'હાથી અને પોપટ' પાકા ભાઈબંધ બની ગયાં. આ જોઈ તે આંબાનું વૃક્ષ તે બંન્નેને આશિર્વાદ આપવાં લાગ્યું.

❒

## ૫૬. ઝુલતું કમળ

એક સરોવર હતું. તે સરોવરમાં રંગ-બે-રંગી કમળો સાથે એક ખૂબ જ અદ્‌ભૂત એવું 'ઝુલતું કમળ' પણ હતું. હા, તે કમળ સરોવર ઉપર બસ ઝુલ્યાં જ કરતું હતું. તે ઝુલતાં કમળમાં અદ્‌ભૂત જ્ઞાનશક્તિભર્યા પડ્યાં હતાં. જે સરોવરમાં રહેલ રંગ-બે-રંગી કમળો તેમની પાસેથી અદ્‌ભૂત જ્ઞાન, શિક્ષણ, કલા, કૌશલ્ય બસ શીખતાં જ રહેતાં હતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર અને આહ્‌લાદક સમય હતો. ચારે તરફ ખૂશ્નુમાં વાતાવરણ હતું. સરોવરમાં 'ઝુલતાં કમળ'નાં જ્ઞાનમય સાનિધ્યમાં રહી અન્ય રંગ-બે-રંગી કમળો તેમની પાસેથી ભાષાકીય જ્ઞાનગ્રહણ કરી રહ્યાં હતાં.

બરોબર આવા સમયે એક લુચ્ચો પારધી ફરતો ફરતો તે



સરોવર ઉપર આવી ચડ્યો. અને.. અને.. પછી સરોવર ઉપર રહેલ એવાં 'ઝુલતાં કમળ' ને જોઈ તેની આંખો આશ્ચર્યચકિત રહી ગઈ. તેણે પોતાની જિંદગીમાં આવું અદ્‌ભૂત 'ઝુલતું કમળ' ક્યારેય જોયું નહોતું હોં. આથી ઘડીભર તો તેને હાથ કરવાનાં સ્વપ્નાંઓ ઉભરાવાં લાગ્યાં. ત્યારબાદ તે ધીરે રહી સરોવરમાં ઉતરી તે 'ઝુલતાં કમળ' ની દિશામાં જવાં લાગ્યો.. સાથમાં તે રંગીન કલ્પનાં પણ કરવાં લાગ્યો કે જો આજે આ 'ઝુલતું કમળ' હાથમાં આવી જાય ને તો તો પછી તેનાં બદલામાં તેને મબલખ નાણાં મળશે હોં.

જ્યારે આ તરફ તે 'ઝુલતું કમળ' નિઃસ્વાર્થભાવે 'મા સરસ્વતી દેવી' એ આપેલ શિક્ષણ, જ્ઞાન વગેરે તે રંગ-બે-રંગી કમળોને આપી રહ્યું હતું. સહસા તેનાં દિમાગમાં 'ખતરાં'ની ઘંટડીઓ રણકવાં લાગી. બાદમાં તેણે પાછળ ફરીને જોયું તો એક લુચ્ચો પારધી તેની દિશામાં જ આવી રહ્યો હતો. આથી તે જ્ઞાની કમળ સમજી ગયું નક્કી તે લુચ્ચો પારધી તેને પકડવાં માટે જ આવી રહ્યો છે. બાદમાં તે 'ઝુલતું કમળ' મનોમન મંત્ર ઉચ્ચારવાં લાગ્યું. અને.. અને.. તે સાથે જ તે 'ઝુલતું કમળ' સરોવર ઉપરથી અદશ્ય થઈ ગયું. આ જોઈ લુચ્ચો પારધી તો હેરત પામી ગયો. અને વિચારવાં લાગ્યો કે ઘડી પહેલાં તો 'ઝુલતું કમળ' અહીં હતું. અને અચાનક તે ક્યાં ચાલ્યું ગયું છે હેં? આમ, તે પારધી માથું ખંજવાળવાં લાગ્યો. અને.. અને.. અન્ય રંગ-બે-રંગી કમળો પણ તેમની પાંખડીઓ બીડીને સરોવરમાં ઉતરી ગયાં. ફરી પારધી

ભડકી ઉઠ્યો. પરંતુ વધું કશું તેનાંથી થઈ શકે તેમ નહોતું હોં. બાદમાં તે નિરાશ થતો તેમજ ગુસ્સાથી પગ પછાડતો ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો.

પુનઃ તે 'ઝુલતું કમળ' સરોવર ઉપર આવી પહોંચ્યું. તે સાથે જ સરોવરની અંદરથી રંગ-બે-રંગી કમળો પણ આવી પહોંચ્યાં. અને.. અને.. પછી થઈ જ્ઞાનભરી સફર, શિક્ષણ, કલા, સાહિત્યની હોં. આ જોઈ તે સુંદર સરોવર પણ આનંદથી ઝુમી ઉઠ્યું હોં.

❒



## ૫૭. બાગમાં બુલબુલ

એક સુંદર મઝાનો ફળ-ફૂલોથી ઉભરાતો એવો બાગ હતો. તે બાગમાં રંગ-બે-રંગી પંખીઓ આનંદ-કિલ્લોલ કરી રહ્યાં હતાં. તે પંખીઓમાં ખાસ કરીને મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, સુગરી, બપૈયા વગેરેનો સમાવેશ થતો હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો ખૂશનુમાં સમય હતો. બાગનાં પંખીઓ આનંદ કિલ્લોલ કરી રહ્યાં હતાં. બરોબર આવા સમયે ક્યાંકથી ઉડતો ઉડતો એક વિશાળકાય ગીધ તે બાગમાં આવી ચડ્યો. અને.. અને.. પછી તે બાગમાં ઉભરાતાં, લહેરાતાં ફળ-ફૂલોથી ઉભરાતો બાગ તેણે ક્યારેય જોયો નહોતો હોં. બાદમાં તે બાગમાં રહેલ અને આનંદ કિલ્લોલ કરી રહેલ પંખીઓને જોઈ

તેનું મોઢું બગડી ગયું. અને મનોમન તે વિચારવાં લાગ્યો કે જો આ બાગમાં ફક્ત એકલાની પોતાની જ માલિકી હોય તો કેવું સારું હેં? હા, પોતે આ બાગનો સંપુર્ણ માલિક બની જવાની તે યોજનાં ઘડવાં લાગ્યો. ત્યારબાદ તે ઈર્ષાળું ગીધ ગર્જી ઉઠ્યો. અરે ઓ પંખીડાઓ, તમો આ બાગમાં ઘણાં સમય મઝા કરી લીધી કેમ? તો હવે મને આ બાગની મઝા લુંટવાં ધ્યો અને તમો બધાં આ બાગમાંથી સીધી રીતે નીકળી જાવ શું?

અચાનક એક વિશાળકાય ગીધની આવી કડવી વાણી સાંભળી નિર્દોષ પંખીઓ તો ગભરાઈ ઉઠ્યાં. અને વિચારવાં લાગ્યાં કે આ ગીધ આમ કેમ બોલતો હશે? બીજું આ બાગ છોડીને બધાંએ જવું ક્યાં હેં? સહસા એક મોર બોલ્યો. હે ગીધ મહાશય, અમો આ બાગમાં વર્ષો થયાં રહીએ છીએ. એટલે અમો આ બાગને છોડીને તે કઈ રીતે જઈ શકીએ હેં? બસ, ખલાસ? ગીધનાં ગુસ્સાનો કોઈ પાર ન રહ્યો હોં. તે ગુસ્સાથી બરાડી ઉઠ્યો. અરે ઓ મોરલીનાં, શું આ બગીચા ઉપર તમારા બધાંનું નામ લખ્યું છે હેં? માટે તમો બધાં સીધી રીતે ચાલ્યાં જાવ છો કે હું તમો બધાંને મારી વિશાળ પાંખોમાં પકડીને ઉંચા આકાશેથી નીચે પૃથ્વી તરફ ફંગોળ્યાં કરું? ગીધની ડરામણી ધમકી સાંભળી નાનાં નાનાં પંખીઓ તો ધ્રુજવાં લાગ્યાં. બાદમાં તેઓ બધાં ન છૂટકે તે બાગ છોડવાની તૈયારીઓ કરવાં લાગ્યાં. આ જોઈ તે ગીધ અભિમાનપૂર્વક ખડખડાટ કરતો હસવાં લાગ્યો.

બરોબર આવા સમયે તે બાગમાં એક ટચુકડું બુલબુલ



ક્યાંકથી ઉડતું ઉડતું આવીને આંબાની ડાળીએ જઈને બેઠું. અને પછી તે આસપાસનું દૃશ્ય જોવાં લાગ્યું.

તે ટચુકડાં બુલબુલને લાગ્યું કે આ વિશાળકાય ગીધ નિર્દોષ પંખીઓને તતડાવી રહ્યો છે. થોડીવાર રહી બુલબુલ મોરને ઉદ્દેશીને બોલ્યું. હે મોરજી, તમો બધાં શા માટે ચિંતિત થઈ રહ્યાં છો? આ સાંભળી મોર બોલ્યો. હે બુલબુલજી, અમો આ બાગ છોડીને જઈએ છીએ. આ ગીધ મહાશય અમોને આ બાગ છોડવાની ફરજ પાડી રહ્યો છે. મોરની દુઃખભરી વાણી સાંભળી બુલબુલને લાગ્યું. આ ગીધને મારે થોડો સમજાવવો પડશે હોં? આથી તે બુલબુલ ગીધને ઉદ્દેશીને બોલ્યું. હે ગીધજી, તમો શા માટે આ નિર્દોષ પંખીઓને આ બાગ છોડવાની ફરજ પાડો છો હેં? તેઓએ તમારું તે શું બગાડ્યું છે હેં?

ટચુકડા બુલબુલની વાત સાંભળી ગીધ તો ભડક્યો. અને પછી બરાડી ઉઠ્યો. અરે ઓ બુલબુલીયાં, તું છાનું માનું રહે શું? બધું ચંચૂપાત કરીશ ને તો તને તો એક ફૂંક મારીને જોજનો દૂર ઉડાડી મૂકીશ શું?

બુલબુલને લાગ્યું કે આ અભિમાની ગીધને કશો 'ચમત્કાર' દેખાડવો જ પડશે હોં. અન્યથા તે અનેક નિર્દોષ પંખીઓને હેરાન-પરેશાન કરશે હોં? બાદમાં તે બુલબુલ કશો ગુઢ મંત્ર ઉચ્ચારવાં લાગ્યું. અને.. અને.. તે સાથે જ તે ટચુકડા બુલબુલનું કદ વધવાં લાગ્યું. અને ધીરે ધીરે તે ટચુકડા બુલબુલનું કદ એટલું બધું વિશાળ થઈ ગયું તે તેની સામે તે ગીધનું કદ

વામણું લાગવાં લાગ્યું. આ જોઈ તે ગીધ સાથે પંખીઓ દંગ રહી ગયાં. ઘડીભર તો તેઓનાં માઈનામાં આવ્યું નહીં કે આમ એકાએક ટચુકડા બુલબુલનું કદ આટલું વિશાળ કઈ રીતે થઈ ગયું હશે? ગીધને હવે અંદરથી ભય લાગવાં લાગ્યો કે આ વિશાળ બુલબુલ પાસે પોતાની શક્તિ ખૂબ જ ટૂંકી પડી જશે? તેને હવે સત્યનું 'ભાન' થઈ ચૂક્યું હતું કે આ નિર્દોષ પંખીઓને આ બાગમાંથી તગેડી મૂકવાનાં પોતાનાં ખોટાં નિર્ણય સામે જ કુદરતે આ બુલબુલને અનોખી શક્તિ પ્રદાન કરીને અહીં મોકલ્યું હશે હોં.

બાદમાં તે ગીધ પંખીઓની તેમજ બુલબુલની માફી માંગવાં લાગ્યો. અને બોલ્યો. હે પંખી મિત્રો, ખરેખર હું તમારા બધાંનો ગુનેગાર છું. હું આ બાગ પચાવી પાડવાં માંગતો હતો. જે મારી 'ભૂલ' હતી. તો તે બદલ મને ક્ષમા કરશો? આમ બોલી તે ગીધ અંતરથી પસ્તાવો કરતો ત્યાંથી ચાલ્યો ગયો. તે સાથે જ તે બુલબુલે પુનઃ ગુઢ મંત્ર ને ઉંધો ફેરવ્યો. અને તે બુલબુલ પુનઃ ટચુકડું, નાજુક, નમણું બની ગયું. આ જોઈ પંખીઓ તે બુલબુલનાં પગમાં પડી ગયાં અને તેની 'જય' બોલાવવાં લાગ્યાં.

❒



## ૫૮. સુવર્ણ સરોવરની માછલીઓ

વારાણસીની પાસે જ એક અતિ સુંદર મઝાનું ભવ્ય, નયનાકર્ષક સરોવર આવેલ હતું. તે સરોવર રાત્રીનાં ચંદ્રનાં પ્રકાશમાં સુવર્ણ બની જતું હતું. આથી તે સરોવરની માછલીઓ ચમકી ઉઠતી હતી. અને તેઓ દિવસની જેમ રાત્રીનાં સમયે પણ જોઈ શકતી હતી.

એક દિવસની વાત છે. તે સુવર્ણ સરોવરની ચર્ચાઓ ચારે તરફ થતી હતી. આથી એક લુચ્ચો માછીમાર તે સરોવરની ચમકતી માછલીઓનો શિકાર કરવાં માટે એક મજબૂત 'જાળ' ને લઈને રાત્રીનાં સમયે તે સુવર્ણ સરોવર ઉપર પહોંચી ગયો. અને.. અને.. પછી તેણે પોતાની પાસે રહેલ 'જાળ' ને ખોલીને તેણે તે સરોવરમાં ફેંકી. બાદમાં તે કાંઠા ઉપર બેઠો બેઠો રંગ-બે-રંગી કલ્પનાંઓ કરવાં લાગ્યો. હા, આજે જો આ સરોવરની રંગ-બે-

રંગી માછલીઓ 'જાળ'માં આવી જાય ને તો તો પછી તે બધી જ માછલીઓનાં બદલામાં પોતાને મબલખ નાણાં મળશે હોં. આથી જ તેણે પોતાની પાસે જે કંઈ છેલ્લી રકમ હતી તેની તે સુંદર, મજબૂત 'જાળ' ને ખરીદવામાં નાણાં રોકી દીધાં.

આ તરફ તે સુવર્ણ સરોવરની ચમકતી માછલીઓને કુદરતી સંકેત મળતાં જ તેઓ બધી સાવચેત બની ગઈ. અને જેવી લુચ્ચાં શિકારીની મજબૂત 'જાળ' આવી તે સાથે જ તે બધી જ માછલીઓ એક તરફ સરકી ગઈ. 'જાળ' તળીયે ઘુમરાવાં લાગી. બાદમાં બધી માછલીઓએ ભેગી મળી તેમનાં તીક્ષ્ણ દાંતો વડે તે શિકારીની મજબૂત 'જાળ' ને તોડી-ફોડીને વેરણ છેરણ જ કરી નાંખી હોં. બાદમાં તે બધી માછલીઓ દૂર જતી રહી.

સવાર પડતાં જ લુચ્ચો માછીમાર આનંદીત થતો સરોવરમાં 'જાળ'નાં એક છેડાને પકડીને પોતાની તરફ ખેંચવાં લાગ્યો. પરંતુ આ શું? 'જાળ' નાં તો કટકે કટકા થઈ ગયાં હતાં. આથી તે માછીમાર ઘડીભર તો હબકી જ ગયો. તેણે આવી કશી જ કલ્પનાં કરેલ નહીં કે પોતાની 'જાળ'ની આવી બૂરી દશાં થશે? એક તો 'જાળ'માં એક પણ માછલી આવી નહીં. ઉપરથી પોતાની કિંમતી 'જાળ' તૂટી-ફૂટી જ ગઈ હતી. આથી તે ક્રોધિત થતો. પગ પછાડતો તે સરોવર છોડીને ચાલ્યો ગયો.

પુનઃ તે સરોવરમાં ચમકતી માછલીઓ આનંદ-ઉલ્લાસભેર રહેવાં લાગી.



## ૫૯. કમળ અને શિયાળ

દક્ષિણ આફ્રિકાનાં એક સુંદર સરોવરમાં કેટલાંક રંગ-બે-રંગી કમળો પોતાની અતિ સુંદર પાંખડીઓને ફેલાવીને સમૂહમાં નૃત્ય કરી રહ્યાં હતાં.

સંધ્યાનો સમય હતો. સરોવર પાસેનું વાતાવરણ નૈસર્ગિક, કુદરતી રીતે ખીલી ઉઠ્યું હતું. સરોવરનાં રંગ-બે-રંગી કમળો નૃત્ય-ગાનમાં મશગુલ હતાં. બરોબર આવા સમયે ત્યાં આગળ એક લુચ્ચું શિયાળ પાણી પીવાનાં ઉદ્દેશ્ય સાથે આવી પહોંચ્યું. પાણી પીતાં પીતાં તેની ચૂંચી નજર સરોવર વચ્ચે સમુહમાં નૃત્ય કરી રહેલ એવાં રંગ-બે-રંગી કમળો ઉપર પડી. આથી તેનાં મનોજગતમાં ઈર્ષાનાં ભાવો ઉમટવાં લાગ્યાં. બાદમાં તે દબાતાં પગલે સરોવરમાં ઉતર્યું. અને આગળ ને આગળ તે વધવાં લાગ્યું. હા, તે નિર્દોષ રંગ-બે-રંગી કમળોને લુચ્ચું શિયાળ 'પાઠ'

ભણાવવા માંગતું હતું.

જ્યારે આ તરફ તે રંગ-બે-રંગી કમળો પોતાની નીજી મસ્તીમાં મગ્ન હતાં. સહસા એક ગુલાબી કમળની નજર સામેથી ધસમસી આવતાં એવાં લુચ્ચાં શિયાળ ઉપર પડી. આથી તે તુરંત સમજી ગયું કે નક્કી આ લુચ્ચું શિયાળ તેમને બધાંને હેરાન-પરેશાન કરવાં માટે જ આવી રહ્યું છે. ત્યારબાદ તે ગુલાબી કમળે તેનાં મનની વાત અન્ય સાથી મિત્ર કમળોને કહી. અને.. અને.. તે સાથે જ બધાં રંગ-બે-રંગી કમળોએ પોત-પોતાની પાંખડીઓને વિશાળ કદમાં ફેલાવીને સામેથી ધસમસી આવતાં લુચ્ચાં શિયાળ ઉપર તેનો પ્રહાર કરવાં લાગ્યાં.

અચાનક રંગ-બે-રંગી કમળોની વિશાળ પાંખડીઓનો તીક્ષ્ણ પ્રહાર શરું થતાં જ લુચ્ચું શિયાળ ચોંકી ઉઠ્યું. તેણે આવી કશી જ કલ્પનાં કરેલ નહીં કે આમ એકાએક રંગ-બે-રંગી કમળો તેમની પાંખડીઓને આટલી બધી વિશાળ કદમાં ફેલાવી દેશે. અને.. અને.. લુચ્ચું શિયાળ પાંખડીઓનાં પ્રહારથી બચવાં માટે આમતેમ સરોવરમાં કૂદાકૂદ કરવાં લાગ્યો. તેને હવે પોતાની ‘ભૂલ’ સમજાઈ ચૂકી હતી કે ઈર્ષાનું પરિણામ ક્યારેય સારું આવતું નથી હોં. બાદમાં તે અંતરથી પસ્તાવો કરતું સરોવર છોડીને દૂર દૂર જતું રહ્યું.

પુનઃ તે સરોવરમાં રંગ-બે-રંગી કમળો સમુહમાં, આનંદ, ઉલ્લાસપૂર્વક નૃત્ય-ગાનમાં મશગુલ થઈ ગયાં. આ જોઈ તે સરોવર પણ આનંદથી ડોલી ઉઠ્યું.



## ૬૦. શિયાળ અને બગલો

એક જંગલ હતું. તે જંગલમાં એક લુચ્ચું શિયાળ દરેક પશુ-પંખીઓને હેરાન કરતું હતું. કોઈને ખોટા સમાચાર આપીને તો કોઈને ડર બતાવીને હેરાન-પરેશાન કરતું હતું.

એક દિવસની વાત છે. તે જંગલ પાસેથી એક ઝરણું પસાર થતું હતું. તે ઝરણામાં રંગ-બે-રંગી માછલીઓ રહેતી હતી. તે ઝરણાં પાસે એક બગલો રોજ આવે. પરંતુ તે રંગ-બે-રંગી માછલીનો દુશ્મન નહીં પરંતુ તે તેનો દોસ્ત બની ગયો હતો. અત્યારે તે બગલો રંગ-બે-રંગી માછલીઓને અનોખું, અદ્‌ભૂત જ્ઞાન આપી રહ્યો હતો.

બરોબર આવા સમયે તે જંગલનું લુચ્ચું શિયાળ ફરતું ફરતું તે ઝરણાં પાસે આવી ચડ્યું. અને.. અને.. પછી તેની નજર તે ઝરણાં વચ્ચે બગલાને ઝરણામાં રહેલ રંગ-બે-રંગી માછલીઓને જ્ઞાન આપતાં જોઈ તેની આંખો ચાર થઈ ઉઠી. ઘડીભર તો તેનાં માઈનામાં આવ્યું નહીં કે શું ખરેખર આ બગલો રંગ-બે-રંગી માછલીઓનો મિત્ર હોઈ શકે ખરો કે? બાદમાં તેનાં

કપટી દિમાગમાં વિચાર આવ્યો કે જો આ બગલાને વિશ્વાસમાં લેવામાં આવે ને તો તો પછી રોજ આ ઝરણાંની રંગ-બે-રંગી માછલીઓનો શિકાર 'મફત' માં ખાવા મળે હોં. આમ વિચારી તેણે એક દિવસ તે બગલાનો સંપર્ક કર્યો. અને કહ્યું. અરે ઓ બગલાજી, તમો તે સાવ બુધ્ધું અને ભોળાં છો હોં? આ સાંભળી બગલો બોલ્યો. અરે શિયાળીયાં, હું સાવ ભોળો અને બુધ્ધું છું એટલે તું કહેવાં શું માંગે છે હે?

બસ, ખલાસ? લુચ્ચું શિયાળ બગલાની પોલ ખોલતાં બોલ્યું. બગલાજી, તમો તો ખરેખર રંગ-બે-રંગી માછલીઓનાં શત્રુ કહેવાવો ખરું ને? તો પછી તમો તે ઝરણામાં રહેલ માછલીઓનો શિકાર શા માટે કરતાં નથી હે? બીજું, જુઓને તમારું આ સાવ સાઠીકડા જેવું શરીર? માટે હું તમોને કહું છું કે તમો લાગ જોઈને તે ઝરણાંની રંગ-બે-રંગી માછલીઓનો શિકાર કરતાં જાવ અને મને પણ થોડો લાભ આપતાં જાવ શું? આ સાંભળી બગલો લુચ્ચાં શિયાળની ચાલ સમજી ગયો. બાદમાં તે બોલ્યો. અરે ઓ લુચ્ચાં શિયાળીયાં, તું શું મને તારા જેવો હલકો, લાલચું સમજે છે કે શું? આમ બોલી તે બગલો ઉડીને ઝરણાં વચ્ચે રહેલ તેમની પરમમિત્ર એવી રંગ-બે-રંગી માછલીઓ વચ્ચે પહોંચીને તેમને બોધપ્રદ ઉપદેશ આપવાં લાગ્યો.

આ તરફ તે લુચ્ચું શિયાળ ભોંઠું પડતું તેમજ અંતરથી પસ્તાવો કરતું ત્યાંથી જંગલ તરફ ચાલ્યું ગયું.

❐



## ૬૧. ભોળો સિંહ - કપટી શિયાળ

એક વિશાળ જંગલ હતું. તે જંગલમાં અનેક પ્રકારનાં પશુ-પંખીઓ રહેતાં હતાં. જેમાં ખાસ કરીને સિંહ, વાઘ, વરું, હાથી, સસલાં, શિયાળ, વાંદરા, મોર, બગલા, બતકા વગેરેનો સમાવેશ થતો હતો.

એક વખત તે જંગલમાં રહેતાં એક લુચ્ચાં શિયાળને વિચાર આવ્યો કે આ જંગલનો રાજા સિંહ તો સાવ જ ભોળો છે. એટલે તેનાં ભોળપણનો લાભ આપણે બુધ્ધિશાળી વર્ગએ ઉઠાવવો જ જોઈએ હોં. આમ વિચારી તેણે જંગલનાં એક નાકા પાસે ટોલટેક્ષની એક બારી તેણે ખોલી નાંખી. અને જંગલમાંથી જે કોઈ પશુ-પંખીઓ આવ-જાવ કરે તેનાં ઉપર તેણે ટેક્ષ નાખીને તે શિયાળ દરેક પાસેથી પૈસા વસુલ કરવાં લાગ્યો.

જંગલનાં પશુ-પંખીઓ પ્રથમ તો કશું જ બોલ્યાં વગર તેઓ ટેક્ષ ભરવાં લાગ્યાં. બાદમાં તેઓ બધાંને વિચાર આવ્યો કે આવો ટેક્ષ તો તેઓ તેમની જીંદગીમાં પ્રથમ વખત જ ભરતાં હતાં હોં. બીજું, આવા ટેક્ષ બાબતે જંગલનાં સિંહરાજાએ કશું જ ફરમાન બહાર પાડેલ નહોતું. તો પછી આવો ટેક્ષ કોના તરફથી ઉઘરાવવામાં આવતો હશે હેં? આવો વિચાર આવતાં જ તે બધાં પશુ-પંખીઓ સીધા જ જંગલનાં રાજા સિંહ પાસે પહોંચીને તેઓએ તે ટેક્ષ અંગે વિગતે માહિતી આપી. આ સાંભળી સિંહરાજા પણ ચોંકી ઉઠ્યાં. અને પછી બોલ્યાં. મિત્રો, આવો ટેક્ષ ઉઘરાવવાની મેં મંજૂરી તો નથી આપી. ચાલો મારી સાથે તે શિયાળ પાસે. અને આમ તે બધાં જ પશુ-પંખીઓ સિંહરાજાની આગેવાની હેઠળ ટોલટેક્ષની બારી તરફ ઝડપભેર ચાલવાં લાગ્યાં.

જ્યારે આ તરફ તે લુચ્ચો શિયાળ નિર્દોષ પશુ-પંખીઓનાં ટેક્ષરુપી પૈસા મેળવી આનંદ ચમન ઉજવી રહ્યો હતો. તેને તો આવી પ્રવૃત્તિમાં ખૂબ જ રસ પડતો હતો. અત્યારે તે ટેક્ષબારી પાસે જ બેઠો હતો. અને.. અને.. સામેથી સિંહરાજાને આવતાં જોઈ તે ભયનો માર્યો ધ્રુજવાં લાગ્યો. હા, ગમે તેમ તો પાપ તો છાપરે ચડીને પોકારતું હતું હોં. સિંહરાજાએ આવતાં વેંત જ તેને એક ઉંધા હાથની અડબોથ ઝીંકી દીધી. તે સાથે જ તે શિયાળ ધ્રુસકે ધ્રુસકે રડી ઉઠ્યું. અને માફી માંગતાં બોલી ઉઠ્યું. હે મહારાજ, મને ક્ષમા કરશો. હું ટોલટેક્ષનાં રુપમાં લોકો પાસેથી પૈસા ઉઘરાવતો હતો. આમ તે શિયાળ બેહદ પસ્તાવો કરવાં લાગ્યો.



બાદમાં સિંહરાજાએ તેને તે જંગલમાંથી કાયમને માટે તડીપાર કર્યો. આથી પશુ-પંખીઓ તે સિંહરાજાની ભોળા પરંતુ ન્યાયપ્રિય રાજાની ‘જય’ બોલાવવાં લાગ્યાં.

❒

## ૬૨. પોપટ અને બિરબલ

એક વિશાળ આંબાનાં વૃક્ષ કેટલાંક નયનાકર્ષક એવાં પોપટ આનંદ-કિલ્લોલ કરી રહ્યાં હતાં.

સંધ્યાનો સમય હતો. મીઠી, મધુર હવા ચારે તરફ લહેરાઈ રહી હતી. બરોબર આવા સમયે એક લુચ્ચો પારધી શિકાર કરવાનાં ઉદ્દેશ્ય સાથે ફરતો ફરતો તે આંબાનાં વૃક્ષ પાસે આવી ચડ્યો. અને.. અને.. પછી એક સામટાં આટલાં બધાં તેમજ હૃષ્ટપૃષ્ટ એવાં પોપટોને જોઈ તેની આંખો ચમકી ઉઠી. બાદમાં તે પોતાની પાસે રહેલ શિકાર પકડવાની ‘જાળ’ ને ખોલી દબાતાં પગલે આંબાનાં વૃક્ષ ઉપર ચડવાં લાગ્યો.

આ તરફ પ્રકૃતિપ્રેમી પોપટો આનંદ-કિલ્લોલ કરી રહ્યાં હતાં. તેઓએ તો સ્વપ્નેય કલ્પનાં કરેલ નહીં કે કોઈ એક લુચ્ચો પારધી તેમને પકડવાં માટે આંબાનાં વૃક્ષે ચડતો હશે? અને.. અને.. લુચ્ચાં પારધીની મજબૂત ‘જાળ’ નિર્દોષ પોપટો ઉપર આવી પડતાં જ તેઓ બધાં તે ‘જાળ’માં ‘કેદ’ થઈ ઉઠ્યાં. આ



જોઈ લુચ્ચો પારધી ખડખડાટ કરતો હસતો હસતો વૃક્ષ ઉપરથી નીચે ઉતરીને ચાલતો થયો. તેનાં આનંદનો આજે કોઈ પાર નહોતો રહ્યો. હા, જીંદગીમાં એક સામટાં આટલાં બધાં હૃષ્ટપૃષ્ટ પોપટો ક્યારેય હાથ લાગ્યાં નહોતાં હોં. આમ, તે પારધી આનંદથી ઉછળતો ચાલવાં લાગ્યો.

પરંતુ તે લુચ્ચો પારધી વધું આગળ જઈ ન શક્યો હોં. કારણ કે સામેથી જ બિરબલ ઘોડા ઉપર આવતો હતો. અને તેની તીક્ષ્ણ નજર લુચ્ચાં પારધીનાં હાથમાં રહેલ ‘જાળ’માં ‘કેદ’ થયેલ પોપટો ઉપર પડી. આ જોઈ તેની આંખોમાં રોષ છવાઈ ગયો. બાદમાં તે ઘોડા ઉપરથી ઉતરી લુચ્ચાં પારધીને એક અડબોથ ઝીંકતાં બોલી ઉઠ્યો. મુર્ખ, શું તને શરમ નથી આવતી કે આવા નિર્દોષ પંખીઓને ‘કેદ’ કરીને લઈ જાય છે હેં? બીજું, આ રાજ્યમાં પંખીઓને પકડવાં ઉપર પ્રતિબંધ છે શું? બસ, ખલાસ? લુચ્ચાં પારધીએ આવી કશી જ કલ્પનાં કરેલ નહીં કે આ રાજ્યનો સૌથી બુધ્ધિવાન એવો ચતુર બિરબલ તેને ભટકાશે? અને.. અને.. લુચ્ચાં પારધીની આંખોમાં જેલનાં સળીયાં દેખાવાં લાગ્યાં. તે ધ્રુજી જ ઉઠ્યો. બાદમાં તે બિરબલનાં પગમાં પડીને માફી માંગવાં લાગ્યો. અને આજ પછી તે આવી હિન હરકત કદાપી નહીં કરે તેનાં સોગંધ ખાધાં અને બાદમાં બધાં જ પોપટોને ‘જાળ’ માંથી મુક્ત કરી દીધાં. તે સાથે જ બધાં પોપટો બિરબલને આશિર્વાદ આપતાં મુક્ત ગગનમાં ઉડી ગયાં.

બિરબલ પણ પછી ત્યાંથી પોતાનાં રસ્તે ચાલ્યો ગયો.

## ૬૩. બિરબલ અને કોયલ

સંધ્યાનો સુમધુર, આહ્‌લાદક સમય હતો. ચારે તરફ ખૂશ્નુમાં વાતાવરણ હતું. એક બાગનાં આંબાની ડાળે બેઠી બેઠી એક કોયલ મીઠાં શૂરોમાં ગીતો ગાઈ રહી હતી. જે સાંભળી આસપાસનાં વૃક્ષો ઉપરનાં પંખીઓ ડોલી ઉઠ્યાં. હા, જીવનમાં ગીતોનું પણ અનેરું મહત્ત્વ હોય છે હોં.

બરોબર આવા સમયે બિરબલ અનાયાસે જ તે બાગ પાસેથી પસાર થયાં. અને.. અને.. તેનાં કાન ઉપર કોયલનાં મીઠાં ગીતો પડતાં જ તેઓ પણ તે કોયલનાં ગીતો સાંભળવાં માટે ઉભાં રહી ગયાં. ગીતોમાં અનેરી ભક્તિ, મીઠાશ અને અનેરી તાજગી ભરી પડી હતી હોં. ઘડીભર બિરબલનાં મનોજગતમાં તે કોયલને અહીંથી બાદશાહ અકબરનાં દરબારમાં



લઈ જવાનાં સ્વપ્ન આવવાં લાગ્યાં. હા, જો બાદશાહ અકબરનાં દરબારમાં આવી ગીતોસભર કોયલ હોય ને તો તો દરબારીઓનાં, બાદશાહનાં તેમજ પોતાનાં દિવસો પણ કેવાં સુંદર, જ્ઞાનસભર ગીતો સાંભળીને પસાર થાય હેં? બસ, આવો વિચાર આવતાં જ બિરબલ તો દબાતાં પગલે આંબાનાં વૃક્ષ ઉપર ચડવાં લાગ્યો.

જ્યારે આ તરફ નિર્દોષ, ગીત-સંગીત પ્રેમી એવી કોયલ પોતાનાં ભક્તિસભર ગીતોમાં જ ‘રત’ હતી. અને.. અને.. બિરબલનો પંજો લંબાતાં જ બિરબલનાં અંતરાત્મામાંથી અવાજ આવ્યો. સબૂર બિરબલજી, તમો આ તે શું કરી રહ્યાં છો? શું કોઈની મુક્ત, આઝાદ જીંદગીને કેદ કરાય ખરી કે? બસ, ખલાસ? બિરબલનો હાથ આગળ વધતાં થંભી ગયો. ઘડીભર તો તે શરમથી માથું ખંજવાળવાં લાગ્યો. હા, ખરેખર પોતાનાં નીજી સ્વાર્થ ખાતર કોઈની જીંદગીને કેદ કરાય નહીં હોં. અને.. અને.. તે સાથે જ બિરબલ આંબાનાં વૃક્ષ ઉપરથી નીચે ઉતરી ગયો. અને પછી તે મનોમન કોયલની માફી માંગતો ત્યાંથી દરબાર તરફ ચાલતો થયો.

કોયલે પોતાની મનની આંખો વડે જોયું કે બિરબલ તેને હાથ કરવાં આવ્યો હતો પરંતુ તેનાં અંતરાત્મામાંથી પ્રાકૃતિક-કુદરતી અવાજ આવતાં જ તે પસ્તાવાં સાથે વૃક્ષ ઉપરથી ઉતરીને ચાલ્યો ગયો છે. આથી તેણે બિરબલને બુધ્ધિધનનાં આશિર્વાદ આપ્યાં. અને પુનઃ તે મીઠાં ગીતો ગાવામાં ખોવાઈ ગઈ.

❐

## ૬૪. શાણી સુગરી

એક વિશાળ ગુલમહોરનાં વૃક્ષ ઉપર એક સુગરી પોતાનો માળો બાંધી તે તેમાં આનંદપૂર્વક રહેતી હતી.

એક વખત તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર ક્યાંકથી ઉડતો ઉડતો એક ખૂંખાર ગીધ આવી ચડ્યો. અને પછી તે સુગરીનો ભવ્ય, કલાત્મક માળો જોઈ તેને તે માળાની ઈર્ષા થઈ આવી. બાદમાં તે માળા પાસે જઈ તેની ઉપર પોતાની તીક્ષ્ણ ચાંચો મારવાં લાગ્યો.

માળામાં રહેલ સુગરીને જ્યારે ખબર પડી કે પોતાનાં માળામાં બહારથી એક ખૂંખાર ગીધ ચાંચો મારીને માળાને તોડી પાડવાં માંગે છે. આથી તે સુગરી અંદરથી તૈયાર થઈને બેઠી. અને જેવો માળો નબળો પડતો કે અંદરથી તે તુરંત માળાને રીપેર



કરી નાંખતી. આથી તો બહારથી તે ગીધ વધુ આક્રમણતાથી માળા ઉપર ચાંચો મારતો રહ્યો. જ્યારે તે શાણી સુગરી વધું ને વધુ તે માળાને સુરક્ષિત, સલામત બનાવતી રહી. અને.. અને.. અંતે તે ખૂંખાર ગીધ હાર્યો, થાક્યો. તેને થયું કે ખરેખર તે માળામાં રહેલ 'શાણી સુગરી' તે માળાને અંદરથી પુનઃ પુનઃ સુરક્ષિત કરીને નવો ને નવો બનાવતી રહી છે.

ત્યારબાદ તે ગીધ હારી, થાકીને તે ગુલમહોરનાં વૃક્ષ ઉપરથી ઉડીને દૂર દૂર ચાલ્યો ગયો. બાદમાં તે 'શાણી સુગરી' બહાર આવી. અને બહાર આવીને તેણે શું જોયું? હા, બહાર અન્ય પંખીઓ તેનું સ્વાગત કરવાં માટે તૈયાર જ ઉભાં હતાં. કારણ કે તે બધાં પંખીઓ દૂર વૃક્ષ ઉપર રહીને તે ખૂંખાર ગીધ અને 'શાણી સુગરી' વચ્ચે ચાલી રહેલ આક્રમણ અને બચાવનું દશ્ય નિહાળી રહ્યાં હતાં. જ્યારે તે ગીધ હારી, થાકીને ચાલ્યો ગયો ત્યારે તે બધાં પંખીઓને તે 'શાણી સુગરી' ઉપર ખૂબ જ માન થયું. હા, હિંમતવાન ઉપર દરેકને માન થાય જ હોં. આથી તે બધાં પંખીઓ 'શાણી સુગરી' ની હિંમત જોઈને તેને હાર તોરા પહેરાવવાં માટે ઉમટી પડ્યાં હતાં.

મોરે હાર તોરા પહેરાવ્યાં બાદ તે સુગરી બોલી. મિત્રો, સંકટ સમયે બિલકુલ હાર તો માનવી જ નહીં શું? હિંમતથી જ દુશ્મનોનો સામનો થઈ શકે. જીવનમાં હારને ક્યારેય સ્થાન આપવું જ નહીં હોં. સુગરીની પ્રેરક, ઉપદેશાત્મક વાણી સાંભળી બધાં પંખીઓમાં જોમ અને જુસ્સો ઉભરાઈ આવ્યાં. બાદમાં તેઓ પણ

'શાણી સુગરી'ની જેમ હિંમતવાન બની ગયાં. આ જોઈ 'શાણી સુગરી' રાજી થઈ ઊઠી. અને તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર હિંચકવાં લાગી. આ જોઈ તે ગુલમહોરનું વૃક્ષ તેનાં ઉપર રંગ-બે-રંગી ફૂલો વેરવાં લાગ્યું.

❒



## ૬૫. બિરબલે કરાવી કળા

બાદશાહ અકબર જાતજાતનાં અને ભાતભાતનાં નુસખાંઓ અપનાવે, મનગમતું વાતાવરણ ઉભું કરાવે અને તેઓ આમ લોકોને તેમજ પોતે પણ તેવાં અનોખાં વાતાવરણનો લાભ ઉઠાવે હોં.

એક વખતની વાત છે. બાદશાહ અકબરે કેટલાંક મોરને દરબારમાં એકઠાં કર્યા. અને પછી લોકોને, પ્રજાજનોને, મંત્રીઓને, બિરબલને આહ્વાન આપ્યું કે જે કોઈ વ્યક્તિ આ બધાં મોરને કળા કરાવે ને તો તેમને મોં માંગ્યું ઈનામ આપવામાં આવશે. બસ, ખલાસ? લોકોમાં તો અનેરો ઉત્સાહ વ્યાપી ગયો. તેઓને તો એમજ હતું કે હમણાં જ આ બધાં મોરને ખાવા-પીવાનું આપવામાં આવશે એટલે તેઓ બધાં કળા કરવાં લાગશે

હોં.

આમ, એક પછી એક વ્યક્તિ, લોકો, મંત્રીઓ વગેરેએ પોત-પોતાની રીત, નુસખાં અજમાવ્યાં. તેમ છતાં તે બધાં મોર જાણે કશું જ સમજતાં ન હોય તેમ લોકોની આવી હરકત તરફ નફરત ભાવે જોવાં લાગ્યાં. બાદશાહ અકબર આથી ખૂબ જ ચિંતિત થઈ ઉઠ્યાં. અને વિચારવાં લાગ્યાં કે આ દરબારમાં શું એવી કોઈ વ્યક્તિ નથી કે જે આ બધાં મોરને કળા કરાવી જાણે? પ્રજાજનો, દરબારીઓ, મંત્રીશ્રીઓ, વગેરે ખૂબ જ નિરાશ થઈ ઉઠ્યાં. આવો બધો ‘ખેલ’ બિરબલ શાંત ભાવે જોઈ રહ્યો હતો. બધાં નિરાશ, નાશીપાસ થયાં ત્યારે બિરબલ ઉભો થયો. અને પછી બાદશાહ અકબરને, પ્રજાજનોને અભિવાદન કરતાં બોલ્યો. મહારાજ, જો આપ કહો તો હું પણ પ્રયત્ન કરી જોઉં? આ સાંભળી પ્રજાજનો, દરબારીઓ, મંત્રીશ્રીઓ અરે ખુદ બાદશાહ અકબર પણ બિરબલને અને તેની પ્રવૃત્તિને ઉત્સાહપૂર્વક જોઈ રહ્યાં. બાદશાહે બિરબલને આગળ વધવાની મૂક સંમતિ પણ આપી.

થોડીવાર રહી બિરબલ બોલ્યો. મહારાજ, પહેલાં થોડીક ઢેલડીઓને મંગાવવી પડશે. બાદશાહ બોલ્યાં. ‘ભલે’ અને તે સાથે જ બાદશાહનાં હુકમથી થોડીવારમાં તો સિપાહીઓ ક્યાંકથી થોડીક ઢેલડીઓને મોરની સામે રાખી. અને.. અને.. તે સાથે જ બધાં મોર આળસ મરડીને જાગ્રત થયાં. તેઓનાં શરીરમાં ચેતનાનો ફૂવારો ઉછળવાં લાગ્યો. બિરબલે પછી સંગીતકારોને મસ્તીભર્યું સંગીત વગાડવાનું કહ્યું. અને.. અને.. તે સાથે જ બધાં મોર



રંગ-બે-રંગી પીંછાઓને ખંખેરી, ફેલાવીને મધુરશાસ્ત્રીય નૃત્ય કરવાં લાગ્યાં. આવું અનોખું નૃત્ય, વાતાવરણ જોઈ પ્રજાજનો, મંત્રીશ્રીઓ, અરે બાદશાહ ખુદ ડોલી ઉઠ્યાં. તેને બિરબલ તરફ ખૂબ જ માન થઈ આવ્યું. હા, બિરબલમાં તો અખૂટ જ્ઞાન ભર્યું પડ્યું હતું હોં. જે સજીવ-નિર્જીવને ડોલતાં-ઝુમતાં કરી દે છે હોં.

બાદશાહ અકબરે બિરબલને ઈનામમાં સોનાનાં સીક્કા આપ્યાં. જે બિરબલે ગરીબ, નિઃસહાય લોકોને દાનમાં આપી દીધાં. આથી પ્રજાજનોમાં બિરબલનું માન ખૂબ જ વધી ગયું. બાદશાહ અકબર પણ બિરબલને પ્રેમપૂર્વક જોવાં લાગ્યાં.

❐

## ૬૬. માછલી અને મગર

એક સરોવર હતું. તે સરોવરમાં એક સુવર્ણ માછલી રહેતી હતી. તે સુવર્ણ માછલીમાં અપાર જ્ઞાન, બુધ્ધિશક્તિનો ભંડાર ભરેલ હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. સરોવરમાં તે સુવર્ણ માછલી આનંદપ્રદ, મીઠાં તેમજ જ્ઞાનસભર ગીતો ગાઈ રહી હતી. આસપાસનાં અન્ય કમળો, રંગ-બે-રંગી માછલીઓ વગેરે તેનાં ગીતો સાંભળવામાં મશગુલ બની ગયાં હતાં. બરોબર આવા સમયે ક્યાંકથી કાળો મગર તે સરોવરમાં આવી ચડ્યો. અને પછી એક સામટી આટલી બધી માછલીઓને જોઈ તે ઈર્ષાથી તાડુકી ઉઠ્યો. અરે ઓ માછલીઓ, તમો બધી અહીં શા માટે એકઠી થઈ છો? શું તમારે અન્ય કામ ધંધા નથી કે?

અચાનક એક કાળા મગરને આ રીતે આવેલ જોઈ તેમજ તેની વિચિત્રવાણી સાંભળી અન્ય માછલીઓ સાથે તે સુવર્ણ



માછલી પણ ચોંકી ઊઠી. ત્યારબાદ તે સુવર્ણ માછલી બોલી. હે મગરભાઈ, અમો તો જ્ઞાનસભર ગીતો ગાઈને આ માછલીઓ, કમળોને આનંદ આપીએ છીએ શું? પરંતુ આ તો અદેખો મગર હતો. તે ફરી ત્રાડ પાડી ઉઠ્યો. અરે ચાલો, ચાલો અહીંથી ફૂટો જોઉ, અન્યથાં હું તમો બધાંને મારી આ કાંટાવાળી પૂંછડી ફટકારીશ ને તો તો તમારા શરીરમાંથી ચામડી ઉતરડાઈ જશે શું?

કાળા મગરની વાણીથી તે સુવર્ણ માછલી છંછેડાઈ ગઈ. તેને લાગ્યું કે આ કાળીયા મગતરાંને થોડો સબક શીખવાડવો જ પડશે. ત્યારબાદ તેણે યૌગીકશક્તિ દ્વારા પોતાનાં શરીરમાંથી સુવર્ણ રંગને બહાર કાઢ્યો. અને તે સુવર્ણ રંગ સીધો જ કાળીયાં મગરનાં મોઢા ઉપર ફૂવારા બનીને ઉડવાં લાગ્યો. હા, તે એક જલદ પદાર્થ હતો. અચાનક મોઢા ઉપર, શરીર ઉપર જલદ પદાર્થ ઉડતાં તે કાળીયો મગર ચોંકી ઉઠ્યો. શરીર ઉપર કાળી બળતરાં થવાં લાગી. અને તે ઠેકડાં મારવાં લાગ્યો. તેની આંખોમાંથી આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. તેને હવે પોતાની ભૂલ બરોબરની સમજાઈ ગઈ હતી કે કોઈને ખોટી રીતે હેરાન-પરેશાન કરાય નહીં.

મગરને થતો પસ્તાવો જોઈ સુવર્ણ માછલીને તેની દયા આવી. અને તેને માફ કર્યો. ત્યારબાદ મગર માફી માંગતો ત્યાંથી ચાલ્યો ગયો. આ જોઈ અન્ય માછલીઓ કમળોએ તે સુવર્ણ માછલીની જય બોલાવી. અને પછી તેમની પાસેથી ભક્તિ, જ્ઞાનભર્યા ગીતો બધાં સાંભળવાં લાગ્યાં.

## ૬૭. પારસ અને કમળ

એક સરોવર હતું. તે સરોવરમાં એક અતિ સુંદર મઝાનું સુવર્ણ કમળ પોતાની અતિ સુંદર પાંખડીઓને પ્રસરાવતું આનંદપૂર્વક તરી રહ્યું હતું.

સંધ્યાનો સુમધુર સમય હતો. સરોવરમાં સુવર્ણકમળ આનંદપૂર્વક તરી રહ્યું હતું. બરોબર આવા સમયે એક લુચ્ચો શિકારી ફરતો ફરતો તે સરોવર પાસે આવી ચડ્યો. અને.. અને.. પછી તેની ચૂંચી નજર સરોવર વચ્ચે તરી રહેલ એવાં સુવર્ણ કમળ ઉપર પડી. બાદમાં તે ચોંકી જ ઉઠો હોં. હા, તેણે પોતાનાં જીવનમાં આવું સાચું, સુવર્ણ કમળ ક્યારેય જોયું નહોતું હોં. ત્યારબાદ તેનાં મનોજગતમાં તે સુવર્ણ કમળને હાથ કરવાનાં ઉપાયોની હારમાળાઓ ઉભરાવાં લાગી. બાદમાં તે દબાતાં પગલે સુવર્ણ કમળને હાથ કરવાં માટે સરોવરમાં ઉતર્યો.



પરંતુ ઈશ્વરની ઈચ્છા કંઈક જુદી જ હતી. જે મુજબ પારસ નામનો એક ભોળો છોકરો રમતો રમતો તે સરોવર પાસે આવી ચડ્યો. અને.. અને.. પછી તેણે ત્યાં આગળ આવીને શું જોયું? હા, એક લુચ્ચો શિકારી સરોવરમાં ઉતરીને નિર્દોષ, પ્રકૃતિ-પ્રેમી એવાં સુવર્ણ કમળને હાથ કરવાં માટે તેની તરફ ધસી રહ્યો હતો. આ જોઈ તે ભોળા પારસને સુવર્ણ કમળની ભારે દયા આવી. ત્યારબાદ તેણે તે સુવર્ણ કમળને ચેતવવાં માટે તેણે જોરથી બૂમ પાડી. અરે ઓ સુવર્ણ કમળજી, તમો ઝટપટ સરોવરમાં ઉતરી જાવ, અન્યથાં એક શિકારી તમોને અહીંથી ઉંચકીને લઈ જ જશે હોં? બસ, ખલાસ? ત્યાં આગળ એક સાથે બે અજબ પ્રકારની ઘટનાં બની. લુચ્ચો શિકારી જેવો સુવર્ણ કમળને હાથ અડાડવાં ગયો અને પારસની અચાનક બૂમ સાંભળીને સુવર્ણ કમળ તુરંત પોતાની પાંખડીઓને બીડીને તે સરોવરનાં તળીયે ચાલ્યું ગયું. આ જોઈ લુચ્ચો શિકારી ચોંકી ઉઠ્યો. હાથમાં આવેલ શિકારને આ રીતે ચાલ્યો ગયેલ જોઈ તે શિકારી ધુંધવાઈને કાંઠા ઉપર રહેલ પારસ સામે ડોળા તગતગાવીને જોવાં લાગ્યો. પરંતુ પારસ પણ પછી ત્યાં આગળ ઉભો ન રહેતાં ગામ તરફ ચાલ્યો ગયો.

અને આમ તે શિકારી ધુંધવાતો, તેમજ પગ પછાડતો સરોવરમાંથી બહાર નીકળીને પોતાનાં રહેઠાણ તરફ ચાલ્યો ગયો.

પુનઃ તે સુવર્ણ કમળ સરોવર ઉપર આવ્યું. અને મનોમન તે પારસનો આભાર માનવાં લાગ્યું. અને તેને આશિર્વાદ આપવાં લાગ્યું.

## ૬૮. વાંદરો અને મોર

એક વન હતું. તે વનમાં આવેલ એક વિશાળ ગુલમહોરનાં વૃક્ષ નીચે એક અતિ સુંદર મઝાનો મોર પોતાનાં પચરંગી પીંછાને ફેલાવીને અદ્‌ભૂત નૃત્ય કરી રહ્યો હતો.

સંધ્યાનો સોનેરી, આહ્‌લાદક સમય હતો. મોર પોતાની અદ્‌ભૂત નૃત્યકલામાં મશગુલ હતો. બરોબર આવા સમયે ક્યાંકથી એક લુચ્ચો વાંદરો ફરતો ફરતો તે ગુલમહોરનાં વૃક્ષ પાસે આવી ચડ્યો. અને.. અને.. પછી સુંદર મોરને પચરંગી પીંછા ફેલાવીને અદ્‌ભૂત નૃત્ય કરતાં જોઈ તેની આંખોમાં ઈર્ષાવૃત્તિ છવાઈ ગઈ. બાદમાં તે દબાતાં પગલે મોરની પાછળ જઈ તેનાં સુંદર પીંછા ઉપર તરાપ મારી, ખેંચીને તે લઈને ભાગ્યો.

અચાનક એક વાંદરાને આવી હીન હરકત કરતાં જોઈ,



અનુભવીને તે મોર દુઃખી થતો એક તરફ ફસડાઈ પડ્યો. હા, તેનાં અમુલ્ય, જીવનરક્ષક એવાં પીંછા વગર તે દુઃખી, દુઃખી થઈ ઉઠ્યો. તેની આંખોમાંથી ચોધાર આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. સહસા આવા સમયે એક ભીમકાય હાથી ત્યાં આગળથી પસાર થયો. અને પછી એક મોરને આ રીતે દુઃખી, રડતાં જોઈ તેને પણ લાગી આવ્યું. બાદમાં તેણે તે મોર પાસેથી જાણ્યું કે એક લુચ્ચો વાંદરો તેનાં કિંમતી, અમુલ્ય પીંછાને ખેંચીને લઈ ગયો હતો. આથી તે હાથી પણ લુચ્ચાં વાંદરા ઉપર ગુસ્સે થઈ ઉઠ્યો. બાદમાં તે હાથી લુચ્ચાં વાંદરાને ‘પાઠ’ ભણાવવા માટે ત્યાંથી ઉપડ્યો.

જ્યારે આ તરફ તે વાંદરો મોરનાં પીંછાને પોતાની પીઠ ઉપર લગાડીને અન્ય પશુ-પંખીઓ ઉપર પોતાનો ખોટો પ્રભાવ પાડી રહ્યો હતો કે અચાનક ત્યાં આગળ ભીમકાય હાથી ધસી આવ્યો. અને પછી લુચ્ચાં વાંદરાને નિર્દોષ મોરનાં પીંછાનો આ રીતે ઉપયોગ કરતાં જોઈ તે ભભૂકી ઉઠ્યો. બાદમાં તે વાંદરાની પૂંછડી પોતાની સૂંઢ વડે પકડીને હવામાં એવો તે ઘુમાવ્યો કે ન પૂછો વાત હોં. લુચ્ચાં વાંદરાની આંખોમાંથી પસ્તાવાનાં આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. તેને હવે અંતરથી પસ્તાવો થઈ રહ્યો હતો. બાદમાં તે માફી માંગવાં લાગ્યો. આથી હાથીએ તેને નીચે ઉતાર્યો. અને માફી આપી. તે સાથે તે વાંદરાએ મોરનાં બધાં જ પીંછાં પાછા આપી દીધાં. જે હાથીએ લઈને મોરને આપ્યાં. આ જોઈ મોરની આંખોમાંથી આભારનાં આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. બાદમાં તે મોરે પોતાનાં પીંછાને પુનઃ તેની જગ્યાએ ચોંટાડી

દીધાં. અને તે પુનઃ પોતાની નૃત્ય કલામાં ગુંથાઈ ગયો. આ જોઈ તે હાથી મલકી ઉઠ્યો. જ્યારે ગુલમહોરનું વૃક્ષ મોર ઉપર રંગ-બે-રંગી ફૂલો વેરવાં લાગ્યું.

❐



## ૬૯. કોયલ અને હાથી

એક જંગલ હતું. તે જંગલમાં આવેલ એક વિશાળ આંબાનાં વૃક્ષ ઉપર એક અતિ પ્રવૃત્તિશીલ, કામઢી કોયલ રહેતી હતી. તેણે આંબાનાં વૃક્ષ ઉપર કલાત્મક માળો પણ બનાવ્યો હતો. આ ઉપરાંત તે નાનું મોટું સતત કામ પણ કર્યા કરતી. અને પછી જ્યારે થોડીઘણી ફુરસદ મળે કે તે પોતાનાં કોકિલ કંઠમાંથી મીઠાં ગીતો ગાઈને આસપાસનાં વૃક્ષો ઉપરનાં પંખીઓને આનંદમય કરી દેતી હતી.

એક દિવસની વાત છે. તે કોયલ આંબાનાં વૃક્ષ ઉપર નાનું મોટું કાર્ય કરી રહી હતી. કે અચાનક એક ભીમકાય હાથી ફરતો ફરતો તે આંબાનાં વૃક્ષ નીચે આવીને લાંબો થઈને પોઢી ગયો. જ્યારે તે કામઢી કોયલ કામકાજમાંથી થોડી ફુરસદ મળતાં

જ તે પોતાનાં કોકિલ કંઠમાંથી મીઠા ગીતો ગાવાં લાગી. આથી વૃક્ષ નીચે સૂતેલાં હાથીની ઉંઘમાં ખલેલ પડી. અને.. અને.. તે હાથી સડાક કરતો ઉભો થઈને ગુસ્સાથી ગર્જી ઉઠ્યો. અરે ઓ કાળી કોયલડી, તું તારું મોઢું બંધ રાખી ને કામ કર્યે જા ને શુ? તે મારી મીઠી ઉંઘમાં ભંગ કર્યો છે હોં?

હાથીની ગુસ્સાભરી વાણી સાંભળી કોયલ બોલી. અરે ઓ હાથી મહારાજ, હું તો ખૂબ જ શાંતભાવે મીઠાં ગીતો ગાઉં છું. શું? આ સાંભળી હાથી ફરી ગર્જી ઉઠ્યો. અરે કોયલડી, લાગે છે કે તું સીધી રીતે મારી વાત સાંભળશે નહીં. માટે તને થોડો મેથીપાક આપવો પડશે. આમ બોલી હાથી પોતાની સૂંઢમાં એક આંબાની ડાળ પકડીને જોર-શોરથી હચમચાવવાં લાગ્યો. પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. અને.. અને.. અંતે તે હાથી હાર્યો, થાક્યો. બાદમાં તે ત્યાંથી ચાલ્યો ગયો.

પુનઃ તે કોયલ પોતાની મસ્તી, ધૂનમાં ખોવાઈ ગઈ. અને મીઠાં મધુર ગીતો ગાવાં લાગી. જે સાંભળી ફળ-ફૂલોનાં વૃક્ષો, પશુ-પંખીઓ આનંદથી ઝુમી જ ઉઠ્યાં હોં.

❒



## ૭૦. બિરબલ અને કમળ

ઘણાં સમય પહેલાંની વાત છે. દિલ્હીનાં બાદશાહ અકબરનાં રાજ્યમાં એક વખત ભયંકર દુષ્કાળ પડ્યો. પીવા માટે પાણીની ભારે તંગી પ્રવર્તી રહી હતી. પશુ-પંખીઓ ટપોટપ મરી રહ્યાં હતાં. વરસાદ કેમેય કરીને કૃપા વરસાવતો નહીં. આથી બાદશાહ અકબર, બિરબલ, મંત્રીઓ, પ્રજાજનો વગેરે ખૂબ જ ચિંતિત થઈ ઉઠ્યાં હતાં. પરંતુ કુદરત પાસે તો ભલા સૌ કોઈ લાચાર બની જાય છે હોં.

એક દિવસ બિરબલ ચિંતિત ચહેરે ફરતાં ફરતાં એક તળાવનાં કાંઠે પહોંચી ગયાં. ત્યાં આગળ આવીને તેઓએ શું જોયું? હા તે તળાવમાં તો ભઈ પાણીથી છલોછલ થઈ રહેલ દેખાણું. આ જોઈ તેઓ વધું આશ્ચર્યચકિત રહી ગયાં. હા, રાજ્ય આખામાં ક્યાંક કરતાં ક્યાંય પણ પાણીનું ટીપું નહોતું. તો પછી

આ તળાવમાં આટલું બધું મીઠું મધ જેવું પાણી કઈ રીતે હોઈ શકે હેં?

સહસા બિરબલનાં કાન ઉપર કોઈનો અવાજ અથડાયો. હે બિરબલજી, બિરબલે જોયું તો તે તળાવમાં એક સુવર્ણ કમળ તેમને ઉદ્દેશીને કશું કહી રહ્યું હતું. આથી બિરબલ પોતાનાં કાન સરવાં કરીને સુવર્ણ કમળની વાત સાંભળવાં લાગ્યાં. સુવર્ણ કમળ બોલ્યું. હે બિરબલજી, તમારા રાજ્યમાં વરસાદ નથી. બરોબર? બીજું તમારા રાજ્યમાં ભયંકર દુષ્કાળ પડી રહ્યો છે, કેમ બરોબર ને? આ સાંભળી બિરબલ તો વધું નવાઈ પામી ગયાં. પુનઃ સુવર્ણ કમળ બોલ્યું. હું તમોને મારી એક પાંખડી આપું છું. જે રાજ્યની ફરતે તેને ફેરવશોને તો તમારા રાજ્ય ઉપર મેઘરાજા અતિ કૃપા કરશે શું? આમ બોલી સુવર્ણ કમળે તેની કોમળ પાંખડીઓમાંથી એક સુવર્ણ પાંખડી તોડીને બિરબલને આપી. જે બિરબલે સહર્ષ સ્વીકારી. તે સુવર્ણ કમળનો આભાર માનતાં ત્યાંથી હરખભેર ચાલતાં થયાં.

બીજા જ દિવસે તે સુવર્ણ પાંખડીને રાજ્યભરમાં ફેરવી. અને.. અને.. પછી તો જોતજોતામાં રાજ્યભરમાં મેઘરાજા તૂટી જ પડ્યાં હોં. આ જોઈ સુવર્ણ કમળ સાથે બાદશાહ અકબર પણ રોમાંચિત થઈ ઉઠ્યાં. બિરબલે તે સુવર્ણ કમળની વાત બાદશાહ અકબરને કહી સંભળાવી. જે સાંભળી બાદશાહ પણ તે સુવર્ણ કમળનો મનોમન આભાર માનવાં લાગ્યાં. બાદમાં તે રાજ્યમાંથી દુષ્કાળ કાયમને માટે ચાલ્યો ગયો. અને સુખ-શાંતિ વધવાં લાગ્યાં.



## ૭૧. સુગંધ વેરતો અનોખો પોપટ

એક વિશાળ ગુલમહોરનાં વૃક્ષ ઉપર કેટલાંક નયનાકર્ષક પંખીઓ આનંદ કિલ્લોલ કરી રહ્યાં હતાં. તે પંખીઓમાં ખાસ કરીને મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, સુગરી, વગેરેનો સમાવેશ થતો હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. ગુલમહોરનાં વૃક્ષ ઉપરનાં પંખીઓ આનંદ-કિલ્લોલ કરી રહ્યાં હતાં. બરોબર આવા સમયે એક અતિ સુંદર મઝાનો ‘સુગંધ વેરતો પોપટ’ તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર આવી ચડ્યો. અને પછી તેની મીઠી, અતિ મીઠી સુગંધ તે ત્યાં આગળ વેરવાં લાગ્યો.

અચાનક એક ‘સુગંધ વેરતો પોપટ’ ને આ રીતે આવેલ જોઈ તેમજ તેની મીઠી સુગંધથી તે વૃક્ષ ઉપરનાં પંખીઓ ઘડીભર

તો આનંદમગ્ન થઈ ઉઠ્યાં. સહસા તે વૃક્ષ ઉપર બેઠેલ એક કાગડો ઈર્ષાવૃત્તિમાં આવી બોલી ઉઠ્યો. અરે પંખી મિત્રો, જુઓ જુઓ, એક ગંદકી ફેલાવતો પોપટ અહીં આવીને આપણાં આરોગ્ય ઉપર ખતરો વેરી રહ્યો છે હોં. માટે આ પોપટડાને તુરંત આ વૃક્ષ ઉપરથી તગેડી મૂકવો જોઈએ હોં.

અચાનક એક જૂના, પીઢ કાગડાની વાણી સાંભળી ઘણાં પંખીઓ ડઘાઈ ગયાં. હા આ સુગંધ તો બરોબર છે. પરંતુ તે સુગંધમાંથી વળી જો કોઈ આરોગ્યને નુકશાન થાય તેવી સુગંધ આ પોપટડો વેરતો જાય ને તો તો પછી અહીં રહેવું ખૂબ જ મુશ્કેલ બની જાય હોં. આમ વિચારી બધાં પંખીઓએ નિર્ણય કરી લીધો કે ગમે તેમ આ પોપટડાને અહીંથી તો તગેડી મૂકવો જ છે હોં. બાદમાં એક મોર બોલી ઉઠ્યો. હે પોપટજી, તમો ભલે અત્યારે સારી સુગંધ વેરતાં હશો. પરંતુ ન કરે નારાયણ અને ક્યાંક એવી ખરાબ, આરોગ્યને નુકશાન કરે એવી ખૂશ્બો વેરતાં જશો ને તો તો પછી અમારે બધાંને અહીં રહેવું ભારે દુષ્કર થઈ પડશે હોં. માટે તમો તાત્કાલીક આ ગુલમહોરનું વૃક્ષ છોડીને દૂર જતાં રહો?

મોરની વિનયભરી વાણી સાંભળી ઘડીભર તો તે સુગંધ વેરતાં પોપટને અત્યંત દુઃખ થયું. બાદમાં તે વિના બોલ્યે ગુલમહોરનું વૃક્ષ છોડી થોડે દૂર ઉપર આવેલ એક આંબાનાં વૃક્ષે જઈને બેઠો. અને પછી તે પ્રભુ ભક્તિ કરતાં કરતાં પોતાની મીઠી સુગંધ તે વેરવાં લાગ્યો. થોડાં સમયમાં તો આસપાસનાં



વૃક્ષો, ફળ-ફૂલો વગેરે તે પોપટની સુગંધથી તો ભઈ અતિ આકર્ષાયા. અને તેઓ ધીરે ધીરે તે સુગંધ વેરતાં પોપટની નજદીક ને નજદીક જવાં લાગ્યાં.

હા, તે પોપટનાં શરીરમાંથી કસ્તુરી મૃગની સુગંધ કરતાં અતિ શક્તિશાળી સુગંધ આવતી હતી. જેનાંથી દિલો-દિમાગને નવી તાજગી, સ્ફૂર્તિ અને જોમ-જુસ્સો ચડતાં હતાં. જેથી દિવસ ભરનો થાક, કંટાળો ગાયબ થઈ જતાં હતાં. પરંતુ તે ઈર્ષાળું કાગડાનાં હિસાબે ગુલમહોરનાં વૃક્ષ ઉપરનાં પંખીઓ તે સુગંધથી વંચિત રહેવાં લાગ્યાં.

અને... અને.. અંતે એક દિવસ તે ગુલમહોરનાં વૃક્ષ ઉપરનાં પંખીઓને સત્યનું જ્ઞાન થઈ ચૂક્યું હતું કે આપણે ખોટી રીતે તે કાગડાનાં કહેવાથી નિર્દોષ પરંતુ શક્તિશાળી સુગંધ વેરતાં પોપટને આ વૃક્ષ ઉપરથી તગેડી મૂક્યો હતો હોં. કાગડાને પણ હવે અંતરથી પસ્તાવો થવાં લાગ્યો. તેને પણ હવે પોતાની ભૂલ સમજાઈ ચૂકી હતી. બાદમાં તે બધાં પંખીઓને લઈને સુગંધ વેરતાં પોપટનાં વૃક્ષે જઈ તેની માફી માંગતાં તે બોલ્યો. હે સુગંધ વેરતાં પોપટજી, ખરેખર અમારાથી ભૂલ થઈ ગઈ છે. અમોએ તમોને ખોટી રીતે તે ગુલમહોરનાં વૃક્ષ ઉપરથી ભગાડ્યાં હતાં હોં. તો તે બદલ અમોને ક્ષમા કરશો?

પંખીઓને થતો ખરાં હૃદયનો પસ્તાવો જોઈ સુગંધ વેરતાં પોપટને તેની દયાં આવી. બાદમાં માફી પણ આપી. પછી તે બોલ્યો. હે મિત્રો, મારા શરીરમાંથી જે સુગંધ આવે છે ને તે

સુગંધ તો ખરેખર મેં હિમાલયમાં કઠોર તપ કર્યું હતું ને તેનાં બદલામાં ભોળાનાથ મારી ઉપર અતિ પ્રસન્ન થઈને મને હિમાલયની મૂલ્યવાન જડીબુટ્ટી મારા શરીર ઉપર ફેરવીને આશિર્વાદ આપતાં તેઓ બોલ્યાં કે જા હવે તારું તપ પૂર્ણ થાય છે. અને તું તારા કર્મ, શરીર થકી તું તારા સંબંધીઓ, મિત્રોને અતિ ઉપયોગી પૂરવાર થઈશ. તારા શરીરમાંથી કાયમને માટે અતિ શક્તિશાળી સુગંધ વહેતી રહેશે. જેનાંથી અનેક લોકોને તેનો લાભ થશે?

સુગંધ વેરતાં પોપટનાં મુખેથી આવી રોમાંચક પ્રસંગ કથા સાંભળી મોર, બતક, બગલા વગેરે તો આશ્ચર્યચકિત રહી ગયાં. તેઓ વધું ક્ષોભ અનુભવવાં લાગ્યાં. હા, પ્રભુ ભોળાનાથનાં ભક્ત ઉપર તેઓએ અન્યાય કર્યો હતો ને? આ જોઈ સુગંધ વેરતો પોપટ બોલી ઉઠ્યો. મિત્રો, હવે વધું ક્ષોભ સંકોચ રાખશો નહીં. જાગ્યાં ત્યારથી સવાર શું?

ત્યારબાદ બધાં પંખીઓનાં અતિ આગ્રહથી તે સુગંધ વેરતો પોપટ ગુલમહોરનાં વૃક્ષ ઉપર રહેવાં માટે સંમત થયો. અને.. અને.. પછી તો તે સુગંધ વેરતાં પોપટની કૃપાથી દરેક પંખીઓમાં નવો જુસ્સો ઉભરાઈ આવ્યાં. નવાં વિચારો, નવી શક્તિ અને સાહસ ઉભરાઈ આવ્યાં અને તેઓ બધાં આનંદપૂર્વક તે સુગંધ વેરતાં પોપટનાં સાનિધ્યમાં રહેવાં લાગ્યાં.

❒



## ૭૨. મોર અને સુગરી

એક વિશાળ આંબાનાં વૃક્ષ ઉપર એક સુગરીએ પોતાનો કલાત્મક માળો બાંધ્યો હતો. અને તે સુગરી પોતાનાં નાનાં નાનાં બચ્ચાંઓ સાથે રહેતી હતી.

એક દિવસની વાત છે. ખૂશ્નુમાં સમય હતો. સુગરી તેનાં નાનાં બચ્ચાંઓ સાથે આનંદ-કિલ્લોલ કરી રહી હતી. બરોબર આવા સમયે એક પચરંગી મોર ફરતો ફરતો તે સુગરીનાં માળા વાળા આંબાનાં વૃક્ષ નીચે આવ્યો. અને પછી તેણે ઉંચે નજર કરી તો તે સુગરીનાં સુંદર, મજબૂત માળાને જોઈને તે ખુશ થઈ ઉઠ્યો. બાદમાં તેણે તે સુગરીને વિનંતી કરી કે તે તેનાં જેવો માળો પોતાને પણ બનાવી આપે? આ સાંભળી સુગરી તો રાજી થઈ ઉઠી. હા, કોઈનું ઘર બનતું હોય અને તે ઘરમાં તેઓને

સુખ, આનંદ, શાંતિ પ્રાપ્ત થતાં હોય તો તેનાંથી રુડું શું હોય હેં? બાદમાં તે સુગરી પોતાનાં બચ્ચાંઓને માળામાં ઉઘાડીને તે પચરંગી મોર સાથે તેનો માળો બનાવવાં માટે ચાલી.

તે સુગરીએ જોત જોતામાં પચરંગી મોરને એવો તે સુંદર મઝાનો માળો બનાવી આપ્યો કે ન પૂછો વાત હોં? માળો જોઈ પચરંગી મોર પણ સુગરીને ધન્યવાદ આપવાં લાગ્યો. બાદમાં તે સુગરી પોતાનાં માળાએ આવીને અંદર પ્રવેશ કર્યો. પરંતુ આ શું..? અંદર તેનાં નાનાં બચ્ચાંઓ નહોતાં હોં. આ જોઈ સુગરી ગભરાઈ ઉઠી. અને થોડીવાર તો તે ધાંધી થઈ ઉઠી. બાદમાં તે માળામાંથી બહાર આવીને આમતેમ ચારે તરફ દોડાદોડી કરવાં લાગી. પરંતુ તેનાં બચ્ચાંઓ ક્યાંય પણ દેખાણાં નહીં. આથી તે પચરંગી મોર પાસે ગઈ. અને તેણે પોતાનાં બચ્ચાંઓ વિશે વિગતે વાત કહી. આ સાંભળી પચરંગી મોરને પણ અત્યંત દુઃખ થયું. બાદમાં તે પણ સુગરી સાથે તેનાં બચ્ચાંઓને ખોળવામાં મદદરુપ થવાં લાગ્યો.

તે સુગરીનાં નાનાં નાનાં બચ્ચાંઓને એક કાળો, ઈર્ષાળું કાગડો ઉઠાવી લાવ્યો હતો. અને તે કાળા કાગડાએ પોતાનાં માળામાં તે સુગરીનાં બચ્ચાંઓને છુપાવી દીધાં હતાં. અને તે પણ પોતાનાં માળામાં છુપાઈ ગયો હતો. પચરંગી મોર અને સુગરી તપાસ કરતાં કરતાં તે કાળા કાગડાનાં માળા પાસે આવી ચડ્યાં. સહસા પચરંગી મોરની તીક્ષ્ણ નજર કાગડાનાં માળા ઉપર પડતાં તેને પાકો વહેમ પડ્યો કે નક્કી સુગરીનાં બચ્ચાં અહીં



જ હોવાં જોઈએ. અને તે સાથે જ પચરંગી મોર ત્રાડ પાડી ઉઠ્યો. અરે ઓ કાળીયા કાગડા, તું બહાર આવે છે કે પછી તારો આ માળો અમો તોડીને અંદર આવીએ?

અચાનક પચરંગી મોરની ત્રાડ સાંભળી ઘડીભર તો તે ઈર્ષાળુ, અપરાધી કાળો કાગડો ચોંકી ઉઠ્યો. પરંતુ તે કાગડો પોતાનાં માળામાંથી બહાર આવ્યો જ નહીં હોં. પરંતુ તે પચરંગી મોર આજે તે અપરાધી કાગડાને છોડે તેમ નહોતો હોં. સુગરીએ પણ પચરંગી મોરને સાથ આપતાં તે પણ ગર્જી ઉઠી. અરે ઓ કાળીયા કાગડાં, મારા બચ્ચાંઓને પાછા આપી ધ્યે શું? અન્યથાં તારી ખેર નથી?

કાળીયો કાગડો પોતાનાં માળામાં બરોબરનો ભરાઈ ગયો હતો. સહસા પચરંગી મોરનાં પગનો પંજો માળા ઉપર પડતાં જ તે માળો ધ્રુજવાં લાગ્યો. કાગડો પણ અંદરથી ગભરાઈ ઉઠ્યો. પચરંગી મોરે ઘડીનાં છઠ્ઠા ભાગમાં કાગડાનો માળો તોડી નાંખ્યો. તે સાથે જ સુગરીએ પોતાનાં બચ્ચાંઓને ઓળખીને બહાર લઈ લીધાં. બાદમાં તે પચરંગી મોરે કાગડાને પકડીને એવો તે મેથીપાક આપ્યો કે તે કાગડાની આંખોમાંથી પસ્તાવાનાં આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. તેને હવે સત્યનું ભાન થઈ ચૂક્યું હતું કે કોઈ નિર્દોષનાં બચ્ચાંઓને કેદ કરાય નહીં કે પકડાય નહીં હોં.

ત્યારબાદ તે કાગડો સુગરીની માફી માંગતાં વિનમ્ર સ્વરે બોલી ઉઠ્યો. હે સુગરીબાઈ, ખરેખર હું તમારો અપરાધી છું. તમારા આ નિર્દોષ બચ્ચાંઓને પકડી લાવીને મેં ગંભીર ભૂલ

કરી હતી. જે બદલ મને ક્ષમા કરશો? તે કાગડાને થતો ખરાં હૃદયનો પસ્તાવો જોઈ સુગરીને તેની દયા આવી. બાદમાં તે પચરંગી મોરે પણ કાગડાને છોડી દીધો. તે સાથે જ કાગડો દરેકની અંતરથી માફી માંગતો ત્યાંથી પસ્તાવાં સાથે દૂર દૂર ચાલ્યો ગયો.

પોતાનાં બચ્ચાંઓને બચાવવાં અને મદદરૂપ થવાં બદલ તે સુગરીએ પચરંગી મોરનો અંતરથી આભાર માન્યો. બાદમાં સુગરી પોતાનાં બચ્ચાંઓને લઈને માળામાં આવી પહોંચી. જ્યારે તે પચરંગી મોર પણ સુગરીએ બનાવી આપેલ સુંદર, કલાત્મક માળામાં જઈને આનંદપૂર્વક પોઢી ગયો.

બાદમાં તે પચરંગી મોર અને સુગરી પાકા મિત્રો બની ગયાં.

❒



## ૭૩. કલાની કદર

વારાણસીનાં વિશાળ વનમાં આજે ભવ્ય, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ રહ્યો હતો. વનનાં તમામ પશુ-પંખીઓ રંગ-બે-રંગી વસ્ત્રો પરીધાન કરીને કલાભવનમાં ઉપસ્થિતિ થઈ ગયાં હતાં. કલાભવનને આજે શોળે શણગારે સજાવવામાં આવ્યું હતું. તે વનનાં કેસરી સિંહરાજા અતિ કલાપ્રિય હતાં. ગીત-સંગીત, નૃત્યકલા કૌશલ્યનાં તેઓ ચાહક હતાં. આથી તેણે વનનાં પશુ-પંખીઓમાં આવી કલાભાવનાનો વધુને વધુ વિકાસ થાય તે માટે એક કલાસ્પર્ધાનું ભવ્ય આયોજન કર્યું હતું. અને તેમાં ભાગ લેવાં માટે દૂર દૂરથી પશુ-પંખીઓ ઉભરાઈ રહ્યાં હતાં.

વનનાં કેસરી સિંહરાજાની આગેવાની હેઠળ કલાસ્પર્ધા શરું થઈ. ચારે તરફ વીજળી ઝબૂકી રહી હતી. સંગીતકારો મીઠી ધૂનો છેડી રહ્યાં હતાં. કલા નિષ્ણાંતો સ્પર્ધકોનાં માર્કસ મૂકી રહ્યાં હતાં. દેશ-વિદેશમાંથી હજારોની સંખ્યામાં સિંહ, હાથી, સાબર,

હરણાં, શિયાળ, સસલાં, મોર, બગલા, બતકા, મેના-પોપટ, કાબર-કોયલ, હોલા-હોલી વગેરેની વિશાળ સંખ્યા ત્યાં આગળ ઉપસ્થિત હતી.

એક પછી એક પશુ-પંખીઓ પોત-પોતાની કલાનો પરિચય આપતાં ગયાં. કોઈ ગાયનમાં તો કોઈ વાદ્યનમાં, તો કોઈ ચિત્રકામ તો કોઈ નૃત્યન શૈલીમાં પોત-પોતાની કૃતિઓ રજૂ કરતાં ગયાં. અને.. અને.. અંતે તે વારાણસીનાં જ એક ખૂબ જ ઉમદા, શ્રેષ્ઠ કલાકાર મોરનું નૃત્ય શરું થયું. બસ, ખલાસ? જોનારાની આંખો તો બસ સ્થિર જ થઈ ઉઠી હોં. પગમાં સુવર્ણ ઝાંઝરનાં મીઠાં ઝણકાર અને ગુંજનથી ત્યાં આગળ બેઠેલાં તમામ પશુ-પંખીઓ મંત્રમુગ્ધ બની ગયાં. અને ફટોફટ માર્ક્સ મૂકાતાં ગયાં.

અને... અને.. અંતે તે કલા-સ્પર્ધાનું પરિણામ જાહેર કરવામાં આવતાં જ તે વારાણસીનાં વનનાં ઝાંબાજ, કલાકાર એવાં કલાદાર મોરને શ્રેષ્ઠ ઈનામ, પારિતોષ અર્પણ કરવામાં આવ્યું. અને.. અને.. તે સાથે જ તે કલાભવન તાળીઓનાં ગડગડાટથી ગુંજી ઉઠ્યું. રોશનીઓ ઝબકારા લેવાં માંડી. લાઈવ પ્રસારણ શરું થઈ ગયું. ફોટાઓ ઝબૂકવાં લાગ્યાં.

ત્યારબાદ વારાણસીનાં વનનાં કેસરી સિંહરાજાનાં વરદહસ્તે તે કલાપ્રિય એવાં કલાકાર મોરને શ્રેષ્ઠ ઈનામ આપવામાં આવ્યું. આ જોઈ તે કલાકાર મોર મનોમન 'મા સરસ્વતી દેવી'નો આભાર માનવામાં લાગ્યો. અને પછી તે સ્વગત બોલી પણ ઉઠ્યો. હા, 'કલા ની કદર' આ વનમાં થાય છે હોં.



## ૭૪. પોપટ અને ખિસકોલી

એક વિશાળ રંગ-બે-રંગી ફૂલોથી ઉભરાતાં એવાં ગુલમહોરનાં વૃક્ષ ઉપર એક ભલો, પરોપકારી એવો પોપટ પોતાનો કલાત્મક, સુંદર માળો બાંધી તે તેમાં આનંદ, સંતોષપૂર્વક રહેતો હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર, આહ્‌લાદક સમય હતો. ગુલમહોરની ડાળી ઉપર બેઠો બેઠો તે પોપટ ગહન, ઉંડા વિચારોમાં ખોવાઈ ગયો હતો. હા, તે આ સર્જનહાર એવાં ઈસ્વર વિશે વિચારી રહ્યો હતો. ઈશ્વરે કેટ કેટલું સર્જન કર્યું હતું હેં? આ પૃથ્વી, આકાશ, વરસાદ, હવા, વૃક્ષો, ફળ-ફૂલો, પશુ-પંખીઓ, મનુષ્ય વગેરે કેટ કેટલાનું નિર્માણ, સર્જન કર્યુ હતું હેં?

આમ તે ભલો પોપટ પોતાનાં ચિંતનશીલ વિચારોમાં

ખોવાઈ ગયો હતો. બરોબર આવા સમયે એક લુચ્ચો શિકારી ક્યાંકથી ફૂટી નીકળ્યો અને તેની નજર તે ચિંતનશીલ એવાં સુંદર મઝાનાં પોપટ ઉપર પડી. આથી ઘડીભર તે આનંદમાં આવી ગયો. બાદમાં તે દબાતાં પગલે ગુલમહોરનાં વૃક્ષ ઉપર ચડવાં લાગ્યો.

ચિંતનશીલ પોપટ પોતાનાં ગહન વિચારોમાં ખોવાઈ ગયો હતો. તેણે કશી કલ્પનાંએ કરેલ નહીં કે કોઈ એક લુચ્ચો શિકારી તેને પકડવાં માટે વૃક્ષ ઉપર ચડી રહ્યો હશે? પરંતુ તે ગુલમહોરની બખોલમાં એક ભલી ખિસકોલી રહેતી હતી. તેની નજર લુચ્ચાં શિકારી તરફ ગઈ.અને પછી તે જ વૃક્ષ ઉપર રહેલ ઉંડા વિચારોમાં લીન એવાં ભલાં પોપટ ઉપર પડી. આથી તે ભલી ખિસકોલી સમજી ગઈ કે જો આજે આ શિકારીને અહીંથી જવાં દેવામાં આવે ને તો તો પછી તે ચિંતનશીલ પોપટની આઝાદી છીનવાઈ જ જશે હોં. બાદમાં તે ભલી ખિસકોલી તુરંત શિકારીનાં પગ તરફ દોડી. અને.. અને.. તે શિકારી વધુ કશું સમજે, કે સાવચેત થવાં જાય તે પહેલાં તો તે ખિસકોલીએ તે શિકારીનાં પગમાં એવા જોસથી બચકું ભર્યુ કે તે શિકારી એક મોટી ચીસ પાડતો વૃક્ષ ઉપરથી ભફાંગ કરતો નીચે પછડાયો. અને તેને તમ્મર આવી ગયા.

શિકારીને જ્યારે ભાન આવ્યું ત્યારે તેને અંતરથી બેહદ પસ્તાવો થવાં લાગ્યો. હા, એક નિર્દોષ જીવને તે કેદ કરવાં માટે જઈ રહ્યો હતો ને? બાદમાં તે મનોમન પોપટની માફી માંગતો



ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો. ચિંતનશીલ પોપટ જ્યારે જાગ્રત થયો. અને પછી નીચે તરફ જોયું તો તેને ભાન થયું કે એક શિકારી તેને પકડવાં માટે વૃક્ષ ઉપર ચડતો હશે. અને તે ભલી ખિસકોલીએ તેને 'પાઠ' ભણાવ્યો હશે હોં. બાદમાં તે ભલા પોપટે ખિસકોલીનો અંતરથી આભાર માન્યો. આ સાંભળી ખિસકોલી બોલી ઉઠી. મિત્ર, આમાં આભાર માનવાનો ન હોય હોં. ઈશ્વરે દરેકને જીવન જીવવાનો અધિકાર આપ્યો છે. પછી આ મનુષ્યજાત આપણને શા માટે બંદીવાન બનાવવાં માંગે છે હેં?

અને આમ તે દિવસથી ભલો પોપટ અને ખિસકોલી પાકા મિત્રો બની ગયાં. આ જોઈ તે ગુલમહોરનું વૃક્ષ તે બંન્ને ઉપર રંગ-બે-રંગી ફૂલો વેરવાં લાગ્યું.

❒

## ૭૫. સજ્જન સુગરી

એક વિશાળ રંગ-બે-રંગી ફૂલોથી ઉભરાતાં એવાં ગુલમહોરનાં વૃક્ષ ઉપર કેટલાંક નયનાકર્ષક પંખીઓ રહેતાં હતાં. જેમાં ખાસ કરીને મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, સુગરી, બપૈયા, ચક્રવાક વગેરેનો સમાવેશ થતો હતો.

તે ગુલમહોરનાં વૃક્ષ ઉપરનાં પંખીઓમાં રહેતી એક 'સજ્જન સુગરી' એ દરેક પંખીઓને સુંદર, કલાત્મક તેમજ મજબૂત માળો પણ બાંધી આપ્યો હતો. જેથી દરેક ઋતુમાં અને ખાસ કરીને ચોમાસાની ઋતુમાં કોઈને પણ વરસાદમાં હેરાન-પરેશાન થવું ન પડે.

એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી, આહ્‌લાદક સમય હતો. ગુલમહોરનાં વૃક્ષ ઉપરનાં પંખીઓ આનંદ કિલ્લોલ કરી રહ્યાં હતાં. બરોબર આવા સમયે એક કાળો કાગડો ક્યાંકથી ઉડતો ઉડતો આવીને ગુલમહોરની એક ડાળીએ જઈને બેઠો. સહસા તેની નજર ગુલમહોરનાં વૃક્ષ ઉપરની ડાળીઓ ઉપર પડી.



હા, ડાળીએ ડાળીએ દરેક પંખીઓનાં સુંદર, કલાત્મક માળા જોઈ તે મોં મચકોડીને બોલ્યો. અરે ઓ પંખીડાઓ, તમો વળી ક્યારથી રહેઠાણ બનાવતાં શીખ્યાં છો હેં? બીજું, પંખીઓને વળી માળાની તે શી જરૂર હોય હેં?

આમ, તે કાળો કાગડો ઈર્ષાપૂર્વક દરેક પંખીઓની ઠેકડી ઉડાડવાં લાગ્યો. પંખીઓ ચૂપચાપ સાંભળતાં રહ્યાં. સહસા આકાશમાં કાળા ડીબાંગ વાદળાંઓ ઉમટવાં લાગ્યાં. પવન ફૂંકાવો શરું થયો. અને.. અને.. જોતજોતામાં આકાશમાંથી અનરાધાર વર્ષા શરુ થઈ. તે સાથે જ દરેક પંખીઓ પોત-પોતાનાં માળામાં ચાલ્યાં ગયાં. અને ત્યાં આગળ રહી ડોકાબારીમાંથી બહારનું ભવ્ય, આહ્‌લાદક દૃશ્ય નિહાળવાં લાગ્યાં. હા, બહાર મેઘરાજા મનમૂકીને ધરતીમૈયાને ભીંજવી રહ્યાં હતાં. જ્યારે તે ઈર્ષાળું કાગડો વરસાદમાં પલળવાં લાગ્યો. તેને હવે બરોબરનું ભાન થઈ ચૂક્યું હતું કે ખરેખર દરેકને રહેઠાણ, માળો હોવો ખૂબ જ જરૂરી છે. સંકટ સમયે તે માળો જ કામ લાગે હોં. 'સજ્જન સુગરી' એ જોયું કે કાગડો વરસાદમાં ભીંજાઈ રહ્યો છે. આથી તેણે તે કાગડાને પોતાનાં માળામાં લીધો. આ જોઈ તે કાગડાની આંખોમાં પસ્તાવાનાં આંસુઓ ઉભરાઈ આવ્યાં. અન્ય પંખીઓ તે 'સજ્જન સુગરી' ને અહોભાવથી જોવાં લાગ્યાં.

બીજા દિવસે તે 'સજ્જન સુગરી' એ તે કાગડાને પણ મજબૂત, કલાત્મક માળો બનાવી આપ્યો. આથી તે કાગડાએ તેનો અંતરથી આભાર પણ માન્યો.

## ૭૬. કમળ અને વાંદરો

એક તળાવ હતું. તે તળાવમાં રંગ-બે-રંગી કમળો આનંદ-કિલ્લોલ પૂર્વક રહેતાં હતાં. તે તળાવ પાસે જાંબુનું એક ઝાડ હતું. તે ઝાડ ઉપર એક અટકચાળો વાંદરો રહેતો હતો. અને તે જાંબુનાં ઝાડની એક મોટી ડાળી તળાવ ઉપર ઝૂકતી હતી. આથી તે અટકચાળો વાંદરો ઝૂકતી ડાળી ઉપર આવી, નીચેની તરફ નમીને તે તળાવનાં રંગ-બે-રંગી કમળોની કોમળ પાંખડીઓ તે સતત તોડ્યાં કરતો હતો. આથી તે તળાવનાં કમળો અટકચાળા વાંદરાથી બેહદ કંટાળી ગયાં હતાં.

એક દિવસની વાત છે. તે તળાવ ઉપર એક ભીમકાય હાથી પાણી પીવાનાં ઉદ્દેશ્ય સાથે આવી ચડ્યો. બરોબર આવા સમયે તે અટકચાળો વાંદરો નિર્દોષ કમળોની કોમળ પાંખડીઓને



મચકોડીને તોડી રહ્યો હતો. જ્યારે તે નિર્દોષ કમળો આંખોમાં અશ્રુ સાથે હીબકાં ભરી રહ્યાં હતાં. આ જોઈ તે પાણી પીવાં આવેલ ભીમકાય હાથીને ભારે દુઃખ થયું. તેને લાગ્યું કે આ અટકચાળો વાંદરો નાહકનો તે નિર્દોષ એવાં કમળોની કોમળ પાંખડીઓને તોડી રહ્યો છે. બાદમાં તે ભીમકાય હાથી કશુંક વિચારતો જાંબુનાં ઝાડ તરફ ચાલતો થયો.

જ્યારે આ તરફ તે અટકચાળો વાંદરો ઈર્ષાનો આનંદ ઉઠાવતો કમળોની કોમળ પાંખડીઓને મચકોડીને તોડી રહ્યો હતો કે અચાનક તે જે ડાળી ઉપર બેઠો હતો તે ડાળી એક મોટા તડાકા સાથે તૂટીને તળાવમાં જઈ પડી. અને.. અને.. તે સાથે જ તે અટકચાળો વાંદરો એક મોટા ધબાકા સાથે તળાવમાં ઉથલી પડ્યો. તેણે આવી કશી જ કલ્પનાં કરેલ નહીં કે આમ એકાએક પોતાની ડાળી તૂટીને તળાવમાં જઈ પડશે? બાદમાં તે વાંદરો તળાવનાં પાણીમાં તણાતો તણાતો દૂર દૂર નીકળી ગયો. હા, તે ભીમકાય હાથીએ જ તે અટકચાળા વાંદરાની ડાળી પોતાની સૂંઢ વડે ખેંચીને તોડી નાંખી હતી હોં.

રંગ-બે-રંગી કમળોએ જોયું કે એક ભીમકાય હાથી તેમની મદદે આવ્યો હતો. આથી તે બધાં રંગ-બે-રંગી કમળોએ તે હાથીનો અંતરથી આભાર માન્યો. હા, એક મોટા ત્રાસમાંથી કાયમને માટે મુક્તિ મળી હતી ને? ત્યારબાદ તે હાથી અને રંગ-બે-રંગી કમળો વચ્ચે પાકી મિત્રતા બંધાઈ ગઈ. આ જોઈ તે તળાવ પણ આનંદથી ઝુમવાં લાગ્યું.

## ૭૭. ગુલમહોરની ડાળે અનોખું પંખી

એક વિશાળ ગુલમહોરનાં વૃક્ષ ઉપર રંગ-બે-રંગી પંખીઓ ગહેકતાં, ચહેકતાં આનંદ-કિલ્લોલ કરી રહ્યાં હતાં. તે પંખીઓમાં મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, સુગરી, બપૈયા વગેરેનો સમાવેશ થતો હતો.

સંધ્યાનો સુમધુર, આહ્‌લાદક સમય હતો. પંખીઓ ગુલમહોરનાં વૃક્ષ ઉપર હિંચકા બાંધીને મોજ-મજાક કરી રહ્યાં હતાં કે અચાનક ક્યાંકથી ઉડતું ઉડતું એક નાનું અંગુઠીયા જેવું અનોખું પંખી તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર આવી ચડ્યું. તેનું કાળું રુપ, અંગુઠા જેવું શરીર જોઈ કાળા કાગડાઓ તો તેની ઠેકડી ઉડાવતાં બોલી ઉઠ્યાં. અરે જુઓ જુઓ આ અંગુઠીયાને? મારું બેટું સાવ નાનું સેમ્પલ લાગે છે હોં. આ સાંભળી અન્ય પંખીઓ



હસી પડ્યાં. આથી તે અનોખું પંખી તે બધાં પંખીઓ ઉપર નારાજ થઈ ઉઠ્યું. તેમ છતાં તે કશું જ બોલ્યાં વગર પોતાનાં કોકિલ કંઠમાંથી મીઠાં શૂરો છેડવાં લાગ્યું. તેનાં મીઠાં ગીતો સાંભળી પંખીઓ તો ડોલી જ ઉઠ્યાં હોં. હા, તેઓએ આવું મીઠું ગીત ક્યારેય સાંભળ્યું નહોતું. મોર તો બોલી ઉઠ્યો. વાહ..? શું કંઠ છે, શું મીઠાં ગીતો છે હોં.

પૃથ્વી ઉપર અંધકારનાં ઓળાં ઉતરી આવતાં બધાં પંખીઓ પોત પોતાનાં માળામાં જતાં રહ્યાં. જ્યારે તે અનોખું પંખી ઠંડીમાં ઠુંઠવાતું રહ્યું. આ જોઈ મોરને તેની દયા આવી. બાદમાં તેણે પોતાનાં રહેઠાણમાં લીધું. પછી તેને ખાવા માટે થોડો ખોરાક પણ આપ્યો. આથી તે અનોખાં પંખીને ઘણી જ રાહત થઈ. ત્યારબાદ તે ઉંઘી ગયું.

એક દિવસની વાત છે. ચારે તરફ જોરદાર હવા વીંઝાઈ રહી હતી. જાણે વાવાઝોડું ન આવવાનું હોય તેમ હોં? મોટાં મોટાં વૃક્ષો હલવાં લાગ્યાં. જ્યારે નાનાં નાનાં વૃક્ષો ઉખડવાં લાગ્યાં. ગુલમહોરનાં વૃક્ષ ઉપરનાં પંખીઓમાં ભય વ્યાપી ગયો હતો. વાવાઝોડામાં ટકવું કઈ રીતે? કેટલાંય પંખીઓ તો ધરાશાઈ થઈ ઉઠ્યાં. બરોબર આવા સમયે તે નાનું અનોખું પંખી શાંત, સ્થિર અને યોગમુદ્રામાં બેઠું હતું. તેને આ વિશાળ વાવાઝોડાની કશી જ અસર થતી નહોતી હોં. આ જોઈ અન્ય પંખીઓ તો 'દંગ' જ રહી ગયાં. તેઓનાં માઈનામાં આવ્યું નહીં કે વિશાળ વૃક્ષો ઉખડી રહ્યાં છે. જ્યારે આ ટચુકડું પંખી સ્થિર, શાંતભાવે

બેઠું છે? થોડીવાર રહી શાંત પંખીએ વૃક્ષની ફરતે આંટો માર્યો. જાણે કશો મંત્ર જપ ન ઉચ્ચાર્યો હોય? જેવો તેણે વૃક્ષ ફરતે આંટો પુરો કર્યો તે સાથે જ વિશાળ વાવાઝોડું તે વૃક્ષ પાસેથી જ પસાર થવાં લાગ્યું. વૃક્ષ ઉપરનાં પંખીઓને વાવાઝોડાંનો કશો જ સ્પર્શ થતો નહોતો. આથી બધાં પંખીઓને રાહત થઈ. તેમજ અતિ આશ્ચર્ય પણ થયું કે આમ કઈ રીતે બન્યું હશે? સમજું મોર શાનમાં બધું જ સમજી ગયો કે આ 'ચમત્કાર' તો પેલાં અનોખાં પંખીનો જ છે હોં. અને.. અને.. તે મોર અનોખા પંખીને મનોમન નમી રહ્યો.

વાવાઝોડું સમી જતાં જ તે બધાં પંખીઓએ 'અનોખા પંખી'ની જય બોલાવી હોં. હા, તેનાં પ્રતાપે જ તેઓ બચી શક્યાં હતાં ને? બાદમાં તે અનોખાં પંખીની આગેવાની હેઠળ ગુલમહોરનાં વૃક્ષ ઉપર બધાં પંખીઓ એક સંપ, સાથ, સહકારથી રહેવાં લાગ્યાં.

❒



## ૭૮. હંસ અને ગીધ

એક સરોવર હતું. તે સરોવરમાં રંગ-બે-રંગી હંસો આનંદપૂર્વક રહેતાં હતાં. તે બધાં હંસોમાં એક અતિ સુંદર મઝાનો સુવર્ણ હંસ પણ હતો. તે સુવર્ણ હંસમાં અપાર જ્ઞાન, બુધ્ધિ, કલા-કૌશલ્યનો ભંડાર ભરેલ હતો. આથી તે સરોવરનાં અન્ય હંસો તે સુવર્ણ હંસ પાસેથી પુષ્કળ પ્રમાણમાં જ્ઞાન પ્રાપ્ત કરતાં હતાં.

એક દિવસની વાત છે. સવારનો આહ્‌લાદક અને ખૂશ્નુમાં સમય હતો. ઠંડી-મીઠી હવા ચારે તરફ લહેરાઈ રહી હતી. સરોવરમાં સુવર્ણ હંસનાં જ્ઞાનભર્યા સાનિધ્યમાં રહી અન્ય રંગ-બે-રંગી હંસો જ્ઞાન સંપાદન કરી રહ્યાં હતાં કે અચાનક ક્યાંકથી ઉડતો ઉડતો એક વિશાળ કદનો ગીધ તે સરોવર ઉપર

પાણી પીવાનાં ઉદ્દેશ્ય સાથે આવી ચડ્યો અને પછી તેની તીક્ષ્ણ, ચૂંચી નજર સરોવર વચ્ચે જ્ઞાન આપી રહેલ એવાં સુવર્ણ હંસ ઉપર પડી. આ જોઈ તેની દાઢ ડળકવાં લાગી. મનોમન તેણે વિચાર્યું કે જો આજે આ સુવર્ણ હંસ પોતાની મુઠ્ઠીમાં, પંજામાં આવી જાયને તો તો પછી તેનો ખોરાક બનાવીને ખાવાની ભારે મજા પડી જાય હોં. આમ વિચારી તેણે બળપૂર્વક ગર્જનાં કરી. અરે ઓ સુવર્ણ હંસલા, તું તારા આ સાથીદારોને ખોટું અને ગેરમાર્ગે દોરે એવું જ્ઞાન આપે છે હોં? તને તો સાચા, કિંમતી જ્ઞાનની કશી જ ખબર નથી શું?

અચાનક એક વિશાળ કદનાં ગીધને આ રીતે પડકારતાં જોઈ અન્ય હંસો સાથે તે સુવર્ણ હંસ ચોંકી ઉઠ્યો. બાદમાં તે વિનમ્રતાપૂર્વક બોલ્યો. અરે ઓ ગીધ મહાશય, હું ક્યારેય કોઈને પણ ખોટું જ્ઞાન આપીશ નહીં શું? બીજું મેં દેશ-વિદેશમાં પરિભ્રમણ કરી અમુલ્ય જ્ઞાન પ્રાપ્ત કરેલ છે. જે મારા સાથીદારોને હું આપી રહ્યો છું. હોં.

સુવર્ણ હંસની સત્યમય વાત સાંભળી ગીધ ગુસ્સે ભરાયો. અને પછી તે લાગ જોઈને સુવર્ણ હંસ ઉપર તરાપ મારવા માટે ઉડ્યો. આ બાજું સુવર્ણ હંસ સાથે તે બધાં રંગ-બે-રંગી હંસો સમજી ગયાં કે આ લુચ્ચાં ગીધની દાનત સારી નહોતી હોં. આથી તેઓ બધાં સાવચેત બની ગયાં હતાં. અને.. અને.. જેવો તે લુચ્ચો ગીધ સુવર્ણ હંસ ઉપર તરાપ મારવાં ગયો તે સાથે અન્ય હંસોએ તે ગીધનાં મજબૂત પગ એક સાથે જ પકડી લીધાં અને



તેને તેઓ સરોવરમાં નીચે તરફ ખેંચવાં લાગ્યાં.

અચાનક આ રીતે બાજી પલટી જવાથી ગીધ તો ગભરાઈ ઉઠ્યો. અને પછી તે પગ છોડાવવાં માટે ધમપછાડાં મારવાં લાગ્યો. જ્યારે હંસો તો તેનાં પગને બરોબરનાં ચોંટી જ પડ્યાં હતાં હોં. અને અંતે તે લુચ્ચાં ગીધને તેઓ સરોવરની અંદર જ ઘસડી ગયાં. ગીધની આંખોમાંથી આંસુઓની ધાર ચાલ્યે જવાં લાગી. પસ્તાવો પણ થવાં લાગ્યો. આ જોઈ સુવર્ણ હંસ તેમજ અન્ય હંસો તે ગીધની દયાં આવતાં માફ કર્યો. આથી તે ગીધ દરેક હંસોનો આભાર માનતો ત્યાંથી ફ..ર..ર.. કરતો અને જીવ બચાવતો ઉડી ગયો.

પુનઃ તે સરોવરનાં હંસો સુવર્ણ હંસનાં અણમોલ સાનિધ્યમાં રહી અમુલ્ય, કિંમતી જ્ઞાન સંપાદન કરવાં લાગ્યાં. આ જોઈ તે સરોવર પણ આનંદથી ડોલવાં લાગ્યું.

❒

## ૭૯. કમળની કોમળતા હાથીનો ગુસ્સો

એક સરોવર હતું. તે સરોવરમાં એક અતિ સુંદર મઝાનું કમળ પોતાની શ્વેત પાંખડીઓને ફેલાવતું આનંદપૂર્વક તે સરોવરમાં તરી રહ્યું હતું.

સંધ્યાનો સુમધુર, આહ્લાદક સમય હતો. ચારે તરફ નયનાકર્ષક વાતાવરણ હતું. બરોબર આવા સમયે એક ગુસ્સાવાળો હાથી તે સરોવર ઉપર પાણી પીવાનાં ઉદ્દેશ્ય સાથે ત્યાં આગળ આવી ચડ્યો. તે સરોવરનું પાણી થોડું ડોળું જોઈ તેનાં ગુસ્સાનો કોઈ પાર ન રહ્યો. બાદમાં તે ગર્જનાં કરતાં ગુસ્સાથી બરાડ્યો. અરે ઓ કમળીયાં, તારા આ સરોવરમાં ફરવાથી સરોવરનું પાણી કેટલું ગંદુ, ડોળું થઈ ગયું છે! બીજું મારા જેવાં મહાન હાથીને પાણી પીવાં માટે શું આ ડહોળાં પાણીનો ઉપયોગ કરવો હેં?



હાથીની તોછડી, ગુસ્સાભરી વાણી સાંભળી શ્વેત કમળ શાંત ભાવે બોલ્યું. ઓ હાથી મહારાજ, મારા ફરવાથી તે કંઈ પાણી ડહોળું નથી થતું હોં. આ તો ઉપરથી જ ડહોળા પાણીનો પ્રવાહ આવે છે હોં! શ્વેત કમળની શાંત, સત્યમયવાણી સાંભળી હાથીનો ગુસ્સો ઓર વધી ગયો. બાદમાં તે પડકારતાં બોલ્યો. અરે ઓ કમળીયાં, તું મારા જેવાં મહાન, શક્તિશાળી હાથીની સામે બોલે છે કેમ? તો લે હવે મારા ગુસ્સાનો સામનો કર જોઉં? આમ બોલી તે હાથી સરોવરમાં ઉતર્યો. અને તે કમળની દિશામાં તેને પાઠ ભણાવવાં માટે ધસમસવાં લાગ્યો.

આ તરફ તે શ્વેત કમળ સમજી ગયું કે આ ગુસ્સાવાળાં, તેમજ અભિમાનથી ચકચૂર એવાં હાથીને કશો સબક શીખવાડવો જ પડશે હોં. બાદમાં તે ઉંચો શ્વાસ લેતું સરોવરની અંદર જ ડૂબકી મારી ગયું. હાથીએ જોયું કે શ્વેત કમળ તો સરોવરની અંદર ઉતરી ગયું છે. ત્યારે તે ભોંઠો પડ્યો. અને બાદમાં તે સરોવરની બહાર નીકળવાં લાગ્યો. પરંતુ તેનાં પગ તો સરોવરનાં કાદવમાં બરોબરનાં ખૂંપી જ ગયાં હોં. આથી તે હાથી ગભરાઈ ઉઠ્યો. અને પછી તે પોતાનાં પગને બહાર કાઢવાં માટે અથાગ પ્રયત્ન કરવાં લાગ્યો. પરંતુ તેનાં પગ કાદવમાંથી બહાર નીકળતાં જ નહોતાં હોં. આથી ધીરે ધીરે તેની સહનશક્તિની હદ આવી ગઈ. તેનું અભિમાન ઉતરવાં લાગ્યું. તેની આંખોમાંથી પસ્તાવાનાં આંસુઓ ચાલ્યે જવા લાગ્યાં. આ જોઈ સરોવરમાં ઉંડે રહેલ શ્વેત કમળને ખ્યાલ આવી ગયો કે હાથીને હવે અંતરથી પસ્તાવો થઈ રહ્યો છે. બાદમાં

તેણે કશોક મંત્ર ભણ્યો તે સાથે જ હાથીનાં પગ કાદવમાંથી બહાર નીકળી આવ્યાં. બાદમાં તે ત્યાંથી ચાલ્યો ગયો. કમળ પણ શાંતિપૂર્વક રહેવાં લાગ્યું.

❐



## ૮૦. કમળ અને બગલો

એક તળાવ હતું. તે તળાવમાં એક અતિ સુંદર મઝાનું પચરંગી કમળ પોતાની મસ્ત-મનોહર અદામાં નૃત્ય કરી રહ્યું હતું.

સંધ્યાનો સુમધુર સમય હતો. પચરંગી કમળ નૃત્યમાં મશગુલ હતું. તળાવમાં રહેલ રંગ-બે-રંગી માછલીઓ પચરંગી કમળનું અદ્ભૂત નૃત્ય જોવામાં મગ્ન હતી. બરોબર આવા સમયે એક લુચ્ચો બગલો ક્યાંકથી ઉડતો ઉડતો આવીને તે તળાવનાં કાંઠે જઈને પછી તે તળાવનું પાણી પીવાં લાગ્યો. સહસા તેની ચૂંચી, ફાંગી નજર તળાવ વચ્ચે આનંદમગ્ન બનીને નૃત્ય કરી રહેલ એવાં પચરંગી પોપટ ઉપર પડી. બાદમાં તેની આસપાસ રહેલ રંગ-બે-રંગી માછલીઓ ઉપર પડી. આ જોઈ તેનાં મોઢામાંથી

લાળ ટપકવાં લાગી. ત્યારબાદ તે કશીક કપટભરી યોજનાં બનાવતો મુખમાંથી પ્રભુભજન બોલવાં લાગ્યો.

અચાનક તળાવ ઉપરથી પ્રભુ ભજનનો નાદ, અવાજ, સાંભળી રંગ-બે-રંગી માછલીઓ તો ચોંકી ઉઠી. ત્યારબાદ તેઓએ આવતાં અવાજની દિશામાં નજર કરી તો એક વિશાળ કદનો બગલો પ્રભુભજનમાં મગ્ન તેઓને દેખાયો. આ જોઈ તેઓ વધું આશ્ચર્યચકિત રહી ગઈ. હા, બગલો કોઈ દિવસ પ્રભુભજન કરે જ નહીં તેમ તેઓની માન્યતા હતી. જ્યારે તે બગલો ચૂંચી, ફાંગી નજર કરી રંગ-બે-રંગી માછલીઓનાં મનોભાવો વાંચવાં લાગ્યો. તેને સમજાઈ ગયું હતું કે આ માછલીઓ ઘડીકમાં છેતરાય એવી નથી હોં. તેમ છતાં તેણે પોતાનાં પ્રયત્ન ચાલું જ રાખ્યાં.

અને.. અને.. અંતે રંગ-બે-રંગી માછલીઓ ધીરે ધીરે તે ભક્ત બગલા પાસે જવાં લાગી. તેઓ બધી માછલીઓને ભજન પણ અતિ પ્રિય હતાં. આથી બધી જ માછલીઓ તે ભક્ત બગલાં પાસે પહોંચીને એકધ્યાનપણે તેનાં ભજન સાંભળવાં લાગી. બસ, ખલાસ? લુચ્ચો બગલો આવી જ કોઈ 'તક'ની રાહ જોઈ રહ્યો હતો. તે ભજન ગાતો ગાતો હળવે રહીને નાની નાની રંગ-બે-રંગી માછલીઓનો તે શિકાર કરવાં લાગ્યો.

સહસા તે નૃત્ય કરી રહેલ પચરંગી કમળની નજર 'ઠગ બગલા' ઉપર પડતાં જ તે ચોંકી ઉઠ્યું. તેને લાગ્યું કે જો આજે આ રંગ-બે-રંગી માછલીઓને ચેતવવામાં નહીં આવે ને તો તો પછી આ લુચ્ચો, ઠગ બગલો બધી જ માછલીઓનો શિકાર કરી જશે



હોં. આમ વિચારી તેણે બૂમ પાડી. અરે ઓ રંગ-બે-રંગી માછલીઓ, જાગો અને જુઓ તો ખરાં કે આ બગલો શું કરી રહ્યો છે?

બસ, ખલાસ? પચરંગી કમળની બૂમ સાંભળી બધી જ માછલીઓ ચોંકીને સામે નજર કરી તો તેઓએ શું જોયું? હા, તે બગલો ભજન ગાતો ગાતો નાની નાની માછલીઓનો ખોરાક કરી રહ્યો હતો. આ જોઈ તેઓ ક્રોધથી ધુંઆ પુંઆ થઈ ઉઠી. જ્યારે બગલાએ જોયું કે પોતાની ચોરી પકડાઈ ગઈ છે. આથી તે ત્યાંથી ભાગવાં લાગ્યો. પરંતુ ત્યાં સુધીમાં તો બધી જ માછલીઓએ તેની ઉપર આક્રમણ કરીને તે બગલાંને ઘાયલ કરી નાંખ્યો હતો. બાદમાં તે બગલો ઘવાતો, પસ્તાતો ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો. પુનઃ તે તળાવમાં પચરંગી કમળનાં સાનિધ્યમાં રહી માછલીઓ આનંદ કરવાં લાગી.

❐

# ૮૧. પરિશ્રમી વાંદરો

એક વિશાળ જંગલમાં એક 'પરિશ્રમી વાંદરો' સતત, દિનરાત કામ કર્યા કરતો હતો. નવાં નવાં ફૂલ-છોડ ક્યાંકથી મેળવી તે ઉગાડતો હતો. તેની માવજત, ખાતર-પાણીની વ્યવસ્થા કરતો. ફળોનાં વૃક્ષો પણ તે વાવતો હતો. આથી જંગલનાં અન્ય પ્રાણીઓ, પંખીઓ તેની મશ્કરી પણ કરતાં. અને કહેતાં. અરે મૂર્ખ વાંદરાં, આ જંગલમાં તો અનેક ફળ-ફૂલોનાં વૃક્ષો આવેલ છે. તેમ છતાં તું નવાં નવાં ફળ-ફૂલોનાં વૃક્ષો વાવ્યે જ જાય છે શું? અરે આનાથી તને ફાયદો શો છે હેં?

જવાબમાં તે 'પરિશ્રમી વાંદરો' કહેતો. મિત્રો, જીવનમાં કંઈક ને કંઈક કરતાં જ રહેવું જોઈએ હોં. અને તો જ જીવન હર્યુભર્યુ અને મહેકતું લાગે શું? પરંતુ અન્ય પ્રાણીઓ, પંખીઓ



તે વાંદરાની ઠઠ્ઠામશ્કરી જ કરતાં રહ્યાં. ઉપહાસ પણ કરતાં રહ્યાં.

એક દિવસની વાત છે. તે જંગલમાં આ વર્ષે બિલકુલ વરસાદ પડ્યો જ નહીં. આથી અન્ય પ્રાણીઓ, પંખીઓ નિરાધાર, કામ ધંધા વગરનાં જ બની ગયાં. જ્યારે તે પરિશ્રમી વાંદરો તો રોજ પોતાની દિનચર્યા મુજબ મહેનત પરિશ્રમ જ કરતો રહ્યો. તેને ક્યારેય પણ પાણીનો, ખાવાનો પ્રશ્ન સતાવતો જ નહીં. હા, તે પરિશ્રમી વાંદરો કોઈ પણ જગ્યાએથી મહેનત દ્વારા પાણી મેળવી લેતો હતો. ખોરાક, ફળ-ફૂલો પણ શોધી લેતો હતો. આ જોઈ જંગલનાં અન્ય પ્રાણી, પંખીઓને હવે જ ખબર પડી કે જીવનમાં જો પહેલેથી જ મહેનત, પરિશ્રમ કર્યો હોત ને તો તો આજે આમ ભૂખમરા માટે ભમવું જ ન પડત હોં. અરે આ 'પરિશ્રમી વાંદરા'નું તેજ તો જુઓ? કેવો હટ્ટો કટ્ટો અને નિરોગી મને ફર્યા કરે છે હેં? જાણે તાજો તેલ જેવો ન હોય તેમ તેનો ચહેરો સતત ચમકી રહ્યો છે હોં.

સિંહરાજાનાં અધ્યક્ષ સ્થાને એક વિશાળ સભા ભરાણી. જંગલનાં તમામ પ્રાણીઓ, પંખીઓ તે સભામાં ઉપસ્થિત હતાં. દરેકનાં ચહેરાં માંયકાંગલાં સમાન લાગી રહ્યાં હતાં. અરે ખુદ સિંહરાજાનાં ચહેરાનું પણ ઠેકાણું નહોતું હોં. પરંતુ તે સભામાં એક જ ફક્ત 'પરિશ્રમી વાંદરા'નાં ચહેરાનું જ તેજ ચારે તરફ ફેલાઈ રહ્યું હતું. સિંહરાજા તુરંત સમજી ગયાં હતાં. અને પછી તેણે જાહેરાત કરાવી કે આજથી આ 'પરિશ્રમી વાંદરા'નું દરેકે અનુકરણ કરવું. અને તે જેમ કહે તેમ મહેનત, પરિશ્રમ, કરતાં

રહેવું. બસ, ખલાસ?

બીજા જ દિવસથી 'પરિશ્રમી વાંદરા' એ દરેકને મહેનતનું કામ સોંપી દીધું. જંગલમાં ઠેર ઠેર કૂવાઓ કરાવ્યાં. ખેતરો ખેડાવ્યાં. અને થોડાં સમયમાં તો તે જંગલ હરિયાળી ક્રાંન્તિમાં પરિણમ્યું. દરેકનાં ચહેરા ઉપર પુનઃ રોશની ઉભરાઈ આવી. બાદમાં સિંહરાજાને વરદહસ્તે 'પરિશ્રમી વાંદરા' ને સોનાનો શીલ્ડ એનાયત કરવામાં આવ્યો. આથી સભામાં તાળીઓનાં ગડગડાટ ગુંજવાં લાગ્યાં.

બોધ :- મિત્રો, જીવનમાં પરિશ્રમને હંમેશાં પ્રથમ ક્રમાંક જ આપવો જોઈએ હોં. કેમ, બરોબર ને..?

❒



## ૮૨. કમળની ડાળીએ સુવર્ણ મોર

એક સરોવર હતું. તે સરોવરમાં કેટલાંક આકર્ષક, રંગ-બે-રંગી કમળો આમથી તેમ તરી રહ્યાં હતાં.

સંધ્યાનો સુમધુર, આહ્લાદક સમય હતો. સરોવરમાં રંગ-બે-રંગી કમળો આનંદપૂર્વક તરી રહ્યાં હતાં. બરોબર આવા સમયે ક્યાંકથી ફરતો ફરતો એક સુંદર મઝાનો સુવર્ણ મોર તે સરોવર ઉપર પાણી પીવાનાં ઉદ્દેશ્ય સાથે આવી પહોંચ્યો. અને પછી તે સરોવરનું પાણી પીતાં પીતાં તેની નજર સરોવર વચ્ચે તરી રહેલ એવાં રંગ-બે-રંગી કમળો ઉપર પડી. આથી તેને તે કમળો ઉપર બેસવાની તીવ્ર ઈચ્છા થઈ આવી. ત્યારબાદ પાણી પીધાં પછી તે ફ...ર...ર.... કરતો ઉડીને સરોવરમાં તરી રહેલ એવાં એક ગુલાબી કમળ ઉપર જઈને તે તેની ડાળીઓ ઉપર

બેઠો. અને પછી તે કમળની ડાળીઓ ઉપર જ મોજમાં આવીને એક પગે કથક નૃત્ય કરવાં લાગ્યો. ત્યારે ત્યાં આગળનું અનોખું, અલૌકિક દૃશ્ય નિહાળીને અન્ય કમળો પણ અતિ રોમાંચિત થઈ ઉઠ્યાં. અને પછી તો તેઓ પણ તે સરોવરમાં નૃત્ય કરવાં લાગ્યાં.

આવા સમયે ક્યાંકથી એક લુચ્ચું શિયાળ ફરતું ફરતું તે સરોવર ઉપર આવી ચડ્યું. અને પછી તેની નજર સરોવર વચ્ચે ગુલાબી કમળ ઉપર નૃત્ય કરી રહેલ સુંદર મોર ઉપર પડી. આથી તેની ડાઢ ડળકવાં લાગી. અને તેનાં કપટી દિમાગમાં તે મોરનો શિકાર કરવાની યોજનાંઓ આકાર લેવાં લાગી. ત્યારબાદ તેણે સરોવરનાં કાંઠા ઉપરથી એક તીક્ષ્ણ પથ્થર ઉપાડીને તેણે તે ગુલાબી કમળ ઉપર નૃત્ય કરી રહેલ કલાપ્રેમી એવાં સુવર્ણ મોર ઉપર સ..ન...ન... કરતો ફેંક્યો. અને પછી તે મનોમન સુવર્ણ મોરનાં મૃત્યુંની ઘડી તે ગણવાં લાગ્યો.

પરંતુ ઈશ્વરની ઈચ્છા કંઈક જુદી જ હતી હોં. લુચ્ચાં શિયાળે ફેંકેલો પથ્થર ગુલાબનું ફૂલ બનીને તે સુવર્ણ મોર ઉપર વરસવાં લાગ્યાં. આ જોઈ શિયાળ તો દંગ જ રહી ગયો. ઘડીભર તો તેનાં માઈનામાં જ ન આવ્યું કે શું એક તીક્ષ્ણ પથ્થર ગુલાબનું ફૂલ બની જતું હશે? પરંતુ સત્ય તો તેની સામે જ હતું હોં. ત્યારબાદ તેનાં અંતરમાંથી અવાજ ઉઠ્યો. અરે ઓ મૂર્ખ શિયાળ, શા માટે તું તે નિર્દોષ, ગીત-સંગીત અને કલાપ્રિય એવાં સુવર્ણ મોરનો શિકાર કરવાં માંગે છે હેં? તેણે તારું તે શું બગાડ્યું છે હેં? આમ, શિયાળનાં અંતરમાંથી વેદનાં સાથે અવાજ ઉઠતાં જ તેની



આંખોમાંથી પસ્તાવાનાં આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં.

ત્યારબાદ તે શિયાળ અંતરથી બેહદ પસ્તાવો કરતું તે સરોવર ઉપરથી ચાલ્યું ગયું. જ્યારે તે સુવર્ણ મોર ગુલાબી કમળ ઉપર રહીને મધુર, આહ્લાદક નૃત્ય કરવામાં મશગુલ બની ગયો. આ જોઈ તે સરોવર પણ આનંદિત થઈને ડોલવાં લાગ્યું હોં.

❒

## ૮૩. ચતુર વાંદરો

એક ગાઢ જંગલ હતું. તે જંગલમાં વિવિધ પ્રકારનાં પશુઓ, પંખીઓ રહેતાં હતાં. તે ગાઢ જંગલથી થોડે દૂર ઉપર એક વિશાળ તળાવ હતું. અને તે તળાવમાં એક ખૂંખાર મગર રહેતો હતો. અને તે મગર જંગલનાં જે કોઈ પશુ-પંખીઓ, પાણી પીવાં આવતાં તેનો તે લપાઈ, છુપાઈને શિકાર કરતો હતો. આથી તે જંગલમાં હાહાકાર મચી ગયો. કારણ કે પાણી પીવાં તો તળાવ ઉપર જવું જ પડે હોં.

એક દિવસ સિંહરાજાએ સભા ભરી અને તે તળાવમાં રહેલ મગરનાં શિકારથી કઈ રીતે બચવું અથવા તે મગરને તળાવમાંથી કઈ રીતે હાંકી કાઢવો તેની ચર્ચાવિચારણાંઓ શરુ થઈ. દરેક પશુ-પંખીઓએ પોત પોતાનાં વિચારો મુક્તમને રજૂ



કર્યા. પરંતુ સિંહરાજાને તે વિચારોમાંથી એક પણ વિચાર મગજમાં બેસતો નહોતો. આ જોઈ ત્યાં આગળ રહેલ એક ચતુર વાંદરો ઉભો થઈને તેણે પોતાનો વિચાર રજૂ કર્યો. મહારાજ, મારા વિચાર પ્રમાણે આપણે બધાં એક મજબૂત જાળ અને તે પણ લોખંડની બનાવી નાંખીએ, અને પછી તે જાળને તળાવમાં બીછાવી દઈએ કે જેથી તે મગર જાળમાં સપડાઈ જાય ને તો આપણે બધાં ભેગાં મળીને તેને ઢસડીને દૂર દરિયામાં છોડી આવીએ. આ સાંભળી સિંહરાજા સાથે બધાં પંખીઓ, પશુઓ સંમત થઈ ગયાં. અને પછી તે ચતુર વાંદરાની આગેવાની હેઠળ બધાં પશુ-પંખીઓ લોખંડની એક મજબૂત જાળ ગુંથવા, બનાવવાં લાગ્યાં.

આ તરફ તે તળાવમાં રહેલ ખૂંખાર મગર તાજોમાજો ખોરાક ખાઈપીને શરીરે એકદમ હષ્ટપૃષ્ટ બની ગયો હતો. તેને આ તળાવ ખૂબ જ માફક આવી ગયું હતું. રોજ કોઈ ને કોઈ ખોરાક આરામથી ખાવાં મળી જતો હતો. અત્યારે તે પેટ ઉપર હાથ પસરાવતો પગ ફેલાવીને તળાવમાં બિન્દાસપણે આડો પડ્યો હતો. બરોબર આવા સમયે ચતુર વાંદરાની, આગેવાની હેઠળ ઘણાં બધાં પશુ-પંખીઓ જાળ લઈને તળાવ ઉપર આવી પહોંચ્યાં. અને.. અને.. પછી તે બધાં પશુ-પંખીઓએ તે આડા પડેલ ખૂંખાર મગર ઉપર લોખંડની મજબૂત જાળ નાંખીને તેને બંદીવાન બનાવી દીધો. આ જોઈ મગરનાં તો રુંવાળાં ઉભાં થઈ ગયાં. અને તે ક્રોધથી ગર્જનાં કરવાં લાગ્યો. અરે મૂર્ખાઓ, મને કેદ કરીને તમો

બધાંયે જીંદગીમાં ગંભીર ભૂલ કરી છે હોં? માટે મને તુરંત મુક્ત કરી દ્યો? અન્યથાં હું તમો બધાંને ચાવી જઈશ શું?

પરંતુ સિંહરાજા, ચતુર વાંદરો, હાથી વગેરેએ તે મગરની એક પણ વાત કાને ધર્યા વગર તે મગરને તળાવમાંથી ઢસડવાં લાગ્યાં. અને પછી તેઓ તે મગરને દરિયામાં છોડી આવ્યાં. મગર તો ઘણો જ કરગરતો હતો. પરંતુ પરિણામ શૂન્ય આવ્યું.

આમ, 'ચતુર વાંદરા'ની બુધ્ધિશક્તિ ઉપર બધાંએ તેની જય બોલાવી. આમ જ્યાં આગળ એકતા, સંવાદીતાં અને સ્નેહ હોય ને તો આવેલ આફતમાંથી હેમખેમ ઉતરી શકાય હોં. કેમ, બરોબર ને....?

❒



## ૮૪. સુંદરવનની પ્રાથમીક શાળા

સુંદરવન એક નયનરમ્ય વન હતું. તે વન પણ ખરેખર લીલોતરીઓથી હર્યુભર્યુ વન હતું. અનેક જાતનાં ફળ-ફૂલોનાં વૃક્ષો તે સુંદરવનમાં લહેરાઈ રહ્યાં હતાં.

તે સુંદરવનમાં હાથી મહારાજે એક પ્રાથમીક શાળા પણ ખોલી હતી. અને તેણે તે શાળામાં સારી લાયકાત ધરાવતાં શિક્ષકોની પણ નિમણૂંક કરી હતી. શિક્ષકોમાં સ્નેહભર્યો વ્યવહાર, લાગણીશીલતાં, શિક્ષણલક્ષી અભિગમ ધરાવતાં શિક્ષકોને તે હાથી મહારાજે પ્રાધાન્ય આપ્યું હતું.

તે હાથી મહારાજની પ્રાથમીક શાળામાં સુંદરવનનાં પશુ-પંખીઓનાં નાનાં નાનાં બચ્ચાંઓ, કે જેમાં ખાસ કરીને મોર, બગલા, બતકા, હંસ તેમજ પશુઓમાં નાનાં નાનાં હાથીનાં

મદનીયાંઓ, સિંહનાં બચ્ચાંઓ, સસલાંઓ, વાંદરાઓ વગેરે અભ્યાસ માટે વહેલી સવારે સમયસર પહોંચી જતાં. અને હાથી મહારાજની આગેવાનીમાં અન્ય શિક્ષકગણ તેઓને અલગ અલગ વિષયોનું જ્ઞાન, ભાષા, ગણિત, વિજ્ઞાન, સમાજ, ભૂગોળ વગેરે શીખવાડતાં હતાં. આવું સુંદર મઝાનું વાતાવરણ જોઈ સુંદરવનનાં સિંહરાજની આંખો ઠરતી હતી. તેઓને લાગ્યું કે આવા અદ્‌ભૂત શિક્ષણથી પશુ-પંખીઓમાં વિકાસ થાય છે. તેમજ સુંદરવનનો પણ વિકાસ ખૂબ જ ઝડપથી થાય છે હોં.

વર્ષમાં બે વખત હાથી મહારાજ પરિક્ષાઓ લેતાં હતાં. આ ઉપરાંત તે હાથી મહારાજની શાળામાં વ્યાયામનાં પિરીયડો પણ અલગથી લેવાતાં હતાં. તેમજ ડ્રોઈંગ, સીવણ, ટેકનીકલ, જ્ઞાન પણ અપાતું હતું.

એક વખત સિંહરાજા પણ તે હાથી મહારાજની પ્રાથમીક શાળાએ ઓચીંતા જ જઈ ચડ્યાં. અને પછી તે શાળાનું જોમવંતુ વાતાવરણ જોઈ તેઓને ખૂબ જ સંતોષ થયો. અને તેઓએ હાથી મહારાજને જોઈતી તમામ પ્રકારની સહાયની ખાત્રી પણ આપી. શહેરમાંથી ટેકનીકલને લગતાં સાધનો પણ તેઓએ મંગાવી આપ્યાં. રમત ગમતનાં સાધનો પણ વસાવવામાં આવ્યાં. આ ઉપરાંત દરેકનો પુરતી રીતે વિકાસ થાય તેમ ખેતીલક્ષી જ્ઞાન પણ હાથી મહારાજ તરફથી આપવામાં આવતું હતું. જેથી ખેતીક્ષેત્રે પણ સ્વનિર્ભર બની શકાય.

આ રીતે હાથી મહારાજની પ્રાથમીક શાળામાં લગભગ



તમામ પ્રકારનું જ્ઞાન આપવામાં આવતું હતું. અને.. અને.. થોડાં સમયમાં તો અન્ય વનોમાંથી પણ તે હાથી મહારાજની સલાહ સૂચનાંઓ મેળવવાં માટે લાંબી લાઈનો પણ લાગવાં લાગી. આ જોઈ હાથી મહારાજને પણ ખૂબ જ સંતોષ થયો. હા, લોકોનાં જીવનમાં પોતે કંઈક મહત્ત્વનો ફાળો આપી રહ્યાં છે. તેનો તેઓને અહેસાસ પણ થવાં લાગ્યો.

બોધ : મિત્રો, જોયું ને...? સુંદરવનનો વિકાસ જેટ ગતિએ પહોંચવાં લાગ્યો. તો આપણે પણ આપણો વિકાસ શાળા, મહાશાળા, કોલેજો, યુનિવર્સીટીઓ મારફતે જરૂરથી કરવો જોઈએ કેમ....બરોબરને?

❐

# ૮૫. સ્વર્ણિમ સુંદરવન - ૨૦૧૦

સુંદરવન ને પચાસ વર્ષ પુરાં થવાં આવ્યાં હોવાથી તેની ઉજવણીનાં ભાગરૂપે સિંહરાજાની અધ્યક્ષતામાં ભવ્ય કાર્યક્રમોને આખરી ઓપ આપવામાં આવી રહ્યાં હતાં. સુંદરવનને ઠેક ઠેકાણેથી શણગારવામાં આવી રહ્યું હતું. જાહેરાતો, બેનરો વગેરે તૈયાર થઈ ચૂક્યાં હતાં. રોશનીથી સુંદરવન નવલી નવોઢાની જેમ શોભી રહ્યું હતું. શૈક્ષણિક, તેમજ રંગારંગ કાર્યક્રમોની સૂચિઓ બહાર પડી ગઈ હતી. કાર્ડસ, પેમ્ફ્લેટો તૈયાર થઈ ચૂક્યાં હતાં. સુંદરવનનાં તમામ પશુ-પંખીઓમાં થનગનાટ વ્યાપી ગયો હતો.

અને.. અને.. સુંદરવનને પચાસ વર્ષ પુરાં થયાનો દિવસ આવી પહોંચતાં જ સુંદરવન સોળે કળાએ મોરની જેમ પાંખો, પીંછા ફેલાવીને અદ્‌ભૂત નૃત્ય કરી રહ્યું હતું. સુંદરવનનાં ટાઉનહોલમાં સિંહરાજાની અધ્યક્ષતામાં રંગારંગ કાર્યક્રમોની શરૂઆત થઈ ચૂકી હતી. દેશ-વિદેશથી મહેમાનો પણ આવી પહોંચ્યાં હતાં. દક્ષિણ આફ્રિકાથી વિશાળ કદનાં હાથીઓ,



ગોરીલાઓ, ડોલ્ફીન માછલીઓ, ગીરનાં સાવજો, ઓસ્ટ્રેલીયાથી કાંગારુઓ, ચીંમ્પાઝીઓ વગેરેથી સુંદરવનનો ટાઉનહોલ ઉભરાઈ રહ્યો હતો. સિંહરાજાનાં વરદહસ્તે રંગારંગ કાર્યક્રમ ખૂલ્લો મુકવામાં આવતાં જ ટાઉનહોલ તાળીઓનાં ગડગડાટથી ગુંજવાં લાગ્યો. પશુ-પંખીઓ પોત પોતાની કૃતિઓ રજૂ કરતાં ગયાં. કોઈ નૃત્ય કલા રજૂ કરે તો કોઈ મીમીક્રી રજૂ કરતાં ગયાં. તો કોઈ ચિત્રકલા પણ પેશ કરતાં ગયાં. નિર્ણાયક સમિતી પણ તેઓની કામગીરી માર્કસ મૂકવાની કરતાં ગયાં. અનેક જાતનાં હેરતભર્યા કાર્યક્રમો રજૂ થતાં ગયાં. કોઈ ભજન ગાતાં તો કોઈ મીઠાં શૂરોમાં દેશપ્રેમનું ગીત રજૂ કરતાં હતાં.

ટાઉનહોલનું વાતાવરણ લાઈટ-સંગીતથી સુશોભીત થઈ રહ્યું હતું. મીઠી ખૂશ્બો, ગુલદસ્તાઓમાંથી વહેતી હતી. ટાઉનહોલની બહાર પણ ચારે તરફ રોશની, મંડપો શોભી રહ્યાં હતાં. ફુવારાઓમાંથી ખૂશ્બોદાર અત્તરો વછૂટી રહ્યાં હતાં. આવું અદ્‌ભૂત વાતાવરણ, નજારાઓ જોઈ આવનાર મહેમાનો પણ અચંબિત રહી ગયાં. તેઓએ તેમનાં જીવનમાં આવા જોમ-જૂસ્સાભર્યા કાર્યક્રમો તો ક્યારેય પણ જોયાં નહોતાં હોં.

આમ, સુંદરવનને પચાસ વર્ષ પૂર્ણ થતાં જ સુંદરવન પ્રગતિનાં શીખરો સર કરવાં લાગ્યું. લોકો પશુ-પંખીઓ અમન ચમન કરવાં લાગ્યાં. ક્યાંય પણ દુઃખનું નામોનિશાન પણ જોવા મળતું નહોતું હોં. સર્વત્ર સુખ, શાંતિ અને પ્રગતિ પથરાઈ ગઈ હતી.

## ૮૯. સુંદરબાગમાં સુવર્ણ બુલબુલ

એક સુંદર મઝાનો બાગ હતો. તે બાગમાં વિવિધ પ્રકારનાં ફૂલો આવેલ હતાં. જેમાં ખાસ કરીને રંગ-બે-રંગી ગુલાબ, મોગરો, જૂઈ, જાસૂદ, કરેણ, રાતરાણી, વગેરેનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત તે બાગમાં તીલક તુલસી પણ હતાં. જે આયુર્વેદીક કામમાં ખૂબ જ આવતાં હતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર, આહ્‌લાદક સમય હતો. ઠંડી હવાં ચારે તરફ સાંય સાંય કરતી લહેરાઈ રહી હતી. તે બાગનાં પંખીઓ આનંદનો આલાપ છેડી રહ્યાં હતાં. બરોબર આવા સમયે ક્યાંકથી ઉડતું ઉડતું એક સુંદર મઝાનું સુવર્ણ બુલબુલ તે બાગમાં આવીને રંગ-બે-રંગી ફૂલોનાં છોડ ઉપર જઈને બેઠું. અને પછી તે પોતાનાં સુંદર કંઠમાંથી મીઠાં ગીતો



ગાવાં લાગ્યું.

*‘‘હાથનો સ્પર્શ કરું, કંઠનો ઉપયોગ કરું,*
*ઈશ્વર ગુણ ગાઉં, હું તો ઈશ્વર ગુણ ગાઉં,*
*નીલ ગગનમાં ઉડું, તારલાઓનાં સંગમાં હું તો બોલું,*
*મધુર ગાન, ઈશ્વર ગુણ ગાઉં’’*

આમ, તે સુવર્ણ બુલબુલ ગુઢ, જ્ઞાનભર્યા ગીતો ગાવાં લાગ્યું. આ સાંભળી રંગ-બે-રંગી ફૂલો તો ભૈઈ ડોલી જ ઉઠ્યાં હોં. આવા સુંદર સુવર્ણ બુલબુલ વળી તેમાં તેનો જ્ઞાનભર્યો મીઠાં ગીતોનો સ્વર. બસ, પછી તો પૂછવું જ શું હેં? પરંતુ તે સુંદર મઝાનાં બાગમાં એક ઈર્ષાળું કાગડો રહેતો હતો. તેણે તે જાજરમાન, દિવ્ય સ્વરૂપ સમા સુવર્ણ બુલબુલ ને જોયું, તેનાં મીઠાં જ્ઞાન, સભર ગીતો સાંભળીને તેની ઉપર તે ઈર્ષા કરવાં લાગ્યો. બાદમાં તે સુવર્ણ બુલબુલને ફાવે તેમ બોલવાં લાગ્યો. આ સાંભળી સુવર્ણ બુલબુલ સાથે રંગ-બે-રંગી ફૂલો પણ તે કાગડા ઉપર નારાજ થઈ ઉઠ્યાં. પરંતુ તે કાળો કાગડો તો ઈર્ષામય વૃત્તિમાં જ રત હતો. બાદમાં એક લાલ ગુલાબને લાગ્યું કે બસ, હવે તે કાળો કાગડો આ આવેલ અતિથી એવાં સુવર્ણ બુલબુલને વધું કંઈ કહેશે તો તે કાગડો મર્યો જ સમજશે શું?

અને... અને... ખરેખર તે કાગડો વાણી વિલાસથી અટક્યો જ નહીં હોં. અંતે લાલ ગુલાબે પોતાનાં શરીર ઉપર રહેલ તીક્ષ્ણ કાંટાઓને લાંબા કર્યા. અને.. અને.. તે કાગડો વધું સમજે તે પહેલાં તો લાલ ગુલાબે તેનાં તીક્ષ્ણ કાંટાઓની ડાળી

સ..ટા..ક... કરતી કાગડાની પીઠ ઉપર ફટકારી દીધી હોં. અને તે સાથે જ તે કાળો કાગડો એક ઉંડી પીડા સાથે ગડથોલું ખાઈ ગયો. તેને અસહ્ય, દર્દનાક પીડા પણ થવાં લાગી. બાદમાં તેની આંખોમાંથી પસ્તાવાનાં આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. ત્યારબાદ તે માંડ માંડ ઉભો થયો. અને તે પ્રકૃતિ-પ્રેમી, ગીત-સંગીત પ્રેમી એવાં સુવર્ણ બુલબુલની અંતરથી માફી માંગતો ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો.

પુનઃ તે સુવર્ણ બુલ બુલ મધ-મીઠાં ગીતો ગાવાં લાગ્યું.

*"ફૂલોની સુવાસ છે, અંતરનો અવાજ છે, હવાની કૃપા છે,*
*ચલો ભઈ આજ મધુરતાની માયા છે, ઈશ્વરની કૃપા છે."*

❒



## ૮૭. સુવર્ણ પરીની શોધમાં

સુંદરપુર નામે એક ખૂબ જ રળીયામણું ગામ હતું. તે ગામનાં લોકો ખૂબ જ પરોપકારી, માયાળું અને એક બીજા સાથે સંપીને રહેતાં હતાં.

તે સુંદરપુર ગામમાં સ્તવન તેનાં માતા-પિતા સાથે રહેતો હતો. સ્તવનની ઉંમર હતી સાત. સ્તવન ને વાર્તા સાંભળવાનો, વાંચવાનો ભારે શોખ હતો. સાંજ પડે અને તે દાદા-દાદીનાં ખોળામાં જઈને બેસી જતો. અને પછી દાદાને વાર્તાઓ કરવાનું કહેતો.

એક દિવસની વાત છે. સાંજનો સમય હતો. આકાશમાં આભલાંઓ ધીરે ધીરે તેમની ફરજ ઉપર આવવાં લાગ્યાં. ચંદ્ર પણ આકાશમાં ચઢવાં લાગ્યો. ઠંડી હવાં સાંય સાંય કરતી વાઈ

રહી હતી. સ્તવન તેનાં દાદાનાં ખોળામાં બેસીને વાર્તાઓ સાંભળવામાં લીન હતો.. સહસા તેની આંખો ઉંઘમાં ઘેરાવાં લાગી. અને.. અને.. સ્તવન સપનાનાં સાગરમાં ખોવાઈ ગયો.

એક સુંદર મઝાની સુવર્ણ પરી હાથમાં જાદુઈ છડી લઈ, પાંખો ફેલાવીને ઉડી રહી હતી. અને તે સુવર્ણ પરી ચંદ્ર પાસે ન જઈ રહી હોય તેમ હોં. સ્તવન પણ સુવર્ણ પરી પાસે પહોંચી જવાં માટે હાથ ફેલાવીને સુવર્ણ પરીને વિનંતીઓ કરી રહ્યો હતો. અને કહી રહ્યો હતો. હે સુવર્ણ પરીજી, મને પણ આકાશની સહેલ કરાવો, મીઠી ચોકલેટ આપો, જાણે સુવર્ણ પરીએ સ્તવનની વાત સાંભળી હોય તેમ તે સુવર્ણ પરી પુનઃ ધરતી ઉપર આવી. અને પછી સ્તવન ને તેમની પાંખો ઉપર બેસાડીને તે પુનઃ આકાશની સહેલ કરવાં લાગી. આ જોઈ સ્તવનને ભારે રોમાંચ સાથે આનંદની અનુભૂતિ થવાં લાગી. સુવર્ણ પરી સ્તવનને તારાઓનાં સંગાથે લઈ ગઈ. વાદળાંઓનો સ્પર્શ કરાવ્યો. મીઠી ચોકલેટ ખવડાવી. સમંદરની સહેલ કરાવી. આથી સ્તવનને ખૂબ જ આનંદ થયો. હા, તે સુવર્ણ પરી ભલી, પરોપકારી સ્વભાવની હતી હોં.

સ્તવને સુવર્ણ પરી પાસે ખૂબ જ લાડ કરાવ્યાં. સુવર્ણ પરીએ પછી સ્તવનને એક સુવર્ણ વિદ્યાનું પીંછું પણ આપ્યું.અને કહ્યું. સ્તવન, આ જાદુઈ પીંછુ છે, તને જ્યારે આકાશની સહેલ કરવાનું મન થાય ત્યારે તું આ સુવર્ણ પીંછું ત્રણ વખત હલાવજે. એટલે હું તને આકાશની સહેલ કરવાં માટે લેવાં આવીશ શું?


બીજું, આ જાદુઈ પીંછામાં વિદ્યાની દેવીનો વાસ છે. એટલે તને ભણવામાં તે પીંછું ખૂબ જ મદદરૂપ બનશે શું? આમ બોલી તે સુવર્ણ પરી સ્તવનને તેનાં ઘરે મૂકીને પુનઃ આકાશમાં જતી રહી. અને.. અને.. તે સાથે જ સ્તવનની આંખો ખૂલી ગઈ. અને તે દાદાનાં ખોળામાંથી બોલી ઉઠ્યો. ઓ સુવર્ણ પરી, પ્લીઝ, તમો જશો નહીં શું? આ સાંભળી તેનાં દાદા બોલી ઉઠ્યાં, બેટા ક્યાં છે સુવર્ણ પરી?

❒

## ૮૮. જ્ઞાની હાથીની વિનમ્રતા

એક સુંદ મઝાનું ફળ-ફૂલોથી ઉભરાતું વન હતું. તે વનમાં વિવિધ પ્રકારનાં પ્રાણીઓ, પંખીઓ રહેતાં હતાં. જેમાં ખાસ કરીને રંગ-બે-રંગી હાથીઓ, સિંહ, વાઘ, વરુ, જિરાફ, વાંદરા, સસલાં, મોર, બગલા વગેરેનો સમાવેશ થતો હતો.

તે સુંદર મઝાનાં વનમાં એક અતિ પવિત્ર, સુવર્ણ હાથી પણ રહેતો હતો. તે સુવર્ણ હાથી પાસે દુનિયાભરનું જ્ઞાન, વાણી અને શાસ્ત્રોમાં તે પારંગતતાં ધરાવતો હતો. તે કોઈપણ વિષય ઉપર કલાકો સુધી જ્ઞાન, સભાઓ, ચર્ચાઓ કરી શકતો હતો. વળી તે સુવર્ણ હાથીમાં વિનમ્રતાનાં ગુણો પણ હતાં. આની જાણ એક દિવસ તે વનનાં રાજા સિંહને થતાં જ તેઓએ એક દિવસ ખાસ જ્ઞાન ચર્ચાની સભા ભરવાનું નક્કી કર્યુ. આથી તે દિવસે



વનનાં તમામ પ્રાણીઓ, પંખીઓ તે જ્ઞાની હાથીની કસોટી કરવાં માટે ઉમટી જ પડ્યાં હોં.

વનનાં રાજા કેસરી સિંહ સોનાનાં સિંહાસન ઉપર બિરાજમાન હતાં. અન્ય આજુબાજુમાં વનનાં વાઘ, વરુ, શિયાળ, સસલાં, વાંદરા, મોર, બગલા તેમજ આસપાસનાં વનોનાં પ્રાણીઓ, પંખીઓ પણ આ જ્ઞાન ચર્ચા સાંભળવાં માટે કલાકોથી પ્રતિક્ષા કરી રહ્યાં હતાં. અને... અને... સિંહરાજાનો આદેશ થતાં જ સભા વચ્ચેથી પ્રાણીઓ, પંખીઓ જ્ઞાન ચર્ચાઓ , વિચારો રજૂ કરવાં લાગ્યાં. જ્ઞાની હાથી તો દરેકનાં પ્રશ્નોનાં જવાબો ખૂબ જ સુંદર, સંતોષકારક રીતે આપવાં લાગ્યાં. પ્રશ્ન કરતાંઓનાં મનનું સમાધાન પણ થવાં લાગ્યું. સિંહરાજા આની નોંધ પણ કરતાં ગયાં. અને પછી તેઓ પણ મનોમન બોલી ઉઠ્યાં. ખરેખર આ સુંદર વનમાં આ પવિત્ર અને સુવર્ણ હાથી પાસે જેટલું જ્ઞાન બોધ, વાણી છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. અને આ હાથી પાસેનાં જ્ઞાનનો રીતસરનો જો યોગ્ય ઉપયોગ કરવામાં આવે ને તો તો આ વન પણ જ્ઞાનથી સમૃધ્ધ અને પ્રગતિસભર બની રહે હોં.

ત્યારબાદ તે વનનાં રાજા સિંહે ઠેરઠેર માહિતી, જ્ઞાન કેન્દ્રો, શરું કરાવ્યાં. જેનાં હેડ તરીકે સુવર્ણહાથીની નિમણૂંક પણ કરી દીધી. અને.. અને.. થોડાં સમયમાં તો તે સુંદરવન અન્ય વનોની સરખામણીએ અતિ સમૃધ્ધ, આગળ પડતું અને જ્ઞાનમય બની ગયું હોં. દેશ-વિદેશનાં વનોનાં અનેક પ્રમાણપત્રો, ઈનામો

મળવાં લાગ્યાં. આ જોઈ સુવર્ણ પવિત્ર હાથી ને અંતરથી સંતોષ થયો. અને તે ‘‘મા સરસ્વતી દેવી’’ ને મનોમન વંદન કરવાં લાગ્યો.

બોધ : મિત્રો, તમો પણ ‘મા સરસ્વતી દેવી’ ની આરાધનાં જરુરથી કરજો. હોં કે!

❒



## ૮૯. કોયલનાં ટહુકામાં વેદજ્ઞાન

એક સુંદર મઝાનો બાગ હતો. તે બાગમાં વૈવિધ્યસભર ફૂલોનો ફાલ લહેરાઈ રહ્યો હતો. તે ફૂલોમાં ખાસ કરીને રંગ-બે-રંગી ગુલાબ, મોગરો, જૂઈ ચમેલી, રાતરાણી, સૂર્યમુખી, બોગનવેલ, વગેરેનો સમાવેશ થતો હતો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર, આહ્લાદક સમય હતો. તે બાગનાં ફૂલો આનંદપૂર્વક ડોલી રહ્યાં હતાં. બરોબર આવા સમયે ક્યાંકથી ઉડતી ઉડતી એક અતિ સુંદર મઝાની સુવર્ણ કોયલ તે મધમઘતાં બાગમાં આવીને એક રંગ-બે-રંગી ગુલાબની ડાળીએ જઈને બેઠી. અને પછી તે પોતાનાં કંઠમાંથી વેદજ્ઞાનની સરવાણીઓ વહેવડાવવાં લાગી. વાહ...? શું તેનાં કંઠમાંથી વેદજ્ઞાન વરસી રહ્યું હતું હેં? રંગ-બે-રંગી ફૂલો તો વેદજ્ઞાન સાંભળી

ધન્યતાં અનુભવતાં ડોલવાં જ લાગ્યાં હોં.

સહસા એકાએક કેટલાંક પ્રકૃતિ-પ્રેમી પંખીઓ તે બાગમાં વેદજ્ઞાનની ચર્ચાઓ, આખ્યાનો સાંભળવાં માટે આવ્યાં. આમ, ધીરે ધીરે ગામલોકોને આની જાણ થતાં જ ગામ લોકો પણ તે બાગની આસપાસ ઉમટવાં લાગ્યાં. અને મઘમઘતાં ફૂલોનાં સંગાથે તે કોયલનાં કંઠમાંથી વહેતી વેદજ્ઞાનવાણી સાંભળવાનો અનેરો લ્હાવો પણ ઉઠાવવાં લાગ્યાં. અને તેઓનાં મન-મસ્તિક પણ પવિત્ર, શુધ્ધ અને ચારિત્ર્યવાન બનવાં લાગ્યાં. આ જોઈ તે સુવર્ણ કોયલને અંતરથી સંતોષ પણ થયો. અને તે મનોમન બોલી ઊઠી. હા...શ...? કોઈકનાં જીવન તો પવિત્ર થયાં હેં?

મિત્રો, તમો પણ આપણાં ભારતીય સંસ્કૃતિનાં ધરોહર સમાન એનાં વેદ, રામાયણ, પુરાણ, શાસ્ત્રોનો અભ્યાસ જરૂરથી કરશો હોં કે...?

❒



## ૯૦. બિરબલનો પુસ્તક પ્રેમ

ઘણાં સમય પહેલાંની વાત છે. દિલ્હીનાં બાદશાહ અકબરનો જન્મ દિવસ જેમ જેમ નજદીક આવતો ગયો તેમ તેમ રાજ્યભરમાં ખુશીની લહેરો દોડવાંલાગી હતી. હા, બાદશાહ અકબરનાં જન્મ દિવસે રાજ્યભરનાં નાગરિકોને અન્નદાન, વસ્ત્રદાન, આપવામાં આવતું હતું. આથી નગરજનો આ આનંદના અવસરની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં હતાં.

પરંતુ બાદશાહ અકબરનાં દરબારના ઉત્તમ રત્ન સમાન એવાં ચતુર બિરબલનાં મનોજગતમાં કંઈક જુદી જ યોજનાં આકાર લેવાં લાગી હતી. હા, આ વખતે જો બાદશાહ અકબરનાં જન્મ દિવસે નગરજનોને અન્નદાન, વસ્ત્રદાનનાં બદલે આજીવન કામમાં લાગે એવાં ઉપયોગી-કિંમતી પુસ્તકો જો તેઓ ને 'ભેટ' આપવામાં

આવે તો? બસ, આવો ઉમદા, શ્રેષ્ઠ વિચાર આવતાં જ ચતુર, જ્ઞાની બિરબલ તુરંત બાદશાહ અકબર પાસે પહોંચી ગયાં. અને પછી તેમને પોતાનો કિંમતી વિચાર રજૂ કર્યો. આ સાંભળી જ્ઞાની બાદશાહ પણ ખુશ થઈ ઉઠ્યાં. હા, અન્નદાન, વસ્ત્રદાન તો ક્ષણીક જ ટકી રહે છે. જ્યારે જ્ઞાનદાન-પુસ્તકદાન તો આજીવન ટકી રહે છે હોં? આવો શ્રેષ્ઠ વિચાર આવતાં જ બાદશાહ અકબર બિરબલની પીઠ થાબડતાં બોલી ઉઠ્યાં, બિરબલ શ્રેષ્ઠ વિચારનો અમલ અને તેની કાર્યવાહી કરી તેનું આપણાં રાજ્યમાં પુસ્તક પ્રદર્શન યોજી યોગ્ય વ્યક્તિને યોગ્ય પુસ્તકો તો તારે જ તેમને 'ભેટ' આપવાનાં રહેશે બરોબર? આ સાંભળી બિરબલનાં આનંદનો કોઈ પાર ન રહ્યો અને પછી બીજા જ દિવસથી બિરબલે દેશભરમાંથી પ્રસિધ્ધ થતાં સારાં સારાં ઉત્તમ, શ્રેષ્ઠ લેખકોનાં પુસ્તકોની યાદી બનાવવી શરું કરી દીધી.

દેશ-વિદેશનાં લોકો દિલ્હીનાં દરબારમાં તેમનાં કિંમતી, અલભ્ય, અમૂલ્ય પુસ્તકો, યાદીઓ લઈને ઉતરી પડ્યાં. હા, આ વખતે બાદશાહની વિચારસરણી કંઈક જુદી જ હતી હોં. તેમનાં રાજ્યમાં જ્ઞાનવર્ધક કાર્યો થઈ રહ્યાં હતાં ને? બિરબલે તેમજ તેની ચુંનદી ટીમે દરેક વિષયનાં અને જુદી જુદી ભાષાનાં ઉત્તમ, શ્રેષ્ઠ પુસ્તકોની ખરીદી શરુ કરી દીધી.

બાદશાહ અકબરનો શુભ જન્મ દિવસ આવી પહોંચ્યો. રાજ્યભરમાં ચહલ-પહલ વ્યાપી ગઈ હતી. આવી જ્ઞાનવર્ધક ઉજવણી તો ક્યારેય નહોતી થઈ હોં. આથી આવી ઉજવણીથી



નગરજનોમાં પણ જોમ, ઉત્સાહ પૂર્ણપણે વ્યાપી ગયો હતો. રાજ્યનાં વિશાળ ટાઉનહોલમાં આધુનિક ઢબે જ્ઞાન વર્ધક પુસ્તકોનું પ્રથમ પુસ્તક-પ્રદર્શન રાખવામાં આવ્યું. પુસ્તકોને ખૂબ જ સુંદર રીતે ગોઠવવામાં આવ્યાં હતાં. લેખક, વિષય પ્રમાણે કલાત્મક ગોઠવણી કરવામાં આવી હતી. પુષ્પો વચ્ચે ગોઠવવામાં આવ્યાં હતાં.બરોબર સવારનાં નવનાં ટકોરે બાદશાહ અકબરે પુસ્તક પ્રદર્શન કમ ભેટનું ઉદ્ઘાટન કર્યું. તે સાથે જ તાળીઓનાં ગડગડાટથી ત્યાંનું વાતાવરણ ખીલી ઉઠ્યું.

બાદશાહ અકબર સાથે બિરબલ, મંત્રીઓ, પ્રજાજનો, નાગરિકો, પુસ્તક-પ્રેમીઓ વગેરે પુસ્તકો નિહાળવાનો અલભ્ય લાભ લેવાં લાગ્યાં. આહ...? પુસ્તકો પણ કેવાં હેં? જ્ઞાનવર્ધક તેમજ આબાલ-વૃધ્ધ સૌ કોઈ માટેનાં વિવિધ વિષયો જેવાં કે બાળકો માટેનું રંગીન બાલ સાહિત્ય, તો યુવાનો માટે રમત-ગમત, જનરલ નોલેજનાં પુસ્તકો તેમજ વ્યાવસાયિક, શૈક્ષણિક પુસ્તકો હતાં. તો વૃધ્ધો માટેનું ધાર્મિક સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હતું.

આવું સુંદર મઝાનું આયોજન કરવાં બદલ નગરજનો બાદશાહ અકબરને ધન્યવાદ આપવાં લાગ્યાં. આ સાંભળી બાદશાહ અકબર બોલી ઉઠ્યાં. અરે નગરજનો, ધન્યવાદ મને નહીં હો. આ ઉમદા, શ્રેષ્ઠ વિચાર રજૂ કરનાર બિરબલને ધન્યવાદ આપો હોં. નગરજનો આભા બનીને બિરબલને તેમજ બાદશાહ અકબરને જોઈ જ રહ્યાં હોં. આ બન્ને મહાનુભાવો નગરજનોની

‘’



સતત ચિંતા, ખેવનાનાં વિચારો જ કર્યા કરતાં હોય છે હોં.

બાદમાં પુસ્તક પ્રેમીઓને બાદશાહ અકબર તરફથી પુસ્તકો ‘ભેટ આપવામાં આવ્યાં. આ જોઈ નગરજનો હર્ષથી ઝુમી ઉઠ્યાં. હા, ખરેખર આ વખતે બાદશાહ અકબરનો જન્મદિવસ પુસ્તક ભેટથી ઉજવવામાં આવ્યો.

❒



## ૯૧. ચતુર પોપટ

એક વિશાળ આંબાનું વૃક્ષ હતું. તે વૃક્ષ ઉપર રંગ-બે-રંગી પંખીઓ રહેતાં હતાં. જેમાં ખાસ કરીને મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, બુલબુલ, સુગરી, કાગડાઓ વગેરે.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. ચારે તરફ ખૂશ્નુમાં વાતાવરણ હતું. આંબાનાં વૃક્ષ ઉપર રહેતાં પંખીઓ મીઠો કલશોર કરી રહ્યાં હતાં. તે બધાં પંખીઓમાં એક ‘ચતુર પોપટ’ પણ રહેતો હતો. જે અત્યારે આંબાનાં વૃક્ષની છેક ટોચની ડાળીએ બધાંથી અલગ થઈને બેઠો હતો. અને તે ત્યાં આગળ રહી પ્રભુભક્તિ કરી રહ્યો હતો. અન્ય પંખીઓ જેવાં કે કાળા કાળા કાગડા વગેરે તે ‘ચતુર પોપટ’ની ઠેકડી ઉડાડતાં હતાં. અને

કહેતાં હતાં કે અરે, જુઓ, જુઓ તે ‘ચતુર પોપટ’ ને? મારો બેટો કેવો યોગ સાધના કરી રહ્યો છે હેં? અન્ય પંખીઓ આ સાંભળી હસી પડ્યાં.

બરોબર આવા સમયે એક લુચ્ચો પારધી શિકારની શોધમાં ફરતો ફરતો તે આંબાનાં વૃક્ષ તરફ જ આવતો હતો. સહસા આંબાનાં વૃક્ષ ઉપર ટોચની ડાળીએ રહેલ એવાં ‘ચતુર પોપટ’ની નજર તે લુચ્ચાં પારધી ઉપર પડી. અને વળી તેનાં હાથમાં રહેલ શિકાર પકડવાની ‘જાળ’ ઉપર પડતાં જ તે ચતુર પોપટ તુરંત સમજી ગયો કે તે પારધી આ તરફ જ આવતો હતો હોં. બસ, ખલાસ? તેણે તુરંત સાથીઓને બૂમ પાડી. અરે ઓ સાથીઓ, મિત્રો, એક લુચ્ચો પારધી આ તરફ આવે છે. માટે તમો જલ્દી જલ્દી ઉડીને દૂર જતાં રહો? ચતુર પોપટની બૂમ સાંભળી રંગ-બે-રંગી પંખીઓ ફફડી ઉઠ્યાં. અને ત્યાંથી ભાગવા લાગ્યાં. જ્યારે કાળા કાગડાઓ જ ફક્ત તે આંબાનાં વૃક્ષ ઉપર રહ્યાં. હા તે ચતુર પોપટ તો ટોચની ડાળીએ ખરો જ હોં. કાગડાઓ બોલી ઉઠ્યાં. અરે મિત્રો, ભાગો નહીં. આ ચતુર પોપટ તો તમો બધાંને અહીંથી ભગાડવાં માટે જ આવા પેંતરાં કરે છે હોં. અને આમ, તે કાળા કાગડાઓ સીવાય બધાં જ પંખીઓ આંબાનાં વૃક્ષ ઉપરથી ચાલ્યાં ગયાં.

લુચ્ચો પારધી હરખભેર આંબાનાં વૃક્ષ પાસે આવ્યો અને પછી આંબાનાં વૃક્ષ ઉપર નજર કરી તો તેને ફક્ત કાળા કાગડાઓ જ દેખાણાં. આથી તે ખૂબ જ ગુસ્સે થઈ ઉઠ્યો. તેને લાગ્યું કે આ



કાળીયા કાગડાઓએ જ રંગ-બે-રંગી પંખીઓને અહીંથી ભગાડી મૂક્યાં છે. આમ વિચારી તેણે જમીન ઉપરથી પથ્થરો ઉપાડી ઉપાડીને કાળા કાગડાઓ ઉપર તેનો તે પ્રહાર કરવાં લાગ્યો. આથી કેટલાંય કાગડાઓ ઘવાતાં રહ્યાં. તેઓને હવે ભાન થઈ ચૂક્યું હતું કે તે ચતુર પોપટ જે કંઈ કહેતો હતો તે સત્ય જ કહેતો હતો હોં. આમ તે કાગડાઓ અંતરથી પસ્તાવો કરતાં ત્યાંથી ઉડીને દૂર દૂર ચાલ્યાં ગયાં. લુચ્ચો પારધી પણ પંખીઓને ન જોતાં તે પગ પછાડતો ત્યાંથી ચાલ્યો ગયો.

પુનઃ બધાં પંખીઓ આંબાનાં વૃક્ષ ઉપર રહેવાં આવી ગયાં. અને ચતુર પોપટ નો સાથમાં આભાર પણ માનવાં લાગ્યાં.

❒

## ૯૨. મગરને ભાવતાં જાંબુ

ચોમાસાંની આહ્‌લાદક ઋતું ચાલી રહી હતી. ઠેર ઠેર પાણી ઉભરાઈ રહ્યું હતું. સુંદરવનમાં દરેક વૃક્ષો લીલાંછમ, ફળ-ફૂલોથી ઉભરાઈ રહ્યાં હતાં. પશુ-પંખીઓમાં પણ વરસાદથી રોમાંચ ફેલાઈ ગયો હતો.

સુંદરવનનાં છેવાડાં ઉપર એક વિશાળ તળાવ આવેલ હતું અને તે તળાવમાં એક મગર અને મગરી રહેતાં હતાં. જે બંન્ને ખાવાનાં ખૂબ જ શોખીન હતાં. તે તળાવનાં કાંઠા ઉપર જાંબુનું એક વિશાળ ઝાડ પણ આવેલ હતું. અને તે જાંબુનાં ઝાડ ઉપર અસંખ્ય સંખ્યામાં મધ-મીઠાં જાંબુઓનો મબલખ ફાલ પણ લહેરાઈ રહ્યો હતો. મગર અને મગરી તો જાંબુનાં ઝાડ ઉપર ચડી શકે તેમ નહોતાં. આથી તે બંન્ને મીઠાં મધ જેવાં જાંબુઓને જોઈ જોઈને



ઉનાં ઉનાં નિશાસા નાંખી રહ્યાં હતા. અને કોઈ પ્રાણી, પંખી કે મનુષ્યનાં તે તળાવ ઉપર આવવાની તેઓ બંન્ને પ્રતિક્ષા કરી રહ્યાં હતાં.

એક દિવસની વાત છે. સવારનો આહ્‌લાદક, ખૂશ્નુમાં સમય હતો. આવા સમયે એક માળી કે જેનું નામ ભોલુરામ હતું. તે સુંદરવનમાં આવી ચડ્યો. મૂળ તો તે ફળ-ફૂલો ને ચૂંટવાં જ આવ્યો હતો. તેનાં એક હાથમાં ટોપલો હતો. ફરતો ફરતો તે વિશાળ તળાવનાં કાંઠા પાસે આવી ચડ્યો. અને.. અને.. જાંબુનાં ઝાડ ઉપર મધ-મીઠાં રસ ઝરતાં જાંબુઓને જોઈ તે તો તુરંત જાંબુનાં ઝાડ ઉપર ચડીને મધ-મીઠાં જાંબુઓ તોડી તોડીને ટોપલો ભરવાં લાગ્યો. અચાનક તળાવમાંથી મગર અને મગરીએ ડોકું બહાર કાઢીને જોયું તો સામે જ જાંબુનાં ઝાડ ઉપર એક મનુષ્યને મધ-મીઠાં જાંબુઓનો ટોપલો ભરતાં જોઈ તે બંન્નેનાં મોઢામાંથી પાણીનાં ફૂવારાઓ વછૂટવાં લાગ્યાં. પછી તે બંન્ને કાંઠા નજદીક સરકી આવ્યાં. બાદમાં મગર બોલ્યો, હે મનુષ્ય, શું અમોને જાંબુઓ ખાવાં માટે આપશો કે ? અચાનક મગરનાં મુખમાંથી વિચિત્રવાણી સાંભળી ભોલુરામ તો પ્રથમ નવાઈ પામ્યો. બાદમાં તે બોલ્યો. જો હું તમો બંન્નેને જાંબુઓ ખાવા માટે આપી દઉં તો પછી મારું ગુજરાન કેમ ચાલે હેં? આ સાંભળી મગર બોલ્યો. હે મનુષ્ય, જો તું અમોને જાંબુઓ ખાવાં માટે આપીશ ને તો અમો તને તળાવમાં રહેલ સાચાં મોતી આપીશું. જેનાં બદલામાં તને મબલખ નાણાં મળશે શું? બસ, ખલાસ? ભોલુરામે તો ખરેખર

જાંબુઓનો આખેઆખો ટોપલો મગર અને મગરીને આપી જ દીધો હો. અને બદલામાં ખરેખર તે મગર અને મગરીએ તળાવમાંથી સાચાં મોતી વીણી લાવીને ભોલુરામને આપ્યાં. મોતી પણ કેવા હેં? સાચા, પાણીદાર હોં.

આમ, મગર અને મગરીની જાંબુઓ ખાવાની ઈચ્છાઓ પૂર્ણ થઈ. જ્યારે ભોલુરામને કમાવાની હૈયાવરાળનો અંત આવ્યો. બંન્ને પક્ષે સંતોષનાં ઓડકાર વ્યાપી ગયાં હતાં.

❐



## ૯૩. સુવર્ણ હરણનો શિકાર

એક સુંદર મઝાનું વન હતું. તે વનમાં વિવિધ પ્રકારનાં પશુ-પંખીઓ રહેતાં હતાં. જેમાં સિંહ, હાથી, હરણાં, સસલાં, મોર, બગલાં, બતકા વગેરેનો સમાવેશ થતો હતો.

તે સુંદર વનમાં એક અતિ સુંદર મઝાનું ‘સુવર્ણ હરણ’ પણ રહેતું હતું. તે ‘સુવર્ણ હરણ’ પોતાની જાતને ભાગ્યશાળી માનવાને બદલે તે અંતરથી બેહદ કોચવાતું હતું. અને તે મનોમન ઈશ્વરને કહ્યાં કરતું હતું. હે ઈશ્વર, મને શા માટે આવો ‘સુવર્ણ રંગ’ આપ્યો છે હેં? પશુ-પંખીઓ, અરે મનુષ્ય જાતિ પણ મને પ્રાપ્ત કરવાં માટે દિન-રાત મારી પાછળ દોડ્યાં કરે છે. આથી હું શાંતિથી સુઈ પણ શકતું નથીં હોં.?

પરંતુ ઈશ્વરની લીલાં પણ અદ્ભૂત હોય છે હોં. ઈશ્વરે

દરેકને ન્યાયપૂર્વક કંઈક ને કંઈક આપ્યું જ હોય છે. જે મુજબ કાગડાને કાળો રંગ, તો સ્વભાવ ચતુરાઈ ભર્યો આપ્યો છે. પોપટને પણ વિવિધ રંગો આપ્યાં છે તો સિંહને, શિયાળને કે હાથીને પણ જુદાં જુદાં રંગો, ગુણધર્મો આપ્યાં છે. સાબર ને શીંગડાં આપ્યાં છે. તો મનુષ્યને બુધ્ધિ આપી છે. અને તેમનાં રક્ષણ માટે પણ કંઈક ને કંઈક વ્યવસ્થાં પણ ઈશ્વરે કરી જ હોય છે હોં.

હા, મૂળ વાત કરીએ. તે સુવર્ણ હરણ દિન-રાત ફફડ્યાં જ કરતું હતું. તેની વાત પણ જોકે સાચી જ હતી. એક વખત એક લુચ્ચો પારધી ફરતો ફરતો તે સુંદર વનમાં આવી ચડ્યો. તે પારધીનાં એક હાથમાં તીર-કામઠાં હતાં. તો બીજાં હાથમાં શિકાર પકડવાની જાળ હતી. સહસા તે પારધીની તીક્ષ્ણ નજરમાં તે સુવર્ણ હરણ આવી ગયું. હા, તે સુવર્ણ હરણ દૂર ઉપર કૂણું કૂણું ઘાસ ચરી રહ્યું હતું. આવાં સુંદર મઝાનાં સુવર્ણ હરણને જોઈ પારધી તો મનોમન ખુશીથી ઝુમી જ ઉઠ્યો. બાદમાં તે સુવર્ણ હરણને જીવતું પકડવાનાં ઉદ્દેશ્ય સાથે જાળ ને ખોલી દબાતાં પગલે સુવર્ણ હરણની પાછળનાં ભાગમાં ચાલવાં લાગ્યો. અને મનોમન તે આ સુવર્ણ હરણને પકડીને તેનાં બદલામાં કેટલાં નાણાં ઉપજશે તેની મનોમન તે કલ્પનાંઓનાં ઘોડાઓ દોડાવવાં લાગ્યો.

આ તરફ તે સુવર્ણ હરણ નિર્દોષ ભાવે કૂણું કૂણું ઘાસ ચરી રહ્યું હતું. પારધી તો છેક સુવર્ણ હરણની નજદીક પહોંચી ગયો. અને પછી તે જાળ ફેંકવાની તૈયારીઓ કરવાં લાગ્યો.



પરંતુ ઈશ્વરની લીલા, ઈચ્છા કંઈક જુદી જ હતી હોં. બરોબર આવા સમયે એક ખૂંખાર સિંહ પણ શિકારની શોધમાં ફરતો ફરતો તે પારધીની પાછળ જ આવી ચડ્યો. અને.. અને.. પારધી પોતાની જાળને સુવર્ણ હરણ ઉપર ફેંકે તે પહેલાં તો સિંહે તે પારધી ઉપર પાછળથી છલાંગ લગાવીને તે પારધીને પોતાનાં પંજામાં સપડાવી, તેને ઉઠાવીને વનની અંદર જ ચાલ્યો ગયો.

આમ, શિકાર કરવાં આવેલ જ શિકાર બની ગયો હતો. તો મિત્રો, ઈશ્વરની ઈચ્છાને ભલાં કોણ પામી શકે હેં? કેમ, બરોબર ને...?

❐

## ૯૪. મખમલી કમળ

એક સુંદર મઝાનું સરોવર હતું. તે સરોવરમાં એક અતિ સુંદર મઝાનું 'મખમલી કમળ' આનંદપૂર્વક તરતું હતું. હા, તે 'મખમલી કમળ' અતિ સુંદર, તેજોમય અને ખૂબ જ ચમત્કારી પણ હતું. તે કંઈ પણ વિચારતું તે સાથે જ તે 'મખમલી કમળ' વિચાર પ્રમાણે થઈ ઉઠતું હતું.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર, આહ્‌લાદક સમય હતો. ચારે તરફ ખૂશ્નુમાં વાતાવરણ હતું. તે સરોવરમાં 'મખમલી કમળ' આનંદ, ઉત્સાહભેર તરતું હતું. બરોબર આવા સમયે એક લુચ્ચો માછીમાર તે સરોવર ઉપર જાળ લઈને માછલીઓને પકડવાં માટે તે આવી ચડ્યો. બાદમાં તે સરોવરમાં ઉતરી જાળ નાંખીને તે જાળમાં માછલીઓનાં ફસાવવાની તે



પ્રતિક્ષા કરવાં લાગ્યો. અને.. અને.. થોડીવારમાં તો તે માછીમારની જાળમાં અસંખ્ય સંખ્યામાં રંગ-બે-રંગી માછલીઓ સપડાઈ ગઈ. આ જોઈ માછીમાર તો ખુશીથી ઉછળવાં લાગ્યો. જ્યારે રંગ-બે-રંગી માછલીઓ તો ડરની મારી જાળમાં ફફડવાં લાગી. નાની નાની માછલીઓ તો રડવાં, કકળવાં જ લાગી. આ જોઈ દૂર રહેલ 'મખમલી કમળ'ને નાની નાની માછલીઓની ખૂબ જ દયા આવી. બાદમાં તે 'મખમલી કમળ' કશુંક વિચારીને માછીમાર પાસે પહોંચી ગયું અને પછી તે માછીમારને ઉદ્દેશીને બોલ્યું. હે માછીમારજી, તમો શા માટે આવી નિર્દોષ, પ્રકૃતિ-પ્રેમી એવી રંગ-બે-રંગી માછલીઓને જાળમાં કેદ કરીને લઈ જઈ રહ્યાં છો હેં? જુઓને નાની નાની માછલીઓ કેવી રડી રહી છે?

પરંતુ આ તો લુચ્ચો, ધંધાદારી માછીમાર હતો હોં. તે સામો ગર્જી ઉઠ્યો. અરે ઓ મખમલી કમળીયાં, તું તારું કામ કર શું? અન્યથાં તને પણ હું અહીંથી તોડી-ફોડી, ઉંચકીને લઈ જઈશ શું? બસ, ખલાસ? 'મખમલી કમળ'નાં ધીરજનો પણ અંત આવી ગયો. બાદમાં તે કશુંક વિચારીને મનમાં કશોક સંકલ્પ કર્યો. અને.. અને.. તે સાથે જ તે માછીમાર એક કદરુપી, કાળી, બિહામણી માછલી બની ગઈ. આ જોઈ માછીમાર તો ભયનો માર્યો કરગરી ઉઠ્યો. અરે ઓ મખમલી કમળજી, તમે આ તે શું કર્યું હેં? મને શા માટે આવી કાળી, બિહામણી માછલી બનાવી દીધી છે? મને... મને... ક્ષમા કરશો? આજ પછી હું ક્યારેય

પણ આવો ધંધો કરીશ નહીં. આમ, તે માછીમાર બોલી ઉઠ્યો. અને તેની આંખોમાંથી પસ્તાવાનાં પારાવાર આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. આ જોઈ મખમલી કમળને તેની દયા આવી. અને પછી તેને પુનઃ સંકલ્પ વડે માછીમાર બનાવી દીધો. આ જોઈ માછીમારે તે જાળમાં રહેલ નિર્દોષ માછલીઓને જાળમાંથી મુક્ત કરી દીધી અને અંતરથી તેની માફી પણ માંગી. બાદમાં તેણે પોતાની જાળને તોડી-ફોડીને દૂર ફેંકી દીધી અને પછી તે મખમલી કમળની પણ માફી માંગતો ત્યાંથી પસ્તાવાં સાથે દૂર દૂર ચાલ્યો ગયો.

રંગ-બે-રંગી માછલીઓ મુક્ત થતાં જ તેઓ બધી ભેગી મળીને તે મખમલી કમળનો આભાર માનવાં લાગી. અને પુનઃ તે સરોવરમાં આનંદપૂર્વક તરવાં, સહેલ કરવાં લાગી. આ જોઈ 'મખમલી કમળ' ની આંખોમાં સ્નેહનાં, પ્રેમનાં આંસુઓ છલકાઈ ઉઠ્યાં.

❒



## ૯૫. પરાક્રમી હાથી

એક વિશાળ જંગલ હતું. તે જંગલમાં જાતજાતનાં અને ભાતભાતનાં પશુ-પ્રાણીઓ રહેતાં હતાં. જેમાં દક્ષિણ આફ્રિકાનાં જંમ્બો કદનાં હાથી, ગીરનાં સિંહ, વાઘ, વરુ, હરણાં, સસલાં, વાંદરા, મોર, બગલાં, બતકા વગેરેનો સમાવેશ થતો હતો.

તે જંગલમાં બધાં પશુ-પ્રાણીઓ એક સંપ, સાથ, સહકારપૂર્વક રહેતાં હતાં. દરેક એકબીજાને હંમેશાં મદદરુપ બની રહેતાં હતાં. સુખ, દુઃખમાં સાથ આપતાં હતાં.

એક દિવસની વાત છે. તે વિશાળ જંગલમાં કેટલાંક આદિવાસીઓ પ્રાણીઓને પકડવાં માટે ઉતરી આવ્યાં હતાં. અને તેઓ પ્રાણીઓને પકડી, શહેરમાં લઈ જઈ, સરકસવાળાંઓને મો માંગ્યાં દામમાં વેચી નાંખતાં હતાં. આની જાણ એક વિશાળ

વૃક્ષની ટોચની ડાળી ઉપર બેઠેલાં એક ચતુર, પરોપકારી વાંદરાને થઈ. આથી તે ગુપ્તપણે દોડતો ગયો. અને જંગલનાં રાજા કેસરી સિંહને આની જાણ કરી. તે સાથે જ કેસરી સિંહે ગુપ્તપણે પશુ-પ્રાણીઓને એકઠાં કર્યા. અને પછી આ નવી આવેલ આફત અંગે જાણ કરી અને દરેકને ખૂબ જ સાવચેત રહેવાં અને આ આદિવાસીઓનાં હુમલાંને ખાળવાં માટેની યોજનાં કહી સંભળાવી.

આ તરફ તે આદિવાસીઓની એક ટુકડી હાથમાં અગ્નિભરી મશાલ, ભાલા, દોરડાં, સાંકળ, વગેરે લઈને જંગલો ખૂંદી રહી હતી. તેઓ પાસે પાકી બાતમી હતી કે આ જંગલમાં ઘણાં બધાં પશુ-પ્રાણીઓ વસતાં હતાં. તેઓ બધાં ચોર પગલે શિકાર તરફ આગળ વધી રહ્યાં હતાં. તેઓનો પહેરવેશ પણ ખૂબ જ વિચિત્ર હતો. ટૂંકી ઘાસનાં પહેરવેશ, ગળામાં મોટા મણકાની માળા હાથમાં, દોરી વગેરે હતાં. અને તીક્ષ્ણ ભાલા, સાંકળો તો ખરા જ હોં.

અચાનક તે આદિવાસી શિકારીઓની સામે એક પડછંદ દેહધારી એવો એક 'પરાક્રમી હાથી' આવીને ખડો થઈ ગયો. તે હાથીનો દેખાવ પણ અત્યારે ગુસ્સાથી તમતમી રહ્યો હતો. જાણે તે હાથી વિજળીમાંથી ઉત્પન્ન ન થયો હોય તેમ હોં. તેની સૂંઢ પણ સીધી સોટા જેવી હતી. ઝીણી આંખોમાંથી ગુસ્સાનાં લાલ અંગારાઓ વરસી રહ્યાં હતાં. અચાનક આ રીતે એક પડછંદ દેહધારી હાથીને સામે આવી ચડેલ જોઈ ઘડીભર તો આદિવાસી



શિકારીઓનાં તો મોતીયાં જ મરી ગયાં. તેઓએ આવી કશી જ કલ્પનાંએ કરેલ નહીં હોં. અને.. અને.. જ્યારે તેઓ કલ્પનાનાં સાગરમાંથી બહાર આવ્યાં ત્યાં સુધીમાં તો તેઓ માટે ઘણું જ મોડું થઈ ચૂક્યું હતું. હા, તે 'પરાક્રમી હાથી' એ એક એક ને પોતાની સૂંઢ વડે ઉંચકી ઉંચકીને દૂર દૂર ફેંકી દિધાં હતાં. અને તે શિકારીઓ તો હાડકાં ખોખરાં કરાવતાં મૂઠ્ઠીઓ વાળીને તે જંગલમાંથી દૂર દૂર ચાલ્યાં ગયાં.

આમ, તે આદિવાસી શિકારીઓ શિકાર કરવાં તો આવ્યાં હતાં પરંતુ તેઓ ખુદ શિકાર થઈને ભાગી છૂટ્યાં હોં. જ્યારે જંગલનાં કેસરી સિંહરાજાને આની જાણ થઈ ત્યારે તેઓએ 'પરાક્રમી હાથી'ની ખૂબ જ પ્રશંસા કરી. અને તેને વિરતાભર્યો એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો.

❐

## ૯૬. રાજાને ગમતો પોપટ

એક નગર હતું અને તે નગરનું નામ હતું. મયુરનગર. તે મયુરનગરનાં રાજાનું નામ હતું. રાજા ભોજ, રાજા ભોજે એક પોપટ પાળ્યો હતો. અને તે પોપટનું નામ હતું. ભજનલાલ. હા, તે ભજનલાલ પોપટ રાજા ભોજ ને અતિ પ્રિય હતો. તે ભજનલાલ પોપટમાં અપાર જ્ઞાન, બુધ્ધિશક્તિ ભર્યા પડ્યાં હતાં. તે નગર ઉપર કંઈ પણ મુસીબત કે આફત આવતાં તેનું તે ભજનલાલ પોપટ તુરંત નિવારણ લાવી આપતો હતો. આથી તે રાજા ભોજનો અતિ પ્રિય હતો હોં.

એક દિવસની વાત છે. રાજા ભોજની પત્નિ સુલોચના દેવીનો એક ખૂબ જ કિંમતી હીરાનો હાર ચોરાઈ ગયો. આથી નગર આખામાં હાહાકાર મચી ગયો. રાજા ભોજનાં ક્રોધનો કોઈ



પાર ન રહ્યો. તેણે સિપાહીઓ, અંગરક્ષકોને બરોબરનાં તતડાવી નાંખ્યાં. અરે નિકમ્માઓ, તમો કોની સુરક્ષા કરો છો હેં? અરે ખુદ રાજાનાં મહેલમાંથી કિંમતી હીરાનો હાર તે કઈ રીતે ચોરાઈ જાય હેં? આજ સાંજ સુધીમાં કોઈ પણ ભોગે મારી રાણી સુલોચના દેવીનો હાર જો નહીં મળે ને તો તો હું બધાંને નોકરીમાંથી કાઢી મુકીશ શું?

સિપાહીઓ, અંગરક્ષકો તો બરોબરનાં ધ્રુજવાં લાગ્યાં. હા, ભલાં હવે નોકરીનું શું થશે હેં? આમ, બધાં હારની જગ્યાએ નોકરી છૂટી જવાનો ડર લાગવાં માંડ્યો. નગરમાં ચારે કોર બસ એક જ વાત વહેતી હતી. રાણી સુલોચનાં દેવીનાં કિંમતી હારની ચોરી ભલાં કોણે કરી હશે હેં? સાંજ પડી. રાજા ભોજ સભા ભરીને ચિંતિત ચહેરે બેઠાં હતાં. એક પછી એક સિપાહીઓ ‘ના’ માં ડોકું ધુણાવતાં રાજા ભોજ સમક્ષ હાજર થવાં લાગ્યાં. તેઓ બધાંનાં શરીર ધ્રુજતાં હતાં. બસ, હવે નોકરીથી હાથ ધોવાં જ પડશે. તેવી ફડક સાથે તેઓ નીચી મુંડી કરીને ઉભા હતાં. બરોબર આવા સમયે તે પોપટ સભા વચ્ચે આવી પહોંચ્યો. પોપટને જોઈ રાજા ભોજ પ્રથમ તો ચોંકી જ ઉઠ્યાં. અને પછી મનોમન તેઓ બોલી ઉઠ્યાં. અરે, મારી પાસે મારો આ અતિ મુલ્યવાન, સત્યવાન અને સંકટમોચન એવો પોપટ છે અને હું આ બીચારા સિપાહીઓ, અંગરક્ષકોને ખોટો દોડાવી રહ્યો છું ને કંઈ?

ત્યારબાદ રાજા ભોજે તે પોપટ ઉપર પ્રેમપૂર્વક હાથ ફેરવ્યો. અને પછી તેઓ બોલ્યાં. હે પ્રિય, પોપટ ભજનલાલ, અમારા

રાણી સુલોચનાં દેવીનો કિંમતી, મૂલ્યવાન હાર કોઈ ચોરી કરી ગયું છે. તો આપ કહેશો કે તે હાર ચોરનાર કોણ છે? આ સાંભળી ભજનલાલ પોપટ કશુંક વિચારતાં બોલ્યો. મહારાજ આપનો હાર ખોવાઈ નથી ગયો. પરંતુ રાણીજીનાં હાથો દ્વારા કાચની એક સુરક્ષિત બરણીમાં મુકાઈ ગયો છે. જે તદ્દન સુરક્ષિત છે. આ સાંભળી રાજા ભોજ સાથે સિપાહીઓ નગરજનો આભા બની ગયાં. અને તેઓનાં જીવમાં જીવ આવ્યો. બાદમાં તપાસ કરતાં તે મૂલ્યવાન હાર મળી આવ્યો. રાજાને થોડો ક્ષોભ પણ થયો. હા વગર વિચાર્યે તેણે સિપાહીઓને, અંગરક્ષકોને બરોબરનાં તતડાવી નાંખ્યાં હતાં ને?

બાદમાં રાજા ભોજે મનોમન નિર્ણય કર્યો કે આજ પછી ક્યારેય ગુસ્સે થવું નહીં.

❐



## ૯૭. હાથીની ધમાલ કરે કમાલ

એક વિશાળ લીલોતરીઓથી ઉભરાતું જંગલ હતું. તે જંગલમાં અનેક પ્રાણીઓ, પંખીઓ રહેતાં હતાં. જેમાં ખાસ કરીને સિંહ, હાથી, હરણાં, વાંદરા, સસલાં, શિયાળ, મોર, બગલા, બતકા વગેરેનો સમાવેશ થતો હતો.

તે વિશાળ જંગલમાં એક વિરાટ કદનો હાથી કશાક કારણો સર તોફાને ચડ્યો હતો. અને તે વિના કારણે નાનાં-મોટાં પ્રાણીઓને, પંખીઓને હડફેટે લેવાં લાગ્યો. અને ઉગ્ર ધમાલ પણ તે કરવાં લાગ્યો. આથી તે જંગલમાં રહેતાં અન્ય પ્રાણીઓ, પંખીઓ તેનાંથી ડરવાં લાગ્યાં. તે જંગલમાં એક ચતુર શિયાળ પણ રહેતું હતું. તેણે જોયું કે એક વિરાટ કદનો હાથી વિના કારણે સામાન્ય પ્રાણીઓ, પંખીઓને હેરાન-પરેશાન કરે છે. આથી તેણે તુરંત એક યુક્તિ વિચારીને તે વિરાટ કદનાં હાથી પાસે જઈ, લળી લળીને તેને વંદન કરતાં તે બોલ્યો. અરે ઓ વિરાટ કદનાં

હાથીજી, શું તમો ખાલી આ જમીન ઉપર રહેનાર પ્રાણીઓ, પંખીઓ ઉપર જ તમારો પ્રભાવ પાડવા માંગો છો હેં? અરે જરાં નજદીકમાં આવેલ તળાવમાં એક મગર ક્યારનોય તમોને પડકારે છે. તો શું તમો તેની સામે થશો કે બીચારા બચ્ચાં બની જશો હેં?

બસ, ખલાસ? એક સામાન્ય શિયાળીયું પોતાને ડરાવે છે કે શું? બીજું, અરે આ મગરીયો તે મારી પાસે શી વીસાતમાં છે હેં? આમ વિચારી તેણે શિયાળીયાને આગળ કરી તે વિરાટ કદનો હાથી તેની પાછળ તળાવ ઉપર આવ્યો. અને.. અને.. ખરેખર તે તળાવમાં એક ભયંકર મગર રહેતો જ હતો. તેણે પણ તે વિરાટ કદનાં હાથીનાં પરાક્રમો સાંભળ્યાં હતાં. આથી તે વિરાટ કદનો હાથી જેવો સામે આવ્યો તે સાથે જ તે ભયંકર મગર ગર્જી ઉઠ્યો. અરે ઓ હાથીડાં, ચાલ મારી સામે યુધ્ધ કરવાં માટે તળાવમાં આવી જા જોઉં?

વિરાટ કદનાં હાથીએ તે ભયંકર મગરનાં મનોભાવો વાંચી લીધાં હતાં. તેણે પણ પોતાનાં જીવનમાં આવો ખૂંખાર મગર જોયો નહોતો હોં. વળી મગર તો પાણીનો રાજા કહેવાય શું? આમ, તે વિરાટ કદનાં હાથીનાં વળતાં પાણી થયાં. અને તે શિયાળીયાને એક લાત મારતો દૂમ દબાવતો તળાવ ઉપરથી ચાલ્યો ગયો. બાદમાં તે સમજી ગયો અને પુરેપુરો સુધરી પણ ગયો હોં.હા,બળીયા સાથે બાથ ન ભીડાય હોં.તે આનું નામ શું?
બોધ : મિત્રો, નબળાં સામે તો સૌ કોઈ થાય, પરંતુ સરખે સરખાં સાથે જે થાય તેને જ સાચો કહેવાય શું ? બરોબર ને...?



## ૯૮. હાથી અને કૂકડો

સુંદરપુર નામે એક રળીયામણું ગામ હતું. તે ગામનાં લોકો ખૂબ જ ધાર્મિક, પરોપકારી વૃત્તિનાં હતાં. ગામમાં જે કોઈ નવી વ્યક્તિ આવતી તેની તેઓ ગામ લોકો ખૂબ જ આગતાં સ્વાગતાં કરતાં હતાં.

એક દિવસની વાત છે. તે ગામમાં ક્યાંકથી એક વિરાટ કદનો હાથી આવી ચડ્યો. તે હાથીનો સ્વભાવ ખૂબ જ ક્રોધી અને ઉગ્ર હતો. ગામમાં આવતાં વેંત જ તે ગામનાં લોકોને રંઝાડવાં લાગ્યો. તેમ છતાં ગામ લોકો તેમનાં સ્વભાવ મુજબ તે વિરાટ કદનાં હાથીની આગતાં સ્વાગતાં કરતાં રહ્યાં. આ જોઈ તે ગામનાં કેટલાંક કૂકડાં બોલી ઉઠ્યાં. અરે ઓ ગામવાસીઓ, આ તો જંગલી હાથી છે. તે તમારી દયા ઉપર બિલકુલ ચાલશે નહીં શું? આ વિરાટ કદનાં હાથીને થોડો ચમત્કાર દેખાડો એટલે તે 'ટાઢા માટલાં

જેવો' થઈ જશે શું?

પરંતુ ગામ લોકો તેમનો સ્વભાવ પરિવર્તન કરવાં બિલકુલ માંગતાં નહોતાં હોં. પણ તે ગામનું અને ગામનાં લોકોનું 'નમક' ખાધેલ કૂકડાંઓ વિચારવાં લાગ્યાં કે આ વિરાટ હાથીને આ સુંદરપુર ગામમાંથી હાંક્યે જ છૂટકો છે હોં? બાદમાં કેટલાંક ચાલાક, હોંશિયાર કૂકડાઓએ એક ટીમ બનાવી તે વિરાટ કદનાં હાથીની પાછળ ને પાછળ કૂકડે કૂક કરતાં દોડવાં લાગ્યાં.

પ્રથમ તો તે વિરાટ કદનાં હાથીને કશું સમજાણું નહીં કે આ વેંતીયા કૂકડાંઓ તેની પાછળ શા માટે દોડે છે. પરંતુ સતત કે કૂકડાઓને દોડતાં જોઈ તે વિરાટ કદનો હાથી કંટાળી ગયો હતો. તેને લાગ્યું કે આ કૂકડાઓ તેની પાછળ અમથાં તે કંઈ નથી દોડતાં હોં. પરંતુ તેને આ ગામમાંથી ભગાડવાં માટે જ દોડે છે શું. તે હાથીએ કૂકડાંઓને તેની પાછળથી ભગાડવાનાં અનેક પ્રયત્નો કર્યા. પરંતુ ખાધેલ નમકનું ઋણ અદા કરવાનાં ઉદ્દેશ્ય સાથે તે કૂકડાઓ પણ મરણીયાં બનીને તે વિરાટ કદનાં હાથીની પાછળ બરોબરનાં પડી ગયાં હતાં હોં.

અને.. અને.. અંતે તે વિરાટ કદનો હાથી વામન કદનાં કૂકડાંઓ આગળ હારી. થાકીને તે સુંદરપુર ગામ છોડીને જંગલમાં જતો રહ્યો. આ જોઈ કૂકડાંઓ સાથે ગામ લોકો રાજી થયાં.

આમ, કૂકડાંઆએ ગામ લોકોનું ઋણ અદા કર્યું. તો મિત્રો, આપણે પણ આપણાં, ગામ, દેશનું ઋણ જરૂરથી અદા કરવું જોઈએ હોં. કેમ, બરોબરને...?



## ૯૯. ખારા પાણીનો મગર

યમુનાનદીની પાસે એક રળીયામણું વન આવેલ હતું. તે વનમાં અનેક પ્રકારનાં પશુ-પંખીઓ રહેતાં હતાં. જેમાં ખાસ કરીને હાથી, સિંહ, વાઘ, વરુ, હરણાં, વાંદરા, સસલાં, મોર, વગેરે. તે વનમાં રહેતાં પશુ-પંખીઓ ખૂબ જ હળીમળીને, એક સંપપૂર્વક રહેતાં હતાં. તેઓ બધામાં ક્યારેય પણ કોઈપણ જાતનો ઝગડો થતો નહીં.

ચોમાસાની ઋતું હતું. મેઘરાજા પૃથ્વી ઉપર અવિરત પણે વરસી રહ્યાં હતાં. ચારે તરફ બસ પાણી જ પાણી નજરે પડતું હતું. નદી, નાળાં, સરોવરો, કૂવાઓ ઉભરાઈ રહ્યાં હતાં. આવા સમયે તે યમુના નદીમાં ક્યાંકથી એક ખૂંખાર મગર તણાતો તણાતો આવી ચડ્યો. મૂળ તો તે ખૂંખાર મગર ખારા પાણીનો

એટલે કે દરીયાઈ જીવ હતો. પરંતુ ભયંકર વરસાદ, અને દરીયાનાં વિશાળ મોજાઓમાં તે ફસાઈને યમુના નદીમાં આવી ચડ્યો હતો.

જ્યારે વનમાં રહેતાં પશુપંખીઓને જાણ થઈ કે યમુના નદીમાં તો એક ભયંકર, ખૂંખાર મગર આવી ચડ્યો છે. આથી તેઓ તો દુઃખી, દુઃખી થઈ ઉઠ્યાં. હા, તેઓએ હવે પાણી પીવાં માટે જવું ક્યાં હેં?

એક દિવસ સિંહરાજાએ સભા ભરી. અને આ નવી આવેલ મુશીબત અંગે સઘળાં પશુ-પંખીઓને વાકેફ કર્યા. આથી દરેક પશુ-પંખીઓનાં ચહેરાં ઉપર ચિંતાનાં વાદળાંઓ ઉપસવાં લાગ્યાં. હા, જો કોઈ પણ પશુ-પંખી તે યમુના નદી ઉપર પાણી પીવાં જાય એને તે ખૂંખાર મગર તેઓને પકડી લ્યે તો? આવો વિચાર આવતાં જ પશુ-પંખીઓ તો કાલ્પનીક ભયથી જ પરસેવે રેબઝેબ થઈ ઉઠ્યાં. થોડીવાર બાદ સિંહરાજા સભા વચ્ચે ઉભાં થઈને બોલ્યાં. મિત્રો, ડરવાથી કશું જ વળવાનું નથી. આપણે બધાં ભેગાં મળીને તે ખૂંખાર મગરને વિનંતીઓ કરીશું કે તેઓ જ્યાંથી આવ્યાં હતાં. ત્યાં પુનઃ તેઓ ચાલ્યાં જાય બરોબર?

આમ, સિંહરાજાની આગેવાની હેઠળ પશુ-પંખીઓની વિશાળ ફોજ યમુનાનદી ઉપર આવી પહોંચી. ખૂંખાર મગર તો ખરેખર અહીં આવી ચડવાં બદલ અંતરથી તે પસ્તાતો પણ હતો. હા, તેને આ મીઠા પાણીમાં ખૂબ જ મુંઝવણ પણ થયાં કરતી હતી. પરંતુ તે મગરથી વધું ચાલી પણ શકાતું નહોતું હોં. સિંહરાજાએ યમુના નદી ઉપર આવીને સઘળી વાત કરી. આ



સાંભળીને તે મગરને મનોમન આનંદ પણ થયો. હાશ, હવે મને આ લોકો જો ઉંચકીને દરીયામાં મૂકી આવે ને તો તો મારું જીવન જ બની જાય હોં.

ત્યારબાદ સિંહરાજાની આગેવાની હેઠળ બધાં પશુ-પંખીઓએ ભેગા મળીને તે વિશાળ કદનાં મગરને ઉંચકીને દરીયા તરફ લઈ ચાલ્યાં. તે મગરનું શરીર પણ ખૂબ જ ભારેભરખમ હતું. કેટલાંય પશુ-પંખીઓ તો પરસેવે રેબઝેબ બની ગયાં. પરંતુ મગરનાં ડરમાંથી કાયમને માટે શાંતિ મળતી હોય તો પરસેવો પણ મીઠો લાગતો હોય છે હોં.

આમ, પશુ-પંખીઓએ તે મગરને દરીયામાં મૂકી આવ્યાં. અને યમુના નદીને ભય મુક્ત કરી. બાદમાં બધાં પશુ-પંખીઓ નિર્ભય બનીને યમુના નદી ઉપર મધમીઠું પાણી પીવાં માટે આવવાં લાગ્યાં.

બોધ : મિત્રો, નિર્ભયે એક સંપ, પ્રેમ દરેકે રાખવાં જ જોઈએ હોં. કેમ, બરોબર ને...?

❒

## ૧૦૦. નટખટ હાથી અને આનંદીત કમળ

એક ઘટાઘનઘોર જંગલ હતું. તે જંગલમાં એક નટખટ હાથી રહેતો હતો. તે નટખટ હાથી દરેકની ઠઠ્ઠા-મશ્કરી કરતો. તેમનો પજવતો હતો. વાંદરા, સસલાં, શિયાળ અને પંખીઓમાં તે પોપટ, મોર, વગેરેને પણ હેરાન-પરેશાન કરતો હતો. પંખીઓ તેમનાં માળામાં જ્યારે સૂતાં હોય ત્યારે તે વૃક્ષની ડાળીઓ પોતાની સૂંઢમાં પકડીને હચમચાવી નાંખતો હતો. આથી પંખીઓ તો ભયનાં માર્યા તે નટખટ હાથીથી સતત ધ્રુજતાં રહેતાં હતાં.

એક દિવસની વાત છે. સવારનો આહ્લાદક, ખૂશ્નુમાં સમય હતો. તે નટખટ હાથી ફરતો ફરતો જંગલની પાસે આવેલ એક તળાવ ઉપર પાણી પીવાં માટે પહોંચી ગયો. તેનાં દિમાગમાં શરારત તો ભરી જ પડી હતી હોં. તળાવ ઉપર પાણી પીવાં માટે



પહોંચી ગયો. તળાવ ઉપર આવીને પાણી પીધાં બાદ પેટ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં તેની નજર તળાવ વચ્ચે રહેલ એક આનંદીત કમળ ઉપર પડી. હા, તે આનંદીત કમળ એકલું-એકલું આનંદીત થઈને મુશ્કુરાઈ રહ્યું હતું. આ જોઈ નટખટ હાથીને તો ભઈ મઝા જ પડી ગઈ. બાદમાં તે નટખટ હાથી આનંદીત કમળની સામે જોઈને બોલ્યો. અરે ઓ ‘પાગલ’ કમળીયાં. જો તું આમ ને આમ હસ્યાં કરીશ ને તો તો એક દિવસ તને પાગલખાનામાં ભરતી કરવી પડશે શું?

અચાનક એક હાથીની આવી બેહુદી મશ્કરી સાંભળી આનંદીત કમળને ખોટું લાગ્યું. તે આનંદીત કમળમાં એક કુદરતી શક્તિ હતી. તે પોતાનાં શરીરમાંથી વીજળીક પ્રવાહ વહેતું કરી શકતું હતું. આથી તે કશુંક વિચારીને બોલ્યું. અરે ઓ હાથીજી, શા માટે મને છંછેડો છો હેં? બસ, ખલાસ? નટખટ હાથીનું અભિમાન ફૂંફાડા મારવાં લાગ્યું. તેને લાગ્યું કે એક સામાન્ય કમળીયું પોતાને પડકાર ફેંકે છે હેં? આથી તે નટખટ હાથી ધુંધવાતો, પગ પછાડતો તળાવમાં ઉતર્યો. અને.. અને.. આનંદીત કમળે તેની જાદુઈ, કુદરતી શક્તિને બહાર કાઢી. અને તેણે પોતાનાં શરીરમાંથી વીજળીક પ્રવાહ તળાવનાં પાણીમાં ફેલાવી દીધો. તે સાથે જ નટખટ હાથીનાં તો મોતીયાં જ મરી ગયાં. અને.. અને.. તે નટખટ હાથી તો તળાવમાં જ શાસ્ત્રીય નૃત્ય કરવાં લાગ્યો. ધ્રુજવાં લાગ્યો. અને તેને અનેક આંચકાઓ આવવાં લાગ્યો. બાદમાં તે પસ્તાવાં સાથે તળાવમાંથી ઝડપથી નીકળી. અભિમાન,

નટખટપણું છોડીને જંગલમાં ચાલ્યો ગયો. પુનઃ તે કમળ આનંદપૂર્વક તળાવમાં રહેવાં લાગ્યું.

બોધ : જીવનમાં નટખટપણું ક્યારેય સારું નહીં. અન્યથાં હેરાન-પરેશાન થવું પડે છે હોં.

❒



## ૧૦૧. લાલ કમળ - સફેદ કાગડો

એક સુંદર મઝાનું સરોવર હતું. તે સરોવરમાં એક લાલ રંગનું કમળ ધ્યાનસ્થ સ્થિતિમાં રહી ભગવાન ભોળાનાથનું સ્મરણ કરી રહ્યું હતું.

સવારનો ખૂશ્નુમાં સમય હતો. ઠંડી હવા ચારે તરફ લહેરાઈ રહી હતી. તે લાલ કમળ મસ્તીભર્યુ શિવ સ્મરણમાં ખોવાઈ ગયું હતું. જાણે સાક્ષાત સામે શિવજીનાં પધાર્યા હોય તેમ તે એકમગ્ન બની ગયું હતું.

બરોબર આવા સમયે ક્યાંકથી ઉડતો ઉડતો એક સફેદ દૂધ જેવો કાગડો તે સરોવર ઉપર પાણી પીવાં માટે આવી ચડ્યો. સરોવરનું મધ-મીઠું પાણી પીતાં પીતાં તેની નજર સરોવર વચ્ચે ધ્યાનસ્થ સ્થિતિમાં રહેલ લાલ કમળ ઉપર પડી. તે કમળનું લાલ

ચટક, દિવ્ય, ભવ્ય રુપ જોઈ તે સફેદ કાગડાનાં દિમાગમાં કાળા કામો, વિચારો ઉદ્‌ભવવાં લાગ્યાં. બાદમાં તે પાણી પીને ઉડ્યો. અને લાલ કમળ ઉપર બેસીને તેની કોમળ પાંખડીઓને તે પોતાની તીક્ષ્ણ ચાંચો વડે તોડવાં લાગ્યો.

અચાનક શરીર ઉપરથી એક પછી એક લાલ પાંખડીઓ તૂટતાં જ તે ધ્યાનસ્થ રહેલ લાલ કમળ ઘડીભર વેદનાંથી હલબલી જ ઉઠ્યું. બાદમાં તે ધ્યાનમાંથી બહાર આવતાં જ તેણે પોતાનાં શરીર ઉપર સફેદ દૂધ જેવાં કાગડાને કાળા કામો કરતાં જોઈ તે લાલ કમળ ચોંકી જ ઉઠ્યું. બાદમાં તે સફેદ કાગડાને સમજાવવાં લાગ્યું. હે સફેદ કાગડાજી, શા માટે મારી કૂણી પાંખડીઓને આ રીતે તીક્ષ્ણ ચાંચો વડે તોડી રહ્યાં છો હેં? મેં તમારું તે શું બગાડ્યું છે હેં? પરંતુ આ તો દૂધ જેવો સફેદ કાગડો કાળા કામો કરવાં માટે તે પોતાની જાતને ખૂબ જ મહાન સમજતો હતો હોં. તે તો પોતાની હીન પ્રવૃત્તિમાં જ રત રહ્યો. અને.. અને.. તે લાલ કમળને લાગ્યું કે હવે આ ધોળીયાં કાગડાને કડવો પાઠ ભણાવવો જ પડશે હોં. અન્યથાં તે સુધરશે નહીં કે માનશે પણ નહીં.

બાદમાં તે લાલ કમળે પોતાનાં શરીરમાંથી લાલ અગ્નિ જવાળાઓ પ્રગટ કરી. અને... અને.. તે સાથે જ ધોળીયા કાગડાનાં સફેદ દૂધ જેવાં પીંછા, પાંખો બળવાં લાગ્યાં. અને તે ત્યાંથી ડરનો માર્યો ભાગવાં ગયો. પરંતુ ત્યાં સુધીમાં તો તે સફેદ દૂધ જેવાં કાગડાનાં શરીરનો આખો રંગ ફરી ગયો. અને તે હંમેશને માટે કાળો મેશ જેવો થઈ ગયો. આથી તે કાગડો અંતરથી



પસ્તાવાં લાગ્યો. અરેરે... મારા શરીરનો રંગ કેવો મસ્ત, દૂધ જેવો હતો હેં? અને હવે અત્યારે કાળા કોલસા જેવો બની ગયો છે હોં. પરંતુ હવે પસ્તાયે થાય પણ શું? તેમ છતાં તે લાલ કમળની અંતરથી માફી માંગતો ત્યાંથી ઉડીને દૂર દૂર ચાલ્યો ગયો.

પુનઃ તે લાલ કમળ પોતાની મૂળ સ્થિતિમાં આવી. શિવજીનાં ધ્યાનમાં ખોવાઈ ગયું. આ જોઈ તે સુંદર સરોવર પણ આનંદિત થઈને ડોલવાં લાગ્યું.

❒